A HAPPY NEW YEAR

THE ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRD 1291

10th September 1921 to 9th September 1922.



મુંબઇ વર્તમાન પ્રેસમાંથી મલશે.

યઝદેજરદી સને ૧૨૪૦ થી નીકલે છે.

ઝોરાસ્ટ્રીયન કેલેંડર

યાને

પારસી પંચાંગ.


યઝદેજરદી ૧૨૯૧ નાં વરસનું

તારીખ ૧૦ મી સપટેમ્બર ૧૯૨૧ થી તે
તારીખ ૯ મી સપટેમ્બર ૧૯૨૨ સુધીનું.

આલુ રેહેચ વરસપર વરસો સદા, ભરો તેજ જે કરે નેક કામો અદા.

કીંમત રૂ. ૧૦.

"MALTINE" WITH COD LIVER OIL.



The healing and special dietetic values of cod liver oil are too well known to need recapitulation. Suffice it to say that it has a peculiar and effectual action on nutrition and is particularly valuable in consumption and other wasting conditions of the body.

There are, however, many objections to plain cod liver oil. It is very indigestible, and its characteristic odour and flavour render it unpalatable to a large number of people.

In "**Maltine**" however, these difficulties are overcome by a scientific and high grade combination of the oil with "**Maltine**"

The objectionable taste is quite masked by the pleasant nutty flavour of "**Maltine**," and the oil is so broken up in the process of amalgamation that it at once becomes easily digestible, and readily assimilable, so that it is completely absorbed by the system.

This preparation gives all the advantages of malt with the additional benefits of the oil, and is of untold, unility in all cases of malnutrition and incipient rickets.

"The Oil is intimately blended with the Malt and fulfil all the conditions of perfect digestion. 'Maltine' is an excellens Medium for the Oil, besides aiding materially in it digestion. It has the additional merit of converting it into an elegant and palatable preparation."—*Medical Press and Circular.*

LADY ANNE MURRAY, Loch Carron, Ross-shire Writes: "I have found it so wonderfully effective amongst the poor up here, and have three or four bad cases who are simply kept alive on it.

Influence of Fat in Rickets. Rickets is a disease mainly produced by the deftciency of fat (with phosphates) in the diet.

Weakly, rickety children are cured by the use of foods suitable to the condition and "**Maltine**" with Cod Liver Oil is a thoroughly reliable preparation and its use will be attended with the happiest results.

"**Maltine**" and "**Maltines**" with **Cod Liver Oil** are prepared only by

THE MALTINE MANUFACTURING CO., LTD.

183 ACTON VALE, LONDON, W.

કોડલીવર ઓઇલ સાથનું મોલટાઇન.

કોડલીવર ઓઇલ ખોરાક તરીકે લીધાથી તેના ફાયદા અને ગુણો એટલા બધા જાણીતા છે કે તેનું વરણન કરવાની કાંઇ જરૂર નથી. એને માટે એટલુંજ કહેવું બસ થશે કે તે નૂબલાં બાધા ઉપર ચમતકારીક રીતે ગુણ કરી શરીરમા લોહી તથા માસ વધારે છે તેમજ શરીરની લકડી જતી હાલત અને ખહીના રોગ ઉપર વીશેસ કરીને ઘણુંજ કીમતી છે. સાફ કોડલીવર ઓઇલ અમથુંજ લેવાથી જલદીથી પાચન થઇ શકતું નથી તેમજ તેનો વાસ અને સવાદ ઘણા લોકોને નહીં પસંદ પડે તેવો છે. મોલટાઇન સાથે કોડલીવર ઓઇલને રસાયણ શાસ્ત્રીની રીત પરમાણે ઘણી સરસ રીતે ભેલી દેવાથી ઉપર કહેલી ખામીઓ દુર થઇ શકે છે. મોલટાઇનમા કોડલીવર ઓઇલ ભેલવાથી તેનો અણગમતો સ્વાદ બદલાઇ જઇ તે સ્વાદીસત બને છે તેમજ તે એટલું બધું મલી જાય છે કે તે લીધાથી તરતજ પાચન થઇ શકે છે. આ બનાવટથી ખુદ મોલટાઇનના ફાયદા મલે છે તેમજ તેની સાથે વળી કોડલીવરના ફાયદા પણ માલમ પડે છે. જયારે બદહજમી અને શરૂઆતની વ્યાધીઓમાં ઘણુંજ ઉપયોગી છે.

"કોડલીવરને મોલટાઇન સાથે ઘણી સરસ રીતે ભેલી દીધેલું છે જેથી તે સંપુરણ રીતે પાચન થઇ શકે છે. વળી કોડલીવરને માટે મોલટાઇન એક સઉથી સરસ સાધન છે અને તે પાચન કરાવવામાં મદદ કરે છે તેમજ તેનામાં વીસેશ ગુણ એ છે કે તે કોડલીવરને સવાદીસ્ટ બનાવે છે." મેડીકલ પરેસ અને સરકયુલર.

લેડી એની મરે કહે છે કે..."તે ગરીબ વરગમા, ઘણું વીચીત્ર રીતે અસરકારક મને માલમ પડયું છે અને ત્રણ ચાર ગંભીર દરદીઓને તો તેના ઉપરજ માત્ર જીવાડવામાં આવયા છે."

રીકેટમાં ચીકાસની અસર—રીકેટ એક જાતનો વયાધી છે કે જે મુખ્યત્વ કરીને ખોરાકની અંદર ચીકાસના કમીપણાથી ઉતપન થાય છે, નબળા અને રોગીસ્ટ છોકરાઓની તંદરોસ્તીને અણુસરતો ખોરાક આપવાથી તેઓ તદન સારાં થયાં છે, અને તે કોડલીવર ઓઇલ સાથનું મેલવેલું મોલતાઇન આપવાથી તેનું પીરણાંમ ઘણુંજ સારૂં આવે છે.

મોલટાઇન અને કોડલીવર ઓઇલ સાથનું મોલટાઇન ફકત લંડનની

ધી મોલટાઇન મેન્યુફેકચરીંગ કુંપની લીમીટેડ બનાવે છે.


૧૮૩, એકટન વેલી,—લંડન, ડબલ્યુ.

સી. એસ. પોચી એન્ડ સન

નોવલ ઇનવરતેડ પોરતેબલ ૫૦૦ કેનડલ પાવર લેંપો.

દુકાનો, હોટલો, થીએટરો, વરનદાઓ, બગીચાઓ, વગેરે જ્યાં સુર્ય જેવી ભભુકદાર રોશની જોઈતી હોય ત્યાં સંપુરણ જનાયું છે,

અને છુતી ટાંકી તથા તારની જરૂર નથી. જ્યાં જોઈએ ત્યાં તરત ઉપયોગમાં લઈ શકાય છે.



એનો સામાન બગડતો નથી. ફકત બે મહીને ૬ આનાનો ખર્ચ બેસે છે. બીજા પ્રેસર લેંપોની માફક મેનતલની ભાંગતુત થતી નથી ને ૧ મેનતલ બરાબર વાપરવાથી એક મહીનાથી પણ વધુ વખત જવાબ આપી શકે છે.

એ નોવેલ લેંપમાં હલકામાં હલકું ઘાસતેલ પણ બલી શકે છે.

વનદર લેંપો—એ લેંપો ૧૦૦૦ કેનડલ પાવર લાઈટ આપે છે અને એમાં ઘાસતેલ બલે છે. કંપલીત આઉતફીત તેમાં લેંપ, ટાંકી, પંપ તાર વગેરે સામણ છુટક તેમજ જડાબંધ મલશે.

સ્તોવ લેંપ—દીવસના ચુલા તરીકે અને તે રાતના કીતસન જેવી રોશની તરીકે કામમાં આવે છે.

ગેસના ઉલટા બરનરો—જુદા જુદા મેકરોના જઠાબંધ મલી શકશે.

મેનતલો—દરેક જાતના છુટક તથા જથાબંધ મલી શકશે.

હમો સપેસીયલ મેનટલો ડાયરેકટ મંગાવ્યે છીએ જે હંમેશાં તકાઉ તેમજ લાઈતમાં બીજા કરતાં સરસ માલમ પડશે.

બહાર ગામના ઓરડરો ઉપર તરત ધીયાન આપવામાં આવે છે.

કેટલગ માટે અરજ કરવાથી મફત મોકલવામાં આવશે.

સી. એસ. પોચી એન્ડ સન,

નં. [illegible] અબદુલ રેહેમાન સ્ટ્રીટ, ક્રાફર્ડ મારકેટ નજદીક, મુંબાઈ.

ઝરીના

હેર ઓઈલ જે વરસો થયાં લોક પસંદગી પામતાં રહયાં છે અને તેઓમાં **કુદરતી પુશપોને સુવાસ** તેની અસલ ખાલેસીમાં એવો પ્રગટી રહેલો છે કે તે એકવાર વાપરતાંજ **મોહી પડી જવાય છે.** એ તેલોનાં આવાં ખેચાણને લીધે તથા બાલ વધારવાના તથા તેને ચલકતા સુંવાળા અને નરમ રાખવાના ખાસ ગુણોને લીધે શોખીન બાનુઓમાં એક જાતની મોહીની ઉતપન કરી છે અને એજ કારણસર **ઝરીના હેર ઓઇલ** જગ જાહેરાત પામયાં છે. લોકમાં તેનો ખપ વધી ગયો છે તેથીજ કરીને પારકી ગીસાલ પોતાની કરી કહેનાર **નકલીયાઓ** તુટાતુટ કરી રહયા છે. ઝરીના હેર ઓઈલની સ્તુતી પ્રજામાં જાણીતાં અને માનીતાં વરતમાનપત્રોમાં વાંચવાથી તે ખરીદવા જતાં ભળતાંજ નકલી તેલો ખરીદી લોક નીરાશી પામતા હોય તેમાં નવાઇ નથી. એ તેલો એક કરતાં વધુ સુગંધનાં બનાવેલાં છે જેમકે

ઝરીના રેડ રોઝ

ઓઇલ પ્રથમમાં જાહેરમાં લાવનાર **માદન સનસની કુંપની,** અસલ માદનનાં દવાખાના વાળાજ છે. એનો ખુશનુમા ગુલાબી દેખાવ જે આંખને મજાહ આપે છે તેમજ તેના રાતા ગુલાબનો ખાલેસ સુગંધ એવો આબેહુબ છે કે આપણી દેશી અબળા અને પારસી બાનુઓમાં એજ વાપરવાનું ચેટક લાગું છે!

ઝરીના વાહીટ રોઝ

હેર ઓઇલ ઉપલાં જેવુંજ સુગંધી અને ગુણ વાળું છે. તે યુરોપીયન બાઇઓ હોંસથી વાપરે છે. વળી કેટલીક બાનુંઓને રંગદાર કોઇબી તેલ માટે અભાવ હોય છે પણ

ઝરીના જેસમીન

હેર ઓઇલો તો આપણી હીંદી અને મોહોમેદન બાનુઓમાં એવો ચાસટો લગાડયો છે કે બોલ-વાની વાત નહી. કારણ કે એમાં બટ મોગરા અને ચંપેલીનો ખુશ સુવાસ એવો તો બેહેકી રહેલો છે કે બાનુઓ કુરબાન રહે એ કુદરતી છે.

ઝરીના વાહીટ વાયોલેટ

શોખીન ઈંગ્રેજ અને પારસી બાઇઓ જેઓ કુદરતી ફુલોનાં પુજારી છે તેઓ વાયોલેટની લંપટવાળા ઉપલાં તેલનો ઘણીજ મજાહથી ઉપયોગ કરે છે. હવે બાલ વધારવાના ખાસ ગુણોવાળુ

ઝરીના કેનથરેદીન

હેર ટોનીક ઓઈલ તો દરેક ઠેકાણેથી અને સરવે ગ્નાતીની પતનીઓ તરફથી વાખવાખીના સરોદથી વધાવી લેવામાં આવ્યું છે, કારણકે ટુંકા, આછા અને ડુમકા બાલ વધારવાને અધીરી પડેલી બાઈ-ઓમાં એના પ્રતાપે ધીરજ આવી છે. એ વાપરવા પછી તેઓનાં માથાં સુંદર રૂપાંળાં લાંબા અને પેચદાર બાલની લટોથી શોભા પામી રહ્યા છે.

ફલોરલ હેર દુશ

ભુલશો ના માથાં અને તાળવાને ઠંડક વાળવા સાથ ઉપલાં તેલો બેળવાં પડવાથી બાલ છુટા રહે છે અને તેના વધને પુશકલ ટેકો મલે છે. પણ એનો સુગંધ તો એવો છે કે આખો ઓરડો બાગે બેહેસત જેવો પમરી રહે છે. એની તારીફ લાનસેટ જેવાં પત્રે કીધી છે અને તે વાપરવાને ભલામણ કરવા ચુકયું નથી.

ઉપલાં તેલો સરવે ઠેકાણે મળે છે.

નકલ નીકળી છે તેથી ઝરીના નામવાળુંજ લેજો.

માદન સનસની કુંપની,

કરાફુત માર્કીટ આગળ—મુંબઇ.

International Banking Corporation.

ઇનટરનૅશનલ બેંકીંગ કૉરપોરેશન.

વડી ઓફીસ—નાં૦ ૫૫ વોલ સ્ટ્રીટ, ન્યુયોરક.

ભરાયલી થાપણ અને રીઝર્વ ફંડ	સોનાના ડાલર ૧૦,૦૦૦,૦૦૦	રૂ. ૪૦,૦૦૦,૦૦૦
વગર વહેંચાયલો નફો	સોનાના ડાલર ૪૦,૦૦,૦૦૦	રૂ. ૧,૬૦,૦૦,૦૦૦

લંડન ઓફીસ—નાં૦ ૩૬, બીશપસગેટ (ઈ. સી.)

શા ખા ઓ.

બારસેલોના	હેનકેઉ	પેકીન	સાનટો ડામીંગો
બારસીલોના	હારબીર	પોર્ટો રીકો પ્લેતા	સેંહગાઈ
બટાવીયા	હોંગકોંગ	રંગુન	સીંગાપોર
બોમ્બે	કોબી	સાંનસીઝ	સુરાબીઆ
કલકત્તા	લાયનસ	સેન ફ્રાનસીસ્કો	તીયેનસીન
કેનટોન	મેડરીડ	સેન પેડરોડી મેકોરીસ	યોકોહામા
સીબુ	મનીલા	સેન પેડરોડી મેકોરીસ	
કોલોન	પનામા	સેન શીયાગો	

આ બેંક ન્યુયોરકની નેશનલ સીટી બેંક સાથ નીકટ સંબંધ ધરાવતી હોવાથી તે ઇનસ્ટીટ્યુશનની ક્યુબા અને દક્ષીણ આફ્રીકામાં આવેલી નીચલી જુદી જુદી શાખાઓની ખાસ સરવીસ આપવાને શક્તીવાન છે:—

શા ખા ઓ.

બાહીયા, બ્યુનો આયરસ, કેરેકાસ, જીનોવા, હવાના, મોંટીવીડીઓ રાયોડી જેનીરો, સાન સીયાગો, ડી. ક્યુબા, સાનતોસ, સાનતોસ સાઓ પોલો, વાલપેરેઝો, એંટવરપ, બ્રસેલસ, જીનોવા, કેપ-ટાઉન, ક્યુબા.

આ કારપોરેશન યુરોપ, અમેરીકા, ઓસ્ટ્રેલીઆ, ચીન મુખ્ય અને જાપાનના શેહેરોમાં ડરાફ્ટો તેમજ તારની હુંડીઓ વેચે છે તથા બીલ્સ ઓફ એક્ષચેંજ ખરીદે છે. લેટરસ ઓફ ક્રેડીટ ઈસ્યુ કરે છે અને બેંકીંગનું તેમજ હુંડીયામણને લગતું દરેક પ્રકારનું કામકાજ બજાવે છે.

ચાલુ ડીપાઝીટનાં ખાતાંઓ ખોલવામાં આવે છે અને તેની ઉપર વ્યાજ દર વરસે દર સેંકડે બે ટકા લેખેનું દરરોજની રોકડ બાકી ઉપર રૂ. ૧૦૦૦ થી રૂ. ૧૦૦૦૦૦ સુધીની રકમ સુધીને માટે આપવામાં આવે છે.

ફીક્ષડ ડીપોઝીટ—૧૨ મહીનાની બાંધી મુદતની ડીપાઝીટ અને ટુંકી મુદતની ડીપાઝીટ લેવામાં આવે છે, જે માટેનું વ્યાજ જાતે મળવાથી અથવા અરજ કરવાથી જાણી શકાશે.

મુસાફરોને ચેકો પુરા પાડવામાં આવે છે.

અમેરીકા સાથ ધંધો ચલાવવાની ખાસ સગવડો છે.

મુંબઈની ઓફીસ,
૪૨-૪૩, અર્પોગેટ સ્ટ્રીટ.

H. A. W. Brent,
Manager.

શ્રી સરકાર ગાયકવાડના આશ્રા હેઠળ સ્થપાયલી અને શ્રી મહારાજા
સાહેબની મોટી મદદ ધરાવતી

ધી બેંક ઓફ બરોડા લીમીટેડ.

વડોદરા રાજ્યના બેંકર્સ.

(સને ૧૮૯૭ ના બરોડા કંપનીના એક્ટ ત્રીજા પ્રમાણે રજીસ્ટર થયલી)

હેડ ઓફીસ—માંડવી પાસે, વડોદરા.

બ્રાંચીઝ:—મુંબઇ, અમદાવાદ, નવસારી, મહેસાણા, સુરત, ડભોઇ,
પેટલાદ, પાટણ અને અમરેલી.

કુલ્લે થાપણ	રૂ.	૬૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	રૂ.	૨૩,૮૬,૨૮૦
રીઝરવ ફંડ	રૂ.	૧૬,૦૦,૦૦૦

ડીરેકટરો.

(૧) ઓ૦ મી૦ લલ્લુભાઇ શામળદાસ, સી૦ આઇ૦ ઇ૦ ચેરમેન.

(૨) સર વીઠલદાસ દામોદર ઠાકરસી, નાઇટ,

(૩) રા૦ રા૦ ભાસ્કરરાવ વીઠલદાસ મહેતા, એડવોકેટ, હાઈ કોર્ટ, મુંબઇ.

(૪) રાજરતન શેઠ મગનભાઇ પી૦ હરીભકતી નગરશેઠ (વડોદરા.)

(૫) શેઠ મગનલાલ હરગોવીંદદાસ કાંટાવાળા, વડોદરા મહારાજા મીલ્સના એજન્ટ.

(૬) રા૦ બા૦ ગુનાજીરાવ રાજબા નીંબાલકર, વડોદરા.

(૭) રા૦ રા૦ રાવજી રઘુનાથ શીરગાવકર, નાયબ સુબા, વડોદરા રાજ્ય.

(૮) રા૦ રા૦ એ. એન. દાતાર, એકાઉન્ટન્ટ જનરલ, વડોદરા રાજ્ય.

ચાલુ ડીપોઝીટ ખાતાંઓ—રૂ૩૦૦થી ૧૦૦૦૦૦) ની દરરોજની શીલક ઉપર દર વરસે દર સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે અને તેથી વધુ રકમ ઉપર ખાસ જુદી ગોઠવણ કરવામાં આવશે. અરધા વરસનું રૂપયા ત્રણથી ઓછું વ્યાજ થતું હશે તો તે આપવામાં આવશે નહીં.

બાંધી મુદતનાં ડીપાઝીટ ખાતાં—બાર મહીનાની બાંધી મુદતની અને તેથી વધારે અને ઓછી મુદતની ડીપાજીટ માટેના ભાવ અરજ કરવાથી જણાવવામાં આવશે.

સેવીંગસ બેંક—આ બેંકમાં સેવીંગસ બેંકનાં ખાતાં ઉઘાડવામાં આવે છે અને તે ઉપર દર વરસે દર સેંકડે ચાર ટકા વ્યાજ આપવામાં આવે છે, એક વરસમાં રૂ ૧૦૦૦) વ્યાજ સીવાય ને એકંદરે રૂ. ૫૦૦૦) સુધી દરેક ખાતામાં છેલ્લાજ વરસના વ્યાજ સીવાય રાખવામાં આવે છે. એક કરતાં વધારે નામો ઉપર ખાતાં ઉઘાડી શકાય છે, પરંતુ એક નામ ઉપર એકથી વધારે ખાતાં ઉઘાડી શકતાં નથી.

લોનસ વીગેરે—હુંડી અને એવાંજ બીજાં કીમતી કાગળયાં ઉપર, સધર જામીનગીરી ઉપર તથા વ્યાજબી રકમની મીલકત કબજામાં રાખી ખાસ ઠરાવેલા ભાવે તથા શરતે બેંક નાણાં ધીરે છે. ઘરાકોના સ્ટોકસ, શેરો, જામીનગીરીનાં કાગળયાં, ઘરેણાં, ઝવેરાત વીગેરે કીમતી તથા જોખમી ચીજો સહીસલામત રાખવાનું, પ્રોમીશરી નોટો, ડીબેનચરસ, સ્ટોકસ શેરો વીગેરે વ્યાજ આપનારાં કાગળ ઉપરનું વ્યાજ ઉઘરાવી આપવાનું તથા ગવરમેન્ટ પેપર અને બધી જાતના શેર, સ્ટોક ડીબેનચરસ ને તેવીજ જાતનાં કાગળયાં વેચી તથા ખરીદી આપવાનું કામ બેંક કરે છે.

સી૦ ઇ૦ રેનડલ, જનરલ મેનેજર.

THE TATA INDUSTRIAL BANK LIMITED.

ધી તાતા ઈનડસ્ત્રીયલ બેંક લીમીટેડ.

તા૦ ૪ થી એપ્રીલ ૧૯૧૮ માં સ્થાપેલી.

હેડ ઓફીસ—મુંબાઈ.

શાખાઓ—કલકતા, હઈદ્રાબાદ (દખણ), કાનપોર, લખનો, મદરાસ રંગુન અને દીલ્લી.

પેટા શાખાઓ.

મુંબઈ—શેરબજાર, શરાફબજાર, માંડવી.

કલકતા-બારાબજાર, આસાનસોલ. લખનો-અમીદાબાદ, ચાંનડાસી અને ગોલ દરવાજા. રંગુન.

લંડન ઓફીસ-૯, બીશપ ગેટ સ્ટ્રીટ, ઈ. સી.

લંડન બેંકરસ-લોઇડસ બેંક, લીમીટેડ.

ન્યુ યોરક એજંટસ-ન્યુ યોરકની ધી ગેરંટી ત્રસ્ત કંપની.

સતાધારી થાપણ ભરાયલી....		....	રૂા.	૧૨,૦૦,૦૦,૦૦૦-૦-૦
થાપણ પગાર થયલી	....	....	રૂા.	૭,૫૯,૭૩,૫૨૫-૦-૦
થાપણ ભરાયલી	....	....	રૂા.	૨,૨૩,૭૬,૩૭૫-૭-૯
રીઝરવ ફંડ	....	....	રૂા.	૧૫,૦૦,૦૦૦-૦-૦

ડાયરેકટરોની બોરડ.

સર ડી. જે. તાતા, નાઈટ, પ્રમુખ.
સર સાસુન ડેવીડ, બેરોનેટ.
સર આર. એન. મુકરજી, કે. સી. આઇ. ઈ.
એ. જે. બીલીમોરીયા, એસકવાયર.
એફ. ઈ. દીનશાહ, એસકવાયર.
હાજી ગુલામ મહમદ આઝમ, એસકવાયર.
નરોતમ મોરારજી, એસકવાયર.
એફ. સી. રીમીંગટન, એસકવાયર.
ઓનરેબલ મી૦ પરશોતમદાસ ઠાકોરદાસ, સી. આઈ. ઈ, એમ. બી. ઈ.
આર. ડી. તાતા, એસકવાયર.

એસીસટંટ મેનેજરો—આર. ડી. રોલેંડ, ડબલ્યુ. મેકેનઝી.
સેક્રેટરી—આર. એચ. પારકર.
ઇનડસ્ત્રીયલ એડવાઇઝર—સર ઓલફ્રેડ ચેતરતન.
એકાઉનટંટ—સી. એલ. ફીરક.

ઉદયોગ હુન્નરને લગતું ખાતું—આ બેંકની મુલ નેમ હીંદના ઉદયોગ હુન્નરને ખીલવવાની છે અને તેના સંબંધમાં સારી સગવડો વેપારીઓને કરી આપશે.

ચાલુ ડીપોઝીટ ખાતું—રૂ. ૫૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦ ની દરરોજની સીલક ઉપર દર વરસે સેંકડે ૨॥ ટકાનું વ્યાજ આપવામાં આવે છે અને તેથી વધુ રકમ ઉપર ખાસ જુદી ગોઠવણ કરવામાં આવશે.

બાંધી મુદતના ડીપોઝીટ ખાતાં—૧૨ મહીનાની બાંધી મુદતના અને તેથી વધારે કા ઓછી મુદત માટેની ડીપાઝીટ માટેના ભાવ અરજ કરવાથી મળશે.

સેવીંગ બેંક—સેવીંગ બેંકના હીસાબમાંનાં નાણાં ઉપર રૂ. ૧૦૦૦૦ સુધી સેંકડે વારસીક ૪॥ ટકાનું વયાજ આપવામાં આવે છે. અરજી કર્યાથી તેને લગતા કાનુનો મળી શકશે.

આ બેંક દુન્યાના ઘણા વેપારી ભાગોમાં આડતયાઓની મોટી સંખ્યા ધરાવે છે.

એલ. ડી. એલ. બકલી,

જેનરલ મેનેજર.

સ્વાદીષ્ટ ખાણું ક્યાંથી મેળવશો?

ઘેર જેવી ઉત્તમ સગવડ અને ઘેરના
માણસોના હાથનું જ પકાવેલું ખાણું.

જો તમો ઘેરમાં રાંધવા સીધવાની ખતરાટ કરવા નહી માંગતા
હોવો તો એકવાર જરૂર અમારે ત્યાંનું ખાણું
મંગાવી ટેસ્ટ કરી જોશો?

વળી નવી ઢપપર રીફ્રેસમેન્ટ ખોલ્યું છે
જ્યાં છુટક ડીસો ઘરના જેવી મળશે.

આ એક આગેવાન પારસી હોટેલ છે, જ્યાં બહાર
ગામના ઉતારૂઓ તથા બોરડરો માટે રહેવા
ખાવાની ઉત્તમ પ્રકારની સગવડ છે.

તદનજ નવીજ મેનેજમેંટ હસ્તક
અમારા હોટેલમાં હાલ અપ-ટુ-ડેટ સુધારા વધારા કરયા છે.

ભોણા એ અમારી
સ્પેશીયાલીટી છે.

દેશાવરના સીખતા જવાનોનું આ માનીતું હોસ્ટેલ છે.

પીકનીક જનારી પારટી તથા એક્ષકરઝન માટે ઉતરી પડનાર
સાહેબોને હર વખત માંગે તેવું મનપસંદ ભાટયું કરી આપીશું.

મેહેરબાની કરી તુરત નીચલે ઠેકાણે વરદી નોધાવશો:-

હેપી હોમ પારસી હોટેલ,

ઓલબલેસ બાગની પાસે—ચરનીરોડ, દરીયાની સામે.

સાંકલયું.

ગયા વરસનો ઇનતેખાબ,

યાને

યઝદેજરદી સને ૧૨૯૦ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણવાજોગ બનાવો.

સખાવત.

આ વરસે સામાન્ય સખાવતનો આંકડો લગભગ એકતાલીસ લાખનો, ઉઠમણાની છપાયલી રકમ સાત લાખ પાંતરીસ હજારની, ધરમનાં મકાનો માટે અપાયલી રકમના સુમારે ગણતાં લગભગ પોણાસાત લાખ રૂપીઆ મલી આ વરસની કુલે સખાવત પંચાવન લાખ રૂપીઆની થવા ગઇ છે.

ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમાં એક સખાવન અવામાંથી તથા ઉઠમણામાં જણાવેલી રકમમાંથી બીજા ફંડોમાં અપાયલી, ધરમના મકાનોવાલી રકમ જે આગલાં વરસોમાં સખાવતોમાં ગણાઇ ચુકેલી, વીગેરેની રકમ સુમારે અગીયાર લાખની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો રૂપીઆ ચુમાલીસ લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે.

મરહુમ સખીવજુદ શેઠ સર રતન જમશેદજી તાતાના ટ્રસ્ટીઓ તરફથી નીચે જણાવેલાં જુદા જુદા ધરમ ખાતાઓમાં રૂ૮૦૦૨૦૦ ની બાદશાહી રકમ મરહુમનું મરણ ૧૯૧૮ ના સપટેમબર મહીનામાં નીપજ્યા પછી હમણા સુધીમાં આપવામાં આવી છે:- માથેરાન પર ચોક પોઇંટ આગળનો લગભગ રૂ૭૦૦૦૦ની કીંમતનો બંગલો "હોમસનેડ" તેમા સઘળા ફરનીચર સાથે ગરીબ પારસીઓ માટે એક કોનવેલેસંટ હોમ તરીકે આપ્યો છે અને એને "સર રતન તાતા પારસી માથેરાન કોનવેલેસંટ હોમ" નામ આપશે. ટ્રસ્ટીઓએ બજાર ભાવે ગણતા રૂ૨૦૦૦૦૦ની કીંમતની સરકારી જામીનગીરીના કાગળયાં પણ આપ્યાં છે કે જેની ઉપજમાંથી તે હોમનો નીભાવ ખરચ થશે. ગરીબાઇ અને લાચારીના કારણો સોધી કહાડી તપાસ ચલાવવા સારૂ ૧૯૧૭ થી ૧૯૨૨ના વરસ સુધી વારસીક ૧૪૦૦ પાઉંડના ડોનેશન માટે રૂ૭૭૦૦૦ લંડન સ્કુલ ઓફ ઇકોનોમીકસ મધે "રતન તાતા ફાઉંડેશન" માટે યુનીવરસીટી ઓફ લંડનને આપયા છે. નવસારીના લુણસીકુઇનો રૂ૭૦૦૦૦નો બંગલો ને બગીચો એક રીડીંગ રૂમ અને હવા ખાવાની જગા તરીકે નવસારીના પારસીઓને આપયો છે. ઉડવાડાની "માણેકજી કાવસજી દમનવાલા ચેરીટેબલ ડીસપેનસરી" માટે રૂ૫૫૦૭૦ને ખરચે એક ઇમારત બાંધવા અને તેમાં પુરૂષો અને સ્ત્રીઓ માટેના વોરડ ઉગાડી તે ઇમારતને સર રતન તાતાનું નામ આપવામાં આવશે. નારગોલની નશરવાનજી રતનજી તાતા ડીસપેનસરી અને બાઇ હીરાબાઇ તાતા ગરલ્ઝ સકુલના નીભાવ માટેનો સઘલો ખરચ ૧૯૨૧ના વરસથી પાંચ વરસ સુધી દર વરસે રૂ૭૫૦૦ લેખે રૂ૩૭૫૦૦ અને તે સાથે દવાખાનાને લગતા નોકરો માટેના રહેઠાણ, રસોડું વગેરે બાંધવા માટે રૂ૬૦૦૦ મલી રૂ૪૩૫૦૦ આપ્યા, એ ઉપરાંત સ્કુલની ઇમારત બાંધવાના ફંડમાં રૂ૬૫૦૦ અને સ્કુલ તથા ડીસપેનસરીના ૧૯૨૦ સુધી દર વરસે રૂ૨૦૦૦ લેખે રૂ૧૪૦૦૦ સર રતન તાતાએ પોતાની હયાતી દરમ્યાન આપ્યા હતા, અને આ ખાતાંઓનું કામકાજ જો સંતોસકારક રીતે

ચાલશે તો પાંચ વરસ પછી નીભાવ માટેની ગ્રાંટ પાછી ચાલુ કરી શકાશે. સધરન આરમી (લશ્કર)ની લડાઇની યાદગીરી માટે ઉતાકામંદ ખાતેનો રૂ૪૦૦૦૦ની કીમતનો "હેરો ઓન ધી હીલ" બંગલો હીંદી સરકારને આપયો છે તે બંગલો એક કાનવેલેસંટ હોમ તરીકે વાપરવામાં આવશે અને તેને "ધી રતન તાતા કોનવેલેસંટ હોમ ઓફ ધી સધરન આરમી" એવું નામ આપશે. સરવંટ ઓફ ઇંડીઆ સોસાયટીને ૧૯૧૮ થી ૧૯૨૦ સુધીનું દર વરસે રૂ૧૨૦૦૦ લેખેનું ડોનેશન રૂ૩૬૦૦૦ આપયું. (૧૯૦૭ થી ૧૯૧૭ સુધીમાં આ સોસાયટીને સર રતન તાતાએ એકંદર રૂ૧૧૧૦૦૦ આપયા હતા.) કોટના પારસી સુવાવડખાનામાં એક અલાહેદા વોરડ માટે રૂ૩૦૦૦૦ આપયા, આ વોરડને સર રતન તાતાનું નામ આપયું છે. (સુવાવડની નરસ તરીકેનું કામ બજાવવાને હોસપીટલમાં જગા ખાલી પડે ત્યારે સર રતન તાતાના ત્રસ્ટીઓની ભલામણ હેઠળ પારસી છોકરીઓને તાલીમ આપવામાં આવશે.) નવસારીના પહેલા દસ્તુર મેહેરજીરાણા લાઇબરેરીના ફંડમાં રૂ૨૭૦૦૦ આપયા છે. મુંબઇના સેવાસદન મંડળને રાંધણકળાના વીભાગ સારૂ એક અલાહેદો બલોક બાંધવા માટે રૂ૨૬૦૦૦ આપયા અને આ બલોકને સર રતન તાતાનું નામ આપશે. (વધતામાં વધતી ૫ ગરીબ છોકરીઓને સર રતન તાતાના ત્રસ્ટીઓ દર વરસે મોકલી આપશે તેમને સામાન્ય રાંધણકળાનું શીક્ષણ સેવાસદન તરફથી મફત આપશે.) મુંબઇની ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટના ત્રસ્ટીઓને એ ઇન્સટીટયુટની નવી બાંધવા ધારેલી ઇમારતના ફંડમાં રૂ૨૫૦૦૦ આપયા (ઇનસટીટયુટમાં સાયનટીફીક મ્યુઝીયમ સ્થાપવામાં આવશે ત્યારે તેને સર રતન તાતાનું નામ આપવાની ઓફર ઇન્સટીટયુટના ત્રસ્ટીઓએ કરી છે.) પુણાની ભંડારકર ઓરીયંટલ રીસરચ ઇનસ્ટીટયુટને ફારસી અને અરેબીક વીભાગ માટે એક અલાહેદો હોલ બાંધવા રૂ૨૫૦૦૦ આપ્યા અને એ હોલને સર રતન તાતાનું નામ આપશે. સર કાવસજી જેહાંગીર નવસારી જરથોસતી મદરેસાને, સંપુરણ સામગ્રી સાથની સાયનટીફીક લેબોરેટરી માટે એક ખાસ ઇમારત બાંધવા રૂ૨૫૦૦૦ આપયા છે. કીંગ જોરજ ધી ફીફ્થ એન-ટીતયુબર કયુલોસીસ લીગને ૧૯૧૮ અને ૧૯૧૯ ના દર વરસે રૂ૫૦૦૦ લેખેનું ડોનેશન રૂ૧૦૦૦૦ આપ્યું (આ લીગને સર રતન તાતાએ ૧૯૧૨ થી ૧૯૧૭ સુધીમાં રૂ૪૦૦૦૦ આપયા હતા.) ડાο એસ. બી. શરાફને, તેવણુની દીલ્હીની આંખની ધરમાઉ હોસપીટલમાં એક અલાહેદો વોરડ બાંધવા રૂ૧૦૦૦૦; મુંબઇના "હેલપલેસ બેગરઝ રીલીફ ફંડ" (લાચાર ભીખારીઓનાં નીવારણ ફંડ) ને તાο ૧ લી મારચ ૧૯૨૧ થી દર મહીને રૂ૫૦૦ લેખે એક વરસના રૂ૬૦૦૦, સર કાવસજી જેહાગીર નવસારી જરથોસતી મદરેસા ફંડને પાંચ વરસ માટે દર વરસે રૂ૧૦૦૦ લેખે રૂ૫૦૦૦, પુનાના સેવાસદન મંડળને દર વરસે રૂ૧૦૦૦ લેખે ૧૯૧૮ થી ૧૯૨૧ સુધીના રૂ૪૦૦૦, (અગાઉ આ ખાતાંને રૂ૬૦૦૦ સર રતન તાતાએ આપયા હતા.) ૧૯૨૦ થી ત્રણ વરસ માટે દર વરસે રૂ૧૦૦૦ લેખે સોશીયલ સરવીસ લીગને રૂ૩૦૦૦, (અગાઉ આ ખાતાંને રૂ૩૫૦૦ આપયા હતા.) કે. આર. કામા ઓરીયંટલ ઇનસટીટયુટમાં ઇરાનીયન સાહીતય અને હસતલેખના શોધખોલ માટે ખાસ પસંદ કરવામાં આવેલા એક સકોલરને એક વરસની સકોલરશીપ આપવા સારૂ રૂ૨૫૦૦, પારસી ચેરીટી ઓરગેનીઝેશનને બે વરસના રૂ૨૫૦૦, મુંબઇના સેવાસદનને ૧૯૧૮ થી ૧૯૨૧ સુધી જનરલ ફંડમાં રૂ૫૦૦ ની વારસીક ગ્રાંટ લેખે રૂ૨૫૦૦, (અગાઉ રૂ૨૦૦૦ આપયા હતા.) સ્ત્રી જરથોસતી મંડળને ૧૯૨૦ ના રૂ૧૨૦૦, (અગાઉ રૂ૭૫૦ આપયા હતા.) વાંદરાના કોન-વેલેસંટ હોમને ૧૯૨૦ અને ૧૯૨૧ ના રૂ૧૦૦૦, (અગાઉ રૂ૫૦૦૦ આપયા હતા.) મુંબઇના ઇરાનીયન એસોસીએશનને ૧૯૨૦-૨૧ ના રૂ૧૦૦૦, (અગાઉ રૂ૧૫૦૦ આપયા હતા.) સુરત જીલ્લાની માંડવીની એંગલો વરનેકયુલર સકુલને ૧૯૨૦ થી ત્રણ વરસ માટે રૂ૯૦૦, (અગાઉ રૂ૯૦૦ આપયા હતા.) સેંટ જોન એમબ્યુલંસ બ્રીગેડ (પારસી ડીવીઝન) ને ૧૯૨૦-૨૧ ના રૂ૬૦૦, (અગાઉ રૂ૧૨૦૦ આપયા હતા.) અમેરીકન મીશન ગરલ્ઝ સકુલ ડુમેસતીક સાયનસ ડીપારટમેંટના સંબંધના ખાસ ફંડ માટે અમદનગર ખાતેના અમેરીકન મીશનને રૂ૫૦૦ આપયા હતા. એ ઉપરાંત

મુંબઈના પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમને લગતા આરટ વીભાગમાં સર રતન તાતાના ઇંગલંડનું યોરક હાઉસ અને મુંબઈના તાતા પેલેસમાંનો કીંમતી સંગ્રહ ભેટ આપવામાં આવયો છે. આ સંગ્રહ હીંદી આરટના વીદયારથીઓને તેમજ જાહેર પ્રજાને ઘણો ઉપયોગી થઇ પડશે.

લેડી રતન તાતાની ઉદારતાથી અહમદનગર ખાતે રેવરંદ હીવાલે નામના એક મીશનરી પાદરી અને તેમના બાનુ તરફથી નીભાવવામાં આવતા બાળ આશ્રમને સંગીન પાયા ઉપર મુકી તેની સ્થાપના નવેસરથી કરવાનો મેલાવડો અહમદનગર ખાતે તા૦ ૯ મી મેહને દીને કરવામાં આવયો હતો. આ આશ્રમમાં ૨૧૨ બાળકો છે અને તેઓના વસવાટ માટે બે માળનો એક બંગલો અમેરીકન મીશન ખાતા તરફથી લેવામાં આવ્યો છે. આ ખાતાને મુંબઈના વાડીઆ ટ્રસ્ટ ફંડમાંથી વારસીક મદદ મલતી હતી અને લેડી રતન તાતાની જાણમાં એ ખાતું આવવાથી તેને સર રતન તાતા બાળ આશ્રમનું નામ આપીને દર મહીને તેના નીભાવ માટેની રકમ આપવાની ગોઠવણ કીધી છે.

અતરેના જાણીતા શેહેરી સર દોરાબજી જમશેદજી તાતાએ ગયા અકટોબરમાં કેમબ્રીજ યુનીવરસીટીની એનજીનીઅરીંગ સ્કુલ બાંધવાની યોજના માટે ૨૫૦૦૦ પાઉંડ આપવાની માગણી કરી હતી અને લંડનની રોયલ ફ્રી હાસપીટલમાં બાનુઓને તબીબી કેળવણી આપવાના ફંડમાં ૧૦૦૦ પાઉંડ આપયા હતા.

સર દોરાબજી અને લેડી તાતા પુનામા છોકરીઓ માટેની એક નમુનેદાર બોરડીંગ સ્કુલ કહાડવાનો વીચાર રાખે છે અને એ શાળા માટેનું મકાન બંધાતાં લગભગ ત્રણેક વરસ થશે તેટલાં મુંબઇમાંની કોટમાંની જાણીતી ફ્રેઅર ફ્રેલેચેર સ્કુલ પોતાને હસ્તક લઇ તે નવા ધોરણ ઉપર ચલાવવાની ગોઠવણ કરવામાં આવી છે. આ સ્કુલના મકાનમાં ફેરફાર કરી તેમા શરૂઆતમાં દશ બાર ઓરડરોની ગોઠવણ રાખવામાં આવશે. આ શાળાનાં વડાં શીક્ષક કીનડર ગારડનની રૂઢી મુજબનું શીક્ષણ આપશે.

અતરેના જાણીતા શેહેરી શેઠ અરદેસર બરજોરજી ગોદરેજે તીલક સ્વરાજ ફંડમાં રૂ૩૦૦૦૦૦ ની નાદર રકમ રેંટીયો ચલાવવાના તેમજ અંત્યજોને સુધારવાના કામ પાછળ ખરચવા માટે આપવા ઉપરાંત બીજા ધરમખાતાંઓ ફંડોમાં નાણાની સારી મદદ કરી હતી. એવો શેઠ હસ્તકના તીજોરીના કારખાનાના ચોકસ નફામાંથી લાંબો વખત થયાં હીંદુ અને પારસી જવાનોને યુરોપ ખાતે અભયાસ કરવા મોકલી તેઓનો ખરચ આપવામાં આવે છે. વળી શેઠ અરદેશરનો પોતાનો લાંબો વખત થયા વીચાર હતો અને તે માટે લગભગ નકી કરી યોજના રચી છે કે પોતાનું તીજોરી બનાવવાનું મોટું જુનું કારખાનું આપણા દેશના સામાનય લાભ માટે અરપણ કરવું જેથી ભાઈબંધ કોમોને સંગીન લાભ થવા સાથે પારસીઓને પણ મોટો ફાયદો થવા પામે. આ કારખાનું પચીસ વરસ થયા ચાલે છે અને લગભગ પાંચસો માણસો કામ કરે છે. આ કારખાનું લીમીટેડ કંપનીમાં ફેરવી નાંખી તેની આવકનો એવી રીતે ઉપયોગ કરવો જેથી દેશમાં હુનર ઉદયોગની ખીલવણી થાય અને આપણા દેશને ખપને બરનો કોઇબી માલ જેટલો બની શકે તેટલો તેમજ લોખંડ, પીતલ વગેરે ધાતુઓની જે વસતુઓ બનાવી શકાય તે સઘળી બનાવવી. આ કારખાનાના નફાના ત્રણ સરખા ભાગ કરી તેની મદદથી પારસી, હીંદુ અને મોહમેદન છોકરાઓને હુનર ઉદયોગની કેળવણી શીખવવા માટે યુરોપ વગેરે દેશાવરો ખાતે મોકલવામાં આવશે. શેઠ અરદેશરનું બીજું કારખાનું નાહવાના સાબુઓ બનાવવાનું છે. આ સાબુ વેલાતી સાબુઓ કરતા ચડીયાતા માલમ પડયા છે અને એની બનાવટ પાછલ શેઠ અરદેશરે પઇસાનો તથા વખતનો ઘણો મોટો ભોગ આપયો છે. એ સાબુઓ અંગ્રેજ કેમીસટોએ પ્રથકરણ કરીને સઉથી સરસ બનાવટનો જાહેર કીધો છે. આ કારખાનું ઘણી સરસ રીતે ચાલવા પછી પારસી કોમના લાભ માટે શેઠ અરદેશર આપી દેનાર છે.

અને એના નફાનો ઉપયોગ ફક્ત પારસી કોમ માટેજ થશે. શેઠ અરદેશરનો હંમેશા એવો વીચાર છે કે ગરીબાઈ આવે તયારે મદદ કરવા કરતા આપ બળથી વધી ફાયદો મેળવે એમ સમજી એવણુ હંમેશા એવીજ સખાવતો કરતા રહે છે.

અતરેના જાણીતા સખી શેઠયા સર હોરમજી અરદેશર વાહાડયા અને એવણુના ધણીયાણી લેડી આઈમાયે પોતાના મરહુમ બેટી બાઇ રતનબાઇ બમનજી જમશેદજી વહાડયાની યાદમાં મરહુમ બાઇના ઉડમણામાં ભરેલા એક લાખ રૂપયાની રકમમાંથી પારસી કોમની વીધવાઓ માટે એક આશ્રમ અને તેમની બાળકીઓ માટે એક ઓરફનેજ સ્થાપી છે, અને તેને "બાઇ રતનબાઇ વાહાડયા વીડોઝ હોમ એંડ આરફનેજ" એવું નામ આપ્યું છે. આ આશ્રમ મરહુમ શેઠ નવરોજી મા. વહાડયાના ત્રસ્ટીઓની માલેકીની અંદેરી ખાતેની આંબોલી ઇસ્ટેટના બંગલામાં જાનેવારી ૧૯૨૧ થી ઉઘાડવામાં આવયું છે. લેડી આઇમાય વહાડયા વીધવાઓને ઘટતી મદદ આપી તેમની પાસે કામ લેવાની તરફેણમાં છે કે જેથી આ ખાતાના વીધવાઓને માટે એક ઇંડસ્ત્રીયલ સ્કુલ ચલાવવામાં આવશે. વળી લેડી વહાડયા ઘર સંસારી કેળવણીનાં ખાસ હીમાયતી હોવાથી આરફનેજમાં ગરીબ વરગને બરની ઉતમ ઘરસંસારી તાલીમ આપવામાં આવશે. એ ઉપરાંત ગોખલે એજયુકેશન સોસાયટી તરફથી ચલાવવામાં આવતી ન્યુ ઈંગ્લીશ સકુલના બીલડીંગ ફંડમાં રૂ૬૨૫૦ આપવામાં આવયા હતા.

લેડી આઇમાય હોરમસજી અરદેશર વાડયાએ પોતાની દીકરી રતનબાઇ બમનજી વાડીયાના પુન માટે તેમની છમસીપર ઘાટકોપર પાસે કીરોલ ગામમાં આગ્રા રોડપર આવેલી પોતાની ૬૦૦૦ વાર જમીન જેની કીંમત રૂ૩૦૦૦૦ની થાય છે તે અને તેની ઉપર ૧૦૦ ગાય ભેસ બંધાય તેવી રીતેનુ શેડ કરી આપી એક કુવો બાંધી આપયો છે. એ જગા ઉપર જે ગાયો અને ભેંસો પળાશે તેનું જે દુધ નીકળશે તે બજાર ભાવે લેડી આઇમાય પોતાના બીજા ધરમાદા ખાતા માટે લેશે. લેડી આઇમાયે રૂ૪૦૦૦ની સાડાત્રણ ટકાની લોન રાજકોટની અંજુમનને આપી હતી કે એના વ્યાજમાંથી એવણુના મરહુમ દીકરી બાઇ રતનબાઇ બમનજી વાહડયાની વરસ દીવસની બાજ કરાવવી.

અતરેના જાણીતા શેહેરી શેઠ પેસતનજી નશરવાનજી કેરાંવાળાએ પારસી કોમ માટે મારકોટના લતાપર આવેલી એવણુની બે મોટી નવી બીલ્ડીંગોનું ત્રસ્ટ કરી સખાવતમાં આપી છે. એ મકાનોની તમામ આમદાની જે ખરચ અને ભોંયભાડું કર વગેરે બાદ કરતાં વરસ દીવસે રૂ૭૦૦૦ ઉપજે છે તે ફકત પારસીઓનાં ભલાને માટે વપરાશે અને બીલ્ડીંગો ભવીષ્યમાં સારી આમદાની કરી આપશે એમ છે. એ ખાતું "શેઠ પેસતનજી નશરવાનજી કેરાંવાલા ચેરીટી ત્રસ્ટ"ને નામે ઓળખાશે અને તેનું કામ ૧૯૨૧ના સપટેમબરની તા૦ ૧લીથી ચાલુ થયું છે. હાલમા શેઠ કેરાંવાલા પોતેજ ત્રસટી તરીકે કામ કરશે એ ઉપરાંત શેઠ પેસતનજીએ ઝોરાસ્ત્રીયન ફીઝીકલ કલચર એંડ હેલ્થ લીગને પોતાના મરહુમ પીતાજીના પુણ સારૂ "નશરવાનજી કેરાંવાલા એથલેટીક ઇનસ્ટીટયુટ" બાંધવા માટે રૂ૨૦૦૦૦ આપયા હતા અને રૂ૫૦૦૦૦ સુધી વધારી આપવાની ખાહેસ જાહેર કરી છે. વળી આ વરસે એવો સાહેબે જુદા જુદા ફંડો, ધરમખાતાઓમાં નાણાની સારી મદદ કરી હતી.

મરહુમ શેઠ દાદી નશરવાનજી દાદીશેઠ ૭૮ વરસની વયે રોજ ૭ મો માહા ૪ થો કદમી, માહા ૩ જો શેહેનશાહી સને ૧૨૯૦ ય૦ ઝ૦ તા૦ ૧૫ મી નવેમબર સને ૧૯૨૦ ને વાર સોમને દીને પુના ખાતે વાનોરી મધેનાં પોતાના બંગલામા બેહેસતનશીન થયા હતા. એવણુની પહેલા મહીનાની માસીસાની બાજ ટાંકણે તેવણુના પુન અરથે તેવણુની પોતાની પુંજીમાંથી તથા તેવણુનાં બેટા બેટીઓ તથા ખેશાવંદોએ રૂ૭૩૫૦૦ નીચલા ધરમખાતાઓમાં આપયા હતા:—મરહુમની પોતાની પુંજીમાંથી તેવણુનાં વીલનાં ફરમાન મુજબ રૂ૫૬૫૦૦ આપયા તેમાં રૂ૫૦૦૦૦નું ત્રસ્ટ કરી તેનું વયાજ જરથોસતીઓના છોકરાંઓને કેળવણી આપવા તથા સરઅવસરે મદદ કરવા

બાંધવું, બ. દી. પીટીટ જનરલ હોસ્પીટલમાં રૂ૧૦૦૦, સર જમશેદજી જીજીભાઇ બેનેવોલંટ ઇન્સ્ટીટયુશનને રૂ૧૦૦૦, દાદીશેઠ ચેરીટી ટ્રસ્ટ ફંડમાં રૂ૨૦૦૦, ડા૦ માસીનાં હોસ્પીટલમાં રૂ૫૦૦, પંચાયત હસ્તકના રવાનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડમાં રૂ૫૦૦, માહાબળેશ્વર મોરારજી ગોકળદાસ હાસ્પીટલમાં રૂ૫૦૦, માહાબળેશ્વરની ડીપ્રેસડ ક્લાસીસ સ્કુલને રૂ૫૦૦, માહાબળેશ્વરનાં પારસી આરામગાહનાં ફંડમાં રૂ૨૦૦ અને બાઇ શીરીનબાઇ કામા કોનવેલેસંત હોમમાં રૂ૩૦૦; મરહુમનાં બેટાઓ શેઠો ખરશેદજી તથા નશરવાનજી અને બેટીઓ બાઇઓ મેરબાઇ જીજીભાઈ મોદી તથા બચુબાઇ જાંગીરજી ગઝદરે રૂ૧૦૦૦૦, મરહુમના વહુ બાઇ નવાજબાઈ ખરશેદજી દાદીશેઠે રૂ૧૦૦૦, મરહુમના બેન બાઇ શીરીનબાઇ પેસતનજી વાડીયાંએ રૂ૧૦૦૦, મરહુમનાં બેશી બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટે રૂ૧૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન, મરહુમનાં બેશી બાઇ માણેકબાઇ પીરોશાહ બમનજી તથા બાઇ બચુબાઇ મેરવાનજી સોરાબજીએ રૂ૧૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન બાઇ રતનબાઇ ફરામજી પાંડેની સ્કુલનાં ફંડમાં, મરહુમનાં બેશી બાઇ ગુલબાઈ બમનજી પીટીટે રૂ૧૦૦૦, મરહુમનાં બેશી શેઠ જાંગીરજી બમનજી પીટીટે રૂ૧૦૦૦, મરહુમનાં જમાઇ શેઠ જાંગીરજી જીવનજી ગજદરે રૂ૫૦૦ અને મરહુમનાં બેશી શેઠ દાદાભાઇ તથા બાઇ હીરાબાઇ ફરામજી કામાએ રૂ૫૦૦.

અત્રેના જાણીતા સખી શેઠયા શેઠ જાંહગીરજી બમનજી પીટીટે આ વરસે કરેલી રૂ૫૦૦૦૦ની સખાવતોની વીગતઃ—સુરત જીલ્લાના માંડવી તાલુકાની છોકરાઓની નીશાળના સંબંધમાં મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટના નામે એક લાઇબરેરી બાંધવા તથા તેનાં નીભાવ માટે રૂ૪૦૦૦, ફસલી સાલ મંડળના ફંડમાં રૂ૩૦૦૦, હીંદુસ્તાનમાં હાથના ઉદયોગો ખીલવવાના ફંડમાં રૂ૨૦૦૦, હીંદી વજીર મી૦ મોન્ટેગ્યુનું મુંબઇમાં બાવલું ઉભું કરવાના ફંડમાં રૂ૨૦૦૦, ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હોસ્પીટલના ફંડમાં રૂ૧૫૦૦, મરહુમ શેઠ દાદી નશરવાનજી દાદીની યાદમાં ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હોસપીટલનાં ફંડમાં રૂ૧૦૦૦, ડા૦ રબીંદ્રનાથ ટાગોરની બોલપુરની સ્કુલના ફંડમાં રૂ૧૦૦૦, ધી ઇનફન્ટ વેલફેર ફંડમાં (બીજીવારના) રૂ૧૦૦૦, મુંબઇના સેવાસદનના નીભાવ ફંડમાં રૂ૧૦૦૦, દેશમાં રાજદુવારી બાબદો તથા જાહેર સવાલો વીષે પ્રજામત ખીલવવાના ફંડમાં રૂ૧૦૦૦, ધી સોસાયટી ફોર ધી પ્રોમોશન ઓફ નેશનલ એજ્યુકેશનના ફંડમાં રૂ૧૦૦૦, ધી વીમેન્સ કાઉનસીલ હસ્તકના હલકા ધંધામાં ફસેલી ઓરતોને બચાવવાના ફંડમાં રૂ૫૭૦, અહમદનગરના દુકાળના સંબંધમાં પરચુરણ ફંડમાં રૂ૫૦૦, મીસ લેથમ હસ્તકનાં અહમદનગર ફેમીન રીલીફ ફંડમાં રૂ૫૦૦, અહમદનગર ખાતેના દુકાળના છોકરાઓની ઓરફનેજના ફંડમાં રૂ૫૦૦, આસામના ખેડુતોને મદદ કરવાના ફંડમાં રૂ૫૦૦, ધી સોસીયલ સરવીસ લીગ હસ્તકના મુંબઇ શહેરમાં સામાન્ય કામદારો માટે એક વરકમેન ઇનસ્ટીટયુટ બાંધવાના ફંડમાં રૂ૫૦૦, ધી સોસીયલ સરવીસ લીગ હસ્તક સોશ્યલ વેલફેર વરક શીખવા માટે એક હીંદુ ગ્રહસ્થને અમેરીકા મોકલવાના ફંડમાં રૂ૩૦૦, ધી સર દીનશાહ માણેકજી પીટીટ કસરતસાળા માટે સામગ્રીઓ ખરીદ કરવાના ફંડમાં રૂ૩૦૦, ખુલનાના દુકાળ ફંડમાં રૂ૨૫૦, મુકતીફોજના વરસ ૧૯૨૦-૨૧ ના ફંડોમાં રૂ૨૫૦, ધી ઈંડયન ઇન્ડસ્ટ્રીયલ એન્ડ કમરશીયલ કોંગ્રેસના ફંડમાં રૂ૨૫૦, કે. આર. કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટના ફંડમાં રૂ૨૦૦, ધી કાનપોર નેશનલ સ્કુલના ફંડમાં રૂ૨૦૦, ધી વાઇ. એમ. સી. એ. રેડ ટ્રાએન્ગલ ફંડમાં રૂ૧૫૦, નામદાર પ્રીન્સ ઓફ વેલ્સને માન આપવાના વરસ ૧૯૨૦ ના ફંડમાં રૂ૧૫૦, અહમદનગરના દુકાળીઆઓને મદદ કરવાના અમેરીકન મીશન ફંડમાં રૂ૧૦૦, ઉદવાડાના ઇરાનશાહ આતશબહેરામની ૧૨૦૦મી સાલગ્રેહ ટાંકણે જશન કરવાના ફંડમાં રૂ૧૦૦, ધી ભારત કલા પરીષદના ફંડમાં રૂ૧૦૦, મુંબઇના રેડ ક્રોસ ફંડમાં રૂ૧૦૦, મુંબઇની લાઇબ્રેરીઓ મધેના ઇરાન્યન અને સાહીત્યના પુસ્તકોના કાટાલોગ બના-

ખવાના ફંડમાં રૂ૧૦૦, ધી સેંટ ઝેવીયરસ કોલેજના ૧૯૨૦ ના સાલના રમત ગમતના ફંડમાં રૂ૧૦૦, નાસીક ખાતેના ઓરતો તથા છોકરાઓ માટેના પીચી શીપસન સેનેટોરીયમના ફંડમાં રૂ૫૦, અથોરનાન મંડળના ફંડમાં રૂ૫૦, મધ્ય પ્રાંતોના ભંડારા ખાતેના મંગેલી તેહસીલ રીલીફ ફંડમાં રૂ૫૦, ગંદેવી તાલુકામાં વડસાંગળ ખાતે સ્કુલનું મકાન બાંધવાનાં ફંડમાં રૂ૫૦, સક્કર ખાતેની જરથોસ્તી છોકરાઓની સ્કુલના નીભાવ ફંડમાં રૂ૫૦, મરહુમ પ્રોફેસર એન્સ્ટીની યાદગીરીના ફંડમાં રૂ૫૦, ગાયન ઉત્તેજક મંડળની જુબીલી ફંડમાં રૂ૫૦, ૧૯૨૧ ના સાલના મુંબઇના આરટ એક્ઝીબીશનમાં ઇનામ આપવાના ફંડમાં રૂ૫૦, ફારેગ થતાં માહાબલેશ્વરના સુપ્રીન્ટેન્ડંટ મેજર સ્ટીલની યાદગીરી રાખવાના ફંડમાં રૂ૫૦, ઇરનાકયુલમની સેંટ મેરીઝ કોનવેન્ટના ફંડમાં રૂ૫૦, બોમ્બે નેચરલ હીસ્ટરી સોસાયટી હસ્તકના હીંદુસ્થાનના દુધાલાં પ્રાણીઓની સરવે કરવાના ફંડમાં રૂ૫૦, ગરીબાઈ, બીમારી, નવજોત, લગન વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૭૫૦૦, કેળવણી, હુન્નર, ઉદયોગ વીગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૮૫૦૦ અને પરચુરણ ફંડોમાં રૂ૯૩૦૦.

સખી વજુદ બાઇ હમાબાઇ જ. કે. મહેતાએ આ વરસમાં કરેલી રૂ૫૦૭૯૭ ની સખાવતની વીગત:—ગરીબ જરથોસ્તીઓનું પોશાણુ કરવા, લગન ખરચ માટે તથા મરણ ખરચ કરવા રૂ૩૪૯૪૮, ગરીબ જરથોસ્તીઓને સ્કુલ ફી તથા ચોપડીઓ વીગેરેના આપ્યા રૂ૯૨૬૫, નારગોળ સ્કુલ અને હાસ્પીટલને મદદના રૂ૧૬૦૦, સેન્ટ જોસફ હોમ એન્ડ નરસરીને મદદના રૂ૫૦, ગ્રાંટરોડપરના ધરમાદા દવાખાના માટે થયેલા ખરચના રૂ૪૨૦૨, ડા૦ માસીના હોસપીટલના એમબયુલનસ ફંડમાં રૂ૧૦૧, ગોખલે એજયુકેશનલ સોસાયટીને મદદના રૂ૧૦૦, માથેરાન બહેરામજી જીજીભાઇ હોસપીટલના નરસીંગ એસોસીએશનને રૂ૩૦૦, મીરજની અમેરીકન મીશન હોસપીટલમાં ૧૦૧, અને પરચુરણ ફંડોમાં આપ્યા રૂ૧૩૦.

બાઈ હમાબાઇ જે. કે. મહેતા (મીસ હમાબાઇ ફરામજી પીટીટ) અને સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટ તે બાઇજી આવાંબાઈ ફરામજી પીટીટના ત્રસ્ટીઓએ આ વરસે સખાવતમાં ગરીબ જરથોસ્તીઓને સદરો પહેરાવવા તથા બીજી ધરમની ક્રીયાઓ કરાવવાના કામ માટે રૂ૩૮૮ આપ્યા હતા.

આપણી કોમના સખાવતી શેઠીયા શેઠ હોરમસજી કાવસજી એડનવાલા એમ. બી. ઓ., ઓ. બી. ઇ. તરફથી ઝોરાસ્ત્રીયન એસોસીએશનને ગરીબ પારસીઓને ધંધે રોજગાર લગાડવાના શેઠ એડનવાલાના ફંડમાં આ વરસે બીજા વધુ રૂ૫૦૦૦ની મદદ કરવામાં આવી છે તેથી એ ફંડનો બહોલો લાભ ગરીબો મેલવી શકશે. એવો શેઠે ઝોરાસ્ત્રીયન એસોસીએશનની આફીસ સારૂ બીલડીંગ બાંધવા રૂ૫૦૦૦ અને ઇરાનની અગીયારી, સ્કુલ વગેરેના નીભાવ ફંડમાં રૂ૩૦૦૦ની સાડાત્રણ ટકાની લોન આપવા ઉપરાંત જુદા જુદા ધરમખાતાંઓ, ફંડો વગેરેમાં હમેશ મુજબ નાણાની સારી મદદ આપતા રહયા છે અને એવણની સખાવતથી પારસી કોમને મોટો લાભ મલે છે.

કરાંચીના જાણીતા સખી શેઠયા શેઠ અરદેસર હોરમજી મામાએ કરેલી રૂ૮૭૦૧૨ની સખાવતની વીગત:—કરાંચીના મધરપીર ખાતેના ઉના પાણીના ઝરાપરના "બાથ"ની સુધારણા અરથે રૂ૧૧૦૦૦, કરાંચીની યંગ વીમેન્સ ક્રીસ્ચીઅન એશોશીએશનના નવા મકાનના ફંડમાં રૂ૧૫૦૦૧, મહાબલેસ્વર પારસી જીમખાનાને પેવીલીઅન બાંધવાનાં અરધાં ખરચ પેટે રૂ૧૫૦૦૦, કુવો ખોદાવવા માટે રૂ૩૦૦૦, પેવેલીઅનના નીભાવ ફંડ માટે રૂ૧૦૦૦ અને જીમખાનાને ડોનેશન રૂ૧૦૦૦ મલી રૂ૨૦૦૦૦, પુણાના સર દી. મા. પીટીટ પારસી જીમખાનામાં રૂ૨૦૦૦, દસ્તુર ધાલાના પરસ ફંડમાં રૂ૫૦૧, એંગ્લો ઇનડીયન કલબને રૂ૧૫૦૦, કરાંચી પાંજરાપોલને રૂ૧૦૦૦ મીરજની મીશન હોસ્પીટલને રૂ૭૦૧, ઝોરાસ્ત્રીયન એસોસીએશનની હીસ્ટોરીકલ કમીટીના ફંડમાં, સીંધમાં પારસી સેટલમેન્ટની શોધખોલના માટે રૂ૧૦૦૦, કરાંચીની સીંધ મદરેસાના સ્પોરટસ

ફંડમાં રૂ૧૦૦૦, કરાંચીમાં ગરીબ દરદીઓને સારવાર કરવાના ફંડમાં રૂ૫૦૦, કરાંચી પારસી ઇન્સ્ટીટયુટમાં જરથોસ્તી બાળકોનો મેળાવડો કરવા માટે રૂ૧૭૨૦, પંચગનીના સેંટ મોસફ બીલ-ડીંગના ફંડમાં રૂ૫૦૧, મુંબઇના ચીલડરન વેલેફેર એસોસીએશનને રૂ૧૫૦૧, સંજાણ મેમોરીયલ કોલમ ફંડમાં રૂ૧૦૦૦, કરાંચીની બાઇ ગુલબાઇ મેહતા મેટરનીટી હોમ માટે કરેલા કોનસરટમાં રૂ૧૦૦૦, નારગોલની વહાડયા સ્કુલમાં મામા ચીપ એડ્યુકેશન ફંડ સ્થાપી ફી ઓછી કરવા માટે રૂ૫૦૦૦, ઇરાની ઓરફનેજના નીભાવ માટે રૂ૧૦૦૦, યઝદના આતશ બહેરામના નીભાવ માટે રૂ૧૦૦૦, સરકલ લીટરેર બીબ્લીથી ઓક દીનશા માણેકજી પીટીટ લાઇબરેરીને રૂ૧૦૦૦, કરાંચી મામા પારસી ગરલસ હાઇસ્કુલમાં વારસીક રૂ૯૦ની ચાર સ્કોલરસીપ મી૦ અને મીસીસ રિયુ તથા મી૦ અને મીસીસ મારટીનના નામથી સ્થાપવા માટે રૂ૬૦૦૦, સુરત ગુલબાઇ મહેતા મેટરનીટી હોમને રૂ૫૦૦૦, સુરતની તારાચંદ પારસી હોસપીટલમાં રૂ૨૦૦૦ અને બીજા પરચુટણ ધરમ ખાતાઓ તથા ફંડોમાં આપેલા રૂ૫૮૮૭.

કરાંચીના જાણીતા સખી શેઠયા સર જાહાંગીર હોરમસજી કોઠારીએ એક્ષ સરવીસ એશોસીએશનની કરાંચીની શાખાને રૂ૧૦૦૦૦, કરાંચીના મલીર ગામમાં નદીના પાણીથી થયલી નુકશાનીના ફંડમાં રૂ૫૦૦ અને જરથોસતી બાનુ મંડળને રૂ૧૦૦૦ નું ડોનેશન આપયું છે જે લેડી કોઠારીના આગળ આપેલા રૂ૫૦૦ સાથે તેઓના મરહુમ બેટાના નામે જુદા રાખી વ્યાજ વાપરવામાં આવશે-એ ઉપરાંત એઓ સાહેબ તરફથી જુદા જુદા ધરમખાતાઓ, ફંડો વગેરેમાં નાણાની સારી મદદ હમેશ મુજબ આ વરસે આપવામાં આવી હતી અને જરથોસતીઓ માટે સખાવતમાં ઘણી મોટી રકમ આપવાનો એવો શેઠનો વીચાર છે. સર જાહાંગીરજી કોઠારી તરફથી કરાંચી ખાતે લગભગ ત્રણ લાખને ખરચે દરીયા કીનારે કલીફટનની ટેકીરી ઉપર બંધાવી આપેલો નવો પથરનો પુલ લેડી લોઇડ પીયર અને તેને છેડેનો પેવીલીયન મોટા મેળાવડા સનમુખ જમશેદી નવરોઝે યાને રોજ ૧૩ મો માહા ૭ મો તા૦ ૨૧ મી મારચે ના૦ લેડી લોઇડે ખુલ્લા મુકયા હતા. સર જાહાંગીરજીએ એડરેસ વાંચી સુનાના કાસકેટ સાથ લેડી લોઇડને આપ્યું હતું. લેડી લોઇડે પુલના મોઢા આગળ સર જાહાંગીરજી સાથ જઇ પુલ ને પેવેલીયન ખુલ્લા મુકાયલા જાહેર કરી સર જાહાંગીરજીની ઉદાર સખાવતની સ્તુતી કરી મુબારકબાદી આપી હતી. આ પુલ ૧૩૦૦ ફુટ લાંબો અને ૧૫ ફુટ પહોલો છે અને પેવેલીયન ૬૭ ફીટ લાંબો ને ૫૦ ફુટ પોહલો છે ને પાણીની સપાટીથી ૧૦ ફુટ ઉંચો છે.

અતરેના જાણીતા શેહેરી શેઠ ધનજીભાઇ બમનજીએ વીંડસર ખાતેની એડવરડ હાસપીટલના ફંડમાં ૫૦૦૦ પાંઉંડ, લેડી એથલોનની નવી કોમરેડઝ કલબ માટે ૫૦૦૦ પાંઉંડ અને કોમરેડઝ ઓરગેનાઇઝેશન ફંડમાં ૫૦૦૦ પાઉંડ આપયા હતા.

શેઠ નવરોજી માણેકજી ડુમસીયાએ નામદાર પ્રીનસ ઓફ વેલસને આવકાર આપવાના ફંડમાં રૂ૨૫૦૦૦ ભરીયા હતા અને મરીન લાઇનસની શેઠ સોડાવોટરવાલાની દરેહમેહેરનું મકાન એજ જગા ઉપર બાંધવામાં આવે તો તેના ફંડમાં રૂ૨૫૦૦૦ આપવા જણાવયું છે.

શેઠ રૂસતમજી જીવણજી જેવણ આફરીકાના દરબાન શેહેરમાં રહે છે તેઓએ તીલક સ્વરાજ ફંડમાં રૂ૪૦૦૦૦ નવી નીશાળોના મકાન બાંધવા માટે આપયા હતા. વળી એવણ તરફથી દક્ષિણ આફરીકા ખાતેના દરબાન ખાતે લોવર ઉમગેની મધે સ્થાપવામાં આવેલી હીંદી બાળકોને માટેની પારસી રૂસતમજી ઓરફનેજ ખુલ્લી મુકવાની ક્રીયા ગવરનર જનરલ પ્રીનસ આરથર ઓફ કોનાટે ગયા આગસ્ટ માસમાં કરી હતી. ઓરફનેજ માટેની ઇમારત પાછળ ૪૭૦૦ પાઉંડની રકમ ખરચાઇ છે.

અતરેના જાણીતા શેહેરી શેઠ એસ. આર. બમનજીએ અમદાવાદ રાષ્ટ્રીય કોલેજ લાયબરીને રૂ૧૦૦૦૦, સુરત રાષ્ટ્રીય કોલેજ લાયબરેરીને રૂ૫૦૦૦, ગુજરાત યુનીવરસીટી લાયબરેરીને

રૂ૧૦૦૦૦, ઓલ ઇંડીઆ તીલક મેમોરીયલ સવરાજ ફંડમાં રૂ૧૦૦૦૦ અને કોલેજના વીદ્યાર્થીઓને મદદ કરવા માટે રૂ૧૦૦૦૦ મલી રૂ૪૫૦૦૦ ની રકમ સખાવતમાં આપી હતી.

મરહુમ બાઇ ડોસીબાઇ પીરોજશાહ મરઝબાન જેવણુ રોજ ૧૩ મો માહ ૯ મો કદમી સને ૧૨૯૦ યઝદેજરદી, તા૦ ૨૦ મી એપ્રેલ ૧૯૨૧ ને વાર બુધને દીને હક થયાં હતાં તેવણુની મહીનાની બાજની યાદમાં કુલ્લે રૂ૩૦૦૦૦ ની સખાવત તેવણુની પુંજીમાંથી, તેવણુનાં ધણી, છોકરાઓ, છોકરીઓ, વહુ તથા જમાઈઓ તરફથી કરવામાં આવી છે, જેની વયવસથા હવે પછી નક્કી કરવામાં આવશે.

હીંદી આફ્રીકના માલેક તથા અધીપતી બાઈ બાઇઆઇ લીમજી પાલમકોટે એવણુના હસ્તક હીંદી આફ્રીકની સીલવર જુબીલી ટ્રસ્ટ ફંડમાં શરૂઆતમાં ભરાયલા લગભગ રૂ૨૫૦૦૦ હતા તે પારસી બાનુઓ માટે હોસટલની સ્થાપના કરી તેમાં વાપરવા આપયા હતા. આ હોસટેલમાં દેશાવરથી અભયાસ કરવા આવતાં બાનુઓ માટે રહેવા જમવા વગેરેની ઘટતી ગોઠવણ કરવામાં આવશે.

શેઠ મનચેરજી પેસતનજી ચોકસીએ પોતાના બેન બાઇ ગુલબાઇ પે. ચોકસીની યાદમાં એક ધરમદા દવાખાનું સ્થાપવા માટે નં૦ ૧૧ એલફીનસ્ટન રોડ ખાતેનું મકાન મુંબઇ મયુનીસીપાલીટીને આપી એ મકાનમાં મયુનીસીપાલીટીનું દવાખાનું ચાલતું હતું તેને પોતાના બેહનનું નામ આપવાની માગણી કરી હતી તે ગયા જુલાઇ મહીનામાં કબુલ રાખવામાં આવી છે. મકાનની કીંમત રૂ૧૪૨૮૯ જેટલી છે અને તેનું માસીક ભાડું રૂ૫૦ ઉપજે છે. જો આ ધરમાદા દવાખાનું મયુનીસીપાલીટી ચલાવી ન શકે તો એ મકાન બદલ રૂ૧૪૦૦૦ એ બાઇના નામથી પારસી પંચાયતને આપવામાં આવશે.

બેહસતનશીન શેઠ રૂસતમજી કુંવરજી શેઠનાએ સને ૧૯૧૯ માં પરેલ ગોલનજી હીલ ઉપર ગરીબ જરથોસતીઓને રહેવાના મકાન બાંધવા રૂ૨૦૦૦૦ આપયા હતા. તે મકાનપર એક વધુ માળ બાંધવા માટે મરહુમના ઉઠમણામાં એઓના પાળક શેઠ નશરવાનજી હોરમસજી શેઠનાએ ભરેલી રકમમાં ઉમેરો કરી રૂ૧૨૦૦૦ ઝોરાસ્ત્રીયન બીલડીંગ ફંડમાં રોજ ૨ જો માહા ૧૨ મો ૧૨૯૦ યઝદેજરદીને દીને પડેલી મરહુમની વરસીની યાદમાં આપયા હતા.

શેઠ દારાબશાહ બમનજી દુબાસ તથા એવણુના ધણીયાણીએ લાહોરની બાઇ આવાંબાઇ અરદેશર કુપર દરેહમેહેરનું મકાન, તેમજ તેની સાથના મોબેદોના રહેવાનું મકાન કુવો વીગેરેની મરામત, રંગ તથા દરેહમેહેરના ઓરડાઓને મારબલની ફરસ વગેરે મરામતનું કામ લગભગ રૂ૫૦૦૦ ના ખરચે કરાવી આપયું છે.

શેઠ શાહેરયાર અરદેશર ઇરાણી બોઇસરવાલાએ પોતાની જમીનનો કટકો એક જેની વારસીક ઉપજ લગભગ રૂ૩૦૦ ની થાય છે, એ જમીન તારાપોરની જરથોસતી અનજુમનની દરેહમેહેરને ભેટ આપી હતી કે એની ઉપજની રકમ એ દરેમેહેરના મોબેદોને પગાર આપવાના ફંડમાં વાપરવી. આ દરેહમેહેરના મોબેદ ફંડમાં કુલે રૂ૧૩૧૪૬ ભરાયા છે.

કરાંચીની મેસરસ વોરડન કંપનીવાલા શેઠ હોરમસજી માણેકજી ખજુરીનાએ રૂ૬૫૦૦ની રકમ કરાંચીના ગરીબ પારસીઓ માટે સસતા ભાડાનું મકાન બાંધવા સારૂ આપી હતી.

કરાંચી ખાતેના કેમારીના તબીબ ડા૦ શાવક પેસતનજીએ રૂ૭૦૦૦ કરાંચીના ગુલબાઇ મહેતા મેટરનીટી હોમ (સુવાવડખાના) ને આપયા કે એ હોમને લગતા બાંધવામાં આવનારા આઇસોલેટેડ વારડની ઉપર હાઉસ સરજ્યન માટે એક કવાટર એવણુના મરહુમ ધણીયાણી બાઇ બાનુબાઇને નામે બાંધવો.

સખી વજુદ બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટ તે મરહુમ સર દીનશાહ માણેકજી પીટીટ પહેલા બારોનેટના બેટીએ પોતાના વહાલા અશો રવાનોની નઇયતે તેઓની યાદમાં રૂ૫૦૦૦

નીચલા ધરમખાતામાં આપયા હતાઃ—પારસી પંચાએતના રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં રૂ૧૦૦૦ની નોટ, કનઝમટીવ હોમ સોસાયટીના ધરમપોરના પારસી દરદીઓના નીભાવ ફંડમાં બ્યાજ વાપરવા રૂ૧૦૦૦ની નોટ, નવસારીના આતશબહેરામ સાહેબનું મકાન બાંધવાના ફંડમાં રૂ૧૦૦૦, જરથોસ્તી જશન કમીટી હસ્તકના "જશન ફંડ"માં વયાજ વાપરવા રૂ૫૦૦ની નોટ, રાજકોટની દરેમેહેરનું મકાન નવેસરથી બાંધવાના ફંડમાં રૂ૫૦૦, શ્રી જરથોસ્તી મંડળના ફંડમાં રૂ૩૦૦, ગરીબ જરથોસ્તીઓને અનાજ આપવાના ફંડમાં રૂ૩૦૦, સર જમશેદજી જીજીભાઇ પારસી બેનેવોલંત ઇનસ્તીતયુશન ભોજન ફંડમાં રૂ૧૦૦, બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસ્તીતયુશન ભોજન ફંડમાં રૂ૧૦૦, ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ હસ્તક બાઈ રતનબાઇ ફરામજી પાઉ સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦, અને શેઠ નશરવાનજી માણેકજી પીટીટવાળા ગરીબ દીવાના જરથોસ્તીઓને મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦. એ ઉપરાંત બાઇ હીરાબાઈએ આખા વરસમાં જુદા જુદા ફંડો, ધરમખાતાઓમાં નાણાની સારી મદદ આપી હતી.

શેઠ ફકીરજી કાવશજી દુબાશે કરાંચી ખાતેના કેમારી બંદર આગળ અકસમાતો થવાથી લોકોને હાસપીટલમાં લઇ જવું મુશ્કેલ થઇ પડે છે તેથી ત્યાં એમ્બ્યુલનસ કાર રાખવા માટે રૂ૬૫૦૦ આપયા હતા.

મરહુમ શેઠ નશરવાનજી ખરશેદજી ભેસાનીઆના ઉઠમણા વેળા સગાં સનેહીઓ તરફથી ભરાયલા રૂ૬૦૦૦ માં મરહુમના બેટાઓએ રૂ૪૦૦૦ ઉમેરી રૂ૧૦૦૦૦ ની રકમ સુરત જીલ્લાના ભેસાન ગામની સડક રીપેર કરી સારી હાલતમાં રાખવા માટે સરકારને આપી છે કે એ રકમનાં વ્યાજમાંથી અને સરકારની મદદથી ખરચ કરવો.

શેઠ રૂસતમજી મનચેરજી મીનોચહેર કુકાએ મરહુમ ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલના ઉઠમણામાં ભરેલા રૂ૧૦૦૦ માં મરહુમ ખાનબહાદુર બરજોરજીની યાદગારી રાખવા માટેનો તા૦ ૭મી ફેબરવારીએ સાંજે સુરતની પારસી અંજુમનની મલેલી સભામાં ઠરાવ થયાથી શેઠ રૂસતમજી કુકાએ વધુ રૂ૪૦૦૦ આપવાનું જાહેર કરયું હતું કે સુરત પારસી ઓરફનેજમાં રૂ૫૦૦૦ની રકમમાંથી ખા૦ બા૦ બરજોરજીના નામનો ફાઉન્ડેશનર કાયમને માટે રાખવો. શેઠ રૂસતમજી કુકાએ મરહુમ ખા૦ બા૦ બરજોરજીની યાદગારીના અંજુમન તરફના ફંડમાં વધુ રૂ૨૫૦ ભરયા છે.

વલસાડના જાણીતા શહેરી ખા૦ બા૦ કાવસજી ધનજીભાઇ ધનભુરાએ રૂ૪૨૫૯ની કરેલી સખાવતની વીગતઃ—કાઠીયાવાડ પાંજરાપોરમાં રૂ૧૦૦, અહમદનગરના ગરીબોને આપેલા અનાજ માટે રૂ૨૦૦, વલસાડની આગ વખતે મદદના રૂ૩૩૫, માંડવીની સ્કુલમાં ખુરશી વગેરેના રૂ૪૦૦, રતનાગીરીના પોસરી ગામની આગની મદદમાં રૂ૧૦૦, ભરૂચના દુકાળ ફંડમાં રૂ૧૨૫, વલસાડમાં જરથોસ્તીઓ માટે રવાનોને ગાડી વીગેરેના રૂ૯૧૪, ઓલપાડ અગીયારીમાં રૂ૧૦૦, રાજકોટ અગીઆરીમાં રૂ૧૦૦, વલસાડમાં ગરીબો માટે દવાના રૂ૭૮૭ તથા સુવાવડખાનામાં દવાના રૂ૧૧૫, વલસાડમાં ગરીબોને અનાજ આપવાના રૂ૧૫૭ અને પરચુટણ ફંડો વગેરેમાં આપેલા રૂ૭૮૯.

મરહુમ શેઠ દીનશાજી હોરમજી મોદીની વરસીને ટાંકણે તેવણનાં પુણ્ય માટે વીધવા બાઇ શીરીનબાઇએ રૂ૩૭૦૧ ધરમ ખાતે આપયા તેમાંની મુખ્ય રકમોઃ–બેહેરામજી જીજીભાઈ સકુલ ભોજન ફંડમાં રૂ૫૦૧, જરથોસતી અથોરનાન મંડળને રૂ૩૦૧, સેવાસદનને રૂ૨૫૧, જીજીભાઇ દાદાભાઈ સ્કુલના છોકરાંઓના ભોજન ફંડમાં રૂ૨૫૧, ધરમપોરની પારસી ખહીની સેનીટેરીયમ રૂ૨૫૧, ડા૦ માસીના હાસપીટલમાં રૂ૨૦૧, બેડમસ વાઇલી હાસપીટલમાં રૂ૨૦૧ અને સર કાવસજી જહાંગીર નવસારી મદરેસાનાં ફંડમાં રૂ૨૦૧.

કરાંચીના જાણીતા શેહેરી શેઠ નાદરશાહ એદલજી દીનશાહે સીંધ મેડીકલ યુનીયનની લાયબરેરી માટે રૂ૩૦૦૦ યુનીયનને ભેટ આપયા હતા. એ લાયબરેરીને એવણના મરહુમ બેટી બચુબાઇનું નામ આપી "બચુબાઇ પીરોશાહ ભરૂચા મેડીકલ લાયબરેરી" તરીકે ઓળખવામાં આવશે.

બાઇ રતનબાઇ એદલજી બામજીએ ધરમપોર ખાતે શેઠ મલબારીવાલા ખહીના સેનેટરીયમને લગતું નોશીરવાન અદલ ગેસ્ટ હાઉસ બંધાવી આપ્યું છે તેમાં વધુ એક અમલે પારસીઓ માટે બાંધવા રૂ૩૦૦૦ આપ્યા હતા.

બાઇ રતનબાઇ જમશેદજી ચીનાઇએ દેવલાલીની ચીનાઇવાલી દરેહમેહેરમાં વધારાના બાંધકામ માટે રૂ૨૦૦૦ ની રકમ ભેટ આપી હતી.

શેઠ દારાબશાહ મંચેરજી કાપડયાએ નવસારીના સર જમશેદજીના આદરીયાનમા રૂ૨૦૦૦ની કીમતના જરમન સીલવરના વાસણો, કબાટ, ખુરસીઓ વીગેરે ભેટ આપી હતી.

મરહુમ બાઇ ખરશેદબાઇ હોરમજી માણેકજી બીલીમોરીઆ ઘડીઆલીના પુન માટે એવણના છોકરા શેઠ દાદીબાએ રૂ૨૦૦૦ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી કે એના વ્યાજમાંથી દર વરસે મરહુમની બાજને દીને બીલીમોરાના ગરીબ જરથોસ્તીઓને મુફત અનાજ આપવો.

શેઠ અરદેશરજી રૂસતમજી પેસતનજીએ પોતાના દીકરા મરહુમ શેઠ ધનજીભાઈના પુણ્ માટે રૂ૨૬૦૦ની જામીનગીરીઓ બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી કે એના વ્યાજમાંથી દર વરસે મરહુમની બાજને દીવસે બીલીમોરાના આદરીઆનમાં માચી એક ચડાવી ગરીબ જરથોસ્તી બાળકની નવજોત કરી આપવી.

મરહુમ શેઠ હોરમજી એદલજી આશાના થયલા ઉઠમણા વખતે કુટુંબીઓ વગેરે તરફથી ભરાયલા રૂ૨૦૦૦ ની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને તેઓ હસ્તકના ફંડામાં બ્યાજ વાપરવા આપી હતી તેમજ મરહુમ શેઠ હોરમજીના પુણ માટે દરેહમેહરમાં મુકતાદ માંડવા બેડું એક અને રૂ૩૦૦ બ્યાજ વાપરવા આપયા હતા.

બાઇ માણેકબાઇ તે મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ પહેલા બેરોનેટના દીકરીએ પોતાના મરહુમ ખાવંદ શેઠ પીરોજશાહ બમનજી જીજીભાઇની યાદમાં રૂ૧૩૦૦ નીચે મુજબ ધરમ ખાતે આપ્યા હતા:–મુંબઇની પારસી પંચાયત હસ્તકના રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં બ્યાજ વાપરવા રૂ૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, સર જમશેદજી જીજીભાઇ સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦, ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડ હસ્તકની બાઇ રતનબાઇ ફરામજી પાંડે સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦ અને બેરામજી જીજીભાઇ સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦.

બાઇ દીનબાઇ દીનશાજી કરાણીએ પોતાના મરહુમ માતાજી તથા બાવાજીની વરસ દીવસની બાજની ક્રીયા કરવા માટે રાજકોટની જરથોસ્તી અનજુમનને રૂ૧૫૦૦ની લોન આપી હતી.

ભરૂચના જાણીતા શેહેરી ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલે નારગોલની છોકરીઓની નીશાલના ફંડમાં રૂ૧૦૦૦ ભેટ આપ્યા હતા.

શેઠ બમનશા રૂસ્તમજી મહેતાએ પોતાની દીકરી ખોરશેદની નવજોતની ખુશાલીમાં રૂ૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોન ભરૂચની પારસી પંચાયતને બક્ષેસ આપી હતી.

ખા૦ બા૦ દાદાભાઇ રતનજી બલસારાએ એવણના પીતાજીવાલા ગહમબારના ખાતાં માટે વલસાડની જરથોસ્તી અનજુમનને રૂ૧૨૦૦ની સાડાત્રણ ટકાની લોન આપી હતી.

શેઠ પેસતનજી ધનજીભાઇની લેનડીંગ કુંપનીએ પોતાના ગહમબાર ફંડ માટે વલસાડની જરથોસ્તી અંજુમનને રૂ૧૦૦૦ની સાડા ૭ ટકાની લોન આપી હતી.

શેઠ ફકીરજી કાનજીભાઇએ બાજ કરવા માટે વલસાડ અંજુમનને રૂ૧૦૦૦ આપયા હતા.

મરહુમ શેઠ કાવસજી હોરમજી વાડીઆના પુણ્ રૂસાર એવણની પુંજીમાંથી ભાઇ ફકીરજી હો. વાડીઆએ બીલીમોરા અગીઆરીમાં મુકતાદ માંડવા બેડું ૧ તથા રૂ૩૦૦ બ્યાજ વાપરવા બીલીમોરાની જરથોસ્તી અનજુમનને આપયા છે; એ ઉપરાંત રૂ૫૦૦ની લોન આપી કે બ્યાજમાંથી

મરહુમની વરસ દહાડાની બાજને દીવસે દરેહમેહેરમાં માચી ચડાવી કાંઈ વધે તેમાંથી ગરીબ જરથોસ્તીઓના રવાનોનો ચાર દીવસનો ખરચ કરવો.

ડા૦ રતનશા બમનજી ખંબાતાએ દીકરી તેહમીનાની નવજોતની ખુશાલીમાં ખરચ પારસી પંચાયતને રૂ૫૦૦નું બોંડ ભેટ આપ્યું કે એના વ્યાજમાંથી જ. ન. પીટીટ ગરલસ સ્કુલમાં રાધન-કળામાં ઇનામ આપવું.

ખાન સાહેબ બેરામશાહ બેલાબ્યા અને ધણીયાણીએ રૂ૫૦૦ની વોર લોન મગની છોકરીઓની સ્કુલને ભેટ આપી હતી.

શેઠ મહેરજી ફરામજી મીસતરીએ ગઉરક્ષક મંડળીને રૂ૫૦૦ની સાડાત્રણ ટકાની લોન જાન-વરોના લાભ માટે ભેટ આપી હતી.

બાઇ કોલીબાઇ નશરવાનજી ચોથીઆએ દરૂનબાજ કરવા માટે વલસાડની જરથોસ્તી અનજુમને રૂ૩૦૦ની સાડાત્રણ ટકાની લોન આપી હતી.

મોબેદ ફરદુનજી શાપુરજી શીંગારીએ પોતાના ખેરીઓની બાજ કરવા માટે વલસાડ જરથોસ્તી અંજુમનને રૂ૭૦૦ આપયા હતા.

બાઇ રતનબાઇ શાપુરજી સીંગારીએ પોતાના બેટા શાપુરજીની બાજ કરવા માટે વલસાડ જરથોસ્તી અંજુમનને રૂ૪૦૦ આપયા હતા.

શેઠ અરદેશર હીરજીભાઇ હાડવઇદે રાંદેર ખાતેના દોખમાને લગતી સગડીમાં આતશ તથા ચેરાગ રોશન રાખવા માટે વ્યાજ વાપરવા રૂ૫૦૦ સુરતની પારસી પંચાયતને આપયા હતા.

શેઠ રતનજી માણેકજી રતનાગરના પુન માટે શેઠો દાદીબા હો. બીલીમોરીયા તથા પીરોજશા ર. રતનાગર અને બાઇ માણેકબાઇ બ. મેગુસીએ મલી રૂ૫૦૦ની સાડાત્રણ ટકાની લોન બીલી-મોરાની જરથોસ્તી અંજુમનને આપી હતી કે એનું વ્યાજ જનરલ ફંડ તથા ગહમબારના ફંડમાં વાપરવું.

શેઠ સોરાબજી મેરવાનજી વરકીંગબોક્ષવાલાએ બીલીમોરાની જરથોસ્તી અંજુમનને બેડુ ૧ તથા રૂ૩૦૦ આપયા કે એવણની હઇયાતી બાદ વ્યાજમાંથી દરેહમેહરમાં મુકતાડમાં બેડું માડવું તેમજ દરૂનબાજ કરવા બીજા રૂ૩૦૦ વ્યાજ વાપરવાની સરતે આપયા હતા.

શેઠ શાપુરજી દારાબજી વાડીઆના પુણ સારૂ એવણની પુંજીમાંથી એવણના છોકરા શેઠ બેરામજીએ અગીઆરીમાં મુકતાદ માંડવા બેડુ ૧ તથા રૂ૩૦૦ બીલીમોરાની જરથોસ્તી અંજુમનને વ્યાજ વાપરવા આપયા હતા.

બાઇ શીરીનબાઇ એદલજી પેસતનજી મેહેતાના પુણ સારૂ એવણના ભાઇ શેઠ દાદીબા હોરમજી બીલીમોરીયાએ બીલીમોરાની દરેહમેહેરમાં મુકતાદ માંડવા સારૂ બેડુ એક તથા રૂ૩૦૦ વ્યાજ વાપરવા અને રૂ૧૦ રોકડા આપયા હતા.

શેઠ કાવસજી મેરવાનજી વાડીયાના પુણ સારૂ એવણના ભાઇ શેઠ રતનજી મે. વાડીયાએ અગીઆરીમાં મુકતાદ માંડવા બેડુ એક તથા રૂ૩૦૦ બીલીમોરાની જરથોસ્તી અનજુમનને વ્યાજ વાપરવા અને રૂ૧૦ રોકડા આપયા હતા.

શેઠ માણેકજી પેસતનજી તલાટીએ પોતાના મરહુમ બેન બાઇ નવાજબાઇ તે મરહુમ શેઠ સોરા-બજી નશરવાનજી તલાટીના વીધવાના પુન માટે રૂ૫૦૦ સુરતના જુદા જુદા ફંડોમાં આપયા હતા.

શેઠ દીનશાહ રતનજી દામુએ રાજકોટ ખાતે દરેહમેહરમાં ચાલુ બાજ અફરગાન વગેરે ક્રીયા કરવા માટે રૂ૩૦૧ આપયા હતા.

બહેસ્તનશીન બાઈ જરબાઇ તે મરહુમ એરવદ કાવસજી ફરદુનજી વજીફદારના વીધવાની રોજ ૨૭ મો માહ ૯ માને દીને પડેલી છમસીની યાદમાં મરહુમના પુન માટે દીકરા શેઠ માણેકશાહ

તથા દીકરી બાઇ બાઇજીએ રૂ૨૦૦ બેરામજી જીજીભાઇ સ્કુલના ભોજન ફંડમાં અને બેસીઓને રૂ૭૦ ફંડોમાં આપયા હતા.

શેઠ ફકીરજી અરદેસર કાપડીયાએ ભરૂચની સેનીટરી એશોસીએશનને ઉંચાઇ તથા વજન લેવા એક કાંટો રૂ૧૩૦ની કીંમતનો ભેટ આપ્યો છે અને એ રાયચંદ દીપચંદ લાયબરેરીમાં મુકવામાં આવયો છે.

શેઠ એચ. એમ. મહેતાએ પુણાના પારસી જીમખાનાના ઉપયોગ માટે ઇલેક્ત્રીક લાઇટને લગતો સરવ સામાન ભેટ આપીને પોતાની ગીરોથી ઇલેકત્રીક લાઇટ ગયા જુલાઇ માસમાં જીમખાનામાં મુકાવી હતી.

ડા૦ કાવસજી ઇ. દાદાચાનજીએ પોતાના મરહુમ ભાઇ શેઠ રૂસતમજીની યાદમાં ૧૯૧૬ માં મુંબઇની મ્યુનીસીપાલીટીને રૂ૧૨૦૦૦ એક ફુવારો બાંધવાને આપયા હતા કે મ્યુનીસીપાલીટીએ ત્યાં નીયમીત રીતે માણસોને પીવાનું પાણી તેમજ ઢોરોની કુંડીમાં પણ પાણી પુરૂં પાડવું અને એક તખતી મારવી. આ ઓપર મ્યુનીસીપાલીટીએ અકટોબર ૧૯૧૬ માં સ્વીકારી હતી અને હાલમાં અલેકઝાન્દ્રા ડોકના ઉતર તરફના દરવાજા આગળ બરોડા રેલ્વેના ગુડસ યારડની નજીક ફ્રીયર રોડ અને કરનાક રોડના સંગમ ઉપર એક જાહેર ફુવારો બાંધવામાં આવશે.

ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાન તે શેઠ નશરવાનજી જાંહાંગીરજી વાહાડીયા ચેરીટી ફંડના ત્રસ્ટી તરફથી રૂ૨૬૮૦૦ નીચલા ધરમખાતાઓમાં આપયા હતાઃ—અથોરનાન મંડળની બોરડીંગ સ્કુલને રૂ૨૦૦૦, નશરવાનજી જાંગીરજી વાડીયા ગ્રાંટ મેડીકલ કોલેજ જીમખાના બાંધવા માટે રૂ૧૬૦૦૦, શ્રી જરથોસ્તી મંડળને રૂ૧૦૦૦, ઝોરાસ્ત્રીઅન ફીઝીકલ કલચર ને હેલ્થ લીગને રૂ૧૦૦૦, યંગ લેડીઝ હાઈ સ્કુલમાં નસરવાનજી જાંગીરજી વાહડીયાને નામનો સુનાનો ચાંદ છોકરીઓને આપવા રૂ૨૮૦, ગરીબ જરથોસ્તી છોકરીઓને મુફત કેળવણી આપવા માટે ફીના આપયા રૂ૬૦૦, પારસી સુવાવડખાનામાં રૂ૫૦૦૦ અને કે. આર. કામા ઓરીએનટલ ઇનસ્ટીટયુતને રૂ૧૦૦૦.

મરહુમ શેઠ પેસ્તનજી એદલજી મહેતાની યાદગારી રાખવાનાં નવસારીનાં મલેશરના ગરીબ જરથોસ્તીઓને આશરો આપવાના ફંડમાં જુદા જુદા બાનુઓ તથા ગ્રહસ્થોએ સર અવસરે તથા ઉઠમણા વખતે ભરેલા રૂ૩૨૬, તાતકાલીક મદદ કરવા માટે હેલ્પીંગ મેમબરોએ ભરેલા રૂ૨૦૦ અને ફંડના રૂ૧૧૩૦૦ની સીકયુરીટીના વ્યાજના રૂ૪૧૬ મલી રૂ૯૪૨ ભરાયા હતા. આ ફંડની આવકમાંથી નવસારીના મલેસરના ગરીબ પારસીઓને અનાજ, કપડા, સ્કુલ ફી, લગન તથા મરણ ખરચ વીગેરે માટે મદદ આપી છોકરીઓને અંગ્રેજી શીખવવા વરગો કાઢયા છે, તેમાં માસીક મદદ આપે છે અને મુકતાદ ટાંકણે ગરીબોને અનાજ વહેંચવામાં આવે છે.

શેંગહાઈની જરથોસ્તી અનજુમનના ધરમના ફંડના ત્રસ્ટીઓએ રૂ૬૧૦૦ નીચલા ધરમખાતાઓમાં આપયા છેઃ—ધરમપોરના ખડીના સેનેટરીયમના ગરીબ પારસીઓ માટેના એનડાઉમેન્ટ ફંડમાં વીયાજ વાપરવા રૂ૧૦૦૦, પારસી બેકારી ફંડમાં રૂ૫૦૦, પારસી ફીવર હોસપીટલમાં રૂ૫૦૦ બાઇ શીરીનબાઇ કામાના કોનવેલેસંટ હોમમાં રૂ૫૦૦, ડા૦ માસીનાની હોસ્પીટલમાં રૂ૫૦૦, ડા૦ સર ટેમુલજીવાળા પારસી સુવાવડખાનામાં રૂ૫૦૦, મુંબઇની જરથોસ્તી છોકરીઓની નીશાળમાં રૂ૫૦૦, તેહેરાનની જરથોસ્તી છોકરીઓની નીશાળમાં રૂ૫૦૦, સકકરની જરથોસ્તી સ્કુલમાં રૂ૫૦૦, ઝાંનસીની છોકરા છોકરીઓની સ્કુલમાં રૂ૪૦૦, ડા૦ કેરાંવાળાના સુવાવડખાનામાં રૂ૩૦૦, ડા૦ પારેખવાળા સુવાવડખાનામાં રૂ૩૦૦, ડા૦ બહાદુરજીવાળા દેવલાલીના સેનેટરીયમમાં રૂ૩૦૦, વીધવાઓને આશરો આપવાના ફંડમાં રૂ૩૦૦, શેઠ ન. મા. પીટીટવાળા દીવાનાઓના ફંડમાં રૂ૩૦૦, જામે જમશેદના ગરીબ જરથોસ્તીઓને મદદ કરવાના ફંડમાં રૂ૩૦૦, બાઇ આવાંબાઇ ફ. પીટીટ

છોકરીઓની ઓરફનેજમાં રૂ૩૦૦, શેઠ જ. ન. પીટીટ ઓરફનેજ ફંડમાં રૂ૩૦૦, સુરતની ફુલા-વાલી ઓરફનેજમાં રૂ૩૦૦, સર જમશેદજી જી. સકુલ ભોજન ફંડમાં રૂ૩૦૦, શેઠ બેરામજી જીજી-બાઈ સકુલ ભોજન ફંડમાં રૂ૩૦૦, જરથોસતી સ્ત્રી મંડળીના વરક ક્લાસમાં રૂ૨૦૦ અને ઇનડસ્ટ્રી-યલ હોમમાં રૂ૨૦૦.

નવસારી ખાતે મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાંએ સથાપેલું ધરમખાતું–જરથોસતી અનજુમન બહેતરી ફંડ. એ ધરમખાતું એરવદ એદલજી બ. મુલ્લાંએ વીલ કરીને સથાપયું છે. એવણે રેલવેમાં કોનત્રાકટ લઇને કાંઇ મેળવયું હતું તેમાંથી અરધો ઉપર ભાગ જે રૂ૬૦૦૦૦ના નાગપોર મીલસના શેર હતા તે આ ફંડ સથાપવા એલાયદા કહાડયા હતા. ફંડની શરૂઆત સને ૧૯૧૬ માં થયા પછી કાયદા પ્રમાણે ત્રસટના નાણા શેરોમાં રોકેલાં નહીં જોઇએ તેથી તે શેરો વેચી રૂ૧૬૫૫૦૦ની સાડાત્રણ ટકાની લોન ખરીદી તે મુંબઇની ઇમ્પીરીયલ બેંક ઓફ ઇંડીયામાં સેફ કસ-તડીમાં રાખયા છે. આ ફંડમાં આ વરસે સર અવસરે જરથોસતીઓએ રૂ૧૬૨૦ ભરીવા છે. મરહુમે જણાવેલી ખાહેશ પ્રમાણે આ ધરમખાતામાંથી નવસારીની ભગર સાથ અનજુમનના લાભ સાચવવા માટે, યોજદાથ્રગરી કરનાર લાયક અથોરનાનને ધરમના અભયાસ કરવા માટે, જરથોસતી દીનને લગતા ભાષણો કરાવવા, ધરમને લગતી ચોપડીઓને ઉતેજન આપવા, ધરમના મકાનોના નીભાવમાં કાડી દીવેલ વીગેરે અપાવવા, નવસારી વડી દરેમેહેરમાં જશનો કરાવવા, નવસારીના જરથોસતી છોકરા છોકરીઓને અભયાસમાં મદદ કરવા, ગુજરેલાંઓની ચાર દીવસની ક્રીયા કરવા, આગ વરાલ રેલ વખતે મદદ કરવા વીગેરે બાબદોમાં મદદ આપવામાં આવે છે. આ વરસે નવસા-રીના ગરીબ જરથોસતીઓને મુકતાદ ટાંકણે રૂ૭૭૦ વેહેંચયા છે તેમજ નવજોત ૩, લગન ૧૩, અને મરણ વખતે ૨૧ જણને મદદ આપી છે. સકુલોમાં લગભગ ૮૦ છોકરાઓને ફી તથા ચોપ-ડીઓ અને કોલેજમાં ૨૨ વીદયારથીઓને મદદ આપી છે. એ રીતે મદદ મેળવીને અત્યાર સુધીમાં ૬ બી. એ. માં, ૧ એમ. એ. માં, ૧ એમ. બી. બી. એસ. માં અને ૧ જણ બી. એસ. સી. માં પસાર થઇ બહાર પડયા છે. આ ધરમ ખાતેથી દર વરસે બરૂચની દસતુર કામદીનની અગીઆ-રીને તથા રાજકોટની અગીયારીને તથા જાંહસીની જરથોસતી ધરમની કેળવણી આપતી સકુલને મદદ આપી છે. નવસારીની ર. ૫. દાબુ પારસી જેનરલ ઓસપીટલમાં ચાર બીછાણા નીભાવવામાં આવે છે. વડોદરા રાજયમાં પારસીઓના લગન તલાકના કાયદા ઘડાય છે તે માટેના ખરચમાં નવ-સારીની કમીટીને રૂ૨૦૦ આપયા છે. જરથોસતી ધરમખાતાઓ તેમજ ગરીબ પારસીઓને દરેક બાબદમાં બનતી મદદ આપવામાં આવે છે તેથી આવા સખાવતી ખાતાંને સખી નરનારીઓને પોતાનો બનતો મદદનો ફાલો આપવા વીનંતી કરવામાં આવે છે.

(૨) મરહુમ બાઈ ભીખાઈજી સોરાબજી મનચેરજી જાગોસના પુણ માટે રૂ૧૦૪૧ ધરમખાતે આપ્યા તેમાં મરહુમની પુંજીમાંથી તથા બાવાજી સોરાબજી તથા માતાજી બાઈમાય તથા ભાઇ બેનો મલીને રૂ૨૦૨, મરહુમના કાકા હોરમજી રૂ૧૦૧, મરહુમના બેન હીરાબાઈ અને બનેવી પીરોશાહ મા. તલાતી રૂ૫૧, મરહુમના ખેશીઓ માણિકજી પાલનજીની કં. રૂ૫૦૧, મરહુમના ખેસી શેઠ માણિકજી પા. તલાતી અને ધણીઆણી ડોશીબાઇ રૂ૨૫, મરહુમના બીજા ખેસીઓએ રૂ૭૫ મલી રૂ૯૨૫ ડા૦ સર ટેમુલજી ભી. નરીમાન હસ્તકના પારસી સુવાવડખાનામાં આપ્યા હતા કે એની લોન રૂ૧૫૦૦ની ખરીદી ખાતું પાડી એક બાઇની ફુકત સુવાવડ કરવાના ખરચમાં વયાજ વાપરવું; મરહુમના ખેશી શેઠ માણિકજી પા. તલાતી અને ધણીયાણી ડોશીબાઈએ રૂ૭૬ ત્રણ ફંડોમાં અને બાકીના રૂપયા રૂ૫૦ ખેશીઓ તરફથી ફંડોમાં આપયા હતા.

(૩) મરહુમ બાઈ મેહેરબાઈ એદલજી કુતારના પુણ માટે રૂ૩૪૫૯૦ ધરમ ખાતે આપ્યા તેમાં મરહુમના પીતા ખુરશેદજીએ રૂ૩૦૦૦૦ નવસારીના આતસબેહેરામનું મકાન બાંધવાના ફંડમાં આપયા હતા અને મરહુમની પુંજીમાંથી તથા તેમના પીતાએ નીચલા ફંડમાં લોનો આપી છે:—અવલમંજલ ફંડમાં રૂ૫૦૦ની, નવસારીની વડી દરેમેહેરના મુકતાદ બાજ ફંડમાં રૂ૫૦૦ની, ડા૦ માસીના હોસ્પીટલમાં રૂ૫૦૦ની, સુરતની જમશેદજી ઉનવાળાની દરેહમેહેરના નીભાવ ફંડમાં રૂ૫૦૦ની, કુતાર મોહોલાના મરદોના ધરમબાર ફંડમાં રૂ૫૦૦ની, કુતાર મોહોલ્લાના બઈરાંના ધરમબાર ફંડમાં રૂ૫૦૦ની, મુંબઇની અથોરનાન બોરડીંગમાં રૂ૧૦૦ની, સુરતની રૂસતમપુરામાં દસતુર ખરશેદ લાઈબરેરીમાં રૂ૧૦૦ની, સુરતમાં રૂસતમપુરા રાંવની દરેહમેહેર ફંડમાં રૂ૧૦૦ની, દસતુર પાલન ફરેદુનના બાજ જશન ફંડમાં રૂ૧૦૦ની, મરહુમના ખાવીંદ એરવદ એદલજીએ રૂ૧૦૦૦ની લોન નવસારીના આતશબેહેરામના નીભાવ ફંડમાં વ્યાજ વાપરવા આપી હતી; જયારે બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી આપવામાં આવ્યા હતા.

(૪) મરહુમ બાઈ તેહમીના બરજોરજી જીવનજી મીસ્ત્રી તથા ફેટાવાલાના પુણ માટે મરનારની પુંજીમાંથી એવણના માતપીતા બરજોરજી જીવનજી મીસ્ત્રી તથા ફેંટાવાળા તથા બાઇ હીરાબાઇ મીસ્ત્રીએ રૂ૧૦૦૦૦ની રકમ ભરી હતી. આ રકમ કયાં આપવી તે હવે પછી જણાવશે.

(૫) મરહુમ ડા૦ ધનજીશાહ હોરમજી દાંતરાના પુણ માટે રૂ૮૬૬૪ આપ્યા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦૦, મરહુમના ભાઇ કરનલ સોરાબશાહ તથા કુટુંબ રૂ૧૦૦૧, મરહુમના ભાઈ અરદેશર અને કુટુંબ રૂ૧૦૦૧, મરહુમના બનેવી દારાશાહ મંચેરજી કાપડયા અને કુટુંબ રૂ૫૦૧, મરહુમના ભત્રીજા રૂસતમ સોરાબશાહ દાંતરાએ રૂ૩૦૧ મલી રૂ૭૮૦૪નો શું ઉપયોગ કરવો તે હવે પછી જણાવશે. મરનારના સસરા કરનલ ખારશેદજી અરદેસર દલાલે રૂ૫૦૦ની સાડાત્રણ ટકાની લોન ભરૂચનાં સુવાવડખાનામાં અને મરહુમના મીતરો તરફથી રૂ૩૬૦ જુદા જુદા ફંડોમાં આપ્યા છે.

(૬) શેઠ પીરોજશાહ બેંજનજી ગોળવાળાના પુણ માટે રૂ૩૮૪૮ આપ્યા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૧, મરહુમના ભાઈ જહાંગીર રૂ૫૦૧, ખરશેદજી ગોળવાળા ટ્રસ્ટ ફંડમાંથી રૂ૫૦૧, મરહુમના વીધવા તરફથી રૂ૨૦૨ અને બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા.

(૭) મરહુમ શેઠ પેસતનજી દીનશાહ ખાનના પુણ માટે રૂ૧૬૭૦૦૦ની રકમ મરહુમની પુંજીમાંથી તેમજ કુટુંબીઓ, ખેશીઓ અને મીતરો વગેરે તરફથી આપવામાં આવી હતી. એ રકમ કયા આપવી તે હવે પછી જણાવવામાં આવશે.

(૮) મરહુમ શેઠ નશરવાનજી જમાસજી બાવરપોશવાલાના પુણ માટે રૂ૧૪૦૦ની રકમ ધરમ ખાતે આપવામાં આવી હતી.

(૯) મરહુમ ખાનસાહેબ રતનજી જમશેદજી દુબાશના પુણ માટે રૂ૧૧૦૯૮૪ ધરમખાતે આપ્યા, તેમાં મરહુમની પોતાની પુંજીમાંથી ઝોરાસ્ત્રીયન બીલડીંગ ફંડમાં આગળ કબુલેલા રૂ૩૩૦૦૦ તેમાં બીજા વધારાના રૂ૩૭૦૦૦ મરનારની ખાહેશ મુજબ આપ્યા, દેવલાલી મધે "નશરવાનજી જમશેદજી દુપર કોનવેલેસંટ હોમ" ના નીભાવવા માટે એવણની પોતાની માલેકીનો બંગલો રૂ૨૦૦૦૦ ની કીંમતનો આપ્યો, મરહુમની પુંજીમાંથી રોકડા રૂ૨૦૦૦૦, મરહુમના દીકરા જાંગીરજી તથા તેવણના મરહુમ ધણીયાણી બાનુબાઈ અને છોકરાઓ રૂ૫૦૦૦, મરહુમના દીકરા પીરોજશા તથા ધણીયાણી અને છોકરાઓ રૂ૫૦૦૦, મરહુમના દીકરા ફરામરોજ તથા ધણીયાણી અને છોકરાઓ રૂ૫૦૦૦, મરહુમના દીકરી મેહેરબાઈ હોરમસજી દુબાશ રૂ૫૦૦૦, મરહુમની દીકરી અરનવાઝ મીનોચહેર કૈયાજી રૂ૫૦૦૦ મલી રૂ૪૫૦૦૦ કયા આપવા તે નકી કરવામાં આવશે, મરહુમના વેહેવાઈ પેસતનજી મા. બારજમેન રૂ૧૫૧ સુરતની છોકરાઓની ઓરફનેજમાં, મરનારના મરહુમ સસરા સોરાબજી બે. શરાફ તથા મરહુમ ધણીયાણી તરફથી રૂ૨૫૧ રવાનોના અવલમંજલ ફંડમાં, મરહુમના શાળા સોરાબજી

[illegible]ા. શરાફ તથા તેવણના મરહુમ ધણીયાણી તરફથી રૂ૨૦૧ રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં, મરહુમના ભાણેજ હોરમજી એ. શરાફ તથા ધણીયાણીએ રૂ૨૦૧ રવાનોના અવલમંજલ ફંડમાં, મરહુમના વેવાઈ બાપુજી હોરાબજી દારૂવાળા તથા ધણીયાણી શીરીનબાઇએ રૂ૫૦૧ એમાંથી રવાનોના અવલમંજલ ફંડમાં રૂ૧૦૧, ડા૦ ટેમુલજીના સુવાવડખાનામાં રૂ૧૦૦, દેવલાલીના રવાનોના અવલમંજલ ફંડમાં રૂ૧૦૦, બે૦ જી૦ સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦ અને સર જમશેદજી સ્કુલના ભોજન ફંડમાં રૂ૧૦૦, મરહુમના વેહવાઈ બેરામજી દા. બનાજીએ રૂ૧૫૧ ડા૦ માસીના હોસપીટલમાં, મરહુમના વેહવાણ ગુલબાઈ ન. ડુબાશ તથા છોકરાઓએ રૂ૫૦૧ ડા૦ ફેરાંવાળા હોસપીટલ ફંડમાં, મરહુમના બહેન ખરશેદબાઈ ગાચે રૂ૧૦૧, મરનારના સાઢુ મરહુમ શેઠ રતનજી કા. મોદીની પુંજીમાંથી રૂ૧૦૧, મરનારના સાળી મરહુમ બાઈ દોસીબાઈ રતનજી મોદીની પુંજીમાંથી રૂ૧૦૧, મરહુમ શેઠ પાલનજી પેસતનજી કુપર તરફથી રૂ૧૦૧ ખેતવાડીના જરથોસ્તીઓને અનાજ અપાવવાના ફંડમાં, શેઠ નશરવાનજી પેં. કુપરે રૂ૧૫૧ કેપર લોકોના ગંબાર ફંડમાં, મરહુમના જમાઇ મીનોચેહરજી મરઝબાન કેયાજીએ રૂ૫૦૧, મરહુમના દીકરા જાગીરજીના વેહવાઈ દાજીભાઈ દા. બારીઆએ રૂ૧૦૧ સુરતની છોકરાઓની ઓરફનેજ ફંડમાં, મરહુમના દીકરા જાંગીરજીના જમાઇ રૂસતમજી દા. બારીઆએ રૂ૧૫૧ સુરતની છોકરાઓની ઓરફનેજના ફંડમાં, શેઠ હોરમસજી રૂસતમજી નરીમાને રૂ૫૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, મરહુમના સાળા બરજોરજી સો. શરાફ રૂ૧૫૧, મરહુમના સાળાના ધણીયાણી મરહુમ બાઈ આવાંબાઈ બ. શરાફની પુંજીમાંથી રૂ૧૦૧ અને બાકીના રૂપીયા ખેશીઓ વગેરે તરફથી આપવામાં આવ્યા હતા.

(૧૦) મરહુમ બાઇ નવાજબાઈ માણેકજી ભરૂચાના પુણ માટે રૂ૧૩૫૧ આપ્યા તેમાં મરહુમના ખાવીંદ માણેકજી બે. ભરૂચા રૂ૧૫૧, મરહુમની પુંજીમાંથી રૂ૧૦૧, મરહુમના દીકરાઓ રૂસતમજી તથા નાદરશા રૂ૧૦૧, મરનારના મરહુમ બેન આવાંબાઈના દીકરા, વહુ અને પઉતરો રૂ૫૦૧, મરનારના માતાજી દીનબાઈ ફ. કુપર રૂ૧૦૧ અને બાકીના રૂપીયા ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા.

(૧૧) મરહુમ ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલ રોજ ૩ જો માહા ૫ મો શેહેનશાહી અને રોજ ૩ જો માહા ૬ ઠો કદમી સને ૧૨૯૦ ય૦, તા૦ ૧૦-૧-૧૯૨૧ ને દીને સુરત મધે બેહેસ્તનશીન થયા તેઓના પુણ માટે રૂ૧૧૭૫૧ ધરમ ખાતે આપયાં, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૨૦૦૧, મરહુમના દીકરા કાવસજી રૂ૪૦૧, મરહુમના દીકરા મરહુમ ધનજીભાઇના દીકરા કેખુશરો રૂ૪૦૧, મરહુમના દીકરા ડા૦ સોહરાબ રૂ૪૦૧, મરહુમના વહુ મેહેરબાઈ કા. વકીલ તથા છોકરાઓ રૂ૩૦૧, મરહુમના ભાઇ દીનશાજી ન. વકીલ તથા ધણીયાણી મોતીબાઈ તથા છોકરાઓ રૂ૫૦૧, મરહુમના ભાઈ મરહુમ શેઠ હોરમસજી ન. વકીલ તથા ધણીયાણી ગુલબાઈ રૂ૫૦૧, મરહુમના ભત્રીજા ફરામરોજ હો. વકીલ તથા ધણીયાણી રતનબાઈ રૂ૧૫૨, મરહુમના ભત્રીજા નશરવાનજી હો. વકીલ તથા ધણીયાણી નવાજબાઈ રૂ૧૫૨, મરહુમના ભતરીજા જેહાંગીર હો. વકીલ તથા ધણીયાણી જીલુબાઈ રૂ૧૫૨, મરહુમના ભતરીજા નવરોજી બ. વકીલ રૂ૨૫૧, ડા૦ બરજોરજી બેરામજી ભાવનગરવાલા રૂ૧૫૦, બાઈ બાનુબાઈ ફરામજી કોમીસેરીયેતવાળા રૂ૫૦૦, ધરમપોરના મહારાજા સાહેબ તરફથી રૂ૨૦૦૦, શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ રૂ૧૦૦૦નું ટકા ૪ નું બોન્ડ, મી૦ મોતીરામ એસ. અડવાણી રૂ૧૦૦૦ની સાડા ત્રણ ટકાની લોન, ડા૦ નસરવાનજી નવરોજી ખંભાતા રૂ૧૦૧, શેઠ ગુસતાદજી સોરાબજી ભરૂચા રૂ૨૦૦, ખા૦ બા૦ ફરામરોજ બરજોરજી ગારડાજી રૂ૧૦૧, શેઠ રતનજી શાપુરજી તાતા રૂ૨૫૧, શેઠો અરદેશર તથા જાલભાઈ પેસતનજી ધનજીશા રૂ૨૫૧, અને બાકીના રૂ૯૮૩ મરહુમના સગાવહાલા તથા ખેશીઓ અને મીતરો તરફથી ભરાયા હતા. એ રૂ૧૧૭૫૧ નીચલા સુરતના ધરમખાતાઓમાં આપયા હતા:—સુરતના કદમી આતશબેહેરામ સાહેબના ફંડમાં રૂ૩૯૭૧, પારસી ઓરફનેજમાં રૂ૩૧૦૧, પારસી જનરલ હોસપીટલમાં રૂ૧૦૦૦, પારસી સુવાવડખાનામાં રૂ૧૦૦૦, સુરત આરટસ કોલેજમા રૂ૧૦૦૦ની અને રૂ૧૬૭૯ની પરચુરણ રકમો જુદા જુદા ખાતાઓ તથા ફંડમાં આપી હતી.

(૧૨) મરહુમ બાઈ પીરોજાબાઈ મનચેરશાહ ચોથીઆના પુણ માટે રૂ૧૦૧૪૨ ધરમખાતે આપ્યા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૧૦૦૦, શેઠ મનચેરશાહ બમનજી ચોથીયા રૂ૫૦૦૦, શેઠ શાપુરજી મ. ચોથીયા રૂ૧૦૦૦, શેઠ સોરાબજી મ. ચોથીયા રૂ૩૦૦, મરહુમના દીકરી બાઈજી અને જમાઇ કુંવરજી રૂ૫૦૦, મરનારના સાસુ જીજીબાઈ બ. ચોથીયા રૂ૧૦૦૦, શેઠ ધનજીશાહ બમનજી ચોથીયા રૂ૧૦૦૦, શેઠ શાવકશા બમનજી ચોથીયા રૂ૨૦૦, શેઠ દીનશાહ બ. ચોથીયા રૂ૧૦૧, શેઠ અરદેશર બ. ચોથીયા રૂ૧૦૧ મલી રૂ૧૦૨૦૧ વલસાડની બાઈ આવાંબાઈ હાઈ સ્કુલ તથા બાઈ આવાંબાઈ લાયબ્રેરીમાં આપયા, જ્યારે કુટુંબીઓ વગેરે તરફથી ભરાયલા રૂ૪૪૧ પરચુટન ફંડોમાં આપ્યા હતા.

(૧૩) મરહુમ શેઠ હોરમજી ધનજીભાઈ મુલ્લાંના પુણ માટે મરહુમના છોકરાઓ જમશેદજી અને રૂસતમજીએ મરહુમની પુંજીમાંથી રૂ૨૦૦૦ વલસાડની સર જમશેદજી જીજીભાઈની છોકરીઓની ગુજરાતી સ્કુલના કટીગ કલાસમાં વ્યાજ વાપરવા આપયા હતા.

(૧૪) મરહુમ બાઈ ગુલબાઈ બરજોરજી ગારડાના પુણ માટે રૂ૨૩૪૯ ભરવામાં આવ્યા હતા, તેમાં ધરમપોરના મહારાજાએ રૂ૧૦૦૦ આપ્યા હતા. એ રૂ૨૩૪૯ નવસારીના ધરમખાતાઓમાં આપયા હતા તેમાની મુખ્ય રકમો:—રવાનો માટેની ગાડી અનજુમન કરે તો તેના ફંડમાં નહીં તો બીજા ફંડમાં રૂ૧૦૦૦, તાતા કનયાશાળામાં રૂ૫૦૦, મલેસરની છોકરીઓની સકુલમાં રૂ૩૦૦ અને રવાનોના અવલમંજલ ફંડમાં રૂ૧૦૧.

(૧૫) મરહુમ શેઠ રૂસતમજી ફરદુનજી ઝીનવાલાના પુણ્ માટે રૂ૧૬૨૭૪ ધરમખાતે આપયા, તેમાં મરહુમે પોતાના મરણની થોડા દીવસ પહેલાં આપેલી રૂ૨૫૦૦ની લોનો તથા મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦૦, મરનારના ધણીઆણી આવાંબાઇ રૂ૧૦૦૦, મરનારના દીકરા ગુસતાદજી રૂ૧૦૦૦ તથા મરનારના ભાઈઓ દીનશાહ, પેસતનશાહ અને રતનજી તરફથી રૂ૩૦૦૦ મળી રૂ૧૨૫૦૦ ભરૂચના સુનાબાઈ દલાલ સુવાવડખાનામાં મરનારના નામે એક બલોક બાંધવા આપયા, વાંદરા કોનવાલેસનટ હોમમાં મરહુમ શેઠ રૂસતમજી હોરમસજી વખારીયા તરફથી રૂ૫૦૦, શેઠ મનચેરજી સોરાબજી દલાલ તરફના રૂ૫૦૦, મરહુમના ભાઇઓ રતનજી અને દીનશા તથા પેસતનશા ફરદુનજી તરફથી રૂ૫૦૦ આપયા છે; મરહુમના સસરા નોનાભાઈ બમનશા મારસલ રૂ૫૦૧, મરનારના સાસુ ભીખાઇજી ના. મારસલ રૂ૨૫૦ અને બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા.

(૧૬) મરહુમ બાઈ સુનાબાઈ સોરાબજી અંકલેસરીયાના થયલા ઉઠમણાની ક્રીયા વખતે કુટુંબીઓ વગેરે તરફથી કુલે રૂ૨૩૭૫ જુદા જુદા ધરમખાતામાં ભરવામાં આવયા હતા.

(૧૭) મરહુમ ડા૦ હીરાજી એદલજી, જી. જી. એમ. સી. ના પુણ્ માટે રૂ૧૫૯૦ ધરમ ખાતે આપયા તેમાં, મરહુમની તથા તેઓના મરહુમ ધણીઆણી મોટીબાઇની પુંજીમાંથી રૂ૫૦૦નો ચાર ટકાનો બોંડ ડા૦ માસીનાની હોસપીટલમાં, મરહુમના દીકરા મરહુમ જહાંગીર તથા ધણીઆણી આવાંબાઈ તથા દીકરા કેકોબાદ અને દીકરી હોમાય તરફથી રૂ૧૦૦ ચાર ફંડમાં, મરહુમની દીકરી બાઇજી તથા જમાઈ પેસતનજી અને તેઓના દીકરાઓ, દીકરીઓ, વહુઓ અને જમાઈઓ તરફથી રૂ૧૭૫ પરચુટન ફંડોમા, મરહુમની દીકરીઓ શીરીનબાઇ, નાજાંબાય, ગુલબાઈ, મહેરબાઇ, આવાંબાઈ અને દીનબાઇ તથા જમાઈઓ કાવસજી તથા દીનશાજી, હીરજીભાઈ, રૂસતમજી, ખરશેદજી અને દીનશાહ તરફથી રૂ૫૦૦ના બોંડ આંધળા લુલા જરથોસતીઓના પરવરસી કરવાના ફંડમાં અને બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી ફંડોમાં આપયા હતા.

(૧૮) મરહુમ શેઠ દીનશાહજી દાદાભાઇ ફરદુનજી ગજદર (હોંગકોંગવાલા) ના થયલા ઉઠમણામાં મરનારની પુંજીમાંથી તથા ખેશીઓએ મલી રૂ૧૨૦૦ ભરીયા હતા તેના ૪ ટકાવાલા પોરટ ટ્રસ્ટ બોનડો મરહુમની યાદગીરી રાખવા માટે ગંદેવીના ધરમ ફંડોના ટ્રસ્ટી સાહેબોને ચોકસ સરતોથી આપયા હતા.

(૧૯) મરહુમ શેઠ બમનજી જમશેદજી બીલીમોરીયાના પુણ્ માટે પંચગની મધે ડા૦ બીલીમોરીઆની ખહીંની હોસપીટલમાં મરહુમના નામનો એક બલોક બાંધવા સારૂ મરહુમની પુંજીમાંથી તથા ખેશીઓ અને મીતરો તરફથી રૂ૮૨૧૯ નીચે મુજબ આપયા હતા:—મરહુમની પુંજીમાંથી રૂ૧૦૦૦, મરહુમના દીકરા શાપુરજી રૂ૩૦૦૦, મરહુમના વહુ જરબાઈ રૂ૧૦૦૦, મરહુમના દીકરા હોરમસજી તથા વહુ શીરીનબાઈ રૂ૬૦૦, મરહુમના દીકરા રૂસતમજી તથા વહુ શીરનબાઇ રૂ૧૦૦૦, મરહુમના દીકરી ખોરશેદબાનુ તથા જમાઈ ડા૦ ફરદુનજી દામકેવાળા રૂ૧૦૦૦, મરહુમના વેહવાઇ ખા૦ બા૦ બરજોરજી સો. મુનશફ રૂ૧૦૦, મરહુમના વેહવાઈ જીવાજી પે. દામકેવાળા રૂ૧૦૦, મરહુમના વેહવાઈ રૂસતમજી એ. આગા તથા ધણીઆણી પીરોજબાઈ રૂ૧૦૦, શેઠ જહાંગીરજી ભીખાજી દલાલ તથા ધણીઆણી માણેકબાઇ રૂ૧૦૦, મરહુમના ભાણેજ ફરામજી શાપુરજી શરાફ તથા ધણીઆણી ભીખાઈજી રૂ૧૦૦, શેઠ નશરવાનજી નવરોજી વાડીઆ રૂ૫૦૧, શેઠ ધનજીભાઈ ફરામજી બાટલીવાલા રૂ૧૦૧, શેઠ બમનજી આદરજી રૂ૧૦૧, શેઠ હોરમસજી એદલજી નગરવાળા તથા ધણીઆણી શીરીનબાઈ રૂ૧૦૧ અને બાકીની પરચુતન રકમો છે.

(૨૦) મરહુમ બાઇ માણેકબાઈ તે શેઠ ઉકરજી કાવસજી ઉમરીગરના છોકરા શેઠ કાવસજીની છોકરીના પુણ્ માટે રૂ૯૭૭૩ આપયા, તેમાં મરહુમના બાવા કાવસજી ઉકરજી ઉમરીગર તથા માતાજી રતનબાઈ રૂ૫૦૦૦, મરહુમના બપાવા ઉકરજી કાવસજી ઉમરીગરે રૂ૩૦૦૦ મલી રૂ૮૦૦૦ કયાં આપવા તે જણાવશે; મરહુમના કાકા સોરાબજી ઉકરજી ઉમરીગર તથા કાકી નવાજબાઇએ રૂ૫૦૦ની પાંચ ટકાની લોન છોકરીઓની ઓરફનેજમાં વ્યાજમાંથી સકોલરશીપ આપવા, મરહુમના મમઈ સુનાબાઈ દીનશાજી બામજી તથા મામાઓ જમશેદજી તથા સોરાબજી તથા પીરોજશા દી. બામજી રૂ૫૦૧, મરહુમના ફુવા નવરોજી માણેકજી દુમસયા રૂ૨૦૧, મરહુમના ફુવા રતનજી જીવણજી પેમાસતર તથા છોકરાઓએ રૂ૧૦૧ દેવલાલીના ડુંગરવાડીના ફંડમાં અને બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા.

(૨૧) મરહુમ શેઠ મનચેરજી ફરામજી ખાનના પુણ્ માટે રૂ૧૫૦૦૦૦ની રકમ મરહુમની પુંજીમાંથી તેમજ કુટુંબીઓ, ખેશીઓ અને મીતરો વગેરે તરફથી આપવામાં આવી હતી. એ રકમ કયા આપવી તે હવે પછી જણાવવામાં આવશે.

(૨૨) મરહુમ શેઠ હોરમસજી જહાંગીરજી પંથકીના પુણ્ માટે રૂ૪૯૩૮ ધરમખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૩૦૦૦, મરહુમના ધણીયાણી જરબાનુ રૂ૫૦૦, મરનારના છોકરાઓ તથા છોકરીઓ રૂ૩૦૦, મરહુમના ભાઈ દીનશાહજી તથા ભોજાઇ ભીખુબાઇ તથા ભત્રીજા કેખશરૂ રૂ૨૦૦, મરહુમના મામા દીનશાહજી દોરાબજીના છોકરાઓ રૂ૧૦૦, બાઇ ગુલબાઈ હોરમસજી વકીલ રૂ૧૦૦, શેઠ મેરવાનજી અરદેશર નોબલ રૂ૩૦૦ અને બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા.

(૨૩) મરહુમ શેઠ જાલેજર શાપુરજી ગાંધીના સાંજે તેમજ પાછલી રાતના પયસા ઉઠમણા વખતે મરહુમની પુંજીમાંથી તથા મરહુમના માતપીતા અને ભાઇબહેનો તરફથી રૂ૭૦૦૦ અને મરહુમના સગાંવાહાલાઓ અને દોસ્ત આસનાઓ વગેરે તરફથી રૂ૫૩૨ મલી કુલે રૂ૭૫૩૨ આપવામાં આવયા હતા.

(૨૪) મરહુમ શેઠ પેસતનજી એદલજી ધારવારના પુણ માટે રૂ૩૧૨૬૫ ધરમખાતે આપયા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૩૦૦૦૦, મરહુમના ભાઇ ખા૦ સા૦ ફરામજી રૂ૫૦૦, મરહુમના વીધવા મોતીબાઈ રૂ૨૦૦, મરહુમના બોનાઇ રતનબાઇ ફ. ધારવાર રૂ૨૦૦, મરહુમના ભત્રીજા પીરોજશાહ ફ. ધારવાર રૂ૧૦૦ અને બાકીના રૂપયા ખેશીઓએ ભરયા હતા; આ રૂ૩૧૨૬૫ નીચલાં ધરમખાતાઓમાં આપયા છે:—મરહુમે પોતાની પુંજીમાંથી રૂ૩૦૦૦૦ ચીકલવાડી ખાતે ગરીબ જરથોસ્તીઓને રહેવાને માટે પોતાના આગલા મરહુમ ધણીઆણી વનમાઇને નામે ચાલી બાંધવા ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીને આપેલા, પારસી પંચાયતનાં આંધળાં લુલાંઓનાં ફંડમાં રૂ૩૦૦, ડા૦ દાજી હુસતકનાં ઇનડસ્ત્રીયલ ઇનસટીટયુટનાં ફંડમાં રૂ૩૦૦, બેરામજી જીજીભાઇ સ્કુલના ભોજન ફંડમાં રૂ૨૬૫, ડા૦ દાજી હુસ્તકના કેળવણી ફંડમાં રૂ૨૦૦, અને ડા૦ દાજી હુસતકના મુદલ ભાવે અનાજ વગેરે વેચવાના ફંડમાં રૂ૨૦૦.

(૨૫) મરહુમ બાઇ શીરીનબાઇ એરચશા જમશેદજી હકીમનાં પુણ માટે રૂ૭૪૯૮૩ ધરમ ખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦૦, મરહુમના ખાવીંદ ડા૦ એરચશા જમશેદજી હકીમ રૂ૨૫૦૦૦, મરહુમના સસરા મરહુમ ડા૦ જમશેદજી સો. હકીમ રૂ૫૦૦૦, મરનારના સાસુ મરહુમ બાઇ દેસીબાઇ જ. હકીમ રૂ૫૦૦૦, મરનારના નણંદ મરહુમ બાઇ જરબાઇ પીરોજશા કલમવાળા રૂ૨૦૦૦, મરનારના માતાજી મરહુમ બાઇ ધનબાઇ તથા પીતાજી કેખશરૂ હોરમજી પટેલ રૂ૫૦૦૦, મરનારના દીકરા અરદેશર તથા વહુ મનીજે તથા છોકરાંઓ રૂ૫૦૦૦, મરહુમના દીકરી આલીબાઇ તથા જમાઈ રૂસતમજી જામાજી માસતરી તથા છોકરાંઓ તેમીના, રતનશા અને કેખશરૂ રૂ૧૦૦૦, મરહુમના દીકરી ગુલબાઈ તથા જમાઈ હોરમસજી દોરાબજી ડાકટર તથા છોકરાંઓ દોરાબજી, ફરેની, અરદેસર, હીરાંબાઈ જાલેજર અને બચુબાઈ રૂ૧૦૦૦, મરનારના દીકરી માણેકબાઇ તથા જમાઇ જાંગીરજી હોરમસજી ડાકટર તથા છોકરાંઓ કેતી તથા રોશન રૂ૧૦૦૦, મરનારના દીકરી આનુબાઇ તથા જમાઈ રૂસતમજી સોરાબજી બીલીમોરીયા તથા બેટા જાલ રૂ૧૦૦૦, બાઇ મેરબાઈ તથા ખાવીંદ જાંગીરજી દોરાબજી કાગા રૂ૧૦૦૦, બાઈ આઇમાય તથા ખાવીંદ મેરવાનજી ફ. સરવેયર તથા બુચી ખોરશેદ રૂ૧૦૦૦, શેઠ માણેકશા પીરોજશા ગરાંટ રૂ૧૦૦, મરહુમ શેઠ જામાસજી રતનજી મીસ્ત્રી અને ધણીઆણી જાઇજી રૂ૩૦૦, મરહુમ શેઠ દોરાબજી હોરમસજી ડાકટર અને ધણીઆણી મરહુમ બચુબાઈ રૂ૩૦૦, મરહુમ ખા૦ બા૦ હોરમસજી લી. બાટલીવાળાના દીકરા ડા૦ દીનશાહ તથા ડા૦ જાંગીર રૂ૩૦૦, ખા૦ બા૦ સોરાબજી ફરામજી બીલીમોરીઆ તથા ધણીયાણી માણેકબાઈ રૂ૫૦૦, શેઠ માણેકજી દોરાબજી કાંગા રૂ૨૦૦, શેઠ ફરામજી રતનજી સરવેઅર તથા ધણીયાણી નવાજબાઈએ રૂ૨૦૦ ફંડોમાં, શેઠ ફરદુનજી જીવાજી દામકેવાળા તથા ધણીઆણી ખોરશેદ રૂ૧૦૦, શેઠ નશરવાનજી ફરામજી ઉધનાવાળા તથા ધણીયાણી તેહમીના રૂ૨૦૦, ડા૦ પીરોજશા કુંવરજી ભરૂચા રૂ૫૦૧, બાઈ મેરબાઇ કું. ભરૂચા રૂ૨૫૧, મરહુમ ડા૦ મેરવાનજી જ. હકીમ તથા ધણીઆણી દીનબાઈ રૂ૧૦૦, બાઈ સુનાબાઇ રૂસતમજી રાઇટર રૂ૧૨૫, શેઠ ભીખાજી ફરામજી ખાન તથા બાઈ આવાંબાઈ ભી. ખાન રૂ૧૦૦૧, શેઠ પેસતનજી દીનશાજી ખાનની પુંજીમાંથી રૂ૩૦૧, શેઠ નવરોજી ખરશેદજી લાકડાંવાળા રૂ૧૦૧, બાઈ માણેકબાઇ ન. લાકડાંવાળા રૂ૧૦૧, એક ખેશી રૂ૧૦૧, શેઠ મેરવાનજી કુંવરજી ડોલીવાળા રૂ૧૦૧, શેઠ રૂસતમજી સોરાબજી પટેલ રૂ૨૦૦, શેઠ દોરાબજી નશરવાનજી પટેલ રૂ૨૦૦, બાઈ નવાજબાઈ સોરાબજી જાગોસ રૂ૨૦૦, બાઇ જીવનબાઇ બરજોરજી પટેલ રૂ૨૦૦, શેઠ જાંગીરજી રતનજી પટેલ રૂ૨૦૦, બાઈ શીરીનબાઈ કાવસજી બોશની રૂ૧૦૧, મરહુમ મામા પેસતનજી ડોસાભાઇ પટેલ રૂ૧૦૧, અને બીજી નાની રકમ મળી રૂ૧૪૯૮૩ ભરાયા હતા; મરહુમના પાછલી રાતના ઉઠમણામાં મરહુમના ખાવીંદ ડા૦ એરચશા જમશેદજી હકીમે રૂ૧૦૦૦૦ ભરીયા હતા.

(૨૬) મરહુમ બાઇ શીરીનબાઈ એદલજી પેસતનજી મેહેતાના પુણ માટે રૂ૧૨૦૬ આપયા તેમાં મરહુમની પુંજીમાંથી તથા ખાવીંદ એદલજી મલી રૂ૧૦૦, મરહુમ શેઠ મેરવાનજી રૂસતમજી દલાલના કુટુંબે રૂ૨૦૦, મરહુમ શેઠ સોરાબજી રૂસતમજી દલાલના છોકરાંઓએ રૂ૧૦૦, ભાઈ દાદીબા હોરમસજી બીલીમોરીયા રૂ૨૨૧, શેઠ દાદીબા હો૦ બીલીમોરીયાના છોકરાંઓએ રૂ૧૦૦, બાઈ ગુલબાઈ દાદીબા હો. બીલીમોરીયા રૂ૨૦૦, શેઠ પાલનજી એદલજી પલમબરે રૂ૧૦૦ અને બાકીના રૂપયા ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા; એ રૂ૧૨૦૬ માંથી રૂ૯૫૬ની કીમતની (ફેસ વેલ્યુની) રૂ૧૫૦૦ ની ૩॥ ટકાની લોન ડા૦ માસીના હોસપીટલ ફંડમાં આપી કે "મરહુમ બાઈ શીરીનબાઈ એદલજી પેસતનજી મેહેતાના નામનું ખાતું પાડી તેનું વ્યાજ ચાલુ ખરચમાં વાપરવું, મુંબઇના અવલમંજલ પહોંચાડવાના ફંડમાં રૂ૫૦ અને બીલીમોરાની જરથોસ્તી અનજુમનનાં જનરલ ફંડમાં રૂ૨૦૦.

(૨૭) મરહુમ શેઠ નવરોજી બમનજી વકીલ રોજ ૧૨ મો માહ ૧૨ મો શેહેનશાહી સને ૧૨૯૦ ય૦ અને રોજ ૭ મો માહ ૧ લો કદમી સને ૧૨૯૧ ય૦ તા૦ ૧૭-૮-૧૯૨૧ ને દીને વેલાત ખાતે બહેસતનશીન થયા હતા, તેઓના પુણ માટે રૂ૧૧૬૩૧ આપયા હતા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦૧, મરહુમના દીકરા હોરમસજી રૂ૭૫૧, મરહુમના દીકરા નશરવાનજી તથા ધણીઆણી વીરબાઈજી રૂ૭૫૧, મરહુમના દીકરા રૂસતમજી રૂ૫૦૧, મરહુમના દીકરા બમનજી

૧૫૦૧, મરહુમના દીકરા સોરાબજી ૧૫૦૧, મરહુમના દીકરી આવાંબાઈ તથા જમાઈ બરજોરજી જમશેદજી દલાલ ૧૫૦૧, મરહુમના દીકરી પીરોજબાઈ તથા જમાઈ જેહાંગીર ફરદુનજી દસતુર ૧૫૦૧, મરહુમના દીકરી મોટાંમાય જમશેદજી દસતુર ૧૫૦૧, મરહુમના દીકરી કુંવરબાઈ તથા જમાઈ નવરોજી અરદેશર લાલા ૧૫૦૧, મરહુમના બહેન ભીખાઈજી ધનજીભાઈ વકીલ ૧૫૧, મરહુમના કાકા દીનશાજી નોશેરવાનજી વકીલ ૧૧૦૧, મરહુમના કાકા મરહુમ શેઠ હોરમસજી નો. વકીલના ધણીયાણી ગુલબાઈ ૧૫૦૧, મરહુમના કાકાના દીકરા કાવસજી બ. વકીલ તથા બાઈ મેરબાઈ કા. વકીલ ૧૨૦૧, મરહુમના કાકાના દીકરા ડા૰ સોરાબ બ. વકીલ ૧૧૦૧, મરહુમના વેહેવાઈ ખા૰ બા૰ જમશેદજી અરદેસર દલાલ ૧૧૦૧, મરહુમના વેહેવાઈ ખા૰ બા૰ ફરદુનજી મનચેરજી દસતુર તથા વેહેવાણ આવાંબાઈ ૧૧૦૧ અને બાકીના ૧૩૬૪ ખેશીઓ વગેરે તરફથી ભરાયા હતા; આ રકમ કયાં આપવી તે હવે પછી જણાવશે.

(૨૮) મરહુમ બાઈ ડોશીબાઈ જાંગીરજી ડુંગાજીના પુણ માટે ૧૩૯૪૦ ધરમખાતે આપયા તેમાં મરહુમની પુંજીમાંથી ૧૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, મરહુમના ખાવીંદ જાંગીરજી તથા છોકરાંઓ મલી ૧૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, મરનારના બાવા મરહુમ શેઠ ખરશેદજી એદલજી લાકડાવાલા તથા માતાજી ગુલબાઈ તરફથી ૧૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, મલી ૧૩૦૦૦નું શું કરવું તે હવે પછી જણાવશે. જયારે ખેશીઓ વગેરે તરફથી ભરાયલા ૧૯૪૦ ભરૂચ પંચાયત હસતકના ફંડોમાં આપયા હતા.

(૨૯) મરહુમ શેઠ કાવસજી મનચેરજી કાપડીયાના પુણ માટે ૧૧૨૫૪૯ ધરમ ખાતે આપયા તેમાં મરહુમની પુંજીમાંથી ૧૪૦૦૦, મરહુમના ધણીઆણી ધનબાઇ ૧૧૦૦૦, મરહુમના દીકરા હોરમસજી તથા વહુ પીરોજા ૧૧૦૦૦, દીકરા રૂસતમજી તથા વહુ બાનુબાઈ ૧૧૦૦૦, દીકરા ફીરોજસા તથા વહુ બચાંમાય ૧૧૦૦૦, દીકરા નાદીરસા તથા વહુ ખુરશેદબાનું ૧૧૦૦૦, દીકરા મનચેરજી તથા વહુ ફરેની ૧૧૦૦૦, દીકરી દીનબાઈ તથા જમાઈ ખરશેદજી રૂ. મીસ્રી ૧૧૦૦૦ મળી ૧૧૧૦૦૦, મરનારના ભાઈ દારાસાજી મ. કાપડીયા તથા તેમના મરહુમ ધણીયાણી પીરોજબાઈ, દીકરા સોરાબજી તથા વહુ તેહમીના, દીકરા મનચેરજી અને ધણીયાણી તે મરહુમના દીકરી તેહમીના તરફથી ૧૬૦૧, શેઠ પીરોજશા પેસતનજી કાપડીઆ અને દીકરાઓ ડા૰ સોરાબજી, ડા૰ તેમુરસ, માણેકશા, પેસતનજી અને એરામશાહ તરફથી ૧૫૦૦ની ૩॥ ટકાની લોન અને બાકીના ૧૪૪૮ ભરૂચના પંચાયતના ફંડોમાં આપયા હતા.

(૩૦) મરહુમ શેઠ સોરાબજી શાપુરજી ગબાની પુંજીમાંથી ૧૧૦૯૦૪ ધરમખાતે આપયા હતા, તેમાં બીલીમોરાની જરથોસતી અંજુમનને ૧૪૫૦૦ આપયા કે એના ૪ ટકાના બોંડ ખરીદી તેના વયાજમાંથી દર વરસે મરહુમની બાજને દીવસે બીલીમોરામાં માટીદાઓનું જમણ કરવું, બાઈ ખરશેદબાઈ તે સોરાબજી શા. ગબાના ધણીયાણીના નામનું બીલીમોરાની અનજુમનમાં ખાતું પાડવા ૧૩૦૦૦ આપયા કે એના ૪ ટકાના બોંડ ખરીદી એ રકમ વયાજે વધવા દેવી અને બાઈ ખરશેદબાઇની હયાતી બાદ વયાજ સોકે તે વખતે થયા હોય તેના વયાજમાંથી એવણની બાજને દીવસે બીલીમોરામાં બઈરાંઓનું જમણ કરવું, મરહુમ શેઠ સોરાબજીના નામનું બીલીમોરાની અનજુમનમાં ખાતું પાડવા ૧૧૫૦૦ આપયા કે એના ૪ ટકાના બોંડ ખરીદી તેના વયાજમાંથી બેહેસતીને નામનો ખેરગામમાં ગહમબાર એક કરાવવો, મરહુમને નામનું બીલીમોરાની અનજુમનમાં ખાતું પાડવા ૧૧૦૦૦ આપયા કે એના ૪ ટકાના બોંડ ખરીદી તેનું વયાજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા સોરાબજી શાપુરજી ગબાએ બંધાવેલાં આદરીઆન માટે કરેલાં ધરમખાતામાં જમે કરવું, બેહેસતીને નામે અને શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા સોરાબજી સા. ગબાને નામે બીલીમોરાની અગીઆરીમાં તથા સગડી આગલ જશનો દર મહીને થાય છે તેમાં વયાજ વાપરવા ૧૫૦૦ આપયા, ખેરગામની અંજુમનને ૧૨૫૧, ગણદેવી અંજુમનને ૧૫૧, ચીખલી અંજુમનને ૧૫૧ અને ઉદવાડા અનજુમનને ૧૫૧ આપયા હતા.

(૩૧) મરહુમ શેઠ નવરોજી ફરદુનજી ગાંધીના પુણ માટે ૧૧૪૩૮ ધરમખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી ૧૫૫૨, મરહુમના દીકરા બમનજી અને ફીરોજ ૧૨૨૫, મરહુમના વેવાઈ મનચેરજી બહેરામજી ભરૂચા ૧૨૦૦ અને બાકીના રૂપયા કુટુંબીઓ વગેરે તરફથી ભરાયા હતા. એ ૧૧૪૩૮માંથી ૧૧૦૦૦ની લોન ભરૂચની પંચાયતને ખાતું પાડવા આપી હતી અને ૧૨૫૨ સામા વાપરવા તે જણાવશે, જયારે ૧૧૮૬ ભરૂચના પરચુટન ફંડોમાં આપયા હતા.

ધરમના મકાનો.

કરાંચી ખાતે ખુલ્લું મુકાયલું હોમ-કરાંચી ખાતે પારસી પંચાયતની વાડીના કંપાઉન્ડમાં એક ૭ ગાળાની બંધાયલી ચેહલીનો પાયો નાખવાની ક્રીયા રોજ ૬ ઠો માહા ૧ લો ખોરદાદ સાલને દીને દસતુરજી ડાકટર માણેકજી ન. ધાલાએ કરી હતી. આ આખી ચાલી માટે શેઠ નસરવાનજી રૂ. મેહતાએ રૂ૬૦૦૦, શેઠ એદલજી અ. દુબાશે રૂ૬૦૦૦, શેઠ બમનશા હો. મીનોચેહેર હોમજીએ રૂ૬૦૦૦, શેઠ ધનજીશા જ. જાગોસે રૂ૬૦૦૦ અને બાઇ આવાબાઈ ધ. માસતરે રૂ૧૨૦૦૦ આપયા હતા. આ હોમનું નામ ખોરદાદશાલ હોમ રાખયું છે. આ હોમ બંધાઇ તઇયાર થવાથી રોજ ૧ લો માહા ૯ મો તા૦ ૮ મી મે ને દીવસે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. શેઠ જમશેદજી મહેતાએ જણાવ્યું કે આ હોમ પંચાયતના ટ્રસ્ટીઓને આજે સવાધીન કરવામાં આવે છે. આ હોમ પાછલ રૂ૩૫૦૦૦નો ખરચ થયો છે તેથી દરેક ગાલા દીઠ રૂ૫૦૦ વધુ થયા છે. એ પછી દસતુરજી ધાલાએ હોમ ખુલ્લું મુકયા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

સીકંદરાબાદની ચીનાઇની દરેહમેહેરના મકાનનો નંખાયલો પાયો—સીકંદરાબાદ ખાતે શેઠ એદલજી ચીનાઈવાળી અનજુમનની દરેહમેહેર રોજ ૩-૧૨-૧૨૮૯ ને દીને પરથવામાં આવી હતી. આ દરેહમેહેર માટે બાંધવામાં આવનારા નવા મકાનનો પાયો નાંખવાની ક્રીયા રોજ ૬ ઠો માહા ૧ લા ને દીને એક મેળાવડા સનમુખ સાંજે કરવામાં આવી હતી. ખાં૦ બાં૦ શાપુરજી એદલજી ચીનાઇએ પાયો નાંખવાની ક્રીયા કરી જણાવ્યું કે મકાન ખરીદવા રૂ૧૫૦૦૦ આપવા ઉપરાંત નવો હોલ બંધાવી આપશે. આ નવા મકાન બાંધવા સારૂ એક ફંડ ઉભું કરવામાં આવ્યું છે તેમાં સારી જેવી રકમ ભરાઈ છે.

સર શાપુરજી ભરૂચાએ બંધાવેલી વીંડો—હાઇલેંડ અને હીંદી રેજીમેંટોના જે માણસો લડાઇમાં મારયા ગયા હતા તેમની યાદગારીમા ગલાસગો ખાતેના હાઇલેંડરઝ મેમોરીયલ દેવળ મધે એક "વીંડો" મરહુમ સર શાપુરજી બ૦ ભરૂચાએ ભેટ આપી હતી. એ વીંડો ખુલ્લી મેલવાની ક્રીયા મુંબઇવાળા માજી રેવરંડ પ્રીનસીપલ મેકીકને ૧૯૨૦ ના અકટોબર માસમાં કરી પ્રસંગને અનુસરતું વીવેચન કરયું હતું.

તારાપોર ઝોરાસ્ત્રીયન લાયબરેરી ખુલ્લી મુકાઇ—તારાપોર ખાતે લાયબરેરીની અગત હોવાથી તારાપોર ઝોરાસ્ત્રીયન લાયબરેરી રોજ ૭ મો માહા ૨ જો તા૦ ૧૭ મી અકટોબર ૧૯૨૦ ને દીને સ્થાપી ભાડેના મકાનમાં ખુલ્લી મુકવામાં આવી છે. એનો નીભાવ ખરચ પારસીઓના ઉઘરાણામાંથી તથા મેમબરોની ફીમાંથી કરવામાં આવે છે અને ગામના જરથોસ્તીઓ તેનો સારો લાભ લે છે. વળી તારાપોર જશન કમીટીની સ્થાપના રોજ ૯ મો માહા ૮ મો સને ૧૨૮૯ યઝદેજરેદી, તા૦ ૧૬ મી મે ૧૯૨૦ ને દીને કરવામાં આવી હતી.

દેવલાલીની દરેહમેહેર પાછી ખુલ્લી મુકાઈ-દેવલાલી ખાતે બાઈ રતનબાઈ જ. ચીનાઈએ રોજ ૧૭-૨-૧૨૮૬ ને દીને બંધાવી આપેલી નવી દરેહમેહેરનું મકાન કેટલાક બદમાસોએ મોડી રાતના અંદર જઈ ચોરી કરવાની મકસદથી અપવિત્ર કીધું હતું તેથી એ મકાનને સવા વરસ પછી ફરીથી હજી રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૯૦ ને દીને એક મેલાવડા સનમુખ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જશનની ક્રીયા કરવા પછી દેવલાલી અંજુમનના સરનશીન શેઠ જહાંગીર બેરામજી મરઝબાને કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે, આજની ક્રીયા વગેરેનો તમામ

ખરચ બાઇ રતનબાઈ ચીનાઇએ પોતાની ગીરેથી આપવા ઉપરાંત ચોકીદારોની જરૂર જણાવવાથી ખોલીઓ બાંધવા રૂ૨૦૦૦ આપયા છે. એવણના બેટા શેઠ જાહાંગીરજીએ ધણીયાણીના પુણ્ય માટે બાજ કરવા બ્યાજ વાપરવા રૂ૧૫૦૦૦ની નોટ આપી છે. અગીયારીના કુવાને ઉંડો કરવા વધુ રૂ૪૦૦ની રકમ આપવામાં આવી છે. એ પછી શેઠ ફરેદુન દસ્તુરે શેઠ મરઝબાનનો ઉપકાર માન્યા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

સ્ટોરસનું ખુલ્લું મુકાયલું મકાન—ચીકલવાડી ખાતે ઝોરાસ્ત્રીયન સોસાયતી હસ્તકની ચાલીઓના કમ્પાઉન્ડમાં સને ૧૯૧૫ માં શેઠ કેખશરૂ રાણીના તરફથી સથાપવામાં આવેલા સ્ટોર માટે બાંધવામાં આવેલું નવું મકાન રોજ ૧૩ મો માહ ૩ જાને દીને ખુલ્લો મુકવામાં આવયો હતો. તા૦ ૩જી સપટેમબર ૧૯૧૫ ને દીને ખાનગીમાં સ્ટોર ચલાવવાની શરૂઆત કરવા પછી જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળીએ પોતાના સંસથાનની વચમાં એક ઓરડી વાપરવા આપી હતી પણ કામ વધુ ને વધુ ચાલવાથી એ મંડળીના સેકરેટરીઓએ મકાન માટે ફંડ ઉભું કીધું હતું. આ મકાન બાંધવા પાછળ રૂ૩૪૦૦૦નો ખરચ થયો છે પણ સ્ટોરના મકાન માટેના ફંડમાં રૂ૧૪૦૦૦ ભરાયા છે તેથી આ મંડળીને એક ગ્રહસ્થ મારફતે ઈન્ડસ્ત્રીયલ વરકશોપના મકાન બાંધવા મલેલા રૂ૨૦૦૦૦ આ નવા મકાનના ખરચમાં ગણી ઉપલો માલ આ વરકશોપને હસ્તક કરી ભોયતલ્યું સ્ટોરના વપરાસ માટે રાખીયું છે અને જ્યારે બીજા વધુ રૂ૨૦૦૦૦ સ્ટોરના ફંડમાં ભરાશે તયારે આ આખું મકાન સ્ટોરના કામમાં વાપરવા માટે લેવામાં આવશે. સેવટે આ કામમાં મદદ કરનારાઓનો ઉપકાર માનવામાં આવ્યો હતો.

કરાંચીમાં ખુલ્લો મુકાયલો હોરમજી કાતરક હોલ—કરાંચીના જાણીતા શેહેરી ખાનબહાદુર કાવશજી હોરમજી કાતરકે કરાંચી ખાતે ઝોરાસ્ટ્રીયન કલબના કંપાઉન્ડમાં યંગ મેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશનને માટે એક માળ સાથનો હોલ રૂ૬૦૦૦૦ ને ખરચે બંધાવી આપ્યો હતો, તે ખુલ્લો મુકવાની ક્રીયા એક મેલાવડા સનમુખ રોજ ૧૨ મો માહા ૩ જો તા૦ ૨૦ મી નવેમબર ને સનીવારને દીવસે દસ્તુરજી ડાકટર માણેકજી નશરવાનજી ધાલાએ કરી હતી. જશન કરવા પછી ખા૦ બા૦ કાતરકના બેતા શેઠ સોરાબે ટુંક તવારીખ કહેતાં જણાવ્યું કે એ હોલ ખા૦ બા૦ કાવશજીના બાવા મરહુમ શેઠ હોરમજીના પુણ્ય માટે બાંધયો છે અને એનું નામ "હોરમજી કાત્રક હોલ" રાખયું છે તથા માલ ઉપર લાયબરેરી છે તેને ખા૦ બા૦ કાવશજીના બેટા સોરાબના નામે "સોરાબ કાત્રક લાયબરેરી" નામ આપ્યું છે અને એ માટે ફરનીચર બાટો તથા ચોપડીઓ ભેટ આપી છે. હોલ ૯૦ ફીટ લાંબો ૪૫ ફીટ પોહલો છે એમાં વાયજો બગન, નવજોત વગેરે કરવા દેવામાં આવશે. એ પછી દસ્તુરજી ધાલાએ મકાન ખુલ્લું મુકી ખાન બહાદુર કાત્રકની ઓહોલી સખાવત માટે વખાણ કરી જણાવ્યું કે લેડી ડફરીન હાસપીટલમાં રૂ૫૦૦૦૦ ને ખરચે માતાજીને નામે સુવાવડખાતું સ્થાપ્યું છે અને મરહુમ ધણીયાણીની યાદમાં ચેલી બંધાવી આપી છે. એ પછી શેઠ કાતરકે બંધાવી આપેલા મકાન માટે શેઠ અરદેશર હો. મામાએ ઝોરાસ્ત્રીયન એસોસીએશન તરફથી અને ખા૦ બા૦ નશરવાનજી રૂ. મહેતાએ કલબ તરફથી તેમજ શેઠ ફરામરોજ પંથકીએ પારસી કોમ તરફથી એવણનો ઉપકાર માન્યા બાદ શેઠ કાવસજી કાતરકે પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા પછી મેલાવડો વીશરજન થયો હતો.

બાળકોના મંડલી માટેનું ખુલ્લું મુકાયલું હોમ—પશચીમ હીંદુસ્તાનના બાળકોના રક્ષણ માટેની મંડલી સારૂ બંધાયલું મકાન જેને "બેરામજી જીજીભાઇ હોમ" એવું નામ આપયું છે તે મટુંગા ખાતે તા૦ ૩૦ મી નવેમ્બર ને રોજ ૨૨ મો માહા ૩ જો ને મંગલવારે

ખુલ્લું મુકવાની ક્રીયા લેડી કારમાઇકલે એક મેલાવડા સનમુખ કરી હતી. આ મકાન માટે ૩૫૮૩૫૦ મલ્યા છે અને બાંધવા પાછલ લગભગ ત્રણ લાખ રૂપ્યાનો ખરચ થશે. શરૂઆતમાં શેઠ રૂશતમજી બેરામજી જીજીભાઇએ ભાષણ કરતાં જણાવ્યું કે આજે છોકરીઓનો વીભાગ ખુલ્લો મુકાયો છે અને નવ મહીના ઉપર એ મકાનનો પાયો નખાયો હતો. એ પછી લેડી કારમાઇકલે મકાન ખુલ્લું મુકી શેઠ રૂશતમજીનો તથા બીજા મદદ કરનારાઓનો ઉપકાર માની જણાવ્યું કે શેઠ રૂશતમજીએ ભેટ આપેલો એક બયુટી ફુલ મેડેલયન દરવાજાની ઉપર રાખવામાં આવશે. નીભાવ અને કેળવણી માટેના એંડાઉમેંટ ફંડમાં એક પારસી ગ્રહસ્થે રૂપ્યા દશ હજાર આપવા અને શેઠ બી. એન. કરંજયાએ ફરનીચર મુકવા કબુલ્યું છે.

પારસી ફીવર હાસપીટલને લગતો બંધાયલો નવો વોરડ—સખી વજુદ બાઇ જરબાઇ નવરોજી વાહાડયાએ ૧૯૦૬ માં પારસી પંચાયત હસ્તકની પારસી ફીવર હાસપીટલનું મકાન બંધાવી આપયું હતું. એમાં ઇન્ફલુએનઝા તથા કોલેરાના દરદીઓની સારવાર કરવાની અડચન પડવાથી બાઈજરબાઇએ એક વોરડ પોતાના મરહુમ બેટા શેઠ રૂસતમજીની યાદમાં રૂ૨૫૦૦૦ને ખરચે બંધાવી આપયો છે તે મરહુમ શેઠ રૂસતમજીની પંદરમાં મહીનાની બાજને દીને યાને રોજ ૨૩ મો માહા ૩ જા ને દીવસે જાહેર વપરાસ માટે ખુલ્લો મુકવામાં આવયો છે. આ મકાનમાં નીચલી તખતી મારેલી છે:-"આ વોરડ બાઇ જરબાઈ નવરોજી વાડીઆએ પોતાના દીકરા શેઠ રૂસતમજી નવરોજી વાડીઆના પુનને માટે બંધાવી તે પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોને સવાધીન કીધો છે કે એ વોરડ પારસી ફીવર હોસપીટલના સંબંધમાં મા એલાહેદી રીતે કોઇપણ બીમારીની સારવાર માટે વાપરવો. રોજ ૨૩ મો, માહ ૩ જો, શહેનશાહી સને ૧૨૯૦ યઝદેજરદી તા૦ ૧લી ડીસેમબર ૧૯૨૦."

નવસારીની તાતા એ. વ. સ્કુલના મકાનનો નખાયલો પાયો—નવસારીની દા. કા. તાતા એ. વ. સ્કુલના વધારાના મકાનનો પાયો નાખવાની ક્રીયા વડોદરાના વીદયાધીકારી મી૦ કલારકે રોજ ૨૩ મો માહા ૪ થો તા૦ ૩૧ મી દીસેમબર ૧૯૨૦ ને દીવસે કરી હતી. શરૂઆતમાં શેઠ ફરદુનજી કાંગાએ વીવેચન કરવા પછી પ્રમુખે પાયો નખાયલો જાહેર કરી વીદયાર્થીઓને ચાંદો તથા ઇનામો વહેચી આપ્યા બાદ શેઠ કાંગાએ જણાવ્યું કે આજની યાદમાં શેઠ આર. ડી. તાતાએ રૂ૩૦૦૦ આપ્યા છે. તાતા સ્કુલનાં નવા મકાનના પાયાના પથર ઉપર નીચલો લેખ કોતરવામાં આવયો છે. શ્રી દાદારે હોરમજદની મદદ–દાદાભાઇ કાવશજી તાતા એંગલો વરનેકયુલર સ્કુલ સોરાબજી કાવશજી તાતા બીલ્ડીંગ–આ વધારાના ઇમારતના પાયાની ક્રીયા વડોદરા રાજયના કેળવણી ખાતાના કમીશનર આરથર બી. કલારક એસકવાયર બી. એ. ને હાથે જરથોસ્તી દીની રોજ મહેર મહા દએ સને ૧૨૮૯ યઝદઝરદીને માગસર વદ ૭ વાર શુકર સંવત ૧૯૭૭ ને દીને કરવામાં આવી છે. નેક નામદાર મહારાજા સ્યાજીરાવ ગાયકવાડ સેના ખાસ સમશેર બહાદુરના અમલના ૪૫ મા સાલમા. નારાયણ કેશવ અલોણી એસકવાયર બી. એ. બેરીસ્ટર એટ-લો. શ્રી નવશારી પ્રાંત સુબાસાહેબ, તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૦.

કસાવલીના પાસચ્યુર ઇનસટીટયુટમાં ખુલ્લો મુકાયલો વોરડ—શેઠ ડોશાભાઇ હોરમજી કંત્રાકટરે મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોને ૧૯૧૮ માં જણાવયું હતું કે કંસાવલી ખાતેના હડખાં કુતરાંના ઇલાજ માટેના પાસચ્યુર ઇનસ્ટીટયુટમાં જનારા પારસીઓ માટે ઉતારા સારૂ એક વોરડ એવણના માતાજી બાઇ સુનાબાઇના પુણ્ય માટે

બંધાવી આપવા માગે છે. તેથી કસાવલી ખાતે એક વેરડ એવણે રૂ૬૦૦૦ ને ખરચે બંધાવી ડીસેમબર ૧૯૨૦ માં ખુલ્લો મુકી તેમાં રૂ૧૦૦૦ ના વાસણ તથા ફરનીચર મુકયા છે. વલી પાસચુર ઇનસટીટયુટ તરફથી મજકુર બલોકને લેંડ સલીપથી બચાવવા ખાતર બે રીતેનીંગ વોલ રૂ૪૧૧૩ ના ખરચે બાંધવામાં આવી હતી તેમાં શેઠ કંત્રાકટરે બીજા વધુ રૂ૩૦૦૦ આપયા હતા. એ મકાન ઉપર નીચલી તખતી મારેલી છેઃ–"Soonamai quarter–Built by Mr. Dossabhoy Hormusjee Contractor in memory of his late mother Bai Soonamai Hormusjee for the exclusive use of the Parsee Community."

બીલીમોરા ઝોરાસ્ત્રીયન કલબના મકાનનો નખાયલો પાયો—બીલીમોરા ખાતે શેઠ રતનજી શાપુરજી તાતા તરફથી બીલીમોરા ઝોરાસ્ત્રીયન કલબ માટે બાંધવામાં આવનારા મકાનનો પાયો નાખવાની કીયા રોજ ૨૪ મો માહ ૪ ઠો તા૦ ૧ લી જાનેવારી ૧૯૨૧ને દીને શેઠ ડોશાભાઇ લીમજીભાઇ મેગુસીએ કરી હતી. શરૂઆતમાં શેઠ પેસતનજી રતનજી તાતાએ જણાવ્યું કે શેઠ ધનજીશાહ ગબાએ ભેટ આપેલી જમીન ઉપર તેમજ કલબે લીધેલી જગાં ઉપર મકાન બંધાશે. સેકરેટરી શેઠ જીજીભાઇ બીલીમોરીયા અને શેઠ ડોશાભાઇ લીમજી મેંગુસીએ લીધેલી તસ્દી માટે ઉપકાર માનીયા પછી શેઠ ધનજીશાહ કુવરજી ગબાએ પોતાની થોડી જમીન અને બંગલો કલબને ભેટ આપવા માટે એવણને શેઠ રતનજી તાતા તરફથી એક માનપત્ર ચાદીના દાબરા સાથ એનાયત કરવામાં આવ્યું હતું.

ગણદેવી ખાતે ખુલ્લું મુકાયલું દવાખાનું—મરહુમ શેઠ નવરોજી જીવણજી ગઝદર જેવણ રોજ ૧૨–૩–૧૨૮૯ ને દીને બેહેસતનશીન થયા હતા તેવણના ચથલા ઉઠમણા વખતે મરહુમના કુટંબીઓએ ભરેલા રૂ૪૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોનો નામદાર ગાયકવાદ સરકારના મેડીકલ ડીપારટમેંટને એવી સરતે સ્વાધીન કરી છે કે પાસ થયલા ડાકટરને રાખી ગણદેવીમાં જે સરકારી દવાખાનું ચાલે છે તેની સાથ મરહુમનું નામ જોડવું. આથી આ દવાખાનાને "નવરોજી જીવણજી ગઝદર ધરમાદા દવાખાનું" એવુ નામ આપયું છે અને પાસ થયલા ડાકટરને ગયા જાનેવારીથી રાખી મકાનમાં મરહુમની સબી ટાંકવામાં આવી છે. આ દવાખાનાને લગતી તખતી સબી વગેરે લઇને મુંબઇથી મરહુમના વડા પુત્ર શેઠ હોરમજી ગણદેવી જવાથી તા૦ ૯ મી જાનેવારીને દીવસે દવાખાનાના કંમપાઉન્ડમાં જાહેર પ્રજા તરફથી મેલાવડો કરી સારૂ માન આપવામાં આવયું હતું.

સીગનપોર ખાતે ખુલ્લું મુકાયલું નવું દવાખાનું—સીગનપોર ખાતે જાહેર ઉગરાથી ફંડ એકઠું કરી નવું ધરમનું દવાખાનું રોજ ૨૫ મો માહ ૫ મો, તા૦ ૧ લી ફેબરવારીને દીને જાહેર માટે ખુલ્લું મુકવાંમાં આવયું છે. આ દવાખાના માટે સીગનપોરવાલા શેઠ એદલજી કુવરજી પટેલે પોતાનો ફુલવાડીમા આવેલો બંગલો સરવે સામન સાથે નવું મકાન બંધાય ત્યાસુધી ભાડા વગર વાપરવા આપયો છે અને નવા મકાન માટે તેવણે જગા ભેટ આપી છે.

ગ્રાંટ મેડીકલ કોલેજ જીમખાના પેવીલીયન ખુલ્લો મુકાયો—શેઠ નશરવાનજી જાહાંગીર વાડયા ગ્રાંટ મેડીકલ કોલેજ જીમખાના પેવીલીયન કેનેડી સી ફેસ ઉપર ખુલ્લો મુકવાની કીયા આ૦ સર જયોરજ કરટીસના પ્રમુખપણા હેઠળ રોજ ૧૧ મો માહ ૬ ઠો, તા૦ ૧૭ મી ફેબરવારી ને ભેસપતવારે કરવામાં આવી હતી. શરૂઆતમાં કોલેજના ડીન કરનલ કારદરે જણાવ્યું

કે ૧૯૧૭ માં શેઠ ન. જ. વાહાડયાના ચેરીટી ફંડના ત્રસ્ટીઓ સર તેમુલજી બી. નરીમાન અને શેઠ દીનશાહ સો. મોદીએ નવા પેવેલીયન માટે રૂ૧૦૦૦૦ ની માગની કરી હતી કે પેવેલીયનને શેઠ ન. જ. વાહાડયાનું નામ આપવું. એ પછી બીજા વધુ રૂ૬૦૦૦ ત્રસ્ટીઓએ આપ્યા અને સરકારે રૂ૧૦૦૦ ની ગ્રાંટ આપી તેમાંથી આ મકાન બંધાયું છે. કોલેજના પેહલા વીદયારથીઓમાનાં એક સર તેમુલજી ઘણા વરસો થયા આ ખાતામાં ઉદાર મદદ કરતા આવ્યા છે અને જુદાં જુદાં ખાતાઓ માટે રૂ૧૧૦૦૦ ની વધુ મદદ અગાઉ આપી હતી. તેમજ સર તેમુલજીએ આ ફંડમાં રૂ૧૦૦૦ ની રકમ ભરી છે. એ પછી સર તેમુલજીએ જણાવ્યું કે શેઠ વાહાડયા ૧૮૯૭ માં મરણ પામવા બાદ ત્રસ્ટીઓ તરીકે અમોએ ૨૦ વરસમાં રૂપયા દોઢ લાખ સખાવતમાં આપયા છે અને આ કોલેજને લગતી પેહેલી ક્રીકેટ સ્થાપવામાં મારો હાથ હતો. સર તેમુલજીએ મકાન ખુલ્લું મુકવાની અરજ કરવાથી આ૦ સર જયોરજ કરટીસે પેવીલીયન ખુલ્લો મુકી ડા૦ સર તેમુલજીનો ઉપકાર માનીયા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

અમદાવાદનું ખુલ્લું મુકાયલું દખમું—અમદાવાદ ખાતે જાહેર ઉગરાનાથી બંધાયલું નવું દોખમું ઇજી ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૧૯ મો માહા ૭ મો, તા૦ ૨૭ મી મારચ ને રવીવારે એક મોટા મેલાવડા સનમુખ અંજુમનના પ્રમુખ સર નવરોજી પેસતનજી વકીલના પ્રમુખપણા હેઠળ કરવામા આવી હતી. પ્રમુખે પ્રસંગને અનુસરતું વીવેચન કરવા પછી દોખમાં કમીટીના સેકરેટરી શેઠ અરદેશર ડોશાભાઇ વાડયાએ રીપોરટ વાંચતાં જણાવ્યું કે હાલમાં અમદાવાદમાં પારસીઓની લગભગ ૧૭૦૦ માણસની વસ્તી છે. ૮૦ વરસ ઉપર અંજુમને જુનું દખમું બાધયું હતું તેમાં બધી મલી ૨૮ પાવીઓ હતી. ૧૯૧૭ થી ફંડ ઉગાડયું છે, તેમાં રૂ૩૮૦૦૦ ભરાયા છે અને રૂ૩૦૦૦૦ નો ખરચ દખમા પાછલ થયો છે. આ દખમાનો તાણો રોજ ૩૦–૭–૧૨૮૬, તા૦ ૮ મી એપ્રીલ ૧૯૧૭ ને દીને નખાયો હતો. આ નવું દખમું ૫૮ ફુટ ડાયમીટરનું અને ૮૮ પાવીનું છે. કંમપાઉન્ડમાં સઘડીનું મકાન, મોબેદને રહેવાનું મકાન, નસાખાનું, નહાવાની ચાર મોરીયો અને માણસોની કોટડીઓ તથા કુવો વગેરે બાંધવા માટે રૂ૫૫૦૦ ખરચાયા છે. છેવટે મદદ કરનારાઓનો ઉપકાર માનયા બાદ સર નવરોજીને, શેઠ અરદેશર વાહાડયાને તથા દખમા કમીટીના મેમબરો વગેરેને શીયાલો એનાયત કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

ઉડવાડામાં ધરમશાલાનો નખાયલો પાયો—ઉડવાડા ખાતે સ્ટેશન નજદીક શેઠ ન. મા. વાહાડયાના ત્રસ્ટીઓએ મરહુમ શેઠ નવરોજીના પુણ માટે ૧૯૧૨ માં એક ધરમશાળા બંધાવી હતી અને એનો સારો ઉપયોગ થવાથી તેમજ જગાની તંગાસ પડવાથી એ જુના મકાનમાં ત્રસ્ટીઓએ વધારો કરી આપવાનો વીચાર કીધો છે તેથી વધારાના મકાનનો પાયો નાખવાની ક્રીયા રોજ ૨૧ મો માહા ૭ મો તા૦ ૩ જી એપ્રીલે શેઠ નશરવાનજી વાહાડયાએ કરી હતી. આ નવું મકાન મરહુમ બાઈ હીરાંબાઇ તે શેઠ નવરોજી વાહાડયાના ધણીયાણીના પુણ માટે બંધાવી આપવામાં આવે છે.

રાજકોટની ધરમસાલાને લગતું ખુલ્લું મુકાયલું મકાન—રાજકોત ખાતે ધરમશાળાના માળ ઉપર રાંધણી વીગેરે નહી હતું જે માટે મરહુમ શેઠ જાહાંગીરશાહ સો. કલબવાળના ઉઠમણામાં ભરાયલી રકમમાંથી લગભગ રૂ૧૩૦૦ ખરચી એક રાંધણી બાથ રૂમ વીગેરે બાંધયું છે જે તા૦ ૬ થી એપ્રીલ યાને રોજ ૨૯ મો માહા ૭ માને દીને મુરત કરી વપરાસમાં લેવામાં આવ્યું છે.

ઇનડોરમાં ખોલ્લો મેલ્લાયલો હોલ-ઇંડોર ખાતે શેઠ મેરવાનજી કુવરજી દોતીવાલાએ પોતાના બેટા શેઠ કાવશજી જેવણુ તા૦ ૧૩ મી અકટોબર ૧૯૧૮ ને દીને બેહેસતનશીન થયા હતા તેવણુની યાદમાં રૂ૧૨૦૦૦ ખરચીને દરેહમેહરની પાસે સરઅવસરે વાપરવા સારૂ હોલ બંધાવી આપયો છે. આ હોલ ખુલ્લો મુકવાની કીયા રોજ ૩ જો માહ ૮ મો તા૦ ૧૦ મી એપ્રીલ ને રવીવારે સાજે દસ્તુરજી નોશીરવાન કેકોબાદે કરી મરહુમ શેઠ કાવશજીની સબી ખુલ્લી મુકી શેઠ મેરવાનજીની સખાવત માટે ઉપકાર માન્યો હતો. શેઠ મેરવાનજીને ઇનડોરની અંજુમન તરફથી શીયાલ સાથ માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ હોલનું નામ "કાવશજી હોલ" રાખ્યું છે અને એમાં વાપરવા માટે મરહુમની નેયતે ડૉ૦ મીસ મોટીબાઇ ફરામજી થાણેવાલાએ ૧૦૦ ખુરસી, ૧૨ ટેબલ ને ૧૨ કોચ ભેટ આપયા હતા.

ડા૦ માસીના હાસપીટલમાં ખુલ્લું મુકાયલું લેડી શાપુરજી નરસીસ હોમ-મરહુમ માનવંત સર શાપુરજી બરજોરજી ભરૂચાએ પોતાની હઇયાતીમાં રૂપ્યા ત્રણ લાખની આપેલી નાદર રકમમાંથી ડા૦ માસીનાની હાસપીટલનાં કંપાઉન્ડમાં તબીબો તથા નરસોનાં મલી બે મકાનો બંધાય છે. તેમાનું નરસો વાલુ "લેડી શાપુરજી નરસીસ હોમ" બંધાઇ તઇયાર થવાથી રોજ ૫ મો માહા ૮ મો, તા૦ ૧૨ મી એપ્રીલ ને મંગલવારે સાજે એક મોટા મેલાવડા સનમુખ ખુલ્લું મુકવામાં આવયું હતું. જશન કરવા પછી દસ્તુરજી દારાબજી પે. સંજાણાએ જણાવયું કે આજે મરહુમ સર શાપુરજીનો જનમ દીવસ છે તેની યાદમાં આ મકાન ખુલ્લું મુકાયું છે. એવણે ડા૦ માસીનાના ભલા ગુણો અને સર શાપુરજીની સખાવત માટે સ્તુતી કરવા પછી ડા૦ માસીના હાસપીટલના એક ત્રસ્ટી શેઠ જાહાંગીર બેરામજી મરઝબાને પ્રસંગને અનુસરતું કેટલુંક વીવેચન કરી બીલડીંગ કંત્રાકટરોએ તેમજ શેઠ નશરવાનજી પાવરી વગેરે ગ્રહસ્થોએ કાંઇબી હાસલ વગર મદદ આપી હતી તે માટે તેઓનો તેમજ મરહુમ સર શાપુરજીએ આ મકાનના બાંધકામની શરૂઆત માટે રૂ૫૦૦૦૦ ની રકમ ઉછીકી આપી હતી તે રકમ એવણના વારેસોએ આજના બનાવની યાદમાં છોડી દીધી છે તે માટે તેઓનો ઉપકાર માનયો હતો. શેઠ બરજોરજી સોરાબજી કુપરે જણાવયું કે શેઠ જાહાંગીર મરઝબાને આ હાસપીટલની શરૂઆતથી તે આજ સુધી એના ભલા માટે તન અને મનથી કામ બજાવી અસાર સુધીમાં લખો રૂપયા પોતાની બળવાન કલમથી મેલવી આપયા છે, તે માટે ઉપકાર માની એવણને સી. આઇ. ઇ. ના મલેલા ખેતાબ માટે મુબારકબાદી આપી હતી. આ મકાનમા સર શાપુરજીની સબી ખુલ્લી મુકવામાં આવી છે.

ડુંગરવાડી ઉપર ખુલ્લી મુકાયલી બંગલી—ડુંગરવાડી ઉપર લાવવામાં આવતાં રવાનો સાથ આવનારાં સગાંવહાલાંઓ માટે એક રીટાયરીંગ બંગલી બાઇ સાહેબ બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટે રૂ૧૩૦૦૦ ના ખરચે બાંધી આપી છે તેને એવણના મરહુમ પીતાજી પહેલા સર દીનશાહ માણેકજી પીટીટનું નામ આપવામાં આવયું છે. આ બંગલી બંધાઇ તઇયાર થવાથી મરહુમ સર દીનશાહ પીટીટની બાજને દીવસે યાને રોજ ૨૩ મો માહા ૮ મો તા૦ ૩૦ મી એપ્રીલે જશન કરી ખુલ્લી મુકવામાં આવી છે. આ બંગલીમાં બે હોલ બનાવ્યા છે અને તે ઉપરાંત રાંધણી સંડાસ વગેરે જોઇતી ગોઠવણ પુરી પાડવામાં આવી છે.

પંચગની બેલ એર સેનેટોરીયમનો ખુલો મુકાયલો રેક્રીએશન હોલ—પંચગની ખાતે અતરેના જાણીતા તબીબ ડા૦ રૂસતમ બી. બીલીમોરીયા હસ્તકની બેલ એર સેનેટોરીયમને લગતો રેક્રીએશન હોલ જે ખઇના દરદીઓ માટે બાઇ બાનુબાઇ કામીસરીએટવાલાએ બંધાવી આપયો હતો, તે રોજ ૪ થો માહ ૯ મો તા૦ ૧૧ મી મેને દીવસે નામદાર લેડી લોઇડે

પોતાના મુબારક હાથે એક મેલાવડા સનમુખ ખુલ્લો મુકીયો હતો. એ પછી નામદાર લેડી લોઇડે આવું નમુનેદાર ખાતું ડા૦ બીલીમોરીયા અને ડૉ૦ વકીલ વગર સ્વારથે અને વગર હાંસલે ચલાવે છે તે માટે એઓને મુબારકબાદી આપી હાસપીટલમાં બધે ફરયાં હતાં અને ઉડતા રોગના સાવચેતીના જે ઇલાજો લેવાય છે તે માટે પોતાનો સંતોસ જાહેર કીધો હતો. સેવટે લેડી લોઇડે લીધેલી તસ્દી માટે શેઠ શાપુરજી બ. બીલીમોરીયાએ ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો. આ સેનેટરીયમ ૧૯૧૩ માં પુણા ખાતે સ્થાપાયા પછી ૧૯૧૪ ના નવેમબરમાં સર દોરાબ તાતાએ પંચગની ખાતે મોટી જમીન બે બંગલાઓ સાથે સેનેટરીયમના વપરાસ માટે આપવાથી તેમાં ખઈના દરદીઓને લાવવામાં આવ્યા હતા. એ વખતે મરદો માટે એક અને ઓરતો માટે એક મલી બે બ્લોકો હતા જેમાં ૧૬ દરદી રહેતા હતા. એ પછી બધા મલી બાર બ્લોકો બંધાયા છે જેમાં ૪૫ થી ૫૦ દરદીઓ રહી શકે તેવી સગવડ થઈ છે. આ બ્લોકો મુખ્ય કરીને સર શાપુરજી ભરૂચા, શેઠ ફરામરોજ ચીનાઇ, બાઇ બાનુબાઇ કોમીસરીએટવાલા, શેઠ પુલી, શેઠ જમશેદજી શરાફ, બાઇ આયમાય પલમબર, શેઠ કાવસજી દાદાભાઇ દુબાશ, બાઇ ગુલબાઇ એનજીનયર, વગેરેના છે. બીજી નવી ત્રણ બીલડીંગો હાલમાં બંધાય છે તેમાં ખાસ કરીને ડૉ૦ બીલીમોરયાની ફેમીલી તરફથી ઘણો નમુનેદાર બલોક બાંધવામાં આવશે. આ સેનેટોરીયમના સટાફમાં મુંબઇવાલા જાણીતા અને અનુભવી તબીબ ડા૦ રૂશતમ બી. બીલીમોરીયા એમ. ડી. ત્યા વારંવાર જઇ દરદીઓ માટે કીમતી સલાહ આપે છે. ડા૦ સોરાબ બ. વકીલ અને જમશેદ બી. દલાલ જાથુકના ત્યા રહે છે તેમજ મેનેજર નરસો વગેરે છે. દોઢ વરસ થયું દરદીઓના ભલા માટે એક સોસીયલ વેલફેર કલબ સ્થાપી છે અને સેનેટરીયમના કારોબારમાં મદદ કરે છે. એક મોટર એમબ્યુલંસ રાખી છે જે દરદીઓને ફરવા હરવા લઇ જાય પુના સ્ટેશનથી લાવ લઇજાવ કરે છે.

કરાંચીમાં ખુલ્લુ મુકાયલુ નરસીસ હોમ—કરાંચીની મરહુમ બાઇ ગુલબાઇ નસરવાનજી મહેતા મેટરનીટી હોસપીટલને લગતું નરસીસ કવારટર નહી હોવાથી શેઠ નાદરશા એદલજી દીનશાએ પોતાના બેટી બાઇ બચુબાઇ તે ડોકટર ફીરોઝ કુવરજી ભરૂચાના ધણીઆણીના પુણ માટે એક માલનું મકાન બંધાવી આપયું છે ને તેને બચુબાઇ નાદરશા એદલજી દીનશા નરસીસ કવારટર એવું નામ આપયું છે. એ મકાન બંધાઇ રહેવાથી મરહુમ બાઇ બચુબાઇની બીજા વરસની બાજ રોજ ૧૬ મો માહા ૯ મો ને સોમવારને દીને પડી તે દીવસે જશન કરવા પછી ખુલ્લું મુકવામાં આવયું છે. આ મકાનના માળપર અને ભોયતલીએ ચાર ચાર ઓરડાઓ છે.

અહમદનગરના દોખમાની બાંધેલી દીવાલ-અહમદનગર ખાતે ત્યાના દોખમાના કમપાઉંડની બાંધવામાં આવેલી દીવાલ રોજ ૧૯ મો માહા ૯ મો, તા૦ ૨૬ મી મેને દીવસે જશન કરી ખુલ્લી મુકવામાં આવી હતી દરેહમેહરના પંથકી એરવદ ફરામજી બેરામજી નવદરે કેટલુંક વીવેચન કરતાં જણાવયું કે ૯૫ વરસ ઉપર મરહુમ એરવદ બરજોરજી બીખાજી સહીયારે સરકાર પાસ જમીન મેલવી હતી. દીવાલ બાંધવા ઉગાડેલા ફંડમાં રૂ૧૦૯૮૬ ભરાયા છે અને શેઠ નશરવાનજી રૂશતમજી પેટીગરાએ રૂપયા પાંસોના ખરચે દરવાજો બનાવી ભેટ આપયો છે; તેમજ થાણાવાસી શેઠ મેહેરવાનજી નવરોજી આંટીઆએ પોતાના મરહુમ માતાજીના પુનને માટે જે દરવાજો આગળ ભેટ આપયો હતો તેને રસતાના વલાણવાળા ભાગ ઉપર પીલરો બાંધી દરવાજો જડયો છે. દરવાજાના બંને પીલરોપર નીચે મુજબની બે તખતીએ મારેલી છેઃ-શ્રી પાક દાદાર અહુરમજદની મદદ હોજો આ ક[illegible]ઉંડની દીવાલ શ્રી અહમદનગરનાં તથા દેશ.વગેનાં સખી

પારસી જરથોસ્તી નરનારીઓનાં ઉદારાટથી એકઠા થયલા રૂ૧૧૦૦૦ માંથી બાંધવામાં આવી છે જેની તખતી બાજુમાં આવી છે—આ સરવે ફંડ શ્રી અહમદનગરની દરેહમહેરના પંથકી એરવદ ફરામજી બેરામજી નવદરે પોતાની ખંતથી મહેનત કરી ભેગું કીધું હતું. રોજ ૧૯ મો માહા ૯ મો સને ૧૨૯૦ યઝદેજરદી, તા૦ ૨૬ મી મેહ સને ૧૯૨૧ ઇસ્વી. બીજી તખતી નીચે મુજબ છેઃ—રૂપીઆ ૬૦૦૦ અત્રેની તેમજ દેશાવરોની અંજુમન તરફથી પરચુરણ મળેલા, રૂ૨૦૦૦ મરહુમ મી૦ નવરોજી માણેકજી વહાડયા સી. આઇ ઇ. ના પુનને માટે તેઓના માનવંત ટ્રસ્ટીઓ તરફથી, રૂ૧૦૦૧ મી૦ રસીદ ખોદાદાદ ઇરાની તેમજ ખાન સાહેબ અસપંદીઆર રૂસતમ ઇરાની તરફથી, રૂ૧૦૦૧ મરહુમ લીમજીભાઇ દોરાબજી ભરૂચાના પુનને માટે વીધવા બાઇ માણેકબાઇ લીમજીભાઇ બરૂચા તરફથી, રૂ૧૦૦૧ મરહુમ પીતાજી દીનશાહજી નવરોજજી બીલીમોરીઆના પુનને માટે ભાંઇઓ હીરજીભાઇ તથા ફરામરોજ દીનશાહજી બીલીમોરીઆ તરફથી.

સુરતની હાસપીટલોનું ખુલ્લું મુકાયલું નરસીસ મકાન—શેઠ પેસ્તનજી રતનજી કંટરાક્ટર (ઇલાવવાળા) એ પોતાનાં બહેસ્તનશીન ધણીયાણી બાઇ આઇમાએની યાદગીરી કાએમ રાખવા માટે સુરતની શેઠ તારાચંદવાલી હાસપીટલ તથા બાઇ ગુલબાઇ મહેતા સુવાવડખાતાના કંપાઉડમાં આવેલું એક ઘર જે લેડી ડોકટરના વપરાસમાં આગળ હતું તે ઘર રૂ૬૦૦૦ ની કીમતે ખરીદ કરી બંને હોસપીટલોના ઉપયોગ માટે રોજ ૩ જો માહા ૧૦ માને દીને બક્ષેશ કરયું છે. આ મકાન ઉપર નીચલી તખતી મારેલી છેઃ—પાક દાદાર અહુરમઝદની મદદ. બાઇ ગુલબાઇ નશરવાનજી મેહેતા સુરત પારસી મેટરનિટિ હોસપીટલ તથા શેઠ રૂસ્તમજી ધનજીભાઇ તારાચંદ સુરત પારસી જેનરલ હોસપીટલને લગતું આ મકાન ઇલાવવાલા શેઠ પેસ્તનજી રતનજી કંત્રાકટરે પોતાનાં મરહુમ ધણીયાણી બાઇ આઇમાયે જેઓ રોજ આદર માહા અરદીબેહસ્ત સને ૧૨૯૦ યઝદેઝરદી તા૦ ૧૮–૧૦–૨૦ ને દીને ગુજર પામ્યા છે તેમની યાદગીરીમાં રૂા. ૬૦૦૦)ની કીમતે વેચાતું રાખી મજકુર હોસપીટલોના ઉપયોગ માટે બક્ષીશ કરી સુરતની પારસી પંચાએતને અર્પણ કરયું છે. તા. ૯ મી જુન સને ૧૯૨૧.

નવસારીની ખુલ્લી મુકાયલી સીરવાઇ બીલડીંગ— નવસારી ખાતે મરહુમ બાઇ ડોશીબાઇ આ. કોટવાલે ધી રતનજી ફ. દાબુ પારસી જનરલ હાસપીટલને લગતું બંધાવેલું નવું મકાન રોજ ૫ મો માહા ૧૧ મો તા૦ ૧૧ મી જુલાઇને સોમવારે જશન કરી ખુલ્લું મુકવામાં આવ્યું હતું એ મકાનને સીરવાઇ બીલડીંગનું નામ આપયુ છે અને એની પાછલ લગભગ રૂ૪૨૦૦૦નો ખરચ થવા ગયો છે પેહેલે માળે અને ભોંયતલીએ મલી છ ઓરડા છે અને દરેક ઓરડામાં ચાર બીછાનાની ગોઠવણ રાખી છે. બીજા મજલા ઉપર એક ઓરડા સાથ ખુલ્લી અગાસી છે. એ હાસપીટલનું અસલનું મરહુમ એરવદ એદલજી મુલ્લાંવાલું મકાન છે તેથી એકમાં મરદોને અને બીજામાં સ્ત્રી દરદીઓને રાખવામાં આવશે. આ હાસપીટલના વડા તબીબ તરીકે ડા૦ એચ. ડી. પારડીવાલાની નેમણુક કરવામાં આવી છે.

લંડન ખાતે ખુલ્લું મેલાયલું હાઉસ–લંડન ખાતે પારસી એસોસીએશન હસ્તકનું ક્રોમવેલ રોડ ઉપરનું નવું ઝોરાસ્ત્રીયન હાઉસ ખુલ્લુ મુકવાની ક્રીયા ગયા જુલાઇ મહીનામાં થઈ હતી. એ વખતે સર મંચેરજી ભાવનગરીએ જણાવયું કે એક ઓરડો ખાસ ધારમીક ક્રીયાઓ માટે અલાહેદો રાખી પારસીઓના રવાનને અવલમંજલ પુગાડવા અગાઉ રાખવાને સારૂ તે ઓરડો વાપરવામાં આવશે. વલી મેળાવડાઓ માટે ઝોરાસ્ત્રીયન હાઉસ એક વડાં મથક મીશાલ થઇ પડશે તેમજ પારસી પરોણાઓ અને પારસી વીદયારથીઓ લંડન આવી પોતાને માટે રહેવાની જગા મેળવે તે અર.

સામાં તેમને રહેવાનું બને એવી મતલબે બે કે ત્રણ ઓરડા તેમને માટે રાખવામાં આવશે. મકાનની ખરીદી પાછળ અને તેને નવેસરથી ગોઠવવા પાછળ ૩૭૦૦ પાઉંડનો ખરચ થયો છે અને ૪૦૦૦ પાઉંડ બાકી છે પણ ચાલુ ખરચ વગેરેને માટે હજી બીજા ૩૦૦૦ પાઉંડની જરૂર છે.

નવસારીની ખુલ્લી મેલાયલી બંગલી—નવસારી ખાતે જરથોસ્તી અંજુમનની પુરાણી બંગલી બીસમાર થવાથી એરવદ નવરોજી સોરાબજી દાદાચાનજીએ સમરાવી ફરતો કંપાઉન્ડ કરાવી આપયો છે. આ બંગલી ખુલ્લી મેલવાની ક્રીયા રોજ ૨૫ મો માહા ૧૧ મા ને દીને કરવામાં આવી હતી. એરવદ નશરવાનજી ફ. કાંગાએ કેટલુંક વીવચન કરતાં જણાવયું કે નદી કીનારે બંદગી કરેવા સારૂ ૧૦૦ વરસ ઉપર એની બેડક અંજુમને બંધાવ્યા પછી એનું છાપરૂ ૫૦ વરસ ઉપર એક ગ્રહસ્થે બંધાવયું હતું. એરવદ દાદાચાનજીએ બંગલી બંધાવી તે માટે તેમજ શેઠ નવરોજી કા. મલ્લુએ પોતાની દેખરેખ હેઠલ તઇયાર કરાવી તે માટે ઉપકાર માનીયો હતો. એરવદ કાંગા પાસે ટરોટામાં ટાવર તથા ઘડીયાલ બાંધવા ઉગરાવેલા ફંડના સીલકમાં રૂ૧૫૧ હતા તે આ બંગલીના નીભાવ સારૂ આપયા છે અને એરવદ નવરોજી દાદાચાનજીએ રૂ૫૧ આપયા છે. આ બંગલી ઉપર નીચલી બે તકતીઓ મારેલી છેઃ-શ્રી પાક દાદાર હોરમઝદની મદદ હોજો. આ મકાન પારસી જરથોસતીઓને માટે આસરે સો વરસ ઉપર બંધાવેલું તે હાલમાં બીશમાર થવાથી રોજ ૭-૨-૧૨૮૯ ના દીને જરથોસતી અનજુમને દરૂસત કરાવયું છે. તા૦ ૧૭ માહે અકટોબર સને ૧૯૧૯. બીજી-તકતી-શ્રી દાદર હોરમઝની મદદ હોજો. આએ બંગલી બીશમાર હાલતમાં આવયાથી મોબેદ નવરોજી સોરાબજી દાદાચાનજીએ નવેસરથી સમરાવીને મુરંબીજી મામાજી મોબેદ રૂસતમજી બરજોરજી દાદાચાનજીના પુનયને સારૂ દરેક જરથોસતીને વાપરવા ખુલ્લી મુકી છે, રોજ ૨૫ મો આશીશવંઘ માહ ૧૧ મો બમન અમશાસપંદ સને ૧૨૯૦ યઝદેજરદી તા૦ ૩૧ મી જુલાઇ ૧૯૨૧ વાર રવીવાર.

સુરતની ખુલ્લી મેલાયલી દરેહમેહર—સુરતના નાનપરાની હીરા મલીદાના મોહલ્લાની પુરાણી દરેહમેહર મરહુમ શેઠ મનચેરજી બેજનજી કાનાવાલાએ બંધાવી પરથાવી હતી. આ દરેહમેહરનું મકાન બીસમાર થવાથી નવેસરથી બાંધવા સારૂ શેઠ એદલજી ફરામજી દોટીવાલા તથા દરેહમેહરના પંથકી એરવદ એદલજી રૂશતમજી ભાએ જરથોસ્તીઓમાં ઉગરાનું કરી રૂ૬૦૩૦ એકઠા કરેલા તેમાંથી દેશાવર ખાતે જવા આવવાના ખરચના રૂ૨૬૦ બાદ જતે રૂ૫૭૭૦ બાકી રહેલા હતા. નવું મકાન તઇયાર થવાથી પાક આતશના તુરી કેબલાને પરથવાની ક્રીયા રોજ ૯ મો માહા ૧૨ માને દીને કરવામાં આવી હતી. આ મકાન બાંધવા પાછલ રૂ૭૪૫૭ નો ખરચ થયો છે, અને આ મકાનને ઇજવા, જશન વગેરેનો રૂ૪૦૦ જેટલો ખરચ શેઠ એદલજી ફ. દોટીવાલાએ આપવા ઉપરાંત બીજા વધુ લગભગ રૂ૧૫૦૦ મકાન બાંધવાના કામ માટે આપયા હતા. વળી શેઠ દોતીવાલાએ આ દરેહમેહરના નીભાવ ફંડ માટે રૂપ્યા આઠ હજાર આપવા કબુલ્યા છે અને એનું ટ્રસ્ટ કરવામાં આવશે. શેઠ દોતીવાલાની સખાવત માટે અંજુમન તરફથી એક શીયાલ ઓઢાડી હતી અને શેઠ દોતીવાલા તરફથી એરવદ એદલજી રૂ. ભાને, એરવદ ફરેદુનજી ન. પંથકીને, અને શેઠ રતનજી આ. વલસાડાને એકેક શીયાલ એનાયત કરવામાં આવી હતી.

ભરૂચની દરેહમેહરનું ખુલ્લું મુકાયલું મકાન—ભરૂચના ખલાસવાડની દરેહમેહર બાઇ હીરાબાઇ નવરોજી કાવશજી નારીએલવાલાએ ય. સને ૧૨૦૦ માં બંધાવી પરથાવી હતી. એનું મકાન બીસમાર હાલતમાં આવવાથી નવેસરથી રીપેર કરી રોજ ૯ મો માહા ૧૨ માને

દીને આતશ આદરાનને પાછા તખતનશીન કરવામાં આવયા હતા. આ કામમા સામેલ થવાને શેઠ અરદેશર શા. નરીયલવાલા તથા ધણીયાણી બાઇ બેહેરોઝ ભરૂચ ખાતે પધારયા હતા. જશન કરવા પછી પંચાયતના અકાબર ખા૦ બા૦ ડાકટર બરજોરજી સોરાબશાહ મુનસફે કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે શેઠ દારાશાજી મનચેરજી કાપડયાએ પોતાના બેહેસતનશીન દીકરા રૂસતમજીના પુણ માટે રૂ૨૫૦૦ ના ખરચે હોલ રીપેર કરાવ્યો છે અને ભરૂચના જરથોસ્તીઓમાં ઉગરાનું કરી રૂ૨૦૭૨ ખરચી મકાન રીપેર કીધું છે અને તખતના ખરચ સાથે કુલે રૂ૪૬૫૦ થવા જશે. આ કામમાં શેઠ દારાશાહ નવરોજી ઠાકરજી કાપડયાએ ઘણી સારી મદદ કરી રૂ૨૦૦ મરહુમ દીકરા શેઠ દાદાભાઇના પુણ માટે આપયા હતા. શેઠ અરદેશર શાપુરજી નારીયલવાલાએ રૂ૧૦૦૦ નીભાવ ફંડમાં તેમજ એ દીવસનો જશન ખરચ રૂ૩૪૩ અને રૂ૨૨૫ ના વીસણુ ભેટ આપયા છે. સેવટે શેઠ અરદેશર નારીયલવાલાને, દરેહમેહરના પંથકીને, શેઠો રતનજી ફ. જીનવાલાને, દારાશાજી મ. કાપડયાને, અને દારાશા ન. કાપડયાને શીયાલો એનાયત કરવામાં આવી હતી. આ મકાન ઉપર નીચલી તખતી મારેલી છેઃ—શ્રી પાક દાદાર હોરમજદની મદદ હોજો. આ ખલાસવાડની દરેહમહેર મુંબઇવાલા બહેશતનશીન બાઇ હીરાંબાઇ તે શેઠ નવરોજી કાવસજી નાલીએરવાલાના વીધવાએ રોજ આદર માહા આદર સને ૧૨૦૦ ય. ઝ. તા૦ ૭–૬ ૧૮૩૧ ઇસવીને દીને બંધાવી આપી આતસ આદરાન શાહેબને તખતનસીન કીધા હતા. આ અગીઆરી બીસમાર હાલતમાં આવવાથી ભરૂચના કેટલાક સખી જરથોસ્તી શેઠોની મદદથી ફરી દુરસ્ત કરાવવામાં આવી છે અને ભરૂચવાલા શેઠ દારાસાજી મનચેરજી કાપડીઆએ આ હોલ પોતાનાં બેહરતનશીન દીકરા રૂસતમજી દારાસા કાપડીઆનાં પુનને માટે રૂ૨૫૦૦ ખરચી દુરસ્ત કરાવી આપયો છે તે આજ રોજે ખુલ્લો મુકયો છે તથા શેઠ અરદેસરજી શાપુરજી નાલીએરવાલાએ પોતાનાં મરહુમ મુરબીની નઇએતે આજ રોજે સરવે ઘટતી ક્રીયા કરાવી આદરાન સાહેબને ફરી તખતનસીન કીધા છે. રોજ આદર માહા અસપનદારમદ સને ૧૨૯૦ ય. ઝ. તા૦ ૧૪ મી ઓગસ્ટ સને ૧૯૨૧ ઇસવીને વાર રવેઉ.

ચાંટરોડની રાનજીની દરેહમેહરનું ખુલ્લું મુકાયલું મકાન—ચાંટરોડ ખાતે આવેલી મરહુમ એરવદ સોરાબજી હોરમજી રાનજીની દરેહમેહર માટે બાંધવામાં આવેલું નવું મકાન તથા તેની સાથનો હોલ તઇયાર થવાથી નવા મકાનને હજી તેમાં આતશ આદરીયાન પરથવાની ક્રીયા એક મોટા મેલાવડા સનમુખ રોજ ૧૭ મો માહા ૧૨ મો તા૦ ૨૨ મી આગસ્ટ ને સોમવારે સવારના કરવામાં આવી હતી. જશનની ક્રીયા સવારના ૧૦ કલાકે દસ્તુરજી મીનોચેરજીએ દરેહમેહરના પંથકી એરવદ સોરાબજી તથા બીજા મોબેદો સાથે કરી હતી. જશન પુરૂ થવા પછી અંજુમન પત્ર એરવદ રૂશતમજી બેજનજી રાનજીએ વાંચતાં જણાવયું કે આ દરેહમેહરના સ્થાપક નવસારીના રહીશ એરવદ સોરાબજી હોરમજી રાનજી હતા. એવણે રોજ ૩ જો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૩૭ યજદેજરદી, તા૦ ૨૨ મી એપ્રીલ ૧૮૬૮ ને દીને પોતાના બ.વા મરહુમ એરવદ હોરમજી સોરાબજી રાનજીની નેયતે બંધાવી પરથાવી હતી. તે પછી એ દરેહમેહરના નીભાવ ખરચ માટે સ્થાપક તરફથી બંદોબસ્ત કરવામાં આવે તેટલા એવણ મરણ પામવાથી અને નીભાવ માટે કાંઇબી જોગવાઇ નહી હોવાથી લગભગ ૩૫ વરસો સુધી પીટીટ ખાનદાન તેમજ બીજાઓ તરફથી ખરચ કરવામાં આવ્યો હતો. આ દરેહમેહરના સ્થાપક એરવદ સોરાબજીના મરણ પછી એવણના બેટા એરવદ એદલજીએ અને એવણના હક થયા પછી એવણના વીધવા બાઇ જરબાઇ તથા બેટાઓ એરવદ ફરામજી, શોરાબજી અને બેરામજીએ વહીવટ ચલાવ્યો હતો અને એરવદ ફરામજી મરણ પામ્યા પછી બાકીનાઓ હજી સુધી વહીવટ કરે છે. એરવદ ફરામજીના મરણ પછી કુટંબી ખતપટ થવાને સબબે હાઇ કોરટની મંજુરીયાત મેલવી તા૦ ૧૭ મી

અકટોબર ૧૯૧૪ ને દીને પાંચ ટ્રસ્ટીઓ નેમી દરેહમેહર માટે ટ્રસ્ટ કરવામાં આવયું છે. એ પછી દરેહમેહરનો બોહોલો લાભ જરથોસ્તીઓએ લેવાથી અને જગાની ઘણી તંગાસ માલમ પડવાથી ૧૯૧૭ ના જુન માસમાં દરેહમેહર નવેસરથી બાંધી તેમાં જાહેર હોલ બાંધવા માટે મદદ-નજર બહાર પાડી હતી અને મકાન બાંધવા પાછલ પચીસ હજારના ખરચનો અડસતો કાઢયો હતો તેથી ફંડમાં રૂપ્યા ત્રીસ હજાર ભરાયાથી ગયા જાનેવારી માસમાં મકાન બાંધવાનું શરૂ કરવામાં આવયું હતું. હાલમાં ચાલતી અતીશય મોઘવારીને લીધે કામ ધીલમાં પડે તેમ જણાયું હતું તેવામાં શેઠ માણેકજી મનચેરજી બોટલવાલાએ રૂપયા દશ હજાર આપયા પછી આ કામ હાલમાં પુરૂં થયું છે. આ નવા મકાન બાંધવા પાછલ લગભગ રૂપયા હેશી હજારનો ખરચ થયો છે અને એ માટે મલેલી મદદોમાં નીચલી મુખય રકમો છેઃ--ભાઇઓ સોરાબજી તથા બેરામજી ઉપરાંત રાનજી કુટુંબના એક નબીરા એરવદ રૂસતમજી બેજનજી રાનજી સાથે મળીને ૩૧૦૦૦૦, શેઠ શાવકશાહ ખ. બાલીવાળા તથા બાઈ મેહેરબાઇ મેહેતાએ મરહુમ પીતા શેઠ ખરશેદજીનાં પુણ માટે ૩૫૦૦૦, શેઠ શાપુરજી પાલનજી મીસ્ત્રીએ મરહુમ પીતાજી શેઠ પાલનજીનાં પુણ માટે ૩૪૦૦૦, શેઠ સોરાબજી મેરવાનજી કાતરેક ૩૩૦૦૦, શેઠ દાદાભાઇ દીનશાજી અપુએ મરહુમ પીતાજી શેઠ દીનશાજી તથ, બેહેન બાઇ ધનબાઇજી તથા ધણીયાણી બાઇ રતનબાઇનાં પુણ માટે ૩૩૦૦૦, બાઇ આઇમાય જમશેદજી એંટીએ મરહુમ ખાવીંદ શેઠ જમશેદજી તથા બેટી બાઇ નાજાંમાયનાં પુણ માટે ૩૨૦૦૦, શેઠ પાલનજી એ. પલમબરે મરહુમ બેટા શેઠ દારાબશાહના પુણ માટે ૩૧૫૦૦, શેઠો રૂસતમજી તથા નશરવાનજી નાનાભાઇ બોઇસે ૩૧૫૦૦, મરહુમ સર સાપુરજી બ. ભરૂચાએ ૩૧૫૦૦, શેઠ રતનજી જ. દુબાસ ૩૧૨૦૦, મરહુમ શેઠ સોરાબજી મ. માહવાના ઉઠમણામાં ભરાયલા ૩૧૧૫૬, શેઠ રૂસતમજી ના. ગગરાટે ૩૧૦૦૧, શેઠો અપુ મીનીસની કં. ૩૧૦૦૧, શેઠ કાવસજી દીનશાજી એડનવાળા તથા બાઇ જરબાઇ કાવસજી દી. એડનવાળાના પુણ માટે મરહુમના છોકરાઓએ ૩૧૦૦૦, અને બાઇ આવાંબાઇ ભી. બારીયાએ મરહુમ શેઠ સોરાબજી દા. બારીઆની યાદમાં ૩૧૦૦૦ આપયા હતા. એ ઉપરાંત કેટલાંક કામો ધરમ ખાતે કરી આપવામાં આવયાં હતાં, તેમાં ઇલેકટ્રીક ફીટીંગ તેની સામગ્રી સાથે શેઠ જાંગીરજી ફ. લેનટીને કરી આપયું, પમપપીંગને લગતું કામ શેઠ દારબશાહ પ્રીંટરે કરી આપયું, આદરાનના રૂમમાં નીચે મારબલની લાદીઓ તેમજ ચારે બાજુ દીવાળોપર સફેદ ટાઇલસો શેઠ સોરાબ વોરડને ભેટ આપયા, લાલ ઇટાલીયન ટાઈલ્સોના પીપો ૫૦) ૩૨૧૦૦ ના શેઠ હોરમશજી દો. ગઝદરે ભેટ આપયા, મારબલના ઉબરો શેઠ શાવકશાહ ડો. સુખીઆએ બેસડાવીયા, કમપાઉનડનો દરવાજો કરવા ૩૮૦૦ શેઠ ગુશતાદજી ન. રીપોરટરે આપયા, તખતીઓના સલેબો તથા મોટા મારબલના સલેબો શેઠો જીવનજી જામાસજીની કંપનીએ બેસડાવીયા, મેંગલોર તાઇલસનું બીલ ઇરાની રૂસતમ બેરામ તાફતીએ આપયું, અને ૨૫૦૦૦ ઇંટ બીલીમોરાવાળા શેઠ રતનજી શાપુરજી તાતાએ ભેટ આપી છે. એ સીવાય બીજી નાની બક્ષસો તથા રકમો વગેરે ભેટ આપવામાં આવી હતી. આ મકાન બાંધવાના કામમાં મદદ કરનારાઓનો તથા નાણા ભરનારાઓનો અને ભેટ આપનારાઓનો ઉપકાર માનયા બાદ મકાન બાંધનાર કંત્રાકટર શેઠ રૂશતમજી જામાસપજી મીસતરીને ચાંદીનું વાઝ, શેઠ ધનજીશાહ મીસતરી એનજી-નીયરને ચાંદીનું વાઝ અને શેઠ સોરાબજી જામાસપજી મીસતરીને એક શીપાલ એનાયત કરવા

પછી મેલાવડો વીસરજન થયો હતો. આ દરેહમેહરના નવા બંધાયલા હોલમાં સાંજે એક મેલાવડો શેઠ જાહાંગીર જમશેદજી વીમાદલાલના પ્રમુખપણા હેઠલ કરવામાં આવયો હતો. એ વખતે એરવદ રૂશતમજી બેજનજી રાનજીએ અને એરવદ સોરાબજી એદલજી રાનજીએ મેલાવડાની તેમજ બીજી બધી ગોઠવણો ઘણી સરસ રીતે કરી હતી. જશન કમીટી તરફથી એક જશન દસ્તુરજી મીનોચેરજી જામાસપજી જામાસપઆશાનાની આગેવાની હેઠલ થયું હતું અને એનો સઘળો ખરચ શેઠ મનચેરશા પી. નાલાશેઠે પોતાના મરહુમ ધણીયાણી બાઈ જાઇજીની યાદમાં આપયો હતો. એ પછી હમ બંદગી કરવા બાદ શેઠ જાહાંગીરજી વીમાદલાલે ભાષાણ કરતાં જણાવયુ કે આ કામ હાર પાડવા માટે અગીયારીના ત્રસ્ટીઓએ તેમજ બીજા સાહેબોએ મદદ આપી છે તે માટે ઉપકાર માનવામાં આવે છે. વલી સમસુલ ઓલમા એરવદ ડાકટર જીવણજી જમશેદજી મોદીની વાયઝ સાભળવા આપણે હમણા ભેગા મલ્યા છે. એવણ સાહેબ એક ચુનદા ધરમ અભીયાસી છે અને સાહીતયનો બોહોલો અભયાસ કરયો છે તથા ધારમીક તેમજ જાહેર બાબદો ઉપર ઘણી બોધકારક વાયોજે આપે છે. એ પછી એરવદ જીવણજી મોદીએ આદર ગુશાસપના પુરાણા આતશબેહરામની તવારીખ અને આતશબેહરામો સાથે જોડાયલા પુરાણા વીચારો ઉપર ઘણી વીદવતા ભરેલી બોધદાયક વાયઝ કરી હતી. એવણ સાહેબે આપેલી બોધદાયક વાયઝ માટે ઉપકાર માનતા શેઠ જાહાંગીરજી વીમાદલાલે જણાવ્યું કે આપણે એવણનો ઘણો અહેશાન માન્ય છીએ કે એવણ જેવા ચુંનદા અભયાસી પોતાની બોહોલી રોકાણો છતા પોતાના અભયાસનો લાભ હમેશા આપતા રહે છે. આજનું ભાષણ દેખાડે છે કે કેટલી બધી મેહનત કરી લંબાનથી સંગ્રહ કીધો છે. એ પછી એરવદ બરજોરજી એરચજી બજાંએ દરેહમહેરના ત્રસ્ટી સાહેબો તરફથી ડા૦ જીવનજી મોદીનો અને સરનશીન શેઠ વીમાદલાલનો ઉપકાર માનતા જણાવ્યું કે હમણા કેટલીક નવી બક્ષેશો થઇ જે નીચે મુજબ છેઃ-શેઠ મનચેરશાહ પે. નાલાશેઠે આજના જશનનો ખરચ ધણીયાણી બાઇ જાઇજીનાં પુનને માટે આપી નીભાવ ફંડમાં રૂપયા બે હજાર, અશો જરથોસ્તની મોટી તસવીર, નવ બાજટો, અને એકસો બોરદેક અવસલા સાથનો એક શો કેશ ભેટ આપી બીજી પરચુટણ મદદો કરી છે, શેઠ શાવકશાહ ખ. બાલીવાલાએ તથા બાઇ મહેરબાઇ જ. મેહતાએ રૂ૩૦૦૦ અને બાઇ આઇમાય જમશેદજી એંટીએ રૂ૩૦૦૦ આપયા છે, એ માટે એવોનો તેમજ એરવદ રૂશતમજી બેજનજી રાનજીએ અથાગ મેહનત કરી નાણા ભરાવવામા આપેલી મદદ માટે એવણનો ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

આંત ફ્રી રીડીંગ રૂમ—સલેતરરોડ તરફની આંતરોડ હાઉસ એજનશી મારફતે ચાલતો "આંટ ફ્રી રીડીંગ રૂમ" તા૦ ૧લી ફેબરૂઆરીથી ખુલ્લો મુકી ચાલુ કરવામાં આવ્યો છે અને એનો જાહેર લોક તરફથી સારો લાભ લેવામાં આવે છે.

મુંબઇની ગોદાવરાની દરેહમહેર—આ દરેહમહેર રોજ ૩ જો માહા ૫ મો સને ૧૧૯૫ ય. ઝ., તા૦ ૨ જી ફેબરૂઆરી ૧૮૨૬ ને દીને પહેલ વહેલી મુંબઇમાં ગોદાવરાના મોબેદોના કામ માટે પારસી પંચાએતે રૂ. ૧૦૦૪૯ા નો ખરચ કરી પરથાવી હતી, એમાં રૂ૬૯૮૩ અત્રેના જરથોસ્તીઓમાં ઉઘરાણું કરી એકઠા કીધા હતા તથા બાકીના રૂપીઆ પંચાયતના ફંડમાંથી આપયા હતા. એ દરેમેહરનું મકાન પુરાણું થયાથી મરહુમ સર જમશેદજી જીજીભાઇ પહેલા બારોનેટની પુંજીમાંથી તેમની નઇયતે તેમના સાહેબજાદાઓએ નવેસરથી કુશાદે મકાન બંધાવ્યું

હતું તે રોજ ૨૨ મો માહ ૭ મો સને ૧૨૨૯ ય. ઝ. તા૦ ૧૩ મી એપ્રીલ ૧૮૬૦ ને દીને મરહુમ સર જમશેદજીની વરસીને દીને ખુલ્લું મેલ્યું હતું. તેના ચાલુ ખરચ માટે એ સાહેબે રૂ૭૫૦ આપતા હતા, અને તેમા વધારો કરી હાલ નામદાર સર જમશેદજીએ રૂ૯૫૦ આપતા કરયા છે. એ દરેહમેહરની રૂ૩૫૦૦ની પુંજીનું વ્યાજ તથા સર જમશેદજીના રૂ૯૫૦ની રકમમાથી ખરચ પુગી વળતો નથી તેથી આશરે રૂ૧૨૫ થી રૂ૧૫૦ની ઘટ આવે છે તે માટે નાણા ભરવાને જણાવવામાં આવે છે. એ દરેમેહરમા હાલમા ફ્લશીંગ સીસ્ટમના જાજરૂ કરી આપવાને શેઠ બેરામજી પાલનજી એલાવયાએ અને લાકડકામ વગેરેને રંગ લગડાવી આપવા શેઠ હોરમસજી બેજનજી કાપડયાએ જણાવ્યું છે.

મુંબઇની એરીસ્ટોક્રેટીક સોસાયટીનું પનોતું મંદીર.

રેશમી કાપડની આ સહુથી મોટી આગેવાન પ્રખ્યાત દુકાનમાં જયારે પણ દાખલ થશો ત્યારે હમેશાં દરેક માલનો ગંજાવર સ્ટોક તમો જોશો.

આહમદ ઈ. હસાઅલી

એમપાયર બીલડીંગ

હોરનબી રોડ, કોટ, મુંબઈ.

પઇસા થોડા કમાવા, પણ ઘરાકોને રાજી રાખી ઘરે મોકલવા એ અમારો નીયમ છે. અમારી દુકાને જુનો માલ બીલકુલ રાખતાજ નથી.

જયારે પણ જોશો તો બસ બધો તાજોજ સ્ટોક—

છેલ્લામાં છેલ્લી વેરાયટીઝ, લેટેસ્ટ ફેશનની સાડીઓનો સ્ટોક હમેશાં દર મેલે આવતોજ જાય છે—

લગનસરા માટે તમોને તમારી ગુંજાસ માફકનો માલ અમારે ત્યાંથી મલશે

કસબી સાડીઓ, કોરો, ઝબલાં વીગેરે હમારા હુશીયાર કારીગરો પાસે વાયદાસર ભરાવી આપશું. અમારે ત્યાંનું ફાંકડું ભરતકામ ભલા ધનેતરને છક કરી નાખે છે—ભલે પધારો.

હરડેનો પાક.

જામે જમશેદ પેપરમાં હમારો હરડેનો લેખ તા૦ ૧૧-૯-૨૧ મીએ પડયો હતો. તે પછી એ પાકની એટલી મોટી માંગણી થઈ કે હમારે પંજાબથી ચાલીસથી પચાસ રૂપીએ રતલની હરડે મંગાવી તેનો માવો કાઢી તેમાં પચીસથી ત્રીસ જાતના વસાણા નાખી તઈયાર કીધો અને જેવી જાહેર ખબર આપી તેવાજ એ પાક ઉપર મોટા મોટા બેરીસ્ટરો, લેખકો, અધીપતીઓ, વીદયારથીઓ વીગેરે તરફથી તુટાતુટ પડી હાથોહાથ બસો પોટ ઉપડી ગયા. હાલમાં એ પાક ખલાસ થયાથી કેટલાકોના મનીઓરડરો હમારે કમનસીબે ઘણીજ દીલગીરી સાથે પાછા ફેરવવા પડયા હતા પણ હમોએ પાછો પંજાબમાં ઉપલી કીમતી હરડે મેળવવાને એકવાર ફરીથી નસીબો અજમાવી જોયો તેમાં ખુદાએ હમારો બેડો પાર પાડયો અને બસો પોટ બીજા આગલ બનાવયા હતા તેને પણ ટકકર મારે તેવા બનાવવાને હમો નસીબવાન નીવડયા છેજી. ઉપલા પાકથી આંખનો અંધાપો, મોતીઆ, છારી, પદર ગરમીના રોગો, શરીરની બળતરા, પેટની કબજી-યાત, સંધીવા, ગાઉટ, મગજની ચકરી, ચામડીનાં દરદો, કોઢ, લાલકોઢ, ખરજવું, ખુજલી, મગજની ચકરી, શરીરનું ફુલી જવું, હરસમસા, બાવાસીર, તેમાંથી જતું લોહી, ચાલતાં થતી હાંફણ, દમ. ફેફરૂં, આંકડી, કલેજાનું લીવર, ભુખનું મંદ પડી જવું, વગેરે બોતેર જાતના રોગો મટે છે. કીંમત એક પોટના રૂ ૧પાા, બેના રૂ. ૩૦ાા દરેકનું પેકીંગ પોસ્ટ આઠ આના વધુ સમજવું, વી. પી. થી મોકલતા નથી માટે મનીઓડરથી મંગાવી લેવો.

ડોકટર પી. મોતીવાળા,

સઇયદપુરા ચોકી શેરી—સુરત.

ખેતાબ.

આપણી રાજ કરતી બ્રીટીશ કોમના નવા વરસની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયા હતા:—

નાગપુરવાલા શેઠ માણેકશાહ બેરામજી દાદાભાઈ, બેરીસ્ટર, સી. આઈ. ઈ. ને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

મુંબઇના જાણીતા શેહેરી અને જરનાલીસ્ટ શેઠ જાહાંગીર બેરામજી મરઝબાનને અને જાણીતા મોટા દલાલ શેઠ દાદીબા મહેરવાનજી દલાલને સી. આઈ. ઇ. નો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

ડાકટર એદલજી ડી. શરાફ, તે કરાંચીના હેલથ ડીપારટમેંટના વડાને અને મીસીસ મેહરબાનુ ફરદુનજી સોરાબજી તાલીયારખાનને કયસરે-હીંદનો રૂપાનો ચાંદ મલ્યો હતો.

ખાન બહાદુરનો ખેતાબ મુંબઇની સમોલ કોઝ કોરટના જડજ શેઠ સોરાબજી ફરામજી બીલીમોરીયા અને ઘાસના વેપારી શેઠ વીકાજી ફરામજી બીલાડવાલાને એનાયત થયો હતો.

શેઠ ફરામરોજ જમશેદજી કાંગા, (સુપરવાઇઝર, ફસ્ટ ગ્રેડ બોંબે પ્રેસીડનસી) ને ખાન સાહેબનો ખેતાબ એનાયત થયો હતો.

નામદાર બખતાવર શેહેનશાહ જયોરજનો જન્મ તા૦ ૩ જી જુન ૧૮૬૫ ને દીવસે થયલો હોવાથી એવણની ૫૭ મી સાલગ્રહના મુબારક દીવસની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયા હતા:—

કરાંચીના જાણીતા સખી શેઠીયા અને મોટા જમીનદાર શેઠ જાહાંગીર હોરમજી કોઠારી, ઓ. બી. ઇ. ને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો. નામદાર શેહેનશાહે એવા શેઠને નાઇટહુડના માનથી નવાજીને લાયક શેહેરીની કદર બુજી છે તેમજ એવણની જાહેર સેવાઓની પીછાન કરેલી જોઇ ખુશાલી ઉપજે છે. સર જાહાંગીરજીને મલેલા આ મોટા અનુપમ માન માટે મુબારકબાદી આપયે છીએ અને ચાહીએ છીએ કે ભવીશયમાં એ કરતાં જયાદા માન અકરામ મેળવી વધારે ઉપયોગી સેવા બજાવીને પોતાની મેળવેલી કીરતીમાં વધારો કરે, આમીન. કરાંચીની મ્યુનીસીપાલીટીના ચેરમેન તરીકે, એક સ્પેશીયલ મેજીસ્ટ્રેટ તરીકે, પોરટ ટ્રસ્ટીઓની બોરડના એક ટ્રસ્ટી તરીકે, પ્રાંતીક ધારાસભાના કાઉનસીલર તરીકે, ત્યાંના કેટલાંક જાહેર પરમારથી ખાતાંના ઉદયોગી સેકરેટરી તરીકે, અને વાલંટીઅર કોરના એક ઉતસાહી મેમબર તરીકે પોતાના વતનની કીમતી સેવા વરસો થયાં ખંતથી બજાવી દરેક કામમાં આગેવાની લઈ પોતાની બનતી મદદ આપે છે. એવણ એક અથંગ મુસાફર છે અને ત્રણ વખત દુન્યાની પ્રદક્ષીણા કરી આવયા છે. ત્યાંના કેટલાક જાહેર તેમજ સખાવતી ખાતાંઓ સર જેહાંગીર કોઠારીની ઉદાર મદદને આભારી છે. એવણે લગભગ બારથી પંદર લાખ રૂપયા સખાવતમાં આપયા છે, તેમાં કલીફટન ભણી ખોલ્લો મેલાયલો "લેડી લોઇડ પીયર" સર જેહાંગીરની રૂ ૩ લાખની સખાવતથી હસ્તીમાં આવ્યો છે અને કોઠારી પેરેડ માટે ત્યાંની મ્યુનીસીપાલીટીને પોતાની મોટી ખાનગી ઇસ્ટેટ તથા રોકડ રકમ ભેટ આપી હતી તેમજ પારસીઓ માટે બંધાવેલા હોલ માટે મોટી રકમ ખરચી છે. એવણે એકી વખતે ઇન્ડીયન વોર લોન સાડી પચીસ લાખ રૂપયાની કીમતની ખરીદી હતી. સર જાહાંગીરજીને મલેલો ખેતાબ સીંધમાં પહેલ વહેલો એવણનેજ મલ્યો છે તે માટે મુબારકબાદી આપવા અને એવણની કોમી તથા શેહેરી સેવાની પીછાન કરવા માટે પારસી કોમ તરફથી એક માનપત્ર આપવાને,

ઠરાવ થયો છે. લેડી જહાંગીર કોઠારી કરાંચીની જરથોસ્તી બાનું મંડળના વાઇસ પ્રેસીડંટ હોવાથી એટ હોમનો મેળાવડો જરથોસ્તી બાનુ મંડળ તરફથી કરી એવણને માન આપવામાં આવયું હતું. લેડી જહાંગીર કોઠારીએ એ દીવસની ખુશાલીમાં રૂ૧૦૦૦ મંડળને ભેટ આપયા હતા.

બાઇ એસ. એચ. કોમીસરીયટ, તે અલાહબાદની ડફરીન હાસપીટલના વીમેનસ મેડીકલ સરવીસવાળાને કયસરે-હીંદનો રૂપાનો ચાંદ મલ્યો હતો.

ખાન બહાદુરનો ખેતાબ અહમદનગરવાલા શેઠ દારાબ એદલજી નગરવાળા, શેઠ મનચેરશા કાવસજી ગજદર તે મુંબઇની સરકારના મેહેસુલ ખાતાના મદદનીશ સેકરેટરી, શેઠ અરદેશર ખરશેદજી સેટીવાળા તે મુંબઇના જાહેર બાંધકામ ખાતાના મદદનીશ એનજીનીયર, શેઠ પેસ્તનજી બમનજી મહેતા તે એડનના હેડ એકાઉનટંટ અને ત્રેઝરર અને વલસાડવાલા ખા૦ સા૦ કાવસજી ધનજીભાઇ ધનબુરાને એનાયત થયો હતો.

ખાન સાહેબનો ખેતાબ શેઠ જહાંગીર રૂસ્તમજી ખરાસ તે મેશરસ કાવસજી દીનશાહ એન્ડ બ્રધરસના માજી એજંટ, હોડેડા, શેઠ નવરોજી દોરાબજી ધાકમારવાલા તે મુંબઇની વેટરીનરી કોલેજના ફરસ્ટ પ્રોફેસર, શેઠ રૂસ્તમજી પેસ્તનજી તે ઇસ્ટરન બેંગાલ રેલ્વેના ઓનરરી એસીસ્ટંટ એનજીનીયર, અને શેઠ દાદાભાઇ નાદીરશાહ તે વાઇસરોયની કારોબારી કાઉનસીલના કેળવણી ખાતાના ઓનરેબલ મેમબરના શોરટહેંડ રાઇટરને એનાયત થયો હતો.

શેઠ હેકટર રતનજી કોઠાવાળા જેવણ બોમબે ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીનટેનડનટનો ઓધો ભોગવે છે તેવણને સ્ટ્રેટસ સેટલમેન્ટની સરકાર તરફથી એક તલવાર (સોરડ ઓફ હોનર) Sword of Honour નું અનુપમ માન મલ્યું છે. એ તલવાર તા૦ ૨૧ મી ડીસેમબરે રાત્રે સરકારી મહેલ મધે થયલા રીસેપશનના મેળાવડા વખતે નામદાર ગવરનરે ભેટ આપી હતી. સ્ટ્રેટસ સેટલમેંટ સરકારની શેઠ કોઠાવાલાએ લડાઇ દરમયાન અસાધારણ બાહોસી અને વફાદારીથી બજાવેલી સેવાની પીછાનમાં આ ભેટ આપવામાં આવી છે. પુરવના ભાગમાં જે "મીસતરી મેન" નામે ઓલખાયલી ટોળીએ અગતના કામો બજાવયાં હતા તેમાં શેઠ હેકટર કોઠાવાળા પણ એક હતા અને તેવણે સ્ટ્રેટસ સેટલમેંટસ કમાંડના લશકરી જેનરલ સટાફ મધે રહીને બહુ ઉતમ સેવા બજાવી હતી. શેઠ હેકટર કોઠાવાળાને નામદાર ડયુક ઓફ કોનાટની હીંદી મુલાકાતના સંબંધમાં બજાવેલી સેવા માટે મેમબર (પાંચમાં વરગનો) ઓફ ધી વીકટોરીયન ઓરડરનો ખેતાબ એનાયત થયો હતો.

વજીરીસ્તાન લશકર સાથે કીમતી સેવા બજાવનાર હીંદી લશકરના અમલદારોને જે માન અકરામ મલયાં છે તેઓના નામની ટીપ લંડનના સરકારી ગેઝેટમાં પ્રગટ કરવામાં આવી છે તેમાં કેપટન માણેકજી પેસતનજી દોટીવાળાને મીલીટરી કરોસનો ચાંદ એનાયત કરવામાં આવયો હતો.

મેસોપોટેમીયામાં સેવા બજાવવા માટે ગયા જુલાઇમાં માનચાંદ મળવાનું લંડન ગેઝેટમાં જાહેર કરવામાં આવયું હતું, તેમાં પારસીઓમાં એમ. બી. ઇ. નો ખેતાબ બગદાદના હેડ પોસ્ટ માસ્તર શેઠ સી. ભરૂચાને અને મસ્કતના હેડ કલારક શેઠ એમ. ગઝદરને એનાયત થયો હતો.

કલકતાવાળા શેઠ જમશેદજી ફ. માદનની પેઢીના મદદનીસ શેઠ દોરાબજી બરજોરજી કરાડીઆને નામદાર અંગ્રેજ સરકાર તરફથી "India General Service Medal with Clasp Afganistan 1919" આપવામાં આવયો છે. મી૦ કરાડીઆએ છેલ્લી અફગાન લડાઇ વખતે શેઠ માદને ખોલેલી અનેક કેનટીનમાંની એક કે જે કોહાટમાં પણ હતી ત્યાં મેનેજરતરીકે એક વરસ સુધી લડાઇ ખાતાની સારી સેવા બજાવી હતી.

ઓધા—નેમણુંક—વગેરે.

———○○○○○○———

મોનટેગયુ—ચેમસફરડવાળી સુધારાની યોજના પ્રમાણે આખા હીંદની રૈયતને જે રાજદ્વારી હકોની નવાજેશ કરવામાં આવી છે તેથી પસાર થયલા હીંદી સુધારાના કાયદા પરમાણે રચાયલી હીંદી સરકારની નવી "કાઉનસીલ ઓફ સ્ટેટ" અને "લેજીસલેટીવ એસેમબલી"ની સથાપણા કરવામાં આવી છે. નામદાર શેહેનશાહનાં ફરમાન અને ખાશ કમીશનથી નામદાર ડયુક ઓફ કોનાટે કાઉનસીલ ઓફ સટેટ અને ઇંડીયન લેજીસલેટીવ એસેમબલી દીહલી ખાતે તા૦ ૯મી ફેબરવારી ને બુધવારે સવારના સાડા દશ વાગે ખુલ્લી મુકી હતી. એ દીવસે હીંદી તવારીખમાં યાદગાર રહી જનારી ક્રીયા નામદાર દયુકે કરી હતી. એ અગાઉ તા૦ ૩ જી ફેબરવારીને દીવસે દીહલી ખાતે કાઉનસીલ ઓફ સ્ટેટના મેમબરો રાજ્યેતાના સપત લેવાને ઇમપીરીયલ સેકરેટરીએટમાં સવારના ૧૧ વાગે ભેગા મલયા હતા અને મેમબરોએ સપટ લેવા પછી કાઉનસીલ ઓફ સ્ટેટના પ્રેસીડંટની ગેરહાજરી દરમયાન પ્રમુખસ્થાન લેવાને પેનલથી ચાર ચેરમેનોની નેમણુક જાહેર કરવામાં આવી હતી. આ ચાર ચેરમેનોમાં બે પારસીઓ છે તેમાં સર માણેકજી બેરામજી દાદાભાઇની અને સર દીનશાહ એદલજી વાચ્છાની નેમણુક થઈ છે. દીહલીની સેકરેટરીયેટના કાઉનસીલ ચેમબરને વધારે મોટો બનાવવામાં આવ્યો છે કારણકે લેજીસલેટીવ એસેમબલીના મેમબરોની સંખ્યા હવે ૧૬૦ ની થઇ છે. જયારે હોલ રોકાયલો હશે ત્યારે કાઉનસીલ ઓફ સટેટની બેઠક મેટકાફ હાઉસમાં મળશે.

કાઉનસીલ ઓફ સ્ટેટના મેમબરો તરીકે પારસીઓમાં સર દીનશાહ એદલજી વાચ્છાને (સરકાર તરફથી), શેઠ ફીરોઝ ખરશેદજી શેઠનાને અને સર માણેકજી બેરામજી દાદાભાઇને (મધ્યપ્રાંત તરફથી) ચુંટી કાઢવામાં આવ્યા હતા; ઇંડીયન લેજીસલેટીવ એસેમબલીના મેમબરો તરીકે પારસીઓમાં સર જમશેદજી જીજીભાઇ બારોનેટને (મુંબઇ શેહર તરફથી), શેઠ જાહાંગીર કેખશરૂ નવરોજી કાબરાજીને (સરકાર તરફથી), સરદાર બમનજી અરદેશર દલાલને (મુંબઇ ઇલાકાના ઉતર દીવીઝન તરફથી), શેઠ પદમજી પેસતનજી જીનવાલાને (બરમા તરફથી) અને શેઠ રૂશતમજી ફરીદુનજીને ચુંટી કાઢવામાં આવ્યા હતા.

મોનટેગયુ—ચેમસફરડવાળી યોજના પ્રમાણે પસાર થયલા હીંદી સુધારાના કાયદા પ્રમાણે સ્થપાયલી મુંબઇના નામદાર ગવરનરની નવી ધારાસભા ખુલ્લી મુકવાની જાહેર ક્રીયા નામદાર ડયુક ઓફ કોનાટે ટાઉન હોલમાં તા૦ ૨૩ મી ફેબરવારી ૧૯૨૧ ને બુધવારે કરી હતી. તે અગાઉ એ ધારાસભાની બેઠક તા૦ ૧૯ મી ફેબરવારી ને શનીવારે અત્રે ટાઉન હોલમાં ઓનરેબલ સર નારાયણ ગણેશ ચંદાવરકરના પ્રમુખપણા નીચે સભાસદો માટે તાજ તરફની વફાદારીના રાજ્યેતાના સોગદ લેવા મલી હતી. સુધારાની યોજનાની રૂએ નવી ધારા સભાનો અમલ તા૦ ૩ જી જાનેવારી ૧૯૨૧ થી આખા હીંદમાં શરૂ કરવામાં આવ્યો હતો. મુંબઇની નવી ધારાસભા માટે કાયમનું નવું મકાન બંધાય તયાં સુધી તેની બેઠકો ટાઉન હોલમાં ભરવામાં આવશે. આ નવી ધારાસભા પ્રમુખ સાથે ૧૧૨ સભાસદોની બનેલી છે. આ ૧૧૨ સભાસદોમાં ૪ નામદાર ગવરનરની કારોબારી કાઉનસીલના સભાસદો, ૮૬ પ્રજા તરફથી ચુંટાયલા પ્રતીનીધીઓ છે (જેમાંના ત્રણની પ્રધાનો તરીકે પસંદગી થઇ છે.), ૭ સરકાર તરફથી નેમાયલા બીન સરકારી સભાસદો અને ૧૪ સરકાર તરફથી નેમાયલા અમલદારો છે. આ ૧૧૨ સભાસદોમાં ૫૦ હીંદુ, ૩૦ મુસલામીઓ, ૨૨ ઇંગ્રેજો, ૮ પારસીઓ અને ૨ પોરતુગીઝો છે. આ નવી ધારા સભામાં માટે મેમબરો તરીકે

ચુટી કાઢવામાં આવેલા નીચલા ૮ પારસીઓ છેઃ–ડોકટર શયાવક્ષશાહ સોરાબજી બાટલીવાળા (મુંબઇ શેહરના ઉતર વીભાગના પ્રતીનીધી), શેઠ નવરોજી માણેકજી દુમસીઆ (મુંબઇ શેહરના દક્ષીણ વીભાગના પ્રતીનીધી), ડોકટર કાવસજી એદલજી દાદાચાનજી (મુંબઇ શેહરના દક્ષીણ વીભાગના પ્રતીનીધી), શેઠ એન. બી. સકલાટવાલા (મુંબઇના મીલ માલેકોના મંડળના પ્રતીનીધી), શેઠ કાવશજી જાહાંગીર (સરકાર તરફથી નેમાયલા બીન સરકારી સભાસદ), શેઠ તહેમુરસ કાવસજી મોદી, (સુરત જીલ્લાના પ્રતીનીધી), શેઠ દીનશાહજી બહમનજી દલાલ (પંચમહાલ જીલ્લાના પ્રતીનીધી), અને ખા૦ બા૦ ધનજીશા બહમનજી કુપર (સતારા જીલ્લાના પ્રતીનીધી). શેઠ કાવશજી જાહાંગીરને ચેરમેન તરીકે નેમવામાં આવ્યા હતા.

મુંબઇના ગવરનરની ધારાસભાના એક સભાસદ મી૦ પરશોતમદાસ ઠાકુરદાસની બેઠક ખાલી પડવાથી તેવણની જગાએ ધારાસભાના બીનસરકારી સભાસદ તરીકે ગયા જુન માસમાં શેઠ ખરશેદજી નવરોજી વાડીયા, સી. આઇ. ઇ. ની અને મુંબઇના મીલમાલેકોની મંડળીના પ્રતીનીધી શેઠ એન. બી. સકલાતવાળાએ રાજીનામું આપવાથી તેવણની જગાએ મુંબઇના મીલ માલેકોની મંડળીએ પોતાના પ્રતીનીધી તરીકે ગયા જુલાઇ માસમાં શેઠ જહાંગીર બમનજી પીટીટની ચુંટણી કરી છે. શેઠ દોરાબજી નશરવાનજી બહાદુરજી બેરીસતર એડવોકેટ જનરલ નેમાયાથી પોતાના ઓધાની રૂયે ધારાસભાના સભાસદ તરીકે એવણને નેમવામાં આવ્યા હતા.

શેઠ ધનજીશાહ મેહેરજીભાઇ માદનની બીહાર અને ઓરીસાના નામદાર ગવરનરે પ્લાનટીંગ અને ખાણોને લગતા લાભો સીવાયના ઉદયોગોના બીજા લાભોના પ્રતીનીધી તરીકે પોતાની ધારાસભાના એક સભાસદ તરીકે નેમણુક કીધી હતી.

મુંબાઇની નવી ધારાસભાના વાદવીવાદના કાયદા કાનુનોમાં સુધારો કરવા નીમવામાં આવેલી કમીટીમાં પારસીઓમાં ડા૦ કાવસજી એ. દાદાચાનજીની ચેરમેન તરીકે અને શેઠ કાવસજી જહાંગીરની મેમબર તરીકે નેમણુક કરવામાં આવી હતી.

શેઠ કાવશાહ રૂશતમજી જાગોશને બરોડા રેલવેમાં એસીસટંટ ત્રાફીક સુપ્રીનટેનડન્ટ તરીકે જાયુકના નેમવામાં આવ્યા છે. એવણે વરસો સુધી એ રેલવેના ત્રાફીક ખાતામાં ઘણી સંતોસકારક તેમજ વફાદારી ભરેલી લાંબી નોકરી બજાવી પોતાનાં ઉપરી અમલદારોનો સારો ચાહ જીતી લીધો છે. એવણના ઉપરી અમલદારોએ એવણની આવી લાંબી વફાદારી ભરેલી નોકરી માટે વારનવાર પોતાનો સંતોષ જાહેર કરી એવણને સાબાસી આપતા રહયા છે. ત્રાફીક ખાતામાં શેઠ કાવશાહ જાગોશે કીમતી સેવાઓ બજાવેલી હોવાથી ઇંગલંડની રેલવે બોરડે એવણની નેમણુકને બાહાલી આપી છે અને ૧૫૮૦ ના માસીક દરમાયાએ આ ઓધા ઉપર એવણની નેમણુક કરી છે. આ નવા ઓધાની રૂએ એવણને રેલવેની આખી લાઇન ઉપર જવા આવવા માટે પેહલા વરગની ફ્રી પાસ મલવા ઉપરાંત અમલદારો તરીકેની રજા વગેરેના બધા [illegible] મલયા છે.

શેઠ કાવસજી બરજોરજી વકીલને ધરમપુર સ્ટેટના લીગલ રીમેમબ્રનસ અને સુરતની પારસી પંચાયતના પ્રેસીડંટ નેમયા હતા.

શેઠ મંચેરશાહ કાવસજી ગઝડરને મુંબઇ સરકારના ફીનેનશયલ ખાતાના એસીસટંટ સેક્રેટરી નેમ્યા હતા.

શેઠ અરદેશર એદલજી સીરવઇને મુંબઇ સરકારના રેવન્યુ ખાતાના એસીસટંટ સેક્રેટરી નેમયા હતા.

શેઠ બરજોરજી ઇ. વાચ્છાને સીંધના કામચલાઉ ચીફ એનજીનીયર નેમ્યા હતા.

શેઠ દોરાબજી નશરવાનજી બહાદુરજી બેરીસટરને મુંબઇના કામચલાઉ એડવોકેટ જનરલ નેમ્યા હતા.

સાંજ વરતમાનના માલેક તથા અધીપતી શેઠ રૂસ્તમ એન. વાચ્છાગાંધીને આખી દુન્યાના વરતમાનપત્રોની ૧૯૨૧ ના અકટોબરમાં અમેરીકામાં મલનારી કોંગ્રેસ માટે હીંદુસ્તાનના પ્રતીનીધી તરીકે અને કોંગ્રેસના વાઇસ પ્રેસીડંટ તરીકે નેમ્યા હતા.

શેઠ બેરામજી આર. બે. જીજીભાઇને પ્રીન્સ ઓફ વેલસ મ્યુઝયમના ત્રસ્ટી નેમ્યા હતા.

પ્રોફેસર દોરાબ ડી. કાંગાને મુંબઇ સરકારના વેપાર ઉદયોગ ખાતાના કેમીકલ એનેલાઇઝર નેમયા હતા.

ખા૦ બા૦ જમશેદજી બેજનજી વાચ્છાને મુંબઇના ઇનકમટેકસ કમીશનર અને શેઠ એ. આર. દલાલને ગોદરાના કલેકટર અને રેવાકાંઠાના પોલીટીકલ એજન્ટ નેમ્યા હતા.

શેઠ જમશેદ બેરામજી કાંગાને મુંબઇની હાઇ કોરટના જડજ અને શેઠ દાદીબા ખરશેદજી મહેતાને સુરતના સેશનસ જડજ અને શેઠ દીનશાહ માણેકજી મહેતાને સતારાના સબ જડજ નેમ્યા હતા.

શેઠ હોરમઝદયાર ફીરોઝ હોશંગ દસ્તુર બેરીસ્ટરને ગયા મે ૧૯૨૧માં મુંબઇના પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ અને તે અગાઉ ડીસેમ્બર ૧૯૨૦માં હાઇ કોરટના કામ ચલાઉ તાજના મુનસી નેમ્યા હતા.

મુંબઇ શેહર અને ટાપુ માટે નીચલા પારસીઓને ઓનરરી પ્રેસીડંસી મેજીસ્ત્રેટ નેમ્યા હતા:—સર જમસેદજી જીજીભાઈ, ડા૦ અરદેશર દાદાભાઇ મોદી, ડા૦ ભીખાજી એ. ધાસવાલા, ડા૦ એદલજી મા. મોદી, ડા૦ જ. ન. ડગન, ડા૦ નાદીરશાહ એચ. સુખયા, ડા૦ નાનાભાઇ ન. કાતરક, ડા૦ રૂશતમજી ના. રાણીના, ડા૦ શાવકશાહ સો. બાટલીવાલા, ખા૦ બા૦ રૂસ્તમજી બ. વકીલ, શેઠો બરજોરજી સો. કુપર, બેરામશા એન. કરંજીઆ, બેરામજી એન. ગામડીયા, ધનજીભાઇ બી. પીટીટ, દીનશાહ હોરમજી વાનીઆ, એરચશા આર. હીરજીબેહદીન, ફરદુનજી જે. પારખ, ફરામજી દોરાબજી એફ. પાંડે, ફરામરોજ રૂસ્તમજી જોસી, હોરમજી જે. ભાભા, જાંહગીર બીખાજી, જાહગીર ર. દુબાસ, જાંહગીર હો. સોરાબજી, ખરશેદજી લીમજી, નવરોજી એચ. કંત્રાકટર, નવરોજી સો. બંગાલી, ફીરોઝ સી. શેઠના, રૂસ્તમ એસ. પાઉવાલા, રૂસ્તમ એદલજી મોદી, શાપુરજી બ. બીલીમોરીઆ, સોરાબજી એદલજી વોરડન અને મેજર એસ. કે. એનજીનીઅર.

મુંબઈ ઇલાકાના શેહેરોના નીચલા પારસીઓને ઓનરરી મેજીસ્ત્રેટ વગેરે નેમ્યા હતા:—અમદાવાદના ખા૦ બા૦ સરદાર રૂશતમજી જેહાંગીર વકીલ, ભરૂચના શેઠો જમશેદજી રૂસ્તમજી વખારીઆ, સોરાબજી બમનજી જીનવાલા, સોરાબજી ફરામજી કાપડીઆ, જમશેદજી નસરવાનજી જીનવાલા, અને બમનશાહ જામાસપજી, પંચમહાલના શેઠો માણેકજી ફરદુનજી, દીનશાહ બમનજી દલાલ, અને રૂસતમજી રતનજી દલાલ, સુરતના શેઠ શાવકશાહ હોરમસજી ખસુખાન, બલસાડના ખા૦ બા૦ કાવસજી ધનજીભાઇ ધનભુરા, થાણાના શેઠો બાપુજી કાવસજી દીવેચા, મહેરવાનજી નવરોજજી આંટીઆ, કાવસજી નાનાભાઇ અને બેહરામજી જેહાંગીર તારાપોરવાલા, અહમદનગરના શેઠ દારાબશાહ એદલજી નગરવાલા, પુનાના લેફટંટ કરનલ ખા૦ બા૦ દીનશાહ ડોસાભાઇ ખંબાતા અને શેઠ દીનશાહ ડોશાભાઇ સાંગા, લાનોલીના શેઠો એમ. એમ. ભરઝબાન અને દીનશાહ કાવસજી, સતારાના ખાનસાહેબ ધનજીશાહ બમનજી કુપર, પંચગનીના શેઠો જમશેદજી ફરામજી ખરાસ, નવરોજજી રૂસ્તમજી બીલીમોરીઆ અને સોરાબ બી. વકીલ, બેલગામના શેઠ જેહાંગીર નવરો-

જજી આટીઆ, ધારવાડના શેઠો ડી. ડી. પદમજી અને મેરવાનજી સોરાબજી કરાકા, કનારાના ખાન સાહેબ દાદાભાઈ રતનજી બલસારવાલા અને કોલાબાના શેઠ કેખશરો દોરાબજીને નેમ્યા હતા.

શેઠ નવરોજી ફરામજી કાંગાને હાંઇ કોરટના કામ ચલાઉ ચીફ ત્રાનસલેતર નેમ્યા હતા.

જસતીસ આફ ધી પીસ તરીકે નીચલા પારસીઓને નેમયા હતા.:—ખા૦ બા૦ હોરમસજી શાપુરજી કાત્રક, શેઠો એરચશાહ રૂશતમજી હીરજીબેહેદીન, જેહાંગીર ખરશેદજી મીસ્ત્રી, ખરશેદજી લીમજી, પેસતનજી ધનજીભાઇ મહાલક્ષમીવાળા, ફીરોઝશાહ જેહાંગીર મરઝબાન અને સોરાબ કે. એનજીનીયર.

મુંબઇની યુનીવરસીટીના ફેલોઝ તરીકે ઓનરેબલ સર દીનશાહ એદલજી વાચ્છા અને ખા૦ બા૦ બેરામજી હોરમજી નાનાવતીને નેમયા હતા.

મુંબઇની પારસી ચીફ મેટરીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠો એરચશાહ રૂશતમજી હીરજીબેહેદીન, જીજીભાઇ રૂશતમજી બી. જીજીભાઇ, ફીરોઝશાહ જાંહાંગીર બી. મરઝબાન અને કેકોબાદ કાવસજી એડનવાલાને તથા સુરત જીલાના ડેલીગેટ તરીકે શેઠો બમનશાહ જામાસજી જંબુશરવાલા અને કાવસજી બરજોરજી વકીલને નેમવામાં આવ્યા હતા.

ઇમપરીયલ બેંક આફ ઇંડયાના કારોબારી તરીકે ઓ૦ સર દીનશાહ એ. વાચ્છા, અને સર માણેકજી બેરામજી દાદાભાઇને ચુંટી કાઢયા હતા.

શેઠ હોરમજી પી. મોદીને મુંબઇ મ્યુનીસીપાલીટીની સ્ટેનડીંગ કમીટીના પરમુખ નેમયા હતા.

બોંબે ઇમપરૂવમેન્ટ ત્રસ્ટના મેમબરો તરીકે શેઠ કાવસજી જહાંગીરજી, ડા૦ કાવસજી એદલજી દાદાચાનજી, શેઠ ફીરોઝ સી. શેઠના અને શેઠ હોરમસજી પી. મોદીને નેમયા હતા.

શેઠ હોરમજી કાવસજી દીનશાહને એડનના પોરટ ત્રસ્ટના ટરસ્ટી, ખા૦ બા૦ કાવસજી હોરમજી કાતરકને કરાંચીના પોરટ ટરસ્ટના ટરસ્ટી અને શેઠ બેરામજી નવરોજી ગામડયાને મુંબઇના પોરટ ટરસ્ટના ટરસ્ટી નેમયા હતા.

મુંબઇ શહેરની ખીલવણીની યોજનાના સંબધની સલાહકારી કમીટીમાં શેઠ કાવસજી જાહાંગીર, ડા૦ નાદીરશાહ એચ. ઈ. સુખીયા અને શેઠ જાહાંગીર બમનજી પીટીટને નેમયા હતા.

શેઠ જાહાંબક્ષ ફરામરોજ સીરવાઇને મુંબઇ શહેરની ખીલવણી કરવાના ખાતામાં બોમબે હાઉસીંગ ડીસ્ત્રીકટના એસીસટંટ એનજીનીયર નેમયા હતા.

શેઠ ફરામરોજ આર મરચંટને મુંબઇ શહેરના સુધારાના ટરસ્ટના ડેપયુટી સેક્રેટરી અને એકાઉનટંટ નેમયા હતા.

શેઠ ફીરોઝશાહ જાહાંગીર મરઝબાનને મુંબઇના સરકારી છાપખાનાની કમીટીના મેંબર નેમયા હતા.

ડા૦ રૂશતમ નાનાભાઇ રાણીનાને મુંબઇની મેડીકલ કાઉનસીલના સભાસદ નેમયા હતા.

ડા૦ નાદીરશાહ એચ. ઇ. સુખીયાને સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇંસ્ટી-ટયુટની મેનેજીંગ કમીટીના સભાસદ નેમયા હતા

બોંબે પ્રોવીનશીયલ બોય સ્કાઉટસ કાઉનસીલના પ્રાંતીક કમીશનર તરીકે સર દોરાબ જે. તાતા, સરદાર ખા૦ બા૦ રૂસ્તમ જે. વકીલ, અને શેઠ જમશેદ એન આર. મહેતાને નેમયા હતા.

શેઠો રૂસ્તમજી સોરાબજી બાલીમોરીયા અને પી બી વાચ્છાને મુંબઇની સરકારી લૉ સ્કુલના કાયદાના પ્રોફેસર નેમયા હતા.

શેઠ યઝદેઝરડ દાદાભાઈ થાણેવાલાને રોયલ ઇનસટીટયુટ ઓફ સાયનસના બાયોલોજીના આસીસટંટ પ્રોફેસર નેમયા હતા.

શેઠ જાહાંગીર સોરાબશાહ કામીસેરીએટને અમદાવાદની ગુજરાત કોલેજના ઇંગલીસના પ્રોફેસર નેમયા હતા.

પ્રોફેસર શાવકશાહ હોરમસજી હોડીવાલાને જુનાગઢની બહાવદીન કોલેજના પ્રીનસીપલ નેમયા હતા

ડાકટર એફ. એમ. શેઠનાને લંડનની સોસાયટી ઓફ સાયનસના લાઇફ ફેલો નેમયા હતા.

મુંબઈની પારસી પંચાયતના ટરસ્ટીઓની ચુંટણી કરનારા અંજુમન કમીટીના "૧૦૦"ના મંડળ માટે રેજીસ્ટર 'એ' માટે શેઠ પેસતનજી કાવસજી કાંગાને અને 'ડી' માટે શેઠો હોરમજી માણેકજી ચયના, પેસતનજી નશરવાનજી કેરાંવાલા અને ખા૦ બા૦ રૂશતમ બમનશાહ વકીલને ચુંટી કાઢયા હતા

શેઠ હોરમજી પે. ચાહેવાલાને અમદાવાદની જરથોસ્તી અંજુમનના ટરસ્ટી નેમયા હતા.

શેઠ અરદેશર હોરમજી મામાને કરાંચીની જરથોસ્તી અંજુમનના ટરસ્ટી નેમયા હતા.

શેઠ જાલ રૂશતમજી વકીલને ખેતવાડીની અંજુમનના ધરમખાતાના ટરસ્ટી નેમયા હતા.

દસ્તુરજી કઇઓજી પેસોતનજી બરજોરજી મીરજાને એવણના બાવા મરહુમ દસ્તુરજી પેસોતનજીના રોજ ૨૬ મો માહા ૨ જો સને ૧૨૯૦ને દીને થયલા ઉઠમણા વખતે અંજુમન તરફથી ઉદવાડાના દસ્તુર નેમી સીયાલ ઓઢાડવામાં આવી હતી.

શેઠ પીરોશાહ નશરવાનજી બીલીમોરીયાને સચીનના દીવાન નેમયા હતા.

શેઠ માણેકશાહ ધનજીશાહને સુરતના પોલીસ ડીસ્ટ્રીકટ સુપ્રીનટેનડંટ નેમયા હતા.

ડા૦ બેહરામ શાપુરજી ફોટોગ્રાફરને એડન સેટલમેંટના એકઝીકયુટીવ હેલથ હાફીસર નેમયા હતા.

કેપટન રૂસતમ બરજોરજી સપેનસરને ધરમપોરના ખડીની સેનેટરીયમના વડા ડાકટર નેમયા હતા.

કેપટન પી. બી. ભરૂચાને લાહોરની મેડીકલ કોલેજના એનેટોમીના પ્રોફેસર નેમયા હતા.

ડા૦ દાદાભાઇ ખરસેદજી તલાટીને વડોદરા રાજયના સેનેટરી કમીશનર નેમયા હતા.

ખા૦ બા૦ ડાકટર એરચજી શેરીયાદજી ભરૂચાને નામદાર વાઇસરાયના અંગત સ્ટાફ ઉપર ઓનરરી આસીસટંટ સરજયન નેમયા હતા

ડા૦ એફ. ડી. બાનાને બોંમ્બે પોરટ ટ્રસટના ચીફ મેડીકલ હાફીસર નેમયા હતા.

ડા૦ ભીખાજી એદલજી ઘાસવાલાને ગ્રાંટ મેડીકલ કોલેજના મેડીકલ જુરીસ પ્રુડનસન પ્રોફેસર નેમયા હતા.

કેપટન રૂશતમ કેરસાસપજી દાદાચાનજીએ પોતાનું કમીશન છોડયું તે દીવસથી તેવણને એ પદવી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવી છે.

હીંદી તબીબીવાલા લેફ્ટનટો લવજી શાપુરજી મોદી, કેખશરૂ બેરામજી ભરૂચા, સોરાબ દીનશાહ બીલીમોરીયા, નરીમાન બેરામજી મહેતા, રતનશાહ નરીમાન કાપડયા, સોરાબ ખરશેદજી કંટરાકટર, પેસતનજી રૂશતમજી વકીલ, બેરામ સોરાબજી ઘોંડી, જાલ એદલજી ધનજીભાઇ, ફીરોઝ મેરવાનજી આંટીયા, બરજોરજી હોરમજી કામાકાકા અને જમશેદ બોરશેદ ડાકટરને કેપટનની પદવીએ ચઢાવવામાં આવયા હતા.

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

———o○o○o———

મેસરસ પેનની કંપનીની જાણીતી સોલીસીટરની પેઢીવાલા મી૦ નશરવાનજી પીરોશાહ એનજીનીયર સોલીસીટરને મુંબઇની હાઇ કોરટમાં એડવોકેટ તરીકે તા૦ ૯ મી એપ્રીલથી દાખલ કરવામાં આવ્યા હતા.

દમણની સરકારી સ્કુલના પ્રોફેસર નવરોઝ અરદેશર પોસ્ટવાલાને પોરચુગીઝ હીન્દ મધેના દમણ, દીવ વગેરે પ્રગણાઓમાં એડવોકેટ તરીકે ધંધો ચલાવવાની સનદ ગોવેની સરકાર તરફથી મલી હતી.

ડા૦ બેરામ હોરમજી પેસીકાકાએ આંખના દરદને લગતી પરીક્ષા પાસ કરી લંડનની ડી. ઓ. યાને ડીપલોમાં ઓફ ઓફથેલોમોજી મેળવ્યો હતો.

ડાકટર મીસ મેહરબાઇ પોસ્ટવાલાને આ સાલ પરદેસ જઇ અભયાસ વધારવા માટેની સ્કોલરશીપ હીંદી સરકારે આપી હતી.

નાગપોરવાલા મી૦ મીનોચેહેર ફરામજી સુનાવાલા એમ. એસ. સી. ને મધય પ્રાંતની સરકારે અલાહબાદ યુનીવરસીટીની ડોકટર ઓફ સાયનસની ડીગ્રીના અભયાસને માટે વીકટોરીયા સાયનસ ઇનસટીટયુટમાં રીસરચ સકોલર તરીકે નેમયા છે. તેવણને ફીઝીકસ ખાસ કરીને ઇલેકત્રીસીટીના વીશયો સોંપવામાં આવયા છે.

સોલીસીટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:-મેસરસ સોરાબ એન. વકીલ, જાહાંગીર એમ. ખંબાતા, જાહાંગીર સોરાબજી વારડન, કેકોબાદ કે. લાલા, ફરામજી રૂશતમજી વાચ્છા અને સી. આર. જસાવાલા.

એલ. એલ. બી. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૫૫ ઉમેદવારોમાંથી ગયા નવેમબરમાં ૧૩૨ પસાર થયલા તેમાં નીચલા ૧૦ પારસીઓ હતા:—બીજા વર્ગમાં મેસરસ રૂશતમજી નાનાભાઇ બામબોટ, દીનશાહ પેસતનજી દસ્તુર, હોરમજી ડોશાભાઇ ડોકટર, અરદેશર હોરમજી એનજીનીયર, પાલણજી એદલજી ગોલવાલા, દારાબશાહ બીખાજી કાતપીતયા, નાદીરશાહ પેસતનજી મીસતરી, પેસતનજી જમશેદજી તારાચંદ, કેકોબાદ કે. લાલા અને બરજોર હોશંગજી વકીલ; એજ પરીક્ષામાં હાજર થયલા ૨૪૪ માંથી ગયા એપ્રીલમાં ૧૩૯ પસાર થયલા તેમાં નીચલા ૬ પારસીઓ હતા:-બીજા વર્ગમાં મેસરસ બેજનજી પોચાજી ખંબાતા, ફરામરોજ ધનજીભાઈ મસાણી, બરજોરજી ખરશેદજી મોવડાવાળા, કેખશરૂ ફીરોઝશાહ પુનેગર, જમશેદ સોરાબજી રતનાગર અને અરદેશર બરજોરજી સુતરીયા. આમાં પસાર થયલા મી૦ રૂશતમજી ના. બામબોટને શેઠ મંચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી છે.

બેચેલર ઓફ હાઇજીનની આખી બેઉ ભાગની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૬ ઉમેદવારોમાંથી ૨ પસાર થયલા, તેમાં પારસીઓમાં મી૦ ખુરશેદ જાહાંગીર જે. ખરશેદજી પસાર થયા હતા.

એમ. ડી. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૦ ઉમેદવારોમાંથી ૪ પસાર થયલા તેમાં પારસીઓમાં મી૦ ફીરોઝ ફરામજી સુનાવાળા પસાર થયા હતા.

એમ. બી. બી. એસ. ની ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૧૭ ઉમેદ-વારોમાંથી ગયા નવેમ્બરમાં ૪૨ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ હતા—મેસરસ માણેક

પાલનજી ભીલાડવાલા, ફરામરોઝ બમનજી બીલીમોરીયા, નાદીરશાહ દીનશાહ કારેવાલા, પદમ હીરાજી ડાકટર, દારા માણેકજી ધોધાવાલા, જમશેદજી હોરમજી ડાકટર, ખરશેદ હોરમજી કામાકાકા અને નવરોજી નશરવાનજી મેહતા, વરગ વગરનામાં મી૦ સોરાબજી કુવરજી ડરાઇવર; એજ પરીક્ષામાં હાજર થયલા ૧૬૧ માંથી ગયા મે મહીનામાં ૮૦ પસાર થયલા તેમાં નીચલા ૧૫ પારસીઓ હતાઃ-પેહલા વરગમાં મી૦ નવરોજી ખરશેદજી સહીંયાર, બીજા વરગમાં મેસરસ નાદીરશાહ દાદાભાઇ અંકલેસરીયા, એદલજી શાવકશાહ બનાતવાલા, દોરાબજી હોરમજી ડાકટર, નરીમાન જાહાંગીરજી દોધી, ખુદાબક્ષ મંચેરજી ફોઝદાર, તેહેમુરસપ ફીરોઝશાહ કાપડયા, મીનોચેહર જાહાંગીર મેહરહોમજી, નોશીરવાન જાહાંગીર મેહરહોમજી, શાવકશાહ બમનજી મેહતા, હોમી મેહરજીભાઇ શેઠના, મેહરવાન અરદેશર સોગુ અને ગુસતાદજી બેજનજી વાછા, વરગ વગરનામાં મેસરસ શાવક સોરાબ ભરૂચા અને નશરવાનજી હોશંગશાહ નાણાવટી.

મુંબઇની કોલેજ ઓફ ફીઝીશીઅન એંડ સરજનસની સેવટની એલ. સી. પી. એસ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૪૮ ઉમેદવારોમાંથી ગયા ડીસેમબરમાં ૧૦૪ પસાર થયલા તેમાં પારસીઓમાં મી૦ રૂશતમજી ધનજીશાહ સાદરાવાળા પસાર થયા હતા; એજ પરીક્ષામાં હાજર થયલા ૧૭૨ માંથી ગયા જુનમાં ૮૫ પસાર થયલા તેમાં નીચલા ૪ પારસીઓ હતાઃ— બાઇ મનીજેહ પેસતનજી અપ્પુ, તથા મેસરસ હોમી મનચેરજી ભરૂચા, તેહમુરસ શોરાબજી દારૂવાલા અને જાલ હોરમજી નાણાવતી.

બી. ઇ. (શીવીલ) ની ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૮ ઉમેદવારો-માંથી ગયા અકટોબરમાં ૧૬ પસાર થયલા તેમાં નીચલા ૬ પારસીઓ હતાઃ—બીજા વરગમાં મેસરસ દીનશાહ બરજોરજી ડોકટર, હોરમસજી જહાંગીરજી એનજીનીઅર, રતનશા નસરવાનજી ઢીલ્લુવાલા, બરજોર માણેકશાહ લાકડાંવાળા, હોમી દીનશાજી પસતાકીયા અને નરીમાન હોરમ-સજી સીરવઇ; એજ પરીક્ષામાં હાજર થયલા ૪૦ માંથી ગયા એપ્રીલમાં ૩૦ પસાર થયલા તેમાં નીચલા ૫ પારસીઓ હતાઃ- મેસરસ કેકોબાદ જાહાંગીર દસ્તુર, કેકોબાદ રતનશા એનજીનીયર, નશરવાનજી ફરદુનજી કેળાંવાલા, અરદેશર માણેકજી સરવેયર અને મેહેર નાનાભાઇ મરચંટ.

બી. એજી. યાને બેચેલર ઓફ એગ્રીકલચરની ખેતીવાડીને લગતી ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૧ ઉમેદવારોમાથી ૩૮ પસાર થયલા તેમાં ૨ પારસીઓ હતાઃ-બીજા વરગમાં મેસરસ રૂશતમ સોરાબજી જામાસ્પજી અને ગોદરેજ ડોશાભાઇ પટેલ.

એમ. એસ. સી. યાને માસતર ઓફ સાયનસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૦ ઉમેદવારોમાંથી ૭ પસાર થયા હતા, તેમાં પારસીઓમાં મી૦ રૂશતમ હોરમજી દસ્તુર પસાર થયા હતા અને અલાહબાદ યુનીવરસીટીની એજ પરીક્ષામાં મી૦ મીનોચેહર ફરામજી મનચેરજી સુનાવાલા પસાર થયા હતા.

બી. એસ. સી. યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૨૧ ઉમેદવારોમાંથી ૫૯ પસાર થયલા તેમાં નીચલા ૧૧ પારસીઓ હતાઃ -પેહલા વરગમાં મી૦ ફીરોઝ હોરમજી કુતાર, બીજા વરગમાં મેસરસ શાપુર કેખશરૂ ભાવનગરી, જાહાંગીર જમશેદજી ડાકટર, કેકોબાદ દીનશાહ બરજોર બેહરામ, અરદેશર ખરશેદજી આગા, અને સામ જાહાંગીર ખંબાતા, પાસ વરગમાં મેસરસ રતનશાહ એદલજી કાંગા, પદમ જમશેદજી દસ્તુર, રતનજી માણેકજી દસ્તુર, મીનોચેર દીનશાહ કાલાપેસી, ધનજીશાહ એદલજી બીલીમોરીયા, અને ફીરોઝ જાહાંગીર ખનજ્ઞરા.

બેચેલર ઑફ કૉમરસની ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૫ ઉમેદવારોમાંથી ગયા અકટોબરમાં ૭ પસાર થયલા તેમાં નીચલા ૩ પારસીઓ હતાઃ–પાસ વરગમાં મેસરસ દીનશાહ સોરાબજી બુહારીવાલા, જાહાંગીર મેરવાનજી શાહ અને ધનજીશાહ માણેકજી પટેલ; એજ પરીક્ષામાં હાજર થયલા ૩૫ માંથી ગયા એપ્રીલમાં ૧૬ પસાર થયલા તેમાં નીચલા ૩ પારસીઓ હતાઃ–બીજા વરગમાં મેસરસ મનચેરશા બરજોરજી બીલીમોરીયા અને પીરોશાહ હોરમજી બીલપોડીવાલા, પાસ વરગમાં મી૦ દારાબશાહ નશરવાનજી પાંડે.

એમ. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૭૨ ઉમેદવારોમાથી ૩૦ પસાર થયલા તેમાં નીચલા ૪ પારસીઓ હતાઃ–બીજા વરગમાં બાઇઓ ગુલેસતાન જમશેદજી બાહાદુરજી, પોરૂચીસતી જમશેદજી નાદરશાહ, મેસરસ નરીમાન ખરશેદજી શંતોક અને સોરાબ પેશતનજી ગજડર. એમાં પસાર થયલા બાઇ ગુલેસતાન જ. બહાદુરજીને મીસ સોકરીબાઇ એસ. માનકર સ્કોલરશીપ મલી હતી.

બી. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૦૯ ઉમેદવારોમાંથી ગયા નવેમબરમાં ૧૮૯ પસાર થયા હતા, તેમાં ૯ પારસીઓ હતા; એજ પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૯૭૮ ઉમેદવારોમાંથી એપ્રીલ ૧૯૨૧ માં ૬૮૮ પસાર થયા હતા તેમાં ૪૦ પારસીઓ હતા અને બધી મલી પસાર થયલી ૨૩ બાનુઓમાં ૫ પારસી બાનુઓ હતી.

બાઇ ખરશેદબાઇ હીરજીબાઇ માણેકજી રૂશતમજી બનાજીએ કલકતા યુનીવરસીટીની બી. એ. ની પરીક્ષા પસાર કીધી હતી.

સ્કુલ લીવીંગની પરીક્ષામાં બધા મળી હાજર થયલા ૬૩૯૬ ઉમેદવારોમાંથી ૩૧૩૭ પસાર થયા હતા, તેમાં ૨૫૧ પારસીઓ હતા, અને બધી મલી પસાર થયલી ૯૫ બાનુઓમાં ૨૨ પારસી બાનુઓ હતી.

મીકેનીકલ ઇજનેરની પહેલા વરગની પરીક્ષામાં મેસરસ હીરજી એદલજી મીસ્ત્રી, સોરાબજી રૂસ્તમજી એનજીનીયર અને બરજોરજી હોરમજી રચાડી, બીજા વરગમાં મેસરશ હોરમસજી માણેકજી કાવારાણા, ધનજીશાહ હોરમજી પટેલ, હોમી પેસતનજી ભાડેના, જીવણજી રૂસતમજી આબુવાલા, સોરાબજી ફરામજી બનાજી, ફરામજી ખરશેદજી ભરૂચા, અને શાવકશા નશરવાનજી મહેતા, ત્રીજા વરગમાં મેસરસ ગુસતાદજી શાપુરજી કુડીયાનાવાલા અને મીનોચેર અરદેશર કોઠારી.

વીકટોરયા જયુબીલી ટેકનીકલ ઇનસટીટયુટની છેવટની પરીક્ષાઓમાં નીચલા પારસી ઉમેદવારો પસાર થયા છેઃ–ઇલેકત્રીક એનજીનીઅરીંગ ડીપારટમેંટમાં.મેસરસ સોરાબ એફ. બનાજી, મનચેરશાહ બી. ચીનાઇ, નવરોજ એમ દીનશા, કાવશ પી. એદીઆમ, હોમી કે. ગારડ, દોરાબશા પી. ખપોલીવાલા, મીનુ જે. કાલાપેસી, પેસી એસ. પોંચખાનાવાલા અને અદી એમ. થાણેવાલા; મીકેનીકલ એનજીનીઅરીંગ ડીપારટમેંટમાં મેસરસ પીરોઝશાહ એસ. એનજીનીઅર અને રૂસતમ ઇ. મોદી; સેનેટરી એનજીનીઅરીંગ ડીપારટમેંટમાં મેસરસ પીરોશા બી. દમનયા અને ખરસેદજી એ. મેજર; ટેકનીકલ કેમીસ્ત્રી ડીપારટમેંટમાં મી૦ દાદાભાઇ એમ. કારખાનાવાળા.

ગયે વરસે બનેલા પરચુટણ જાણવાજોગ બનાવો.

મુંબઇના અંજુમનના આતશબેહરામના વડા દસ્તુરજી મીનોચેહર દસ્તુર જામાસ્પજી દક્ષીન હીંદુસ્તાનની મુસાફરીએ જવા મુંબઇથી તા૦ ૨ જી ફેબરવારીએ ઉપડી તા૦ ૩ જી એ સોલાપુર ગયા હતા. જયા એજ દીને સાંજે દસ્તુરજીએ "બેહમન અમસાસપંદ" ઉપર બોધકારક ભાષણ કરવા પછી એવણના માનમાં એટ હોમનો મેલાવડો થયો હતો. તા૦ ૯ મી એ સીકનદરાબાદ ખાતે ચીનાઇ હોલમાં "જરથોસ્તીઓએ દીનનું ગ્નાન હાંસલ કરવાની જરૂર" ઉપર દસ્તુરજી મીનોચેરજીએ શુભાખીત ભાષણ આપયા પછી હઇદરાબાદના જરથોસ્તીઓએ એક કીમતી પરસ એનાયત કરી એટ હોમનો મેલાવડો કીધો હતો. રાયચોર ખાતે તા૦ ૧૧ મી એ કરેલી વાયજ વખતે શેઠ ધનજીશાહ માણેકજી ધીત્રાળાના બેટીએ આવકાર આપનાર માનપત્ર વાચ્યું હતું તે એનાયત કરી નીજામી અસરફીની એક પરસ શેઠ ધનજીશાહે ભેટ આપી હતી. મદરાસ ખાતે દસ્તુરજીને અંજુમન તરફથી સારો આવકાર મલયો હતો અને એવણે તા૦ ૧૨ મી એ કેળવણી ઉપર ભાષણ આપયા બાદ અંજુમને પરસ ભેટ આપી હતી. તા૦ ૧૬ મીએ કોલંબો ખાતે પધારયા પછી સતર દીવસ સુધી મુકામ કીધો હતો, તે દરમ્યાન શેઠ ભીખાજી ફરામજી ખાને તેમજ અંજુમને સારી આગતા સ્વગતા કરી હતી. દસ્તુરજી મીનોચેહરજીએ કોલંબો ખાતે ત્રણ વાયજો જુદી જુદી બાબદો ઉપર આપી હતી જે ત્યા ઘણી પસંદગી પામી હતી. તા૦ ૩ જી મારચે શેઠ ભીખાજી ખાનના પ્રમુખપણા હેઠળ પબલીક હોલમાં ત્રીજી વાયજ "બંદગીની તરીકતો અને બંદગી કરવાના ધરમના મકાનો" ઉપર દસ્તુરજી મીનોચેરજીએ કરવા પછી શેઠો પાલનજી કાપડયા તથા દાદાભાઇ નશરવાનજીએ અને કોલંબોના પંથકી એરવદ બોદે દસ્તુરજીની કાબેલીયતની વખાણો કરી દુરવેરથી પોતાનું પંથક જાળવવાને તસ્દી લઇને આવયા તે માટે લાયક શબદોમાં ઉપકાર માન્યો હતો. શેઠ ભીખાજી ખાને એવણે લીધેલી તકલીફ માટે ઉપકાર માની કેટલુંક વીવેચન કરી કોલંબોની અંજુમન તરફથી એક કીમતી શીયાલ પરસ સાથે એનાયત કરી હતી. દસ્તુરજીએ પોતાને આપેલા માન માટે ઉપકાર માની કોલંબોની જરથોસતી અંજુમનને દરેહમેહરની હાજટ છે તેથી શેઠ ભીખાજી ખાન બંધાવી આપવાનો વીચાર રાખે છે તે પાર પડે એમ ઇચ્છી અંજુમન તે માટે પુરતું ફંડ કરવાને સામારથવાન થાય એમ દુવા ગુજારી હતી. દસતુરજી મીનોચેહરજીએ કોલંબો ખાતે તા૦ ૨૦ મી ફેબરવારીએ શેઠ પાલનજી નવરોજી કાપડયાની બેટીની નવજોત કરી હતી તે વખતે શેઠ પાલનજીએ એવણને શીયાલ સાથ પરસ એનાયત કરી હતી, એજ મુજબ તા૦ ૨૩ મી એ શેઠ જમશેદજી રૂશતમજી બીલીમોરીયાનાં નબીરાઓની નવજોત કરવા પછી એવણને પરસ અને શીયાલ એનાયત થયા હતા. કોલંબો ખાતેથી નુરે એલીયા વગેરેના સીતલ શેહરોમાં ફરી હરી આવયા પછી તા૦ ૯ મીએ બેલગામ ખાતે શેઠ નવરોજી નગરવાળાના પ્રમુખપણાં હેઠળ "ધરમ કેળવણીની જરૂર" ઉપર બાઇશની દરેહમેહરમાં બોધદાયક વાએજ એવણે આપી હતી, તે વખતે ત્યાંની અંજુમને પરસ એનાયત કરી હતી. દસ્તુરજી મીનોચેરજી પોતાની લાંબી મુસાફરી પુરી કરી તા૦ ૧૧ મી મારચે મુંબઇ પાછા પધારયા હતા અને એવણ સાહેબ જયા જયા પધારયા હતા તયાની અંજુમને સટેશન ઉપર હાજર થઇ સારૂ માન આપી એવણના રહેવાસ દરમયાન ઘણી સારી બદારસત કરી હતી.

નાગપોર અને કામટીની પારસી અંજુમનના માજી વાઇસ પ્રેસીડંટ સર માણેકજી બેરામજી દાદાભાઇએ અને માજી સેકરેટરી ખા૦ બા૦ બેરામજી પેસતનજીએ બજાવેલી અંજુમનની સેવાઓ તથા એઓને મલેલા ખેતાબ માટે અંજુમન તરફથી તા૦ ૩ જી એપ્રીલે સર બેજનજી દાદાભાઇના પ્રમુખપણા હેઠળ મેલાવડો કરી એ બેઉ શેઠોને ચાંદીના કાસકેટ સાથ માનપત્રો એનાયત કરવામાં આવયા હતા.

બેલગામના શાહ વેપારી ભાઇઓ શેઠો રૂસતમજી અને નશરવાનજી બોઇસે એક બંગલો ખરીદી તેમાં ફેરફારો કરી બેલગામની પારસી કલબને સપુરદ કીધો છે તે માટે તેમજ આ બંને ભાઇઓની અમુલ્ય મદદ અને ચાલુ સખાવતની કદરસનાસી માટે એવા સાહેબોને પારસી કલબના મેમબરોએ કલબના મકાનમાં તા૦ ૨૫ મી સપટેમબરે શેઠ જમશેદજી ખરશેદજી બોઇસના પ્રમુખપણા હેઠળ મેલાવડો કરી રૂપાના કાસકેટમાં માનપત્ર એનાયત કીધું હતું. એ પછી શેઠ જહાંગીરજી નવરોજી આંટીયાને એક સોનાનો 'સોવેનીર' ઘટતા લેખ સાથ તેવણે કલબની બજાવેલી સેવાના બદલામાં બક્ષવામાં આવયો હતો.

કરાંચીના દસ્તુરજી ડા૦ માણેકજી ન. ધાલા પોતાના ધણીયાણી અને બેટા સાથે કરાંચીથી તા૦ ૫ મી સપટેમબરે ઇરાનના પ્રવાસે સીધારયાથી તા૦ ૩ જી સપટેમબરે સાંજે કરાંચીની અગીયારીમાં એક મેલાવડો કરી વીદાયગીરીનું માન આપી પરસ એનાયત કરવામાં આવી હતી.

શેઠ જાહાંગીરજી ખટાઉવાલી નાટક કંપનીએ ગયા જુલાઇ માસમાં દખન હેદરાબાદમાં ખેલો કરી તેની આવક સાના પારસી ધરમાડા ફંડોમાં આપવાથી સીકંદરાબાદની ઝોરાસ્ત્રીયન કલબ તરફથી સોનાનો ચાંદ મી૦ ખટાઉને એનાયત કરવામાં આવયો હતો.

છેલ્લી મેચમાં બજાવેલી સેવાઓ માટે મેસરસ હોમી વજીફદાર અને જાહાંગીર એલ્લાવ્યાને ડાકટર પાવરીને નામના જુબીલી મેડલો પારસી જીમખાના તરફથી એનાયત થયા હતા. તેમજ મી૦ હોમી વજીફદારને હીંદુ ક્રીકેટ કલબ, ફોરટ વીજય ક્રીકેટ કલબ તરફથી રૂપાના કપ સોસરની ભેટ થઇ હતી.

ઉડવાડાના પાક ઇરાનશાહને બારસો વરસ પુરા થઇ રોજ ૯ મો માહા ૯ માને દીને ૧૨૦૧ મું વરસ બેઠું તેની ખુશાલીમાં મુંબઇની જરથોસ્તી જશન કમીટી તરફથી ઉડવાડાના આતશબેહરામમાં સવારના ૧૦) વાગે જશન તથા વ્યાજે કરવામાં આવી હતી. એ દીવસે બહાર ગામથી પુસકલ લોક હાજર થયું હતું, તેઓ માટે દરેક રીતની સગવડ કરવામાં આવી હતી. આ આતશબેહરામ સાહેબને પેહલવેહલા સંજાણ ખાતે યઝદેજરદી સને ૯૦ માં સ્થાપયા પછી નવસારી, વલસાડ વગેરે ઠેકાણે લઈ જઇ લગભગ પોણી બસો વરસ થયા ઉડવાડા ખાતે લાવવામાં આવયા છે.

સુરતની સારવજનીક કોલેજના પ્રીંસીપલ શેઠ શયાવક્ષ પેસતનજી દસ્તુરની સબી તા૦ ૧ લી સપટેમબરે એ કોલેજમાં ખુલ્લી મુકાઇ હતી.

ઓ૦ સર દીનશાહ એદલજી વાચ્છાની અને મરહુમ સર ફીરોશાહ મેરવાનજી મેહતાની ઓઇલપેંટ સબીઓ મુંબઇની કોરપોરેશન હોલમાં તા૦ ૧૫ મી ફેબરવારીને દીવસે નામદાર ગવરનર સર જયોરજે એક મેલાવડા સનમુખ ખુલ્લી મુકી હતી.

મરહુમ શેઠ મનચેરજી કાવશજી મનસુખની સબી જે કલકતાવાલા શેઠ ફરામજી મનચેરજીએ ભેટ આપેલી તે નવસારીના મોદી બાગમાં ખુલ્લી મુકવામાં આવી હતી.

સીકંદરાબાદવાલા મરહુમ બાઇ રતનબાઇ જાહાંગીર ચીનાઇની સબી વેસુગામની દરેહ-મેહરમાં તા૦ ૨૨ મી નવેમબરને દીને શેઠ જાહાંગીર જીવણજી પટેલના પ્રમુખપણા હેઠળ ખુલ્લી મુકાઇ હતી.

મરહુમ શેઠ નશરવાનજી ખરશેદજી ભેસાનીયાની સબી ભેસાણની દરેહમેહરમાં તા૦ ૨૧ મી આગસ્ટને દીને ખુલ્લી મુકાઇ હતી.

સખાવતી શેઠયા મરહુમ સર શાપુરજી બરજોરજી ભરૂચાની સબી જે શેઠ અરદેશર મેરવાનજી ભરૂચા અને એવણના ધણીવાણીએ ભેટ આપી હતી, તે અંજુમનના આતશ બેહરામમાં પેહલા ગાથાને દહાડે તા૦ ૫ મી સપટેમબરે દસ્તુરજી મીનોચેરજી જામાસપજી જામાસપઆશાનાએ એક મેલાવડા સનમુખ ખુલ્લી મુકી હતી.

જાણીતા જરથોસ્તીઓના મરણ.

શેઠ મનચેરશાહ ફરામજી ખાન ૫૩ વરસની વયે રોજ ૬ ઠો માહ ૮ મો, તા૦ ૧૩ મી એપ્રીલ ને બુધવારે વાલકેશ્વર ઉપર આવેલા પોતાના બંગલામાં બેહેસ્તનશીન થયા હતા. એવણુ એક પુરાણા અને અશલ ખાનદાનના કુલ દીપક સપુત અને સદ્ગ્રહસ્થ હતા અને વેપારમાં એવણની પેઢીનું નામ અને આંટ બહુ બોહોળી હતી. સ્વભાવે ઘણા એકનારગી અને રાંક હતા તેમજ ઘણા ધરમ ચુસ્ત, ભણનાર ગણનાર, સખીતબેહના એક ભલા અને સાચા જરથોસ્તી હતા અને પોતાના ગરીબ હમદીનોના ભલાં માટે હમેશ કાળજી ધરાવતા હતા. આવા ધરમ ચુસ્ત અને કોમ હીતકારી ગ્રહસ્થના જુવાન વયે એકાએક નીપજેલા દુખદાયક અકાળ મોતથી પારસી કોમમાં મોટો ખેદ ઉપજયો હતો અને એવણના કુટુંબ ઉપર ગજબ આવી પડયો છે તે માટે હમારી પુરતી દીલસોજી છે અને તેની નોંધ લેતાં ઘણી દલગીરી ઉપજે છે. મરહુમ શેઠ મનચેરજી પોતાના બીજા ભાગયાઓ સાથ મુંબઇ ઉપરાંત કોલંબો અને વેલાત ખાતે બોહોલા પાયા ઉપર વેપાર ચલાવતા હતા અને એવણની પેહેઢી મુંબઇમાં શેઠો દીનશાહ બીખાજી ખાનની કંપનીને નામે અને સીલોનમાં શેઠો ફરામજી બીખાજી ખાનની કંપનીને નામે વરસો થવા જાણીતી છે. શેઠ મનચેરજીના પીતા મરહુમ શેઠ ફરામજી બીખાજી ખાને ૧૮૪૪ ના સાલથી મુંબઇ તેમજ કોલંબો વગેરે ઠેકાણે વેપાર કરવાનું પહેલવહેલું શરૂ કીધું હતું તે આજદીન સુધી ચાલુ છે. મુંબઇની જાણીતી સેંત્રલ બેંકના સ્થાપનારાઓમાં એવણ એક હતા અને તેના શરૂઆતથી ડાયરેકટર હતા. એ ઉપરાંત બીજી કેટલીક જાહેર કંપનીઓના ડાયરેકટર તરીકે અને મંડળીઓના મેમબર તરીકે પોતાથી બનતી મદદનો લાભ આપતા હતા. એવણને ૧૯૦૪ ના અકટોબર માસમાં કોલંબોની મ્યુનીસીપાલીટીના મેમબર નેમયા હતા અને લાંબો વખત સુધી કોલંબો ખાતેના પારસીઓના ફંડના ત્રસ્ટી હતા. ત્યાંની પારસી કોમના એક આગેવાન રહીશ તરીકે અને ત્યાંના જાણીતા શેહેરી તરીકે મરહુમ શેઠ મનચેરજીએ ત્યાંના દરેક કામોમાં આગેવાની લઇ પોતાથી બનતી દરેક મદદ આપી હતી. એવણે તેમજ એવણની પેહેઢીએ ત્યાં કરેલા ઘણા પરોપકારી કામો તેમજ સખાવત જાણીતી છે. કોલંબોનું રગતપીતવાલું આશ્રમ અને જાનવરો માટે પાણી પીવાના બાંધવામાં આવેલા હવાડાઓ એવણની પેહેઢીની સખાવતને આભારી છે. વળી તયાંના જરથોસ્તી રવાનોને અવલમંજલ પોંહચાડવ- માટે એલયુમીનીયમની ગાડી તેને લગતી ગેહાન તથા મકાન અંજુમનને ભેટ આપયા છે અને કોલંબો તરફ આવેલાં કોતાહી ગામની લાયબરેરીનું મકાન આ વરસે બાંધી ભેટ આપયું છે. મરહુમ શેઠ મનચેરજીની સખાવતથી ૧૯૦૮ માં કોલંબો કોલટસ ક્રીકેટ કલબ માટે બાંધવામાં આવેલો "ફરામજી બીખાજી ખાન પેવીલીયન" તેમજ ૧૯૦૯ માં ગરીબ જાનવરો માટે બાંધવામાં આવેલું "ફરામજી બીખાજી ખાન આશ્રમ સથાન" જાહેર વપડાસ માટે ખુલ્લા મુકવામાં આવયા છે. એવણે દમણ ખાતે કુવાઓ અભાડા સાથે બંધાવી મયુનીસીપાલીટીને સ્વાધીન કરી નીભાવ માટે સારી રકમ આપી છે. સુરતના ગોતીના આદરીયાનને વરસો થયા નાણાની સારી મદદ કરતા હતા. શેઠ મનચેરજી ખાન તથા શેઠ પેસતનજી દીનશાહજી ખાન અને કુટુંબીઓ તરફથી ૨૧૫૦૦૦ ની રકમ અલાહેદી કાઢી તેનું વયાજ શેઠ જાહાંગીર મરઝબાનવાળા જામે જમશેદના ગરીબ જરથોસ્તીઓને મદદ કરવાના ફંડમાં આપવામાં આવે છે. એ ઉપરાંત શેઠ મનચેરજીની જાહેર તેમજ ખાનગી સખાવત ઘણી બોહોલી હતી અને મુંબઈ તથા દેશાવરો ખાતેના ધરમખાતાઓમાં ફંડોમાં નાણાની સારી રકમ હમેશાં ભરતા હતા. મરહુમ શેઠ મનચેરજીની પાયદસ્ત વખતે મરહુમને સેવટનું માન આપવાને એક બોહોલી મીજલસ ભેગી મલી હતી, જયા મોટી સંખ્યામાં જરથોસ્તી બાનુઓ તથા ગ્રહસ્થો ઉપરાંત બીજી કોમના લોકોબી હતા. એવણ શેઠના મુંબઇ ખાતે ઘરના ઉઠમણા વખતે મરહુ-

મના પુણ્ય માટે મરહુમની પુંજીમાંથી તથા ખેશ કુટુંબીઓ અને દોસ્તદારો તરફથી સખાવતમાં લગભગ દોઢ લાખ રૂપયાની રકમ અપાયલી જાહેર કરવામાં આવી હતી. એવણના ઉઠમણાની ક્રીયા સુરત ખાતે શેઠ દાદાભાઈ મોદીના શેહેનશાહી આતશબેહરામમાં કરવામાં આવી હતી, એ વખતે દસ્તુરજી કાવસજીએ અને શેઠ માણેકજી સોરાબજી દલાલે મરહુમ ગ્રહસ્થના મરણ સંબંધી દલગીરી બતાવી તેમની સખાવત, ધરમ તરફની દાઝ વીગેરે ઉપર વીવેચન કરવા બાદ ડાકટર દોસાભાઇ કોબલાએ તેમના મરણ માટેની દલગીરી તથા દીલાસાનો પત્ર મરનારના કુટુંબીઓ ઉપર મોકલવાની કરેલી દરખાસ્ત પસાર થઇ હતી.

શેઠ શાપુરજી નશરવાનજી ચાંદાભાઇ ૭૦ વરસની વયે રોજ ૪ ડો માહા ૧ લાને દીવસે મરણ પામ્યા હતા. એવણનો જનમ સુરતમાં તા૦ ૧૦-૧૨-૧૮૫૦ ને દીને થયો હતો. એવણે સીવીલ એનજીનીયર અને સીલપ શાસ્ત્રીની તાલીમ પોતાના પીતાના હાથ હેઠળ લઇ ૧૮૮૦ માં તેમની પેહડીમાં ભાગયા તરીકે જોડાઇ એવણના પીતાના મરણ પછી ભાઇ શેઠ મનચેરશાહ સાથ ૧૯૦૦ સુધી ધંધો ચલાવયો હતો. એવણ ૧૮૯૦ માં સોસાયટી ઓફ આરકીટેકટસના ફેલો નેમાયા પછી ૧૯૦૪ માં ફેલો ઓફ રોયલ ઇનસટીટયુટ ઓફ બ્રીટીશ આરકીટેકટસનું માન મલયું હતું. આગના વીમાની નુકશાનીના આંકણીઓ કરવામાં એવણ ઘણા બાહોશ હતા અને એવણની પેહેડી હસ્તક રાજાઓના મેહલો, મોટી મોટી હાસપીટલો તથા કલબો વગેરેના મકાનો બંધાયાં હતાં તેમજ ધરમખાતાઓને લગતા મકાનો બાંધવામાં પોતાની કીમતી સલાહ ફ્રી આપતા હતા.

શેઠ પેસતનજી દીનશાજી ખાન ૬૭ વરસની વયે રોજ ૨૬ મો માહા ૨ જાને દીને બેહેસ્તનશીન થયા હતા. મુંબઇની શેઠો દીનશાહ ભીખાજી ખાનની કંપનીની અને કોલંબોની શેઠો ફ્રામજી ભીખાજી ખાનની કંપનીની જાણીતી પેહેડીના ભાગયા હતા. એવણની પેહેડી સીલોન, યુરોપ અને મુંબઇ ખાતે વરસો થયા બોહોલા પાયા ઉપર મોટો વેપાર ચલાવે છે. શેઠ જાહાંગીરજી મરજબાનવાળા જામે જમશેદ હસતકના લાચાર ગરીબ જરથોસતીઓને મદદ આપવાના ફંડ માટે વયાજ આપવા સારૂ રૂ૧૫૦૦૦ ની રકમ મરહુમ શેઠ પેસતનજી તથા શેઠ મનચેરજી ખાન અને કુટુંબીઓ તરફથી જુદી કાઢવામાં આવી છે. એવણે જાહેરમાં તેમજ ખાનગીમાં સારી સખાવત કરી છે અને ગરીબ લાચારોને મદદ આપી ધરમ ખાતાઓ તથા ફંડોમાં નાણાની સારી રકમ ભરતા હતા. મરહુમ શેઠ પેસતનજી ઘણા ધરમી, રાંક અને સખી દીલના હતા અને હમેશા ગરીબોનું ભલુ કરવાને રાજી હતા. એવણ ચુસ્ત થીઓસોફીસ્ટ હતા. એવણની કોલંબોની તથા મુંબઇની પેહડી તરફથી વારનવાર સખાવતમાં સારૂ નાણું આપવામાં આવે છે.

ખાન સાહેબ રતનજી જમશેદજી દુબાશ કોમીસરીએટ કંત્રાકટર ૭૨ વરસની વયે રોજ ૩ જો માહા ૩ જાને દીને મરણ પામયા હતા. એવણનો જનમ સુમારીમાં રોજ ૨ જો માહાં ૧ લો સને ૧૨૦૮, તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૪૯ ને દીને થયો હતો. એવણ ૩ વરસની વયે મુંબઇ આવી સારી કેળવણી લઇ ૧૬ વરસની ઉમરે નોકરીએ જોડાયા પછી દુબાશ તરીકે ધંધો કરતા શેઠો ફ્રામજી નશરવાનજીની કંપનીમાં ભાગયા થયા હતા. એ પછી એવણે કોમીસરીએટના કંત્રાકો મોટા પાયા ઉપર લેઈ ચીત્રાલ, ચીન, ત્રાનસવાલ, જરમની વગેરેની લડાઇઓમાં લાખો રૂપયાનો માલ સરકારને પુરો પાડયો હતો. મેસરસ આર. જે દુબાશની કંપનીને નામે એવણની પેહેડી આજ ચાર દાહેકા થયા જાણીતી થયલી છે અને મોટા મોટા સરકારી તથા લશકરી અમદારોનો અને કમાનડર ઇન ચીફો વગેરેનો ઘણો સારો ચાહ જીતી લઇ મોટો વીસવાસ ધરાવતા હતા. એવણના ધંધામા એવણના બેટાઓ શેઠો જાહાંગીરજી, પીરોશાહ તથા ફ્રામરોજ લાંબે

વખત થયા જોડાયા છે અને હાલમાં એવોએ પોતાનું બીઝનેસ ચાલુ રાખ્યું છે. શેઠ રતનજીની સેવાઓની પીછાનમાં આઠ વરસ ઉપર એવણને ખાન સાહેબનો ખેતાબ એનાયત કીધો હતો. એવણે દેવલાલી ખાતે પોણા લાખ રૂપયાને ખરચે એક સેનેટરીયમ બંધાવી આપયું છે તેમજ ઝોરાસ્ત્રીયન એસોસીએશનને ચેલી માટે ૨૩૦૦૦૦ આપયા છે. વળી મરહુમ ખાનગીમાં સારી સખાવત કરી પોતાના હમદીનો તરફ સારો ચાહ ધરાવતા હતા. તેમજ ઘણા ધરમી વીચારના અને બાહોસ તથા દયાલુ દીલના હતા.

ખા૦ બા૦ બરજોરજી નોશીરવાનજી વકીલ ૭૩ વરસની વયે રોજ ૩ જો માહા ૫ માને દીને સુરત ખાતે મરણ પામયા હતા. એવણનો જનમ તા૦ ૨૪ મી ડીસેમબર ૧૮૪૯ ને દીને થયો હતો. મરહુમે મેત્રીકની પરીક્ષા આપવા પછી ૧૮૮૧ માં ડીસ્ત્રીકટ પલીડરની પરીક્ષા પસાર કરી સુરતમાં ફતેહમંદીથી વકીલાતનો ધંધો ચલાવી સારી નામના મેલવી હતી. શેઠ બરજોરજીએ સુરતમાં એક આગેવાન શેહેરી તરીકે જુદી જુદી મંડલીઓ સાથ જોડાઇ જાહેર કામોમાં ઉમંગથી ભાગ લીધો હતો. એવણને ૧૮૯૪ થી સુરત મયુનીસીપાલીટીના સભાસદ તરીકે ચુંટી કાઢવામાં આવયા હતા, એ દરમયાન એ મયુનીસીપાલીટીના ૧૮૯૭માં વાઇસ પ્રેસીડંન્ટ તથા ૧૯૨૧ માં પ્રેસીડંન્ટ નેમયા હતા. મરકી વખતે સારી સેવા બજાવવા માટે ૧૮૮૯ માં સરટીફીકેટ ઓફ મેરીટ એનાયત થયું હતું. ૧૮૯૨ થી સુરતની પારસી પંચાયતની બોરડના મેમબર નેમાયા પછી ૧૯૦૩ થી પ્રેસીડંન્ટ તરીકે એવણની નેમણુક થઇ હતી. ધરમપોર રાજયના જુડીશીયલ એડવાઇઝર અને કામચલાઉ દીવાનનો ઓધો ભોગવ્યો હતો અને સુરતની પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે વરસો સુધી સારી સેવા બજાવી હતી. ૧૯૦૧ માં ખાન બહાદુરનો ખેતાબ એનાયત થયો હતો એવણના મરણ માટે દલગીરી દરશાવવા માટે સુરત શેહર અને આસપાસના ગામોના જરથોસ્તીઓની જાહેર સભા તા૦ ૭ મી ફેબ્રુઆરીને દીને સાંજે ૫ કલાકે સુરતના નગીનચંદ ઇનસ્ટીટયુટમાં શેઠ એરચશાહ જાહાંગીર તાલયારખાનના પ્રમુખપણા હેઠળ મલી હતી.

ડા૦ નશરવાનજી ફકીરજી સરવેયર ૫૭ વરસની વયે રોજ ૧૨ મો માહા ૫ માને દીને મરણ પામયા હતા. એવણે ૧૮૮૪ માં બી. એ. ની, ૧૮૮૮ માં એમ. એ. ની, ૧૮૮૯ માં એલ. એમ. એંડ એસ. ની અને ૧૮૯૧ માં એમ. ડી. ની ઉંચી ડાકટરની દીગરી મેલવી હતી. સર જમશેદજી હાસપીટલના પ્રોફેસર તરીકે ઘણા વરસો સુધી એવણની નેમણુક કરવામાં આવી હતી. મરહુમને મરકીના રોગને લગતી શોધખોલ કરવા સારૂ નેમયા હતા અને યુનીવરસીટીના ફેલો તરીકે વારનવાર નેમણુક થતી હતી. મરહુમે વઇદાને લગતી બાબદો ઉપર ઘણા ભાષણો આપયા હતા.

ડા૦ સોરાબ ખરશેદજી નરીમાન ૬૦ વરસની વયે રોજ ૬ ઠો માહા ૭ માને દીને મરણ પામયા હતા. એવણે ૧૮૮૩ માં એલ. એમ. એંડ એસ. ની, ૧૮૮૭ માં મુંબઇની એમ. ડી. ની પરીક્ષા પસાર કરવા પછી વેલાત જઇ ડી. પી. એચ. નો ડીપલોમાં મેલવી એમ. આર. સી. એસ. તથા એલ. આર. સી. પી. ની પરીક્ષાઓ પસાર કરી હતી. એવણને ૧૮૮૯ થી ૧૮૯૪ સુધી જાનવરોના વૈદાની કોલેજના મદદનીશ પ્રોફેસર તેમજ ગ્રેટ બ્રીટનની સેનીટરી સોસાયટીના સભાસદ તથા યુનીવરસીટીના ફેલો નેમવામાં આવ્યા હતા. સને ૧૯૦૨ માં નામદાર સરકારે જે. પી. નેમી માન આપયું હતું. સને ૧૯૦૦ થી ચઉદ વરસ સુધી પારસી ફીવર હાસપીટલના વડા તબીબ તરીકે સારી સેવા બજાવી હતી.

શેઠ હોરાબજી એદલજી ગીમી ૭૩ વરસની વયે રોજ ૨૧ મો માહા ૭ માને દીને મરણ પામયા હતા. એવણ ૧૮૬૪ મા મેત્રીકયુલેશનની અને ૧૮૬૭ માં બી. એ. ની પરીક્ષામાં પસાર થયા હતા. એવણુને ૧૮૭૧ માં મુંબઇ યુનીવરસીટી તરફથી માણેકજી લીમજી ગોલ્ડ મેડલ મલયો હતો. સુરત, નડીયાદ, અને રાજકોટની હાઇ સ્કુલના હેડમાસતર અને ૧૮૮૮ માં ઉતર વીભાગના એડયુકેશનલ ઇનસપેકટર અને ૧૮૭૫ માં નડીયાદ મયુનીસીપાલીટીના મેમબર તરીકે એવણુની નેમણુક થઇ હતી. ઇસ્વી સને ૧૯૦૪ માં પારસી લેખક મંડલના ઉપ-પ્રમુખ નેમાયા હતા. મરહુમે જુદી જુદા બાબદો ઉપર રેસાલાઓ ભાષાણુ આપયા હતા.

ન્યું હાઇ સ્કુલના જોડયા પ્રીંસીપલ શેઠ જાલભાઇ દોરાબજી ભરડા ૫૭ વરસની વયે રોજ ૬ ઠો માહા ૧૧ માને દીને મરણ પામયા હતા. એવણે મેત્રીક થઇ ૧૮૮૬ માં બી. એ. ની પરીક્ષા પસાર કીધી હતી સને ૧૮૯૧ માં શેઠ કેકોબાદ બેહરામજી મરઝબાન સાથે મલી "નયુ હાઇ સ્કુલ" સ્થાપી હતી. એ સ્કુલ હાલમાં ઘણી ફતેહમંદીથી તેમજ મોટા પાયા ઉપર ચાલે છે. એવણુ અથાગ અભયાસી હતા અને વાંચણુના જબરા શોખીન હતા. વલી એવણુને ફ્રેનચ, જરમન, ફારસી, ગુજરાતી ભાષાનું સારૂ જ્ઞાન હતું. પીટીટ ઇનસટીટયુટ, જરથોસ્તી છોકરીઓની મંડલી, પીટીટ ગરલસ આરફનેજ તથા બીજા કેળવણીખાતાઓ સાથે જોડાઇ પોતાની બનતી મદદ આપતા હતા. એવણુને યુનીવરસીટીના ફેલો નેમવામાં આવતા હતા. ઉડવાડા અંજુમનના ટ્રસટી હતા.

માહા ૧ લો ફરવરદીન શેહેનશાહી સને ૧૨૯૧ યજદેજરદી.

પારસીઓના તીસે રોજ—તેના નામ સાથે.	વાર.	ઈંગ્રેજી	હીંદુ	કદમી જરથોસ્તીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહ ૨ જો અરદીબેશત સને ૧૨૯૧ યજદેજરદી. ઇ૦ તા૦ ૧૦ મી સપટેમબરથી તા૦ ૯ મી અકટોબર ૧૯૨૧ સુધી. હીંદુઓના સંવત ૧૯૭૭ ના ભાદરવા સુદ ૯ ને વાર સનીથી તે આશો શુદ ૮ ને વાર રવી સુધી.
૧—અહુરમજદ.	શની.	૧૦	૯	શેહેનશાહી "નોરોજ" (પતેતી) જરથોસ્તીઓનું યજદેજરદી [સને ૧૨૯૧ નું નવું વરસ. માહા ૨ જો કદમી
૨—બેહમન....	રવી.	૧૧	૧૦	
૩—અરદીબેશત.	સોમ.	૧૨	૧૧	હમકારો, શે૦ રપીથવન ઇજવાનો દીવસ—કદમી અરદીબેસ્ત [અમસાસફંદનું જશન.
૪—શેહરેવર....	ભોમ	૧૩	૧૨	તાબુત થંડા કરવાનો દીવસ.
૫—સફંદારમદ.	બુધ.	૧૪	૧૨	શેઠ નવરોજી ફરદુનજી શી. આઈ. ઈ. ગુજર્યા ૧૨૫૫.
૬—ખુરદાદ.....	ગુરૂ.	૧૫	૧૩	શેનશાહીઓનો ખોરદાદસાલ (ખાશ લોકોનો નોરોજ,) પેગંબર
૭—અમરદાદ...	શુકર.	૧૬	૧૪	શેહનશાહી અમરદાદસાલ (વરાવો) [જરથોસ્તનો જન્મ દીવસ.
૮—દેપાદર.....	શની	૧૭	૧૫	
૯—આદર......	રવી.	૧૮	૧	હમકારો.
૧૦—આવાં......	સોમ	૧૯	૨	
૧૧—ખુરશીદ ...	ભોમ.	૨૦	૩	કદમીઓનાં 'મેદીઓજરેમ' ધંમબાર. [ય૦ ૧૨૬૮.
૧૨—માહર......	બુધ.	૨૧	૪	દસ્તુર ડાકટર જામાસ્પજી મીનોચેરજી જામાસ્પ આશાના ગુજરયા
૧૩—તીર	ગુરૂ..	૨૨	૫	
૧૪—ગોસ... ...	શુકર.	૨૩	૬	૧૮૭૫ માં અમદાવાદમાં મોટી રેલ આવી. ઈસ્ટ ઈંડીઆ કંપની [સ્થાપી, ૧૬૦૦.
૧૫—દેપમેહર...	શની.	૨૪	૭	
૧૬—મેહર......	રવી.	૨૫	૮	હમકારો.
૧૭—શરોશ.. ...	સોમ.	૨૬	૯	
૧૮—રશને......	ભોમ.	૨૭	૧૧	
૧૯—ફરવરદીન...	બુધ.	૨૮	૧૨	શેહેનશાહી ફરવરદીઆંનનું જશન. પુનામાં શેઠ હો૦ શે૦ તાડીવાલાની ધરમશાલાને વરશ ૫૩ મું. મુંબઇમાંનાં મોદી હીરજી વાછાગાંધીનાં દુખમાંને ૨૫૩ મું, માં૦ ન૦ શેઠનાવાલાં દખમાને ૧૬૭ મું, ગંદેવીમાંનાં અન૦ દખમાંને ૧૯૮ મું. નવશારીની મલેશેરની અનજુમનની દરેમેહરને ૧૧૫ મું. મુંબઇની શેઠ જ૦ દા૦ શોડાવાટરવાલાની અસલ દાદગાંની દરેમેહરમાં આદરીઆંન પરઠેઆં ય૦ સને ૧૨૫૫.
૨૦—બેહરાંમ....	ગુરૂ..	૨૯	૧૩	હમકારો. એડનવાલી શેઠ કા૦ દી૦ની દરેમેહરને વરસ ૩૯. [સુરતવાલા ખાનશાહેબ બેજનજી પાલનજી કોટવાલ ગુજર્યા યઝદેજરદી૧૨૨૦.
૨૧—રાંમ	શુકર.	૩૦	૧૪	
૨૨—ગુવાદ......	શની.	૧	૩૦	**અકટોબર માસ.** લંડનની યુનીવરસીટી ઉઘડી ૧૮૨૮.
૨૩—દેપદીન......	રવી.	૨	૧	**આશો માસ** નોરતાં બેઠા. ચાંદરાત.
૨૪—દીન	સોમ.	૩	૨	
૨૫—અરશેસવંગ.	ભોમ.	૪	૩	
૨૬—આસતાદ...	બુધ.	૫	૪	
૨૭—આસમાન ..	ગુરૂ..	૬	૫	
૨૮—જમીઆદ..	સુકર.	૭	૬	
૨૯—મારેસફંદ..	શની.	૮	૭	
૩૦—અનેરાં.. ...	રવી.	૯	૮	

માહા ૨ જો અરદીબેહેસ્ત શેહેનશાહી સને ૧૨૯૧ યજદેજરદી.

પારશીઓના તીસે રોજ–તેના નામ સાથે.	વાર	[illegible]	[illegible]	કદમી જરથોશતીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૩ જો ખુરદાદ શને ૧૨૯૦ યજદેજરદી. ઈં૦ તા૦ ૧૦ મી અકટોબરથી તા૦ ૮ મી નવેમબર ૧૯૨૧ સુધી. હીંદુઓના સંવત ૧૯૭૭ ના આસો શુદ ૯ ને વાર સોમથી તે સંવત ૧૯૭૮ ના કારતક શુદ ૮ ને વાર ભોમ સુધી.
૧–અહુરમજદ	શોમ.	૧૦	૯	માહા ૩ જો ખુરદાદ કદમી.
૨–બેહમન.....	ભોમ.	૧૧	૧૦	દસેરા.
૩–અરદીબેશત	બુધ.	૧૨	૧૧	હંમકારો. પુણાની ક૦ શેહેનશાહી દરેમેહરને વરસ ૨૯. શેહેનશાહી અરદીબેસતનું જશન. મુંબઇનાં જરથોશતી અંજુમનનાં આતશબેહેરાંમને ૨૫ મું. ધી જમશેદજી ન૦ પીટીટ આરફ્નેજ ઉઘડી ય. ૧૨૫૮.
૪–શેહરેવર ...	ગુરૂ.	૧૩	૧૨	દીલીના શેહેનશાહ અકબરનું મરણ, ૧૬૦૫.
૫–સફંદારમંદ	શુકર.	૧૪	૧૩	[અકબરનો જ૦ ૧૫૪૨.
૬–ખુરદાદ	શની.	૧૫	૧૪	ક૦ પારસીઓનું ખોરદાદ અમસાસપંદનું જશન. દીલીના પા૦
૭–અમરદાદ...	રવી.	૧૬	૧૫	માણેકથારી પુનમ–ચંદ્ર ગ્રહણ.
૮–દેપાદર......	શોમ.	૧૭	૧	હમકારો.
૯–આદર......	ભોમ.	૧૮	૨	પુણેવાલા દસ્તુર ખા૦ બા૦ સરદાર નો૦ જા૦ ગુજર્યા ય૦ ૧૨૫૪.
૧૦–આવાં......	બુધ.	૧૯	૩	
૧૧–ખુરશીદ ...	ગુરૂ.	૨૦	૪	શેન૦ ‘મેદીઓજરેમ’ ધંબાર. શેઠ ફ૦ ન૦ પટેલના
૧૨–મોહોર......	શુકર.	૨૧	૫	[મજગાંમનાં આદ્રાનને ૭૭.
૧૩–તીર.... ...	શની.	૨૨	૬	ડા૦ કેખશરૂ ન૦ બાહાદુરજીનો જન્મ, ય૦ ૧૨૩૦.
૧૪–ગેસ........	રવી.	૨૩	૭	
૧૫–દેમેહર.....	શોમ.	૨૪	૮	
૧૬–મેહેર......	ભોમ.	૨૫	૯	
૧૭–શરોશ....	બુધ.	૨૬	૧૦	હમકારો. શેહેનશાહી જરથોસ્તીઓના ૩ આતશબેહેરાંમો તથા આદરાંનોની સાલગરેહ, તેમાં નવસારીના આતશબેહરાંમને ૧૫૭મું. શુરતના શેહેનશાહી આ૦ ને ૯૯ મું. મું૦ ના વાડીઆ-જીના આ૦ ને ૮૮ મું. મુંબઇમાંના મ૦ બ૦ શેઠના આદરાંનને ૧૦૦ મું. શા૦ શે૦ કપાવાલાના આદરાંનને ૬૪ મું. સર જ૦ જી૦ ના શુરતનાં રૂશતમપુરાનાં આદરાંનને ૬૮ મું. [લાવવાનું મુરત–વાઘબારસ.
૧૮–રશને......	ગુરૂ.	૨૭	૧૧	ઝાહાંગીર પાદશાંહનું મરણ હી૦ સ૦ ૧૬૨૭. વેપારીઓને ચોપડા
૧૯–ફરવરદીન...	શુકર.	૨૮	૧૨	ધનતેરસ. [હો૦ બ૦ વા૦ના ચરનીવાડીમાંનાં આદ્રાંનને ૧૧૭.
૨૦–બેહરામ....	શની.	૨૯	૧૩	કાલીચઉદસ. હમકારો. નાગપોરની હીરાંબાઇમુલાંવાલી દરેહમરને ૨૭
૨૧–રાંમ.......	રવી.	૩૦	૩૦	વહી પુજાનો દીવસ–દીવાલી.
૨૨–ગુવાદ......	શોમ.	૩૧	૧	**કારતક માસ.** હીંદુઓનું નવું વરસ ૧૯૭૮. [માહારાંણીની સરકારે હીંદુસ્થાન પોતાને સ્વાધીન લીધું ૧૮૫૮
૨૩–દેપદીન....	ભોમ.	૧	૨	**ચાંદરાત. નવેમબર માસ.** ઇસ્ટ ઈંડીયા કુંપનીના શેહેરેથી નામદાર
૨૪–દીન...	બુધ	૨	૩	આકોલા મધે ખા. બા. દસ્તુરજી નો૦ ની દરેમેહરને ૫૨ મું.
૨૫–અરશીસવંગ.	ગુરૂ.	૩	૪	આ૦ સર દી. મા. પીટીટ કલકતાની કાંઉનશીલના મેમબર નેમાયા [૧૮૮૮.
૨૬–આસતાદ ...	શુકર.	૪	૫	સર ફીરોઝશાહ મે૦ મેહતા ગુ. ય. ૧૨૮૫. શેઠ ખ૦
૨૭–આશમાન...	શની.	૫	૬	[માં૦ સરાફના કોટમાનાં આદ્રાંનને ૧૦૬.
૨૮–જમીઆદ.,.	રવી.	૬	૭	વેલાતમાં પેહેલવેહેલું ન્યુસ લંડન ગેઝેટ નીકલ્યું ૧૬૬૫. મરી-નલાઇનની શેઠ જ૦ દા૦ આમરીયાની દરેમેહેરમાં પેહલા [દાદગા સ્થાપવાને ૪૮ મું.
૨૯–મારેસફંદ...	સોમ.	૭	૭	પ્રી. આફ વે. તે મરહુમ શેનશાહ એડવરડ હીંદુસ્થાનની મુસાફરી
૩૦–અનેરાં.....	ભોમ.	૮	૮	માટે મુંબઇ આવ્યા ૧૮૭૫.

માહા ૩ જો ખુરદાદ શેહેનશાહી શને ૧૨૯૧ યજદેજરદી.

(૨૫) એ દરેહમેહેર ખા. બા. પેસતનજી સોરાબજી ભુજવાલાએ પોતાના મરહુમ પીતાજીના પુણ માટે લગભગ અગીઆર હજાર રૂપીયા ખરચીને બંધાવી આપી હતી. એ દરેહમેહેર ઈજાયા આગમજ તયાંના માહારાજા રાવ શ્રી ખેંગારજી શવઈ બાહાદુરને દેખાડવામાં આવી હતી. તે પછી પારસી રીત મુજબ ઈજીને પરઠવામાં આવનાર હતી તેટલાં એ દરેહમેહેરના બંધાવનાર ખા. બા. પેસતનજી ગુજરી જવાથી મરહુમના માસીસાને દીને પહેલાં પરઠવાં ધારયું હતું તેથી એ અગીયારીની તખતી ઉપર રોજ ૨૩ મો માહા ૧૦ મો યઝદેજરદી સને ૧૨૭૩ લખેલા છે, પણ કાંઈક ઢીલ થવાથી એ દીને દરેહમેહેર પરથવામાં નહી આવી હતી તે પાછલથી મરહુમની વરસીને દીને યાને રોજ ૨૩ મો માહા ૯ મો સને ૧૨૭૪ ને દીને પરથીને ખુલ્લી મેલવામાં આવી હતી.

(૨૬) આ દરેહમેહેર અસલ મરહુમ શેઠ ડોશાભાઈ મેરવાનજી વાહાડયાની યાદગારી માટે એવાના ખેશીઓએ બાંધી હતી. તેમાં એક નવો ગુમબજ બાંધવા તથા તેમાં સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમા રીપેર કરવા માટે યઝદેજરદી સને ૧૨૭૩ માં નજદીક રૂ ૬૦૦૦ નું એક ફંડ ભેગુ કરી તેમાંથી એ દરેહમેહુરનો સઘલો રીપેર ખરચ કરવામા આવયો હતો. મજકુર દરેહમેહેરમાં જયાં અસલ આતશ દાદગાં હતા તયાં કરાંચીવાલા શેઠ કાવસજી હોરમસજી કાતરકે પોતાના મરહુમ ધણીઆણી બાઈ સુનાબાઈની નઈયતે, પોતા તરફથી મોટો ખરચ કરી, રોજ ૯ મો માહા ૯ મો યઝદેજરદી સને ૧૨૭૨ ને દીને, યાને એ આદરીયાન સાહેબની ૩૫ માં વરસની સાલગરેહને દીવસે, આતશ આદરીયાન સાહેબ પરઠાવેઆં છે. એ આદરયાન પરઠયા પછીનો કાઠી સુખડ, તેલ વગેરેનો જે વધુ ખરચ થાય તેને માટે એજ શેઠે બીજા વધુ રૂ ૩૦૦૦ એવી શરતે આપીયા છે કે એ રકમના વ્યાજમાથી એ ખરચ કરવો. એ અગીઆરીને બીજો ચાલુ ખરચ તો જયારથી એ અગીયારી પરથાઈ છે તયારથી અંજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૭) આ દરેમેહેર કરાંચી ખાતે રોજ ૯ મો માહા ૮ મો શેનશાહી સને ૧૨૧૮ ય., તા૦ ૩ જી મે ૧૮૪૯ ઈસવીને દીને શેઠ હીરજીભાઈ જમસેદજી બેહેરાનાએ પહેલવેહેલી શદર બજારમાં પોતાના રહેવાના મકાનવાળી જગાના અરધા ભાગપર આતશ આદરાનની પરથાવી હતી. એ પછી શેઠ હીરજીભાઈના વસીયત પરમાણે એવણના વીધવા બાઈ મેરબાઈએ રૂ ૨૨૨૫૦ આપયા હતા, એમાંથી બીજી જગાપર રૂ ૩૦૦૦ની જમીન ખરીડી રૂ ૧૩૦૯૦ને ખરચે નવું મકાન બંધાવી આપી રૂ ૪૬૮૩ જુના મકાનના રીપેર માટે આપયા હતા. નવું મકાન રોજ ૯ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૪૪ યઝદેજરદી,, તા૦ ૨૭ મી એપરેલ ૧૮૭૫ ઈસવીને દીને પરથાવી તેમાં આતશઆદરાનને પાછા તખતનશીન કીધા હતા. કરાંચીના રહીશ શેઠ ફરામજી બેરામજી કલેકટરે લગભગ રૂપ્યા પાંચ હજાર ખરચી કેટલુક સમારકામ કરી આપી રોજ ૯ મો માહા ૮ મો સને ૧૨૭૮ ને દીને આતશ આદરાનને તખતનશીન કીધા હતા. એ દરેહમેહેરનું મકાન બીસમાર થવાથી લગભગ રૂપ્યા અરધા લાખને ખરચે સુધારી વધારીને નવેસરથી બાંધવામાં આવ્યું છે. એમાં શેઠ અરદેસર હોરમજી મામાએ મરહુમ પીતાજી ખા. સા. હોરમસજીના પુણ માટે રૂ ૨૦૦૦૦ ને ખરચે માલપર એક હોલ બંધાવી આપ્યો છે જેને "હોરમસજી મામા હોલ" એવું નામ આપયું છે; તેમજ શેઠ અરદેશરે મરહુમ માતાજી હોમલીબાઈની યાદમાં રૂ૫૦૦૦ ને ખરચે દરેહમેહરની પુરવે-દક્ષીણ તરફ આવેલા મકાનપર નવો માલ બંધાવયો છે. મરહુમ શેઠ જમશેદજી અરદેસર હીરજીભાઈની યાદમાં માતાજી બાઈ ડોસીબાઈએ તથા મરહુમના ભાઈઓએ રૂ ૫૫૦૦ ને ખરચે એક ઓરડો પુસતકશાળા માટે માલપર બંધાવ્યો છે જેને "જમશેદજી અરદેશર હીરજીભાઈ બહેરાના લાયબરેરી તથા રીડીંગ રૂમ" એવું નામ આપ્યું છે. આ નવું મકાન તથા હોલ ને પુસતકશાળા રોજ ૯ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૮૭ યજદેજરદી તા૦ ૧૫ મી આગસ્ટ ૧૯૧૮ ને દીને ખુલ્લા મુકયા હતા.

(૨૮) કલકતા ખાતે શેઠ ધ. બે. મેહતાએ પોતાના ખાનગી ઘેરમાં દાદગાહની દરેહમેહર ય. સને ૧૨૫૯ મા સથાપી હતી. તે પછી મરહુમના વીધવા બાઈ ખરશેદબાઈ તથા બેટા શેઠ રૂશતમજી ધં. મેહેતા સી. આઈ. ઈ. અને કુટુંબે મલી આપેલા રૂ ૧૧૦૦૦૦ તેમજ કલકતાની અંજુમને તથા બીજા સાહેબોએ ભરેલા રૂ ૬૭૦૦૦ મલી રૂ ૧૭૭૦૦૦ માંથી જુનું મકાન રૂ ૪૩૦૦૦ ની કીમતે ખરીદી તે ફરીથી નવેસરથી રૂ ૪૨૦૦૦ ના ખરચે બાંધવામાં આવયું હતું. આ નવું મકાન ઈજી તેમાં આતશ આદરાન સાહેબના કેબલાને તખતનશીન કરી ખુલ્લું મેલવાની ક્રીરીયા શેનશાહી રોજ ૧૭ મો માહા ૨ જો સને ૧૨૮૨ ને દીને થઇ હતી. આ નવી દરેહમેહરમાં અસલના દાદગાહ લાવીને પરથવામાં આવ્યા છે.

(૨૯) કલીયાણી મધે અસલ એક ઘણી પુરાંણી દરેહમેહર હતી, પણ તે બીશમાર હાલતમાં આવવાથી મુંબઈવાલા શેઠ એદલજી બેરાંમજી મોદીએ યઝદેજરદી સને ૧૧૫૮ માં તે ફરીથી બંધાવી હતી. તે દરેમેહરમાં આતશઆદરાન નહી હોવાથી કલીઆણીવાલા શેઠો ભીખાજી જીજીભાઈ શેઠના, ડોસાભાઈ હોરમજી ભીમડીવાલા, ફરદુનજી મેરવાંનજી શરાફ અને હોરમજી માણેકજી ભીમડીવાલાએ પોતાને ખરચે એ જુની દરેહમેહરમાં ઘટતો ફેરફાર કરી રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૫૦ ને દીને આદરીઆન સાહેબ પરઠાવયા છે, અને તેના ચાલુ ખરચ સાર રૂ ૭૦૦૦ હલાયદા કહાડયા છે.

(૩૦) આ કવેતાવાલી પુરાંણી અગીઆરીને માટે હેવું છે કે એ માતર દરેહમેહેરનું મકાનજ હતું પણ તે દરેહમેહર ઈજાવામાં આવેલી નહી હોવાથી છેક યઝદેજરદી સને ૧૨૭૫ માં રોજ ૨૭ મો માહા ૩ જાને દીને કવેતાવાલા ખા૦ બા૦ બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ. ઈ.ને ખરચે ઈજાવીને ખુલ્લી મેલવામાં આવી છે.

(૩૧) આ ચીખલીની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી શેઠ સોરાબજી ફરામજી ગજદરે તથા એવણના બેટા શેઠ નશરવાનજીએ ફરીથી બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મુકવાની ક્રીરીયા શેનશાહી રોજ ૨૦ મો માહા ૨ જો ય. સને ૧૨૮૪ ને દીવસે કરવામાં આવી હતી.

(૩૨) એ દરેમેહરનું અસલ મકાન ઘણા વરસપર કોઈ સખી જરથોશતીએ બંધાવેલું કહેવાય છે તે પછી સને ૧૨૩૮માં શેઠ એદલજી રતનજી વ્યાજખોરાએ મકાન પાછું બંધાવી આપયું હતું. તે મકાન બીસમાર હાલતમાં આવવાથી જરથોશતી અનજુમનમાં જાહેર ઉગરાણું કરી આશરે રૂ ૯૦૦૦ માંથી એ મકાન રોજ ૩ જો માહા ૮મો શેનશાહી સને ૧૨૬૯ ને દીને આતશ દાદગાહ સથાપીને નવેસરથી બાંધવામાં આવ્યું હતું. પણ પાછલથી આદરીઆન સથાપવા માટે શેઠ કુવરજી કાવસજી તવરીઆએ પોતાના મરહુમ પુત્ર ડાકટર હોરમજીના પુણ માટે રૂ૧૦૦૦૦) દશ હજારની રકમ આપીને ફરીથી નવેસરથી એ મકાનમાં આદરીયાન સથાપીને રોજ ૯ મો માહ ૧૦ મો ૧૨૭૦ ને દીને ઈજાવીને ખુલ્લું મેલ્યું હતું.

(૩૩) એ મકાન પુરાંણું થવાથી મુંબઈવાલા શખીવજુદ બાઈ દીનબાઈ નસરવાંનજી પીટીટે પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજી નશરવાનજી પીટીટના પુણને માટે રોજ ૩ જો માહા ૧૦ મો શેનશાહી ૧૨૬૪ ને દીને, ફરીથી બંધાવી આપયું છે.

(૩૪) આ દરેમેહેર અશલ ય૦ સને ૧૧૫૦ ની આગમચ દાદગાંની બનાવેલી હતી. ત્યાં નવેસુરથી આતશ આદરાંનની દરેમેહેર શેઠ રૂશતમજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી રૂશતમજી પટેલની નઈએતે બંધાવીને રોજ ૯ મો માહા ૭ મો શેહનશાહી સને ૧૧૯૮ યઝદેજરદીને દીને પરઠાવી છે.

(૩૫) આ દમણની બાઈ રતનબાઈ કામાવાળી દરેમેહરનું મકાન ઘણું બીસમાર થઈ જવાથી તે દરેમેહર યઝદેજરદી સને ૧૨૭૬ માં ત્યાંથી સદનતર કાઢી નાખવામાં આવેલી જણાયછે. એ વીષેની સંબાન વીગત યઝદેજરદી સને ૧૨૭૭ ના કેલેનડરમાં દમણની વીગતમાં પાણું ૧૪૯ માં છાપેલી છે.

(૩૬) આ ફુમસની દરેહમેહરનું જુનું મકાન ઘણું બીસમાર હાલતમાં આવવાથી મરહુમ શેઠ પાલનજી રતનજી કંત્રાકટરના પુણ માટે મરહુમના દીકરા શેઠ મનચેરજી પાલનજી કંત્રાકટરે તથા મરહુમના ધણીઆણી બાઈ બાઈઆઈ પાલનજીએ લગભગ રૂ૧૨૦૦૦ના ખરચે ફરીથી નવું મકાન બંધાવી આપ્યું હતું. નવું મકાન ઈજી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૨૯ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ને દીને; ફરી તેમાં આતશ દાદગાહને પાછા તખતનશીન કીધા હતા.

(૩૭) દેવસાલીની ચીનાઈવાલી દરેહમેહરનું મકાન કેટલાક બદમાશોએ ચોરી કરવાના ઈરાદાથી મોડી રાતે અંદર જઈ અપાવ કરવાથી આ મકાનને સવા વરસ પછી બાઈ રતનબાઈ જ. ચીનાઈના ખરચથી ફરીથી ઈજી રોજ ૧૭ મો માહા ૨ જો શેહેનસાહી ૧૨૯૦ યઝદેજરદીને દીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

(૩૮) આ દરેહમેહેરનું પહેલવેહેલું મકાન ફકત અમથુ ક્રીયા કામ માટે યઝ્દેઝરદી સંને ૫૫૧ માં નવસારી ખાતે જરથોસતીઓએ જઈ રહયા પછી પરથવામાં આવ્યું હતું. તયાર બાદ મરહુમ બાઈ સાહેબ મોહસણબાઈ બેહેદીન બેહરામજીએ પોતાનું એક ઘર આપી તેમાં વધારો કરયો હતો. પણ વસતીના વધવાથી બંને મકાનો નાનાં પડવાને લીધે મરહુમ દેશાઈજી મીનોચેહરજી ખુરશેદજીએ તેમાં મોટો વધારો કરી એ જુનાં મકાનોની સાથે પોતાનાં ખરચથી નવું મકાન રોજ ૧ લો માહા ૫ મો સને ૧૧૬૪ ને દીને બંધાવી અમથુ ક્રીયા કામ માટે ખુલ્લું મેલ્યું હતું. એ પછી બાઇ મોટલાંબાઈ જાહાંગીર વાડીઆએ પોતાના મરહુમ બાવા શેઠ જાહાંગીરજી નોશરવાનજી વાહાડયાનાં પુણ્ય માટે લગભગ રૂપ્યા વીસ હજારને ખરચે એ જુની દરેહમેહરને લગતું બાજુમાં બીજુ નવું મકાન બંધાવી રોજ ૨૬ મો માહા ૮ મો સને ૧૨૨૦ યઝદેજરદી તા૦ ૨૫ મી મે ૧૮૫૧ ને દીને પરઠાવ્યું હતું. વળી એ દરેહમેહરને લગતું બીજુ જુનું મકાન પાછુ નબલી હાલતમાં આવવાથી દેશાઈ કાવશજી એરચજી ગોંડલવાલાએ લગભગ રૂપ્યા સાત હજારનો ખરચ કરી નવેસરથી એ મકાન બંધાવી આપ્યું હતું તથા એમાં એવણનાં ધણીઆણી બાઈ મોતીબાઈએ આતશ દાદગાહ પરઠાવી આતશ રોશન રાખવા સારૂ રૂ. ૪૦૦૦ આપ્યા હતા. આ દેશાઈ કાવસજીવાળુ નવું બંધાયલું મકાન તથા એમાં પરઠેલો આતશ દાદગાહનો કેબલો ખુલ્લો મેલવાની ક્રીયા યઝદેજરદી સને ૧૨૭૬ ના રોજ ૧૭ મો માહા ૧૨ માને દીને કરવામાં આવી હતી. મરહુમ બાઈ મોટલાબાઈ વાહાડયાજીએ બંધાવેલા મકાનનો કેટલોક ભાગ બીસમાર થવાથી તેમાં કેટલોક ફેરફાર અને મરામત મરહુમ બાઈના દીકરા મરહુમ શેઠ. નવરોજી માણેકજી વાહડયા સી. આઈ. ઈ. એ લગભગ રૂપ્યા ૧૫૦૦ ને ખરચે કરાવ્યો હતો, તેને ઈજીને રોજ ૧૨ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ યાને મરહુમ શેઠ નવરોજીના પહેલા મહીનાની બાજને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૩૯) આ મીનોચેહર હોમજીવાલી દરેમેહેર જે નવસારીના આતશબેહરામની સામે આવેલી છે તેમાં પેહેલે આતશ દાદગાં હતા પણ એ પછી રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૮ યજદેજરદીને દીને જરથોસ્તી અનજુમનના ઉમરાતથી રૂ૩૪૦૦૦ને આશરેનું ફંડ કરીને એ મકાન નવેસરથી બાંધીને તેમાં આતશ આદરાન તખતનશીન કીધા છે.

(૪૦) આ નારગોલની દરેમેહરનું અશલ મકાન મુંબઈવાલા શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીનું એકસો વરસ આગાઉ બંધાવેલું હતું, પણ તેનો રોજ માહા શને મલતો નથી. એમાં આતશનો કેબલો નહી હતો, પણ અમથાં ઘરમના મકાનમાં મોબેદો રહીને કીરીયા કાંમ કરતા, તેવોનો ગુશારો શેઠ દાદાભાઈનાં બેટી બાઈ શુનાબાઇ દાદાભાઈ વાડીઆએ કરવી સને ૧૯૧૪ સુધી આપ્યો હતો. તેજ મકાનમાં પાછલથી રોજ ૧૧ મો માહા ૧૦ મો સને ૧૨૫૧ યજદેજરદીમાં શેઠ માણેકજી રૂશતમજી અને ભાઈઓએ પોતાનાં મરહુમ માતાજી બાઈ માંણેકબાઈનાં પુણને માટે દાદગાં પરઠયાં છે અને તેના બોય દેવાનો, કાઠો તેલ વીગરેનો ખરચ એજ ભાઇઓ ફંડ ઉભુ કરીને તેમાંથી પુરો પાડે છે.

(૪૧) આ દરેમેહરમાં પેહલે આતશ દાદગાં હતાં, તે પછી રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૧૨ ને દીને આતશ આદરાન પરઠેયા હતા, પણ તે દરેમેહર બીસમાર હાલતમાં આવવાથી પુણેવાલા મરહુમ દશતુરજી જામાશપજી એદલજી જામાસ્પઆશાનાના શાહેબજાદાઓએ રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૪૬ ને દીને ફરીથી નવેસરથી બાંધીને સ્થાપી છે.

(૪૨) દખણ હેદરાબાદ તરફ શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજીની કેટલીક દરેમેહરો બાંધેલી છે, તેમાંની એક આએ બાલાપોરનીબી દરેમેહર બંધાયલી હતી, પણ હાલ તે મોજુદ નથી એમ કેહવાય છે.

(૪૩) બીલીમોરામાં રોજ ૨૦ મો માહા ૧૦ મો યજદેજરદી સને ૧૧૯૭ યાને તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૮ ને દીને મુંબઈવાલા શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીએ આતશ દાદગાંની એક દરેમેહર બંધાવેલી છે. પણ બીલીમોરામાં એક આતશ આદરીયાનની જરૂર જણાવાથી બીલીમોરાવાલા શેઠો દાદાભાઈ ધનજીભાઇ અને સોરાબજી શાપુરજીએ રૂ.૧૯૭૯૦નો ખરચ કરી એ જુની દરેમેહરની પાસે બીજુ એક નવું મકાન બંધાવી તેમાં આતશ આદરીયાન રોજ ૯ મો માહ ૯ મો સને ૧૨૬૮ ને દીને પરથ્યાં છે. એનો ચાલુ ખરચ અનજુમનને હશાતકથી થાય છે પણ તેનાં નીભાવ ખરચ સારૂ રૂ૭૦૦૦) મજકુર શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજીએ આપ્યા છે; તેનાં વેઆજમાંથી આદરોઆંન શાહેબને બોએ દેવાનું, શુખડ તથા બતી તથા સમારકાંમ તથા સાલગરેહને દીવશે જશન બાજ એવોની તરફથી કરવા જણાવ્યું છે. એ મુજબ મકાન બાંધવાનો, અનામત મેલેલી રકમનો તથા બીજો પરચુટણ ખરચ મલીને એ નવી દરેમેહરપર રૂ ૩૦૦૦૦) તીશ હજારનો ખરચ કીધેલો જણાય છે. વળી અશલની પેલી દાદગાંવાલી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીની દરેમેહરનું મકાનબી પુરાણું થવાથી તે એકવાર આગલ અનજુમને સમારયું હતું તે પાછું એજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજી ગબાએ ફરીથી સમારી આપીને રોજ ૨૨ મો માહા ૧૨ મો યજદેજરદી સને ૧૨૭૪ ને દીને જશન કરી ખુલ્લું મેલ્યું છે.

(૪૪) બેલગામની શેઠ બાઇસવાલી દરેહમેહર તેમજ તેમાં મુસાફરખાનું બાંધી બંને રોજ ૨૪–૩–૧૨૧૧ ય. ને દીને ખુલ્લાં મુકયાં હતાં અને એ મુસાફરખાનું હજી ચાલુ છે. એ દરેહમેહેરનું મકાન બીસમાર થવાથી બેલગામની જરથોસતી અનજુમનના ફંડમાંથી તથા શેઠો બાઇસ કુટુંબીઓએ મલી રૂ ૧૦૦૦ ના ખરચે નવેસરથી મોટો ફેરફાર કરીને તેમાં આતશ દાદગાંને રોજ ૨૪ મો માહા ૬ ઠો ૧૨૮૫ ય. ને દીને તખતનશીન કીધા છે. એ દરેહમેહેરના અસલ હોલમાં શેઠો રૂસતમજી તથા નસરવાનજી નાનાભાઈ ખુરશેદજી બાઇસે મરહુમ ભાઈ રતનજીની યાદમાં સુધારો વધારો રૂ૪૫૦૦ ને ખરચે કરી એ હોલને "રતન હોલ" નું નામ આપી રોજ ૨૩ મો માહા ૬ ઠો ૧૨૮૫ ને દીને

ખુલ્લી મેલી છે. એ દરેહમેહેરના મોબેદોને રહેવા માટેનું મકાન મરહુમ શેઠ પેસતનજી એદલજી બાઈસના પુણ્ય માટે એવણના વીધવા શીરીનબાઈ તથા બેટા એદલ અને કુટુંબે દરેહમેહરના કમપાઉંડમાં બંધાવી રોજ ૨૨ મો માહા ૯ મો ય. સને ૧૨૭૬ ને દીને ખુલ્લું મુકી બેલગામની જરથોસ્તી અનજુમનને સ્વાધીન કીધું છે.

(૪૫) એ દરેમેહર પુરાણી થવાથી નવેસરથી બંધાવીને એ દરેમેહરના મુતવલીઓ શેઠો દીનશાહ ફરદુનજી અને ભાઈઓએ રોજ ૨૬ મો માહા ૨ જો સને ૧૨૬૭ યઝદેજરદીને દીને ખુલી મેલી છે.

(૪૬) આ ભરૂચની શેઠ નારીયલવાલાની દરેમેહર રોજ ૨૩ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલાનાં વારશોએ મોટા ખરચે નવેસરથી બંધાવી છે. આ દરેહમેહેરનું મકાન નાથલું પડવાથી તેની આઠમણી બાજુએ શેઠ હોરમજી બાનાના વારસો શેઠો રૂશતમજી, ડોશાભાઈ અને હીરાજીએ ભેટ આપેલી જગા ઉપર બાઈ વીરબાઇજી શાપુરજી નારીએલવાલાના પુણ્ય માટે કુટુંબીઓએ આપેલા રૂપવામાંથી બાંધવામાં આવેલો બાઇ વારબાઈજી શા. નારીયલવાલા હાલ રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનસાહી સને ૧૨૮૬ ય. ને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૪૭) એ દરેમેહરનું મકાન પુરાણું થવાથી ભરૂચના જાણીતાં ડુંગાજીના ખાનદાનવાલાઓએ શેઠ પેસતનજી અસલાજી ડુંગાજીને નામે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૭૨ ને દીને રૂ૧૫૦૦૦) ના ખરચે ફરીથી બંધાવ્યું છે અને તેના નીભાવ ફંડને માટે બીજા રૂ૧૫૦૦૦) અલાયેદા કાઢી તરશટી નેમેઆ છે. એજ ડુંગાજી ખાનદાનવાલા આ દરેહમેહરનો ચાલુ ખરચ યઝદેજરદી સને ૧૨૪૨ થી કરતા આવયા છે. બાઇ આવાંબાઈ ખરશેદજી મં. કામાજી કાપડયાએ એ દરેહમેહરના ત્રસ્ટીઓને દરેહમેહરની સામેનું પોતાનું મકાન બાળવાની કાઠી ભરવા માટે ય. સને ૧૨૭૯ ના ફરવરદીન મહીનામાં ભેટ આપ્યું હતું.

(૪૮) એ દરેમેહર અસલ ૧૧૭૩ નાં રોજ ૧૭ મો માહા ૬ ઠાને દીને શુરતવાલા શેઠ વીરજીભાઈ બમનજીએ દાદમાહની બાંધેલી હતી. એ દરેમહેરનું મકાન પુરાણું થવાથી નવેસરથી ફરીને શેઠો શોરાબજી તથા નવરોજી ફરામજી ધામત તથા મીસ્ત્રીએ બંધાવી આપ્યું હતું અને તેમાં આતશ આદરાન સાહેબને પરઠાવી તખતનશીન કરી એ આદરીઆનની શાલગરેહને દીને ય૦ સને ૧૨૩૧ માં પાછી ખુલ્લી મેલી હતી.

(૪૯) આ ભેસાણની દરેહમેહર શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાહાડયાએ પોતાના બંધેવી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે પહેલવેહેલી પરયાવી હતી. એ દરેમેહર જુની થવાથી તથા વસતીથી દુર હોવાથી પારસી વસતીની નજદીકમાં બીજી જગા ઉપર બીજા લોકોના ઉગરાણાથી અને એજ વાહાડયા સાહેબોની મદદથી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાના વીધવા બાઈ બચુબાઇએ પોતાની મરહુમ દીકરી બાઈ ગુલબાઈની યાદગારીમાં નવેસરથી બંધાવી પોતાના ખાવંદ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈએતે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદીને દીને પરઠાવી હતી.

(૫૦) આ મઉની દરેમેહર ફરીથી રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૨૮ ને દીને અનજુમનનાં ઉઘરાટથી સમારી હતી પણ તે પાછી સમારીને તેનું જશન રોજ ૧૯ મો માહા ૧૨ મો સને ૧૨૫૨ યઝદેજરદીને દીને કરવામાં આવયું હતું. આ મકાનમાં રૂ ૨૦૦૦ ના ખરચે બંધાયલો મુકતાદનો હોલ રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૮૩ ને દીને ખુલ્લો મુકાયો હતો. તે પછી અનજુમનનાં ઉઘરાટથી રૂ૧૦૦૦૦ને ખરચે દસતુરજી નોશીરવાન કેકોબાદની આગેવાની હેઠલ જુના મકાનમાં મોટો ફેરફાર કરી એ દરેહમેહેર રોજ ૯ મો માહા ૧૧ મો સને ૧૨૮૫ને દીને ખુલ્લી મુકી હતી.

(૫૧) આ મહુવાની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી અંદેરીવાલા શેઠ અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી મરહુમ બાઈ રતનબાઈના પુણ્ય માટે જુના મકાનની પાસેજ એક નવું મકાન બંધાવી આપી તેમાં જુના આતશ દાદગાહના કેબલાને પરઠાવી ખુલ્લું મુકવાની કીરીયા રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૮૦ને દીને કરી હતી. એ દરેહમેહરનો નીભાવ તથા મરામતનો ખરચ ત્યાંની અનજુમન કરે છે. જ્યારે જુના મકાનને શેઠ અરદેશરે દરસ્ત કરાવી આપવાથી એ જુનું મકાન મોબેદોના રહેવા માટે વાપરવામાં આવે છે.

(૫૨) રંગુનની શેઠ બેજનજી કાવશજી ખંબાતાની અસલ બાંધેલી દરેમેહરનું મકાન પુરાણું થવાથી તથા નાહાનું પડવાથી શેઠો શાપુરજી અને બમનજી કાવશજી કપતાંને રૂ૩૫૦૦૦) ને ખરચે નવેસરથી બાંધી આપીને રોજ ૧૧ મો માહ ૧૨ મો સને ૧૨૭૩ યજદેજરદી એટલે કદમી રોજ ખોરદાદશાલ સને ૧૨૭૪ ને દીને પરથાવેઉ છે.

(૫૩) આ દરેમેહરને ફરીથી રોજ ૨૯ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ દારાશાહના ધણીઆણી બાઈ પીરોજબાઈએ સમારીને ઇજાવો છે, અને તેના ચાલુ ખરચ માટે પણ ગોઠવણ કરી છે.

(૫૪) લાહોરની શેઠ કુપરવાલી દરેમેહરની પાસે એક ફંડ ઉભું કરી કામચલાઉ બીજી નવી દરેમેહેર ઉભી કરી તેમાં આતશ દાદગાહ સ્થાપીને રોજ ૯ મો માહ ૯ મો ય. સને ૧૨૮૨ ને દીને ખુલી મુકી હતી પણ શેઠ અરદેશર બે. ભીંગુવાલાએ પોતાની દરેહમેહરનો બધો વહીવટ અંજુમન હસ્તક સોંપવાથી નવી દરેહમેહેર રોજ ૩૦ મો માહા ૧૨ મો ય. સને ૧૨૮૩ થી બંધ થઈ હતી.

(૫૫) આ ઉમરીગરવાલી દરેહમેહર તથા તેની પાસેનું મોબેદોના રહેથાનનું અનજુમનનું મકાન ઘણી બીસમાર હાલતમાં આવવાથી વડોદરાના રહીસ શેઠ મનચેરજી પેસતનજી પટેલે પોતાને ખરચે નવું મકાન બંધાવી રોજ ૨૦ મો માહ ૯ મો સને ૧૨૭૭ ને દીને ખુલ્લું મેલ્યું હતું.

(૫૬) વડોદરામાં શેઠ સીરવાઈવાળી ધરમશાલામાં એક ઓરડામાં જુદી દરેહમેહર કરવામાં આવી છે. એ બેઉ જગો રોજ ૯ મો માહા ૯ મો સને ૧૨૩૭ યઝદેજરદીને દીને તઈયાર થયાં હતાં પણ એ બંનને રોજ ૩૦ મો માહા ૨ જો

સને ૧૨૩૮ ને દીને ઉભાઇ ખુલ્લાં મેલાયાં હતાં. એની મરામત માટે રૂ ૨૦૦૦ શેઠ બેરામજીએ કાઢયા હતા, તેમાં એવણે રોજ ૧૫ મો માહા ૫ મો સને ૧૨૩૯ યઝદેજરદીને દીને મુંબઈ મધે મજગામમાં પોતાના બંગલામાં દરેહમેહેર પરથાવી તે દીને બીજા રૂ. ૩૦૦૦ ઉમેરી રૂપયા પાંચ હજાર કરી તેનું વ્યાજ કેટલાક વરસો સુધી વડોદરા ખાતે ખરચ કરવા મોકલાવ્યું હતું, પણ તે પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહર અને ધરમશાલાના વહીવટ કરનારાઓ વધે વાંધો પડવાથી તેનો મુકદમો ચાર પાંચ વરશ ત્યાંની કોરટમાં ચાલ્યા બાદ કોરટે તેને લગતો વહીવટ કરનારા ત્યાંના ગ્રહસથોને નેમી તેઓને રૂપયા વગેરે સવાધીન કરવાનો હુકમ કીધો હતો. પણ એ મકાનોના નીભાવના રૂપયા વહીવટ કરનારાઓ પાસે નહીં હોવાથી તેઓમાંના શેઠ દાદાભાઈ શાપુરજીએ સને ૧૮૯૨ થી ૧૯૦૬ સુધી પોતાની ગીરેથી ખરચ કરી એ મકાનોનો નીભાવ કીધો હતો. એ પછી બધું સમાધાન થવાથી શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી ડીશેમબર ૧૯૦૬ ને દીને એ બેઉ મકાનોના નીભાવ માટે રૂ. ૮૦૦૦ મુંબઈની પારસી પંચાએતના તરશટીઓને આપયા હતા કે તેનું વ્યાજ વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવું અને તેમાંથી એને લગતો યોગ્ય ખરચ કરવો. ઉપર મુજબ નકી થવા પછી એ અગીઆરી તથા ધરમશાલાની સાલગ્રહ રોજ ૨૦મો માહા ૨ જો સને ૧૨૭૭ ય૦ ને દીને પડી તે વખતે શેઠ બેરામજી તરફથી જશનની કીરીયા કરાવ્યા પછી એ બેઉ મકાનો જાહેર વપડાશ માટે પાછા ખુલ્લાં મેલવામાં આવ્યાં છે. મુંબઈની મજગામવાલી દરેહમેહર ત્યાંથી કાઢી નાખવામાં આવી છે. એ ધરમશાલા બીશમાર થવાથી તેને શેઠ બેરામજી તરફથી સમરાવીને રોજ ૧૭ મો માહા ૧ લો ય. ૧૨૮૫ ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

(૫૭) આ વલસાડની દરેહમેહરનાં મકાનમાં અસલ ફકત યોજદાથરેગરીના કામ માટે હીંધોડા દસ્તુર જામાસપ ભાઈજીના વખતમાં હતા, તે પછી શેઠ હોરમસજી ભી. ચીનાઈએ નવું મકાન ઈ. સ. ૧૮૧૯ માં બંધાવી આપયું હતું. શેઠો ખરશેદજી તથા જાહાંગીરજી હોરમજી ચીનાઈએ એ દરેહમેહરમા આતશ દાદગાહ તા૦ ૧૩ મી મારચ ૧૮૪૭ ને દીને પરઠાવ્યા હતા. એ મકાન જુનું થવાથી શેઠ નવરોજી જાહાંગીર ગામડયાએ બીજી વધુ આજુબાજુની જમા ખરીદી તેપર નવું મકાન બંધાવી તેમાં જુના દાદગાંને રોજ ૩ જો માહા બીજો ય. સને ૧૨૮૨ ને દીને ખુલ્લા મુકયા હતા.

(૫૮) સરોડા ગામમાં યજદેજરદી સને ૧૨૩૩ ની સાલમાં મુંબઈવાલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે દરેહમેહરનું એક મકાન બંધાવી આપયું હતું અને તયાં માત્ર ધરમનું કીરીયા કામ થતું હતું પણ દાદગાં કે આદરીયાન પરથાવેલાં નહી હતા તે પછી એમ બન્યું કે–ઉમરા ગામમાં રોજ ૨૩ મો માહ ૯ મો યજદેજરદી સને ૧૧૮૫ માં શેઠ બમનજી સોરાબજી કપાવાલાને નામની અને તેમના ખેશી શેઠ ફરાંમજી નાનાભાઈ ઉમરીગરે મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઇના ધરમખાતાના તરશટીઓને પાછલથી આપેલી એક રકમના ઉપજતાં વ્યાજનાં ખરચમાંથી ચાલતી એક આદરીયાનની દરેહમેહર હતી. પણ ત્યાં જરથોશતી વસની ઘટી જવાથી તે ઉપયોગમાં આવતી નહી હતી તેથી તે આદરીયાન તયાંથી ઉઠાવી લઇને સુરતમાં માછલીપીઠની વાહડયા ફલ્યાવાલી અગયારીમાં લાવી રાખવામાં આવયા હતા, જેનો ચાલુ ખરચ ઉપર કહયું તેમ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાના તરસતીઓ તરફથી કરવામાં આવતો હતો. એ જગોપરબી આદરીયાનની જરૂર નહી જણાવાથી તરસતીઓએ આદરીઆંનને કોઈ લાયક જમા ઉપર ગોથવવાની તજવીજમાં હતાં. તેવોને ઉપલાં સરોડાં ગામવાલા દરેહમેહરની અમથાં મકાનની ખબર પડી કે તયા એક આદરીયાનની જરૂર છે તે ઉપરથી અથોરનાનોના ગામે ગામના હદની હક ઉપરથી ઉડવાડેના અંધ્યારૂની એક જોદ શરોડાની અગીયારીમાં બોલાવીને તેવોનો મારફતે રોજ ૪ થો માહા ૧૦ માને દીને જશન કરયું હતું તે પછે રોજ ૩૦ મો માહા ૩ જો સને ૧૨૭૬ યજદેજરદીને દીને પેલાં અસલ ઉમરા ગામનાં આદરાનનાં કેબલાને નવેશરથી પરઠીને શરોડાની દરેમેહર ખુલી મેલી છે.

(૫૯) આ શીકંદરાબાદની દરેહમેહર ય. સને ૧૨૦૮ માં શેઠો વીકાજી તથા પેસતનજી મેહેરજીએ દાદગાંહની બનાવી હતી પણ એ નાધલી પડવાથી એજ કંપાઉંડમાં મોટી કુસાડે દરેહમેહેર શેઠો વીકાજી તથા પેસતનજી મેહરજીએ બાંધી રોજ ૨૦ મો માહા ૧૨ મો ય. સને ૧૨૧૬ ને દીને તેમાં આતશ આદરાનને પરઠીને ખુલ્લી મુકી છે.

(૬૦) આ સીગનપોરની દરેહમેહર અસલ મુંબઈવાલા શેઠ લવજી નશરવાનજી વાહાડયાએ બંધાવી હતી, તે પછી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાએ રોજ ૧૭ મો માહા ૨ જો ૧૨૧૯ ને દીને બંધાવી હતી, એ દરેહમેહરની પાસે રૂ ૬૦૦૦ ની કીમતે મોબેદોને રહેવા માટેનું ઘર શેઠ એદલજી કુવરજી પટેલે ખેસી બાઈ પીરોજબાઈ માણેકજી પટેલના પુણ માટે બંધાવી રોજ ૧૩ મો માહ ૧૦ મો ય. સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકયું હતું.

(૬૧) આ સુમારીની દરેહમેહર જુની થયાથી કેટલીક મુદતે ફરીથી સુરતવાલા શેઠ જમશેદજી સોરાબજી હોડીવાલાએ બંધાવી હતી. તે પછી વળી મુંબઈવાલા શેઠ કુવરજી માણેકજી મુકાદમે રોજ ૧ લો માહા ૮ મો સને ૧૨૯૧ માં આદરાન પરઠીને બંધાવી હતી. તે રેતીમાં પુરાઈ જવાથી તેવણના વારેસ શેઠ રૂશતમજી શાપુરજી મુકાદમે રોજ ૨૦ મો માહા ૪ થો સને ૧૨૩૯ માં પાછી બીજી જગાપર બાંધીને આતશ આદરાન પરઠેઆં છે.

(૬૨) મુંબઈવાલા મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી મીશતરીએ પેહલાં માત્ર ધરમ કીરીયા માટે એક મકાન બંધાવ્યું હતું–તે વખતે ઇધારા મુકાવેલા નહી તથા દાદગાહ પરઠાવેલા નહી હોવાથી અને એ મકાન બીસમાર હાલતમાં આવવાથી મરહુમના બેટા શેઠ દીનશાહજીએ રૂપયા દશ હજારનો ખરચ કરી નવેસરથી એક નવું મકાન બંધાવી તેને છજી તેમાં આતશ દાદગાહ પરઠવાની કીરીયા તથા ઉપરના અરધા ભાગમાં સથાપવામાં આવેલી ધી દીનશાહ દોરાબજી મીસતરી લાઇબરેરી અને રીડીંગ રૂમ ખુલ્લો મેલવાની કીરીયા રોજ ૨૧ મો માહા ૨ જો ય૦ સને ૧૨૭૯ ને દીને થઇ હતી.

(૬૩) આ શુરતની શેઠ બીશનીવાલી દરેહમેહર બીશમાર હાલતમાં આવવાથી એ મકાનની ઉપજનાં વધારામાંથી તથા તેના એક મુતલવી શેઠ ફરામરોજ બેહરામજી બીશનીએ પોતાની તરફના વધુ નાણા ઉમેરી લગભગ રૂપીઆ પંદર હજારના ખરચે નવું મકાન બંધાવી આપયું હતું. તે તઇયાર થવાથી તેમાં એ દરેહમેહરની ૭૦ મા વરસની સાલગરેને દીને યાને રોજ ૧૭ મો માહા ૪ થો ય.૧૨૭૭ ને દીને આતશ આદરીયાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૬૪) એ દરેહમેહર અસલમાં જમશેદજી બાઈઆ નામના એક શુરતના પારસીએ પાલીઆ ફલીઆમાં બાંધેલી હતી જેને માટે તેવણે પોતાને તાહાં ફરજંદ આવે તો તે બાંધવાની માનતા કરેલી હતી તેથી તે બંધાઈ હતી. તે બીશમાર થવાથી મુંબઈવાલા શેઠ માણેકજી નવરોજી વાડીઆજીએ તથા ભાઈએ પોતાના બાવાજીના પુનને સારૂં બાંધી છે.

(૬૫) એ દરેહમેહેર અસલ પાલનજી હોમાજી શેઠની બાંધેલી હતી તે શુરતની શને ૧૧૯૧ યજદેઝરદીની મોટી આગમાં બલી જવાથી ઉમરેવાલા શેઠો મેહેરજીભાઈ પટેલ તથા રતનજી છીબરાજી શુરતવાળાએ રોજ ૨૨ મો માહા ૧૨ મો સને ૧૧૯૨ માં બાંધી હતી અને તેબી પુરાણી થવાથી મુંબઈવાલા શેઠ પેસતનજી નશરવાનજી બાટલીવાલાએ બંધાવી છે.

(૬૬) નવશારી ખાતે અસલ કોઈ કોઈવાર બહારથી પીંડારાવો નીકલી આવી દરોરો પાડતા હતા, ત્યારે તાંહાની વશતી શુરત તરફ નીકલી જતી હતી તેવી વખતે જરથોશતી ધરમ કીરીઆ કરવા ખાતર શુરતના રૂશતમપુરામાં નવસારીના મરહુમ દેસાઈ ખુરશેદજી ટેમુલજીએ ઈ. સ. ૧૭૭૧ માં એ જગોંએ પેહલાં તો અમથા ધરમનાં કામ માટે બે તરણ હીપોલા મુકાવ્યા હતા પણ તે પછી એ દેશાઈ ખુરશેદજીના બેટા દેસાઈ મનચેરજી ખુરશેદજીએ આ દરેમેહેર બાંધી હતી. તે પુરાણી થવાથી મુંબઈવાલા મરહુમ શેઠ એદલજી દાદાભાઈ શુખીઆના છોકરાઓએ રોજ ૭ મો માહા ૨ જો સને ૧૨૩૪ ને દીને નવેશરથી બંધાવી હતી. એની સાથે વળી તેઓએ એક ધરમશાલા પણ બાધી હતી. એ મકાનમાં પાછલા ભાગપર એક ઓટલો અને તેની ઉંચી દેવાલ તયાંનાં દશતુર દારાબજી ખુરશેદજી દારાબજી પાલણનાએ બાંધી છે. એ દરેહમેહેરનું મકાન બીશમાર હાલતમાં આવવાથી શેઠ કેકોબાદ હોરમજી રાવે પોતાના મરહુમ બાવા હોરમજી તથા મરહુમ માતાજી બાઇ માણેકબાઈનાં પુણ માટે લગભગ રૂપયા ૧૫૦૦૦ ને ખરચે બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મેલવાની કીરીયા રોજ ૨૧ મો માહા ૯ મો સને ૧૨૭૭ ને દીને કરવા પછી વળી શેઠ કેકોબાદ રાવે પોતાના મરહુમ માતાજી બાઇ માણેકબાઇના પુણ માટે મરહુમની બાજને દીને યાને રોજ ૩ જો માહા ૧૨ મો સને ૧૨૭૭ ને દીને એ દરેહમેહેરમાં આતશ દાદગાહ તખતનશીન કરાવી પાંચે ગેહમાં બોય દેવાનું શરૂ કરાવ્યું હતું.

(૬૭) એ દરેમેહર આગલ શેઠ શાપુરજી મચાભાઈ દોટીવાલાની બાંધેલી હતી પણ તે યજદેજરદી શને ૧૧૯૧ માં શુરત ખાતે લાગેલી મોટી આગમાં બલી ગયાથી તેમના આ ખેશીંએ પાછી બાંધી છે. આ દરેહમેહેર પાછી બીસમાર હાલતમાં આવી પડવાથી બાઈ દીનબાઈ નશરવાનજી માણેકજી પીટીટે મરહુમ બેટા શેઠ જમશેદજીના પુણ માટે તે નવેસરથી બંધાવી તેને ઈજવાની કીરીયા રોજ ૩ જો માહ ૭ મો શેનશાહી સને ૧૨૬૨ને દીને કરવામાં આવી હતી.

(૬૮) આ આદરીઆન ઘણું પુરાણું છે, તેના અસલ બાંધનારનું નામ જણાતું નથી પણ તે ગોતીના આદરીઆનને નામે ઓળખાય છે. હાલ શુધી તેના મકાનની મરામત જુદા જુદા સખી ગરસથોએ કેટલીકવાર કીધી છે.

(૬૯) એ દરેહમેહેરને ફરીથી શેઠ જીવણજી જામાશજી મીશાતરી—શુમારીવાલાએ યજદેજરદી સને ૧૨૬૬ માં રોજ ૯ મો માહા ૯ મા ને દીને રૂ૧૫૦૦૦) ખરચીને નવેશરથી બંધાવી વધારી આપી છે.

(૭૦) મુંબઇના શેઠ હોરમજી વાહાડીઆજીવાલાં આતશબેહેરામના મુતવલીઓને નવશારીના ભગર સાથના મોબેદો વચ્ચે મીનાકેશો થવાથી વાહાડીઆજીવાલાઓએ પોતાને લગતા નવસારીના મોબેદોની સગવડ કાજે એક નવી દરેહમેહેર નવસારીમાં બાંધી હતી પણ નવસારીના ભગરીઆ મોબેદોએ ગાયકવાડીમાં ફરીઆદ માંડીને તે દરેહમહેર તાહાથી ઉઠાવી જવાનો હોકમ મેલવવાથી—વાહડીઆજીવાલાઓએ તે દરેમેહેરનાં આતશને શુરત ખાતે બરશનુંમવાલા મોબેદો સાથે પવીતરાઈથી લઈ જઈને તયાંના શેઠ દાદાભાઈ મોદીવાલા આતશબેહેરામનાં મકાનમાં બાંધેલી એક હલાયદી દરેમેહેરના ગુંબજમાં યજદેજરદી સને ૧૨૬૯ નાં જમશેદી નોરોજને દીને પરઠયા છે.

(૭૧) શુરતમાં બીબીની વાડી આગલ એટલે શેનશાહી આતશબેરાંમની નજદીક શુમારે દોઢસો વરસની પુરાણી દરેમેહેર અનજુમનની બાંધેલી છે, તેનો ચોકસ દાહાડો વાર મલતો નથી. એ દરેમેહેર અસલ એક મોબેદ ખુરશેદ કાવશને હશતક હોવાથી માતર ખશીની અગીઆરી તરીકે ઓળખાય છે. કેટલાક જરથોસતીઓની મદદથી એક ફંડ ઉભું કરી તેમાં રૂ. ૨૨૦૦) ભરાયા છે, તેમાંથી જેમ તેમ એનો વહીવટ મોબેદ હોરમજી દાદાભાઈ ખશીના બીજા ટરસટીઓની સાથે ચલાવે છે.

(૭૨) આ સતારાની દાદગાહની દરેહમેહેરનું મકાન ઘણુંજ પુરાણુ થવાથી ઇ. સ. ૧૮૯૨ માં સરકાર તરફથી જમીનનો કટકો મુફત મેલવી તયાં નવું મકાન સતારાની અનજુમને બાંધવાનો ઠરાવ કીધો હતો પણ ફંડ પુરતું નહી હોવાથી તેમ થઇ શકયું નહી, તેટલા બાઈ નવાજબાઇ દીનસાહજી ખાને પોતાને ખરચે એક નવું મકાન બંધાવી આપી તેના નીભાવ વગેરે માટે સારી રકમ આપી છે. એ મકાન ઈજાવી રોજ ૨૩ મો માહા ૧૦ મો સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકી તેમાં આતશ દાદગાહ પરથવામાં આવયા છે.

(૭૩) આ દરેમેહેર અસલમાં યજદેજરદી શને ૧૨૧૪ ના રોજ ૯ મો માહા ૫ મો શેનશાહીને દીને શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજી તથા અનજુમન મલીને બંધાવેલી હતી. તે બીશમાર હાલતમાં આવવાથી યજદેજરદી સને ૧૨૪૮ માં રોજ ૯ મો માહા ૧૨ મો શેનશાહીને દીને અનજુમનને ખરચે નવેસરથી બાંધી છે.

જરથોસ્તીઓએ બંધાવેલા દુખમાંઓ.

મુંબઇ મધેનાં દુખમાંઓ.

કોણે પરઠેલાં યાને બંધાવેલાં	રોજ.	માહા.	ય. સને
કાવસજી એદલજી બીશની	૧૨	૮	૧૨૧૩
દાદાભાઇ નોશેરવાન (પોતાની વાડીમાં) (કદમી)	૧૬	૮	૧૧૬૭
[આ દોખમું ફકત દાદીશેઠના કુટુંબીઓને માટે છે.]			
ફરામજી કાવસજી બનાજી (કદમી)	૫	૯	૧૨૦૧
મનચેરજી જીવણજી રેડીમની [આ દોખમું પોતાનાંજ ઉપયોગ સારૂ એવાએ બાંધ્યું હતું]	૩	૧૨	૧૧૫૫
માણેકજી નવરોજી શેઠના	૧૯	૧	૧૧૨૫
મુંબઇની પારસી પંચાયતે બંધાવેલું	૨૬	૭	૧૧૪૮
મોદી હીરજીભાઇ વાછાગાંધી	૧૯	૧	૧૦૩૯

દેશાવરો ખાતેનાં દુખમાંઓ.

ઠેકાણાં.	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહા.	ય સને
અંકલેશર	નરસંગ ધનપાલ (હાંસોટવાલા)			
,,	પેશતનજી બમનજી વાડીઆ	૧૯	૬	૧૧૬૯
અજમેર	અનજુમને બંધાવેલું	૨૬	૬	૧૨૫૭
આબુરોડ	મોટાભાઇ બી કંટરાકટર ને અંજુમન મલીને	૧	૭	૧૨૫૮
અમદનગર	અમદનગરની અનજુમને બંધાવેલું	૧૮	૬	૧૧૯૬
,,	અંજુમને બંધાવેલું	૧૫	૪	૧૨૧૧
અમદાવાદ	અમદાવાદની અનજુમને બંધાવેલું	૨૫	૮	૧૨૧૨
,,	સર જમશેદજી જીજીભાઇ નાઇટ	૨૩	૮	૧૨૧૯
,,	અનજુમને બંધાવેલું	૧૮	૬	૧૨૩૫
,,	,, ,, ...	૧૯	૭	૧૨૯૦
અમરોલી	અનજુમને બંધાવેલું	૩૦	૬	૧૨૨૭
આલપાઇ	નવરોજી કાવસજી નારીએલવાલા	...		...
આકોલા	અંજુમને બંધાવેલું	૩	૬	૧૨૬૪
ઇગતપુરા	અંજુમને બંધાવેલું	૧૬	૯	૧૨૫૪
ઇંદોર	અનજુમને બંધાવેલું	૧૫	૬	૧૨૬૭
ઉદવારા	ઉદવારાની અનજુમને બંધાવેલું	૨૪	૭	૧૦૬૬
,,	પેશતનજી ખરશેદજી મોદી	૨૯	૭	૧૨૦૦
ઉરન	અનજુમને બંધાવેલું	૨૩	૪	૧૨૭૧
એદન	અનજુમને બંધાવેલું	૧૩	૧૨	૧૨૩૫
,,	મેરવાનજી સોરાબજી ખરેઘાત	૭	૭	૧૨૧૬
એલાવ	અનજુમને બંધાવેલું	૨૭	૭	૧૨૬૮
ઓરંગાબાદ	વીકાજી અને પેશતનજી મેરજીભાઇ	૧૫	૪	૧૨૧૨
કરંજ	દીનબાઇ તે પુંજીઆજી મનાજીના વીધવા	૨૪	૩	૧૧૯૮

ઠેકાણું.	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહા.	ય. સને
કરાંચી—	હોરમજી દાદાભાઇ ઘડીઆલી	૩૦	૪	૧૨૧૭
,,	કરાંચીની અનજુમને બંધાવેલું	૧૯	૯	૧૨૪૪
કલકતા—	નવરોજી શોરાબજી ઉમરીગર	૨૭	૪	૧૧૯૧
,,	કલકતાની અનજુમને બંધાવેલું	૨૧	૭	૧૨૮૧
કલીઆણી—	નવાજબાઇ તે નશરવાનજી મોદીના વીધવા.		...	૧૧૬૦
,,	નવરોજી બાલાભાઇ કલીઆણીવાલા	૧૫	૭	૧૨૫૫
કુડીઆણાં—	અનજુમને બંધાવેલું	૬	૩	૧૨૬૫
ખંભાત—	હીરજી આસા		...	...
,,	પેશતનજી ખરશેદજી મોદી	૨૯	૭	૧૧૯૫
ખેરગામ—	મોતીબાઇ તે આ૦ બ૦ જ૦ મુલાંના વીધવા.	૫	૯	૧૨૫૧
ગંનદેવી—	ગંનદેવીની અનજુમને બંધાવેલું	૧૯	૧	૧૦૯૪
,,	અનજુમને બંધાવેલું	૪	૭	૧૧૫૯
,,	જમશેદજી નાનાભાઇ મજદર—સપલાના	૧૯	૭	૧૧૮૬
,,	ગંદેવીની અનજુમને બંધાવેલું	૨૦	૭	૧૨૩૯
ચીકલી—	અનજુમને બંધાવેલું	૧૩	૬	૧૨૪૨
જાલના—	અનજુમને બંધાવેલું	૪	૮	૧૨૪૦
તવરી—	અનજુમને બંધાવેલું	૨૯	૭	૧૨૩૩
તારાપોર—	દોરાબજી ફરદુનજી લશકરી [આ દોખમું ફાટી જવાથી પડત પડયું છે]...		...	...
,,	અનજુમને બંધાવેલું	૨૭	૬	૧૨૩૫
થાણા—	કાવશજી તથા દોરાબજી રૂશતમજી પટેલ		...	૧૧૪૯
,,	રૂશતમજી કાવસજી પટેલ	૧૯	૭	૧૨૧૨
દમણ—	માણેકબાઇ તે જમશેદજી બેરામજી લસ્કરીના વીધવા	૧૩	૮	૧૨૦૦
દવીએર—	અનજુમને બંધાવેલું	૧૩	૪	૧૨૦૮
દીવ—	જાહાંગીરજી નશરવાનજી વાડીઆજી	૧૧	૬	૧૨૦૨
દીશા—	અનજુમને બંધાવેલું		...	...
દેવલાલી—	બેરાંમજી નાનાભાઇ મીસતરી		...	૧૨૪૯
,,	અનજુમને બંધાવેલું	૧૯	૩	૧૨૧૭
નવસારી—	માંણેક ચાંગા આશા		...	૯૦૦
,,	માણેકજી નવરોજી શેઠના...	૧૧	૪	૧૧૧૬
,,	હોરમજી મનચેરજી કેરાવાલા (બાબા)	૪	૬	૧૧૯૨
,,	નશરવાનજી રતનજી તાતા	૨૦	૬	૧૨૪૭
નારગોળ—	માણેકજી નવરોજી શેઠના		...	૧૧૧૫
,,	મનચેરજી ખરશેદજી શેઠના		...	૧૧૩૬
,,	અનજુમને બંધાવેલું	૧૫	૯	૧૨૫૭
પુણા—	સેરાબજી રતનજી પટેલ	૨૯	૭	૧૧૯૪
,,	પુણાની અનજુમને બંધાવેલું	૩૦	૭	૧૨૦૪
પારડી—	અનજુમને બંધાવેલું	૨૦	૯	૧૨૫૦

ઠેકાણું. કોણે પરદેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહ.	મ. સને
બદનેરા—અનજુમને બંધાવેલું	૬	૭	૧૨૬૨
બાલાપુર—વીકાજી તથા પેસતનજી મેરજીભાઇ(હાલમાં મોજુદ નથી). ...	૨૮	૭	૧૨૦૮
બીલીમોરા—રૂશતમજી બમનજી બાટલીવાલાના ધણીઆંણી	૬	૩	૧૧૭૧
,, અનજુમને બંધાવેલું.	૯	૭	૧૨૪૯
ભરૂચ—પેશતનજી ભરૂચવાલા	...		૬૭૮
,, અનજુમને બંધાવેલું	...		૧૦૨૩
,, અનજુમને બંધાવેલું	૧૯	૩	૧૨૦૩
ભુસાવલ—અનજુમને બંધાવેલું	૨૯	૪	૧૨૫૮
મહુવા—માણેકજી જીજીનાં	૭	૮	૧૨૦૨
,, અનજુમને બંધાવેલું	૧૫	૪	૧૨૫૯
મઉ—અનજુમને બંધાવેલું	૨૧	૮	૧૨૦૯
માંડવી—અનજુમને બંધાવેલું	૪	૪	૧૧૯૫
રાજકોટ—કાવસજી દીનશાહ એડનવાલા અને અનજુમન મળીને ...	૧૨	૯	૧૨૭૦
રાંદેર—શે. મં. રેડીમની, ડી. જી. રેડીમની, ૨. દા. નાદરશા મલીને ...	૨૨	૮	૧૧૫૬
,, અનજુમને બંધાવેલું	૨૯	૬	૧૨૨૧
લાનોલી—અનજુમને બંધાવેલું	૨૦	૫	૧૨૭૨
વદોદરા—અનજુમને બંધાવેલું	૭	૯	૧૨૧૧
વલસાડ—વઈઆરવાલાનાં ખાનદાંનીઓએ	...		૧૦૧૨
,, અનજુમને બંધાવેલું	૧૭	૪	૧૧૪૬
,, અનજુમને બંધાવેલું	૨૯	૬	૧૨૧૬
,, ધનજીભાઈ ભુરાભાઇના કુટુંબીઓ	૪	૭	૧૧૭૭
સીકંદરાબાદ-દખણ—વીકાજી અને પેશતનજી મેરજીભાઈ	૨૦	૧	૧૨૦૯
સુનધડ બ્યારા—અનજુમને બંધાવેલું	૧૫	૫	૧૨૩૨
સુમારી—રતનજી માણેકજી એંટી તથા હાટરીઆ	૧૬	૨	૧૧૭૩
સુરત—ઉંદના-ભગરીઆ મોબેદોને સારૂ અનજુમને બંધાવેલું ...	૨૬	૬	૧૨૫૩
,, ઉમરવાડા—નાનાભાઇ પુંજીઆજી	...		૧૦૩૬
,, ,, અનજુમને બંધાવેલું	...		૧૧૦૩
,, ,, અનજુમને બંધાવેલું	૨૮	૮	૧૧૪૦
,, ,, અનજુમને બંધાવેલું	૫	૫	૧૧૯૭
,, ઉમરા—અનજુમને બંધાવેલુ	૫	૭	૧૨૦૧
,, ભરથાણા—અનજુમને બંધાવેલું	...		૧૦૯૫
,, ,, અનજુમને બંધાવેલું	૮	૩	૧૧૩૪
,, ,, અનજુનને બંધાવેલું	૫	૫	૧૧૯૬
સતારા—અનજુમને બંધાવેલું	૨૦	૭	૧૨૧૬
સોલાપુર—વીકાજી અને પેશતનજી મેરજીભાઇ	૭	૫	૧૨૧૨
હેદરાબાદ-દખણ—(જમીસતાપુરની ટેકડીપર) દસ્તુર એશમજી જામાસ્પ-આશાનાની નદયતે અનજુમનનાં ઉધરાણાંથી	૧૯	૪	૧૨૮૫

જરથોસ્તીઓએ બંધાવેલી ધરમશાળાઓ.

મુંબઇ મધેની ધરમશાળાઓ.

ઠેકાણું. કોણે બંધાવેલી	રોજ.	માહ	ય. સને
ફરેસવાડી–મેરવાનજી ફરાંમજી પાંડે	૧૬	૬	૧૨૩૫
ગ્રાંટરોડ–રૂશતમજી જમશેદજી જીજીભાઇ	...	...	
ચોપાટી–(ઇરાંણીઓ સારૂ) ખરશેદજી અરદેશર દાદીશેઠનાં ખેશીઓ	૧૨	૨	૧૨૨
,, ,, સર કાવસજી જહાંગીર સી. એસ. આઇ.	૨૮	૯	૧૨૪૧
,, [આંધલા, લુલા જરથોસ્તી સારૂ] ફરદુનજી શોરાબજી પારખના સાહેબજાદાઓ(૧)	૧૫	૭	૧૨૧૪
,, ,, ખરશેદજી કાવસજી બનાજી	...	...	૧૨૦૪
ભાયખલા–સર જમશેદજી જીજીભાઇ બારોનેટ...	૧૬	૮	૧૨૧૬
વાંદરે–માંણેકજી જીનાભાઇ	૧૦	૬	૧૨૧૮

દેશાવરો ખાતેની ધરમશાળાઓ.

અંકલેશ્વર–મેરવાંનજી હોરમજી ફરેજર (૨)	...	...	૧૨૧૮
અજમેર–મનચેરશાહ નસરવાનજી રૂશતમફરામના (૩)	૧૭	૪	૧૨૭૧
અમદનગર–પેશતનજી સોરાબજી...	૧૩	૪	૧૨૨૮
અમદાવાદ–મનચેરજી સોરાબજી કરંજવાલા (૪)	૨૩	૪	૧૨૧૮
,, સોરાબજી જ. જીજીભાઇની ધરમશાળા રોજ ૧૩–૫–૧૨૩૩ ને દીને બંધાયલી તે પુરાણી થવાથી નવેસરથી બીજી ધરમશાળા સર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ. એ બંધાવી (૫)	૮	૪	૧૨૬૩
અડાજણ–પેસતનજી સોરાબજી પુણેવાલા	૨૦	૮	૧૨૨૯
અલીબાગ–હીરાજી હોરમજી બારીઆ	૨૦	૧૧	૧૨૪૨
આંકોલા–વીકાજી પેશતનજી મેહરજી (૬)	...	...	૧૨૦૮
આગરા–રૂશતમજી નશરવાનજી રૂશતમફરામના	૨૦	૧૧	૧૨૮૮
આમોદ–કાવસજી માણેકજી મોદી	...	...	૧૨૪૧
એડન–મેરવાનજી સોસબજી ખરેઘાટ	૭	૭	૧૨૧૬
ઇછાપોર–પાલણજી, કાવસજી ધનજીભાઇ પાંઉવાલા	...	...	૧૨૧૭
,, પીરોજબાઇ તે દાદાભાઇ માંણેકજી વાછાના વીધવા...	૮	૭	૧૨૪૫
ઉદવાડા–રૂશતમજી જમશેદજી જીજીભાઇ	૧૭	૫	૧૨૩૯
,, દીનશાહ ડોરાબજી મીસતરી	૨૭	૪	૧૨૭૦
,, સ્ટેશન આગલ–જમશેદજી સોરાબજી એંટી	૮	૯	૧૨૭૦
,, ,, નવરોજી માણેકજી વાહાડયાની ઇસ્ટેટના ટ્રસ્ટીઓ	૧૨	૧૧	૧૨૮૧
ઓરપાડ–ખરશેદબાઇ તે એ. માણેકજી પાલનજી હોમજી કરંજીઆના વીધવા	૨૫	૧૦	૧૨૬૪
કચ્છ ભુજ–પેસતનજી શોરાબજીએ પોતાના પુત્ર કુવરજીના યાદગારી માટે...	૨૬	૧	૧૨૭૩

ઠેકાણું — કોણે બંધાવેલી.	રોજ	માહ	ય. સને
કલકતા—માણેકજી રૂસતમજી બનાજીની યાદગીરીમાં અંજુમનને બાંધેલી ...	૧૦	૭	૧૨૭૮
કલીકટ—હોરમશજી બમનજી વાહડીઆ	...		૧૧૯૩
કુંડીઆના—સર દીનશાજી માણેકજી પીટીટ	૨૭	૧૧	૧૨૬૫
ખંડાલા—સર જમશેદજી જીજીભાઈ બારોનેટ	...		૧૨૦૮
ખેરગાંમ—અનજુમનના ઉઘરાણાથી.	૧૧	૨	૧૨૫૫
ગંદેવી—નવરોજી જમશેદજી વાહડીઆ	૭	૯	૧૨૧૮
ચદરઘાટ—હૈદરાબાદ—દખણ—જાહાંગીર જમશેદજી ચીનાઇ	૧૪	૫	૧૨૮૯
જાહાંબોરડી—પેશતનજી ખરશેદજી કામા	૧	૧૨	૧૨૦૦
ડમણ—રતનબાઇ તે હોરમજી મનચેરજી કામાના વીધવા	...		૧૨૧૫
દંતોરા—વસાઇ—અરદેશર દાદાભાઇ દાદીશેઠ	...		૧૧૭૪
દેહણું—મનચેરજી તથા બમનજી માણેકજી ભંડારા	...		૧૧૯૮
નવસારી—નોસરવાન બાગ—આ૦ નશરવાનજી ખરશેદજી કાંગા. ...	૧૯	૮	૧૨૩૭
,, નવાજબાઇ તે કુંવરજી હોરમજી ભાભાના ધણીઆણી ...	૧	૯	૧૨૨૫
નાગપોર——બીલીમોરીયા બ્રધરસ...	૨૫	૪	૧૨૭૬
પારડી—પેસતનજી બમનજી વાહડીઆજી	...		૧૧૫૮
,, હોરમશજી ગાંડાભાઇ	૧૭	૯	૧૨૫૦
પાહારી—ફરામજી નશરવાનજી પટેલ	...		૧૨૧૯
પુના—ભવાંનીપેંટ—પેશતનજી શેરાબજી	૨૮	૭	૧૨૨૭
,, સ્ટેશન આગળ—હોરમજી સોરાબજી તાડીવાલા	૧૯	૧	૧૨૨૯
,, કેંપ—મુંબઇવાલા નવરોજી ગીશતા તથા શાપુરજી શુબેદાર ...	...		૧૧૯૪
પોરબંદર—જુના બોખીરાગામ—હીરજીભાઇ નવરોજી વાડયાએ પોતાના ધણીઆણી રતનબાઇની નવ્યતે....	૧૬	૯	૧૨૭૭
બીલીમોરા—રૂશતમજી મેરવાનજી બીલીમોરયા...	૧૬	૧૦	૧૨૧૩
ભગવા ગાંમ—એદલજી ફરાંમજી આલબલેશના શાહેબજાદા	...		
ભરૂચ—જમશેદ બાગ—જમશેદજી હોરમજી વખારીયાના બેશીઓ ...	૨૭	૬	૧૨૫૨
,, કોટમાં—મેરવાન બાગ—મેરવાંનજી હોરમજી ફરેજર	૧૯	૧	૧૨૧૩
,, કાંઠાપર—રૂશતમજી જમશેદજી જીજીભાઇ	...		૧૨૩૫
,, બહારકોટ—મેરવાંનજી હોરમજી ફરેઝર...	...		૧૧૯૨
ભાઠાગાંમ—માણેકજી દોરાબજી બુચર	...		૧૨૪૯
બેશાંણુ—આવાંબાઇ તે કાવસજી બેજનજી ઓલબલેસના ધણીયાણી ...	૨૮	૬	૧૨૫૮
મઉ—ભીખાઇજી નવરોજી બોરીની નઇએતે	૧૭	૨	૧૨૫૩
મહાબલેશ્વર—ફરામજી નશરવાંનજી પટેલ	...		૧૨૨૮
,, મેહેરા ગાંમ—ફરામજી નશરવાંનજી પટેલ	...		૧૨૨૮
મહુવા—માણેકવાડી—અરદેશર ભીખાજી પટેલ	૧૭	૨	૧૨૮૦
માંડવી—જીલ્લાં સુરત—અરદેશર ભીખાજી પટેલે ધણીયાણી રતનબાઈના પુણ્ય માટે	૮	૫	૧૨૮૦
રાજકોટ—આઇમાય હોરમજી વાહાડયા	...		૧૨૬૮
,, સેનેટરીયમ હોલ—ઉપલી વાહાડયાવાલી ધરમશાલા ઉપર—પેસતનજી સોરાબજી ભુજવાલાએ પીતાજીના પુણ્ય માટે	...		૧૨૬૯

ઠેકાણું. કોણે બંધાવેલી.	રોજ	માહ	ય. સને
રાંદેર—હોરમજજી માણેકજી માજુ...	...		૧૨૦૮
વઓદલ કેંપ—બેરામજી નશરવાનજી શીરવાઇ તથા બીજાઓ... ...	૨૦	૨	૧૨૩૮
વલસાડ—નવરોજી પેશુતનજી કાપડીઆ	૨૬	૪	૧૨૪૯
„ મોટાભાઇ શાપુરજી	૧૬	૯	૧૨૧૯
વસઈ—દાદાભાઇ તથા મનચેરજી પેશતનજી વાહડીઆ	...		૧૨૦૫
„ લવજી સોરાબજી લાકડાવાલા	૧	૩	૧૧૫૮
વસાઇ—ગોરબંદર—નવરોજી જમશેદજી વાહડીઆ	...		૧૧૫૮
સંજાણ—બીકાજી મેહેરજી	...		
„ રૂશતમજી તથા નશરવાનજી નાનાભાઇ બોઇસે ભત્રીજા નાનાભાઈ ફ્રામજી બોઇસની યાદમાં બાંધેલી	૨	૪	૧૨૮૯
સીકંદરાબાદ—(દખન)—પીરોજબાઇ એદલજી ચીનાઇ ધરમશાળા—એદલજી સોરાબજી ચીનાઇએ ધણીયાણી પીરોજબાઇના પુણ માટે ...	૧૬	૫	૧૨૫૮
„ પીરોજબાઇ હોલ—પીરોજબાઇ ચીનાઇ ધરમશાલાના કંપાઉન્ડમાં એદલજી સોરાબજી ચીનાઇએ જુન ૧૮૯૩ માં ધણીયાણી પીરોજબાઇના પુણ માટે પીરોજબાઇની પુંજીમાંથી બાંધેલો...	૨૭	૯	૧૨૬૨
„ જમશેદજી ચીનાઇ હોલ—પીરોજબાઇ ચીનાઇની ધરમશાળાના કંપાઉન્ડમાં જાહાંગીર જમશેદજી ચીનાઇએ પીતાજી જમશેદજીની યાદમાં	૧૪	૧૨	૧૨૮૮
શીગનપોર—માંણેકજી રતનજી શીગનપોરીઆ	૧	૧૨	૧૨૪૧
સુમારી—કરારી બંદર—ફરદુનજી સોરાબજી પારખ	....		૧૨૮૦
સુરત—શાએન—ખરશેદજી ફરદુનજી પારખ	...		
„ સ્ટેશન આગળ—ખરશેદજી ફરદુનજી પારખ	૧૩	૩	૧૨૩૪
„ ગોપીપુરે—જાંગીરજી નશરવાંનજી વાહડીઆ	૧	૭	૧૨૧૦
„ નાનપરે—કાવશજી રૂશતમજી તમનાની નઇએતે (૮)	૨૫	૧૦	૧૧૮૮
„ રૂસતમપરે—એદલજી દાદાભાઈ સુખીઆના વારેશો (૯). ...	૭	૨	૧૨૩૩
„ શયદપરે—ભીમજીભાઇ રતનજી એંટીની નઇએતે	...		૧૧૬૮
„ શીંધીવાડ—આ૦ મનચેરજી ખુરશેદજી શેઠના	૬	૧	૧૧૩૧
„ આમોદ—કાવશજી માણેકજી મોદી	...		૧૨૪૦
„ મુગલીસરાહ—પેસતનજી ઉકરજી શેઠના પુણ માટે એકઝીક્યુટરોએ	૭	૯	૧૨૮૫
સોલાપુર—કામા હાલ—હોરમજી દોરાબજી કામા—અનજુમન મલીને ...	૩૦	૭	૧૨૫૮
હજીરા—જીલ્લા સુરત—ફરદુજી શોરાબજી પારખ...	...		૧૨૦૮

[૧] આ ધરમશાળા પહેલવહેલી યઝદેજરદી સને ૧૨૧૪ માં મરહુમ શેઠ ફરદુનજી સોરાબજી પારખના સાહેબજાદાઓએ બેહસતનશીન બાઈ પીરોજબાઈ તે શેઠ જમશેદજી ફરદુનજી પારખના ધણીઆણીના પુન માટે બંધાવી પારસી પંચાએતના ત્રસ્ટીઓના સ્વાધીનમાં આપી હતી. તે પછી શને ૧૨૩૩ માં શેઠ ખરશેદજી ફરદુનજી પારખે પોતાને ખરચે એ ધરમશાલાની ઉપર માલ બંધાવી કેટલોક ફેરફાર કરાવી આપ્યો હતો.

[૨] આ ધરમશાળા અંકલેસરવાલા શેઠ પેશતનજી નશરવાનજીની કંપનીએ સને ૧૨૪૩ માં ફરીથી બંધાવી છે.

[૩] આ અજમેરની ધરમશાળા શેઠ મનચેરશાહ ન૦ રૂશતમફ્રામનાએ નવેસરથી બંધાવીને એઓના મરહુમ બેટા ફ્રામરોજની યાદમાં વરશની બાજ રોજ ૧૮ મો માહ ૧૨ મો સને ૧૨૮૦ ને દીને ચઢી તે દીવસે ખુલ્લી મેલી હતી.

[૪] અમદાવાદની શેઠ મ. સૈ. કરંજવાલા ધરમશાલા જે અમાઉ ત્યાંની દરેહમહેરની સાથે એક ઓરડામાં હતી તે સને ૧૮૭૫ ના સાલમાં રેલ આવવાથી પડી જવા પછી હસ્તીમાં રહી નથી,

[૫] અમદાવાદની શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈની ધરમશાલા જે રોજ ૧૩-૫-૧૨૩૩ ને દીને બંધાવી હતી, અને એ બીશમાર હાલતમાં આવવાથી તે તોડાવીને તેની જગા ઉપર સર નવરોજી પેશતનજી વકીલ સી. આઈ. ઇ. એ મોહુટી કુસાંડે ધરમશાલા રોજ ૮ મો માહા ૪ થો સને ૧૨૬૩ યઝદેજરદીને દીને બંધાવી ખુલ્લી મેલી છે.

[૬] આ ધરમશાલા પુરાણી થવાથી અને વશતીની જગોથી દુર પડવાથી આંકોલાના માજી આસીસટંટ કમીશનર દશતુરજી બમનજી જામાશપજી જામાશપઆશાનાએ આગેવાની લઈ લોકોનાં ઉધરાતથી ફંડ એકઠું કરીને જુની ધરમ-શાલાનો કાત ઉખેડી લાવી વશતીની નજદીકની જગોપર રોજ ૨૫ મો માહા ૧ લો સને ૧૨૫૦ યઝદેજરદીને દીને એ ધરમશાળા નવેશરથી બાંધી છે.

[૭] ભરૂચની કોટની શેઠ ફરેઝરવાલી મેરવાન બાગની ધરમસાલા બીસમાર થવાથી દરૂસ્ત કરાવી આ ધરમશાળા અસલ બંધાવનાર મરહુમ શેઠ મેરવાનજીના પુત્ર ખા. બા. બરજોરજી મેરવાનજીએ રોજ ૧ લો માહા ૮ મો સને ૧૨૫૦ ય. ને દીને ખુલ્લી મુકી હતી. એ ધરમસાલામાં સર અવસરે થતાં જમણ વખતે જગાની તંગાસ પડતી હોવાથી એ ધરમસાલાના આઠમણા ઓટલા ઉપર શેઠ રૂશતમજી હોરમજી વખારીઆએ એક હોલ બંધાવી આપયો છે. તેને "રૂશતમજી વખારીઆ હોલ" નામ આપયું છે અને તે રોજ ૧૦ મો માહા ૮ મો ય. ૧૨૮૫ ને દીને ખુલ્લો મુકયો છે.

[૮] સુરતમાં શેઠ કાવસજી તમનાએ ઇ. સને ૧૮૧૮ માં ધરમશાલા બાંધવાનું શરૂ કીધેલું પણ એવણનું મરણ નીપજવાથી ભાણેજ, શેઠ પાલનજી કા. અઠુંગરે કામ પુરૂ કરી શેઠ કાવસજીની છમસીને દીને રોજ ૨૫-૧૦-૧૧૮૮ યાને તા૦ ૨૬-૭-૧૮૧૯ ને દીને ધરમશાલા ખુલ્લી મુકી હતી, પાછલથી શેઠ મેરવાનજી હોરમજી ફરેજરે પોતાને ખરચે એ ધરમશાલા દુરૂશત કરાવી ઉતર દીશાનો મોટો ઓટલાનો ગાલો વધારી ધરમશાલા રોજ ૧૪-૧૧-૧૨૧૪ યાને તા૦ ૭-૮-૧૮૪૫ ને દીને ખુલ્લી મુકી હતી. એ પછી ઇ. સ. ૧૮૮૨ માં નાનપરાની અંજુમને દરૂસત કરાવી હતી. આ ધરમશાલા બીસમાર થવાથી નવેસરથી એક માલનું બાંધ્યું છે. માલનો ઉતર ભાગ "આદરજી ડેપ્યુટી હોલ" તરીકે શેઠ આદરજી જી. ડેપ્યુટીના છોકરાઓએ અને દક્ષીણનો "લાલકાકા હોલ" તરીકે શેઠ એદલજી પા. લાલકાકાના કુટુંબે શરઅવસરે વાપરવા બાંધ્યાં છે, એ ધરમશાલા તથા હોલો રોજ ૧૩ મો માહા ૨ જો શેહેનશાહી ૧૨૮૬ ને દીને ખુલ્લા મુકયા હતા.

[૯] આ સુરતની સુખ્યાવાલી ધરમસાલાનું મકાન બીસમાર હાલતમાં આવવાથી બાઈ જરબાઈ નવરોજી ચમાર-બાગવાલાએ પોતાના ખાવીંદ શેઠ રૂશતમજી બેરામજી દારૂવાલાના પુણ માટે ઘટતી મરામત કરાવીને એ ધરમસાલા રોજ ૧૯ મો માહા ૯ મો શે. સને ૧૨૮૫ ય. ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

જરથોસ્તીઓએ બંધાવેલાં જાહેર વપડાસનાં મકાનો.

—–o00o00o—–

મુંબઇ મધેનાં જાહેર વપડાસનાં મકાનો.

	રોજ	માહા	ય. સને
કરેલવાડી—હમાબાઇ માણેકજી નશરવાનજી પીટીટ વીધવા આશરમ—દીનબાઇ નશરવાનજી પીટીટે સ્થાપેલું	૨૭	૪	૧૨૬૮
કેનેડીસી ફેસ—નશરવાનજી જહાંગીર વાહાડયા ગ્રાંટ મેડીકલ કોલેજ જીમખાના પેવેલીયન—ન. જ. વાહાડયાના ટ્રસ્ટીઓ...	૧૧	૬	૧૨૯૦
કોટમાં—જાહેર હોલ—સર કાવસજી જાહાંગીર બારોનેટ	૬	૧૦	૧૨૮૭
,, કે. આર. કામાં ઓરીએનટલ ઇનસટીટયુટ—ખરશેદજી રૂશતમજી કામાની યાદમાં તા૦ ૧૮—૧૨—૧૯૧૬ ને દીને સ્થાપેલું—સુખડવાળા બીલડીંગમાં—(આ ઇનસ્ટીટયુટ સાથે મુલ્લાં ફીરોજ મદરેસા, મુલ્લાં ફીરોઝ લાયબરેરી અને જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડલી જોડવામાં આવી છે.)	...		
,, માણેકજી શેઠની વાડી—માણેકજી નવરોજી શેઠના	...		૧૧૯૧
કોલાબા—મેરવાન બાગ—(પારસી સેનેટરીયમ) મેરવાનજી ફરામજી પાંડે...	૧૩	૩	૧૨૩૫
ખંબાલા હીલ—ફરામજી દીનશાહ પીટીટ પારસી સેનેટરીયમ—ફરામજી દીનશાહ પીટીટની પોતાની પુંજીમાંથી	૧૨	૫	૧૨૭૧
ખેતવાડી—ગરીબ જરથોસ્તીઓ માટે સસ્તા ભાડાંની ચાલી—નવરોજી ધનજીભાઇ ગોલવાલાની પુંજીમાંથી	૧૧	૭	૧૨૮૩
,, બાટલીવાલાની વાડી—શાપુરજી મનચેરજી બાટલીવાલા			
,, હોરમજ બાગ—કાવસજી હોરમજી શરાફ	૨૬	૧૦	૧૨૪૬
,, હોરમજી પેસતનજી બાટલીવાલાની વાડી	૧૯	૧૧	૧૨૩૩
ગીરગામ—ઓલબલેસ બાગ—એદલજી ફરામજી આલબલેસનાં વારેસો ...	૨૨	૧	૧૨૩૮
તારદેવ—વાડીયા સ્ત્રીટમાં—ગરીબ જરથોસ્તીઓ માટેની સસતાં ભાડાંની ચાલી—સોરાબજી મનચેરજી નીકલસનના બેટાઓ	૧૨	૭	૧૨૮૫
,, વાડીયા સ્ત્રીટમાં—ગરીબ જરથોસતીઓ માટેની ચાલી—દોરાબજી ડોશાભાઇ ભીમડીવાલાએ માત પીતાના પુનુ માટે	...		૧૨૮૫
,, ગરીબ જરથોશતીઓના રેહેઠાણોના ફંડ હસ્તકના જુદાં જુદાં મકાનો			...
ગીલડર સ્ત્રીટ—ઉપલા ગરીબ જરથોસતીઓના રહેઠાણોનાં ફંડ હસતકના જુદાં જુદાં મકાનો			...
,, ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી તરફથી જુદી જુદી બંધાયલી સસતાં ભાડાની ચાલીઓ	૧૬	૯	૧૨૭૭
,, સસતે વેચવા માટેના સટોરનું મકાન—ઝેરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી હસતકની ચાલીના કંપાઉંડમાં ૧૯૧૫ માં કેખશરૂ રાણીનાએ સ્થાપેલો સ્ટોર—એ માટે ઉગરાનાથી બંધાયલું મકાન	૧૩	૩	૧૨૯૦
પરેલ—ગોલનજી હીલ—ઉપલી ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી હસ્તકની બમનજી હોરમજી જનરલનાની જગાપર બંધાયલી ચાલીઓ	૧૯	૮	૧૨૮૧
ગ્રોબીતલાવ—ફરામજી કાવસજી ઇનશટીટયુટ—ફ઼ં. કા. ના. કે. ખેશી ને મીત્રો મલીને	૨	૬	૧૨૩૧

	રોજ	માહ	ય. સને
ન્યુ ચરનીરોડ –કામા બાગ–પાલણજી ખરશેદજી કામા...	૧૭	૯	૧૨૩૯
પાયધોની–એબાહી બાગ –સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ ...	૨૪	૫	૧૨૦૮
બાહારકોટ–પાલણજી દોરાબજી મેહેરજીનું મકાન	૧૧	૯	૧૨૧૪
મોડીખાના–નસરવાનજી માણેકજી પીટીટ વીધવા આશરમ–દીનબાઇ નશરવાંનજી પીટીટે સ્થાપેલું	૬	૮	૧૨૬૧
મટુંગા–બેરામજી જીજીભાઈ હોમ–પશ્ચીમ હીંદુસતાનના બાળકોના રક્ષણ કરનારી મંડળી સારૂ–રૂશતમજી બેરામજી જીજીભાઇ ને બીજાઓ...	૨૨	૩	૧૨૯૦

દેશાવરો ખાતેનાં જાહેર વપડાસનાં મકાનો.

	રોજ	માહ	ય. સને
અંદેરી–અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી રતનબાઇના પુણ માટે દરેહમેહરને લગતું સર અવસરે વાપરવા બંધાવેલું મકાન ...	૨૩	૧૧	૧૨૮૦
અમદાવાદ–સેનેટરીયમ–રૂસતમજી જેહાંગીરજી વકીલે પોતાના બાવાના પુનને માટે	૨	૧૨	૧૨૭૫
,, જાહેર હોલ–સર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ. ...	૯	૫	૧૨૭૭
,, હોલ–સર અવસરે વાપરવા દખમાના કંપાઉદમાં અનજુમનના ઉગરાણાથી બાંધેલો	૧૯	૧	૧૨૮૭
આકોલા–કુવર હોલ–જમશેદજી પેશતનજી દસ્તુરે માતાજી કુંવરબાઇના પુન માટે	૨૬	૩	૧૨૬૮
અહમદનગર–ધનાપટેલ હોલ–દીનબાઇ બમનજી ધનાપટેલે પોતાના ધણી બમનજીના પુન માટે	૨૫	૭	૧૨૮૪
ઇનડોર–કુંવર હોલ–હોરમજી માણેકજી ભમગરા (૧)	૨૭	૧૧	૧૨૫૨
,, કાવશજી હોલ–સરઅવસરે વાપરવા મેરવાનજી કુવરજી હોતીવાલાએ બેટા કાવશજીની યાદમાં બંધાવેલો	૩	૮	૧૨૯૦
ઉતાકામન્ડ–જાલ ફીરોજ હોલ–ફીરોઝ મનચેરજી કલબવાલાએ દીકરાના પુન માટે	૧	૬	૧૨૭૬
ઉરન–સેનેટરીયમ-હોરમજી માણેકજી ભીમડીવાલાએ પોતાના માતપીતાના પુન માટે	૫	૩	૧૨૭૧
કરાંચી–જાહાંગીર કોઠારી પેરેડ કલીફ્ટન– કલીફ્ટનના દરીયા કીનારે ફરવા હરવાની જગા–સર જાહાંગીર હોરમજી કોથારીએ ભેટ આપેલી...	૧૩	૭	૧૨૯૦
,, લેડી લોઈડ પ્રોમીનેડ પીયર–(કલીફ્ટનના દરીયે કીનારે પેરેડથી વોટર સાઈડ સુધી પથરનો ડકો તથા પુલ અને પેવેલીયન) સર જાહાંગીર હોરમજી કોઠારીએ બંધાવેલાં	૧૩	૭	૧૨૯૦
,, જાહાંગીર કોઠારી હોલ–પારસી ઇનસ્ટીટયુટના કંપાઉંડમાં–જાહાંગીર હોરમજી કોઠારીએ બંધાવેલો	૨૪	૧૦	૧૨૮૫
,, જાહાંગીર બાગ–જાહાંગીરજી જમશેદજી રાજકોટવાળાનાં વારેસો ...	૨૬	૧૧	૧૨૫૭
,, સોરાબ કવારટસ–સોરાબજી બેરામજી કંત્રાકટરની યાદમાં કરાંચીની ઝોરાસ્ટ્રીયન કલબના કમપાઉંડમાં બંધાયલો બંગલો	૨૭	૧૧	૧૨૭૮
,, હોરમજી કાતરક હોલ–કાવશજી હોરમજી કાતરકે પીતા હોરમજીની યાદમાં યંગ મેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન માટે ઝોરાસ્ત્રીયન કલબના કંપાઉંડમાં બાંધેલો અને માલ ઉપર યંગ મેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન માટે સ્થાપેલી લાયબરેરી તથા રૂડીંગ રૂમને કાવશજી હો. કાતરકના બેટા સોરાબજીનું નામ આપી "સોરાબ કાત્રક લાયબરેરી" રાખ્યું છે	૧૨	૩	૧૨૯૦

	રોજ	માહ	ય. સને
કરાંચી—ખરશેદબાઇ કાતરક પારસી હોમ—કાવશજી હોરમજી કાતરકે પોતાના ધણીયાણીની યાદમાં બંધાવેલી સસતાં બાડાંની ચાલી (એ ઉપરાંત કરાંચીની પારસી પંચાયતની વાડીમાં ગુલબાઇ ન. મેહેતા ચાલ તથા બીજા સખી જરથોસ્તીઓએ બંધાવેલી ચાલોછે)	૯	૯	૧૨૮૦
,, સીઝદે ગાહે રવાન-રૂશતમ બેરામ ઇરાનીએ માતાજી જરબાનુનીયાદમાં નસાખાનાના કંપાઉંડમાં સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન ...	૨૩	૭	૧૨૮૬
,, હોરમજી મામા હોલ—બેહરાનાની દરેહમેહરમા—અરદેશર હોરમજી મામાએ બાવા હોરમજીના પુણ્ય માટે બંધાવેલો	૯	૧૨	૧૨૮૭
કવેતા—બાનુ થીઓસોફીકલ હોલ ઓફ કવેટા—બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ. ઇ. એ પોતાના બેટી બાનુ ગોશરપની યાદગારી માટે ...	...		૧૨૮૧
ખંડાલા—જરથોસ્તીઓને હવા ખાવા માટેના ૧૨ બલોકો—સખી જરથોસ્તીઓનાં ઉંગરાટથી જાંગીર બેરાંમજી મરજબાને બાંધેલા	...		૧૨૬૫
બેરગામ—મોટીબાઇ હોલ—મોટીબાઇ તે બમનજી જમશેદજી મુલ્લાના વીધવા	૨૦	૧૨	૧૨૬૧
જાંહબેરડી—જમશેદજી નશરવાનજી પીટીટ પારસી સેનેટરીઅમ ...	૩	૭	૧૨૬૫
તારાપોર—મેરજી• કુ૦ તારાપોરવાલાની યાદગારી માટે બંધાવેલુ મકાન ...	૧૯	૧	૧૨૭૨
વીથલ—(વલસાડ નજદીક)-સેનેટરીયમ—સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના બેટીઓએ (એ ઉપરાત બીજા જુદાં જુદાં સખી જરથોસ્તીઓએ બંધાવેલા બલોકો છે.)	૮	૮	૧૨૭૮
દેવલાલી—ડા. કેખશરૂ નશરવાનજી બાહાદુરજીની યાદગારી માટે બંધાયલી સેનેટરીયમ	૫	૧૨	૧૨૭૧
,, નશરવાનજી જમશેદજી કુપર કોનવેલેસંટ હોમ—રતનજી જમશેદજી દુબાશે પોતાના ભાઇ નશરવાનજીના પુન માટે	૧૦	૯	૧૨૭૩
,, સેનેટરીયમ—બાપુજી દોરાબજી દારૂવાલાએ પોતાના માતાપીતાની નઇયતે	૧૯	૧	૧૨૭૫
,, શીરીનબાઇ રૂશતમજી કે. ઇરાનીએ પોતાના ભરથારની યાદમાં દખમાં આગળ બંધાવેલું સરઅવસરે વાપરવાનું મકાન	૧	૮	૧૨૮૧
,, સોદાવાટરવાલા કોનવેલેશંટ હોમ—આઇમાય સોરાબજી સોડાવાટરવાલાએ પોતાના ધણી સોરાબજીના પુન માટે	૧૪	૪	૧૨૮૩
ધરમપોર—બે. મે. મલબારીએ ૧૯૦૯ માં ખહીના દરદીઓનું સ્થાપેલું સેનેટરીયમ—૧૯૧૨થી કીંગ એડવરડ સેવનથ સેનેટરીયમ થયું, એમાં જુદા જુદા જરથોશતીઓના બાંધેલા કોટેજો છે... ...	૧૨	૭	૧૨૮૬
,, અદલ ગેસ્ટ હાઉસ—કીંગ એદવરડ સેનેટરીયમને લગતું ઉતારાનું મકાન—રતનબાઇ એદલજી બામજી	...		૧૨૮૮
નવસારી—સોરાબ બાગ—એરવદ કાવસજી સોરાબજી બેદવાર	૧૪	૫	૧૨૩૮
,, ખરશેદવારી—ખરશેદજી ટેમુલજી દેસાઇ	....		...
,, તેની પાસેની જમનશાળા—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ	૨૦	૬	૧૨૨૨
,, કાઉસ બાગ—કાવસજી માણેકજી તાતાના છોકરાઓ	૮	૬	૧૨૪૬
,, જમશેદ બાગ—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ ...	૨૦	૬	૧૨૧૯
,, નવાજબાગ-મેરવાનજી નાનાભાઇ મેહતાએ પોતાના માતપીતાના પુન માટે	૧૩	૮	૧૨૬૯
,, બેરામજી નસરવાનજી સીરવાઇ હોલ—બેરામજી નશરવાનજી સીરવાઇ	૧૫	૨	૧૨૭૯
,, બેરામજી નસરવાનજી સીરવાઇ પારક—બેરામજી નસરવાનજી સીરવાઇએ લુનસી કુઇના મેદાનમાં ફરવા હરવા માટે બંધાવેલી જગા ...	૨૧	૪	૧૨૭૯

	રોજ	માહ	ય. સને
નવસારી–મોદીબાગ–બઝમે રૂઝે બેહરામ માટે રૂશતમજી અને નશરવાનજી ના. બાઇસે બેન હીરાબાઇ તથા બનેવી માણેકજી સોરાબજી મોદીની યાદમાં બંધાવેલું	૨	૫	૧૨૮૭
,, મીનારો ઘડીયાલ સાથ–કાવસજી ખરશેદજી મોદીના કુટુંબે ...	૧૬	૫	૧૨૮૭
પુણા–નશરવાનજી માણેકજી પીટીટ હોલ	૬	૪	૧૨૬૧
,, ગરીબ જરથોસ્તીઓ માટે સસતા ભાડાની ચાલી–બરજોરજી માણેકજી તાલુકદાર	૩	૬	૧૨૮૭
,, એરામજી મેરવાનજી મલબારી મેમોરીયલ બલોક–પુણા હીંદુ વીડોઝ હોમ એસોસીએશન હસ્તક વીધવા આશ્રમ માટે ધનબાઇ બે. મે. મલબારી તથા છોકરાંઓએ બંધાવેલો બલોક...		...	૧૨૮૬
,, જે. એન. તાતા રીસરચ હોલ–૧૯૧૭માં સ્થાપેલા ભંડાકર ઓરીયેંટલ રીસચર ઇનસ્ટીટયુટમાં–તાતા બીરાદરોએ બાંધેલો		...	૧૨૮૭
,, ફ્રવરદેગાન હોલ–દોરાબજી દીનશાહ એદનવાલાએ પોતાના ધણીયાણી ડોશીબાઇના પુણ માટે	૪	૧૨	૧૨૭૧
બદનેરા–શોરાબજી નશરવાનજી કામાએ પોતાના ધણીયાણી ગુલબાઇના પુણ માટે બાધેલું ધરમનું મકાન	૧૯	૧૧	૧૨૭૩
બીના–એરામજી નવરોજી ઝવેરીના પુન માટે એવણના વીધવા નવાજબાઇએ તથા બેટા નાનાભાઇએ બંધાવેલો હોલ	૪	૬	૧૨૮૦
બીલીમોરા–તાતા બાગ–મનચેરજી શાપુરજી તાતાએ પોતાના બાવા શાપુરજી કુ. તાતાના પુણ માટે...	૨૯	૬	૧૨૮૧
બેલગામ–મુસાફીરોઝ મુસાફર ખાનું–રૂશતમજી દીનશાહજી મુસાફીરોજના પુણ માટે એવણના વીધવા નવાજબાઇએ બંધાવેલું ઉતારાનું ધરમનું મકાન	૧૩	૭	૧૨૭૨
,, મુસાફરખાનું–બાઇસવાલી દરેહમહેરમાં પેસતનજી ખુરશેદજી બોઇસે મરહુમ ભાઇઓ એદલજી તથા નાનાભાઇના પુણ માટે ...	૨૪	૩	૧૨૬૧
,, રતન હોલ–બાઇસવાલી દરેહમહેરના અસલ જુના હોલમાં સુધારો વધારો કરી રૂશતમજી તથા નશરવાનજી નાનાભાઇ ખુ. બોઇસે મરહુમ ભાઇ રતનજીની યાદમાં સરઅવસરે વાપરવા બંધાવેલો ...	૨૩	૬	૧૨૫૧
,, ખોરશેદ હોલ–ખુરશેદજી પેસતનજી ખુરશેદજી બોઇસની યાદમાં એવણના ખેશીઓ, દોસ્ત આશનાઓ અને બેલગામની જરથોસ્તી અનજુમને મલી સરઅવસરે વાપરવા માટે બંધાવેલો–(એમાં લાઇબરેરી પણ સ્થાપેલી છે.)	૨૩	૬	૧૨૮૫
,, પારસી કલબનું મકાન–રૂસતમજી તથા નસરવાનજી નાનાભાઇ બોઇસ	૩૦	૩	૧૨૮૮
ભરૂચ–સર શાપુરજી ભરૂચા હોલ અને રાયચંદ દીપચંદ લાયબ્રેરી–સર શાપુરજી બરજોરજી ભરૂચા	૧	૪	૧૨૮૮
,, રતનબાઇ ધનજીશાહ મેરવાનજી ડાકટરનું સેનેટરીયમ	૨૫	૬	૧૨૬૫
,, ધનજીશાહ રૂશતમજી ઉમરીગરે પોતાના માતપીતાના પુન માટે સરઅવશરે વાપરવા આપેલું મકાન...	૧૧	૯	૧૨૭૯
,, વીરબાઇ શાપુરજી નારીયલવાલા હોલ–નારીયલવાલા દરેહમેહેરમાં વીરબાઇ શાપુરજી નારીયલવાલાના પુન માટે કુટુંબીઓએ ...	૨૫	૨	૧૨૮૬
,, રૂશતમજી વખારીઆ હોલ–ફ્રેઝરવાલી મેરવાન બાગની ધરમશાલામાં રૂશતમજી હોરમજી વખારીયાએ બંધાવેલો	૧૦	૯	૧૨૮૫

બીમપોર–નશરવાનજી માણેકજી પીટીટ સેનેટરીયમ	૬	૩	૧૨૬૪
,, મનચેરજી પાલનજી કંટ્રાકટરે પોતાની વાડીમાં બંધાવેલું હવા ખાવાનું મકાન			૧૨૮૦
ભોપાલ–ડોશીબાઇ પેશતનજી દાદાભાઇએ ખાવીંદ પેશતનજીની યાદમાં આરામગાહની જગામાં સરઅવસરે વાપરવાનું બંધાવેલું મકાન ...	૧૦	૯	૧૨૮૫
ભુસાવલ–નાયગામવાળા હોલ–નવરોજી પેસતનજી નાયગામવાળા તથા કંટ્રાકટરે પોતાની બેટી આલાંમાયના પુન માટે	૪	૧૦	૧૨૮૦
મકાઉ–ચીનમાં–સર હોરમજી નવરોજી મોદીના પુન માટે ધણીયાણી લેડી માણેકબાઇ તથા બેટા નવરોજીએ સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન	૭	૧	૧૨૮૫
મદરાસ–ફ્રામજી હોલ–અરદેશર ફ્રામજી ભમગરા તથા ભાઇઓએ પોતાના પીતાના પુન માટે	૬	૧૨	૧૨૭૫
,, ફરેદુનજી નશરવાનજી મજગામવાલાની યાદગારી માટે મદરાસની અનજુમને સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન		...	...
,, જાલ ફીરોઝ મેમોરીયલ બીલડીંગ–ફીરોજ મનચેરજી કલબવાલાએ પોતાના દીકરાના પુન માટે	૨૯	૫	૧૨૭૭
માથેરાન–ચેરાગનો મીનારો–(આરામગાહની જગામાં) પેસતનજી નવરોજી કાપડયાએ ધણીયાણી રતનબાઇની યાદમાં બંધાવેલો	૧૯	૯	૧૨૮૭
મોરા ગામમાં–દાદાભાઇ તથા કાવસજી પાલનજી ચવનાનું મકાન ...		...	૧૨૫૬
રાવલપીંડી–નવાબ ધનજીભાઇ ફકીરજી કામાદોરની યાદમાં ધણીયાણી બેરામ અવાબાઇ તથા બેટા શોરાબજીએ સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન	૧૦	૮	૧૨૮૧
લેનોલી–ભીખાઇજી જાહાંગીર હોરમજી મોદીનું સેનેટરીયમ	૧૪	૮	૧૨૬૬
,, ડાઇનીંગ હોલ–કાવસજી દીનશાહ એદનવાલાના સાહેબજાદાઓ ...	૨૨	૯	૧૨૭૧
લંડન–ઇંગલંડના ઇમ્પીરીયલ ઈનસટીટયુટમાં બંધાવેલો "ઈંડીઅન કોનફરન્સ હોલ"–સર જહાંગીર કાવસજી જહાંગીર રેડીમની બારોનેટ ...	૧૯	૯	૧૨૬૪
લંડનના વોકીંગ ખાતે–વાહાડયા મેઝોલીયમ–નવરોજી ન. વાહાડયાના વારસો	૧૫	૧૦	૧૨૭૦
વલસાડ–સુનાબાઈ જાહાંગીર ફ્રામજી ભમગરાએ પોતાના બેટા કેખશરૂના પુણ માટે ક્રીરીયાકામ કરવા બંધાવેલું મકાન	૧૫	૧	૧૨૮૧
સંજાણ–યાદગારીનો સ્થંભ–(સંજાણ મેમોરીયલ કોલમ) જાહેર ઉગરાનાથી	૮	૬	૧૨૮૯
શાંતાકરૂઝ–ધનબાઇ બેરામજી મે. મલબારીએ બંધાવેલા હવા ખાવાના મકાનો		...	૧૨૮૦
સક્કર–આરામગાહની જગામાં સરઅવસરે વાપરવા માટે એબાદત ગાહનુ મકાન	૧૧	૭	૧૨૮૩
સીકંદરાબાદ–પીપલસ હોલ–૧૮૯૦–પાછલથી "જમશેદ હોલ" જમશેદજી એદલજી ચીનાઇએ જાહેર વપરાસ માટે રૂ ૧૫૦૦૦માં વેચાતો લઇ ભેટ આપેલો	૨૦	૧	૧૨૮૨
,, હોમ ફોર ધી એજેડ પુવર માટે બંધાવેલો બલોક–ડોશાભાઇ નશરવાનજી ચીનાઇ	૧૮	૧૧	૧૨૮૮
હજીરા–જીલ્લા સુરત–સેનેટરીયમ–પાલનજી શેરીઆરજી માદનના છોકરાઓ રૂશતમજી, ડોશાભાઇ અને માણેકજીએ બંધાવેલું	૧	૭	૧૨૮૦
હુબલી–હોરમજબાગ–બરજોરજી માણેકજી પઠેલ, ભીખાજી બર. બારીયા, સો. હો. ભરૂચા અને બીરાદરો, તથા દોરાબજી માણેકજી પનવેલીવાલા મલી	૬	૨	૧૨૭૮
હૈદરાબાદ–દખન (જમીસતાપુરમાં દખમાં નજદીક) દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસપઆશાના અને ધણીઆણી કુવરબાઇના પુન માટે એમના ફરજંદો ભીખાઇજી અને અરદેશર તથા જાહાંગીરજીએ બંધાવેલું સરઅવસરે વાપરવાનું મકાન	૧૯	૪	૧૨૮૫

(૧) ઇડોરના શેઠ ભમગરાવાલા કુવર હોલનું મકાન બીસમાર થવાથી ખાં બાં રતનજી બેજનજી પારખે નવું મકાન બંધાવી કરનીઅર ગુડી શેહેનશાહી રોજ ૧૨ મો માહા ૧૦ મો ય. સને ૧૨૮૯ ને દીને ખુલ્લું મુક્યું હતું.

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમના દવાખાના.

મુંબઈ મધેનાં ધરમનાં દવાખાનાં.

કોટમાં—કોટનું ધરમનું લોકોના ઉઘરાટનું દવાખાનું—કાવશજી ધ. પાઉવાલાનું.
,, દીનબાઈ પેસતનજી શાપુરજી ગઝદરનું ઞરધ ધરમનું દવાખાનું—૧૯૦૭
,, પારસી સુવાવડખાતું—અનજુમનને ખરચે—૧૮૯૫
કોટ, મેદાનમાં-પેસતનજી હો. કામાવાલી ઓરત અને બચાંઓ માટેની "કામા હાસપીટાલ"-૧૮૮૬
ખેતવાડી-નશરવાનજી માણેકજી પીટીટનું ધરમનું દવાખાનું—૧૮૬૫.
,, ડા૦ ફ્રામરોજ રતનશાહ પારખની હાસપીતાલ અને સુવાવડખાનું—૧૯૦૯-એનું બંધાયલું મકાન—૧૯૧૭
૫૦૦	૦	૦	મરહુમ બાઇ ધનબાઇજી તે ઇનડીઅન મેદીકલ શરવીશનાં મરહુમ લેફટેનંટ કરનલ કેખશરૂ શોરાબજી નરીમાનનાં બેટીનાં પુણ સારૂ કીધેલા ધરમખાતે.
૧૩૧૨૬૦	૧૫	૬	મરહુમ બાઈ ખોરશેદબાનુ રૂશતમજી માનેકજી મેહેતા તે શેઠ જમશેદજી ફરામજી માદન ઓ. બી. ઈ. ના બેટીનાં પુણ સારૂ જરથોસતીઓ માટે સસતાં ભાડાં મકાન બાંધવા માટે કીધેલાં ધરમ ખાતે.
૪૩૭૫૦૦	૦	૭	

પારસી પંચાયતના ધરમખાતાને લગતા જાણવાજોગ વીગતો.

મુંબઈની પારસી પંચાયતના ધરમખાતાંઓના ફંડ તથા મીલકતોના ટ્રસ્ટી સાહેબોના નામો.

સર જમશેદજી જીજીભાઇ પાંચમા બેરોનેટ, સર કાવસજી જાહાંગીર બેરોનેટ, શેઠ મનચેરજી પેસતનજી ખરેગાત; સર હોરમજી અરદેશર વાહાડયા, શેઠ જાહાંગીર બમનજી પીટીટ, શેઠ કાવસજી જાલભાઇ શેઠ અને સર દીનશાહ માણેકજી પીટીટ બીજા બેરોનેટ.

સને ૧૯૧૯ના સાલનો પંચાયતના હીસાબનો ટુંક ઇનતેખાબ.

આ સાલની શરૂઆતમાં પુંજી રૂ૮૪૧૬૮૮૪—૪—૮ ની હતી, તે આ સાલની સેવટે રૂ૫૦૫૭૦૫૪—૪—૮ ની થઇ હતી. એટલે આએ સાલમાં વધારો રૂ૬૮૦૨૧૦ નો થયો છે.

જુદા જુદા ધણીઓએ જામીનગીરી અને શેરો અને જામીનગીરી ખરીદવાને અને નવસારી ખાતે સેનેટરીયમ બાંધવા માટે રોકડ મલી રૂ૫૬૧૨૮૮ ની રકમ આપી છે. એમાં રૂ૧૬૩૦૦૦ ની રકમ પારસી જનરલ હોસ્પીટલને માટે (જેમાં રૂ૯૮૮૦૦) ની રકમ એ હાસ્પીટાલ લડાઈ દરમયાન લસ્કરી કામ માટે વપરાઇ તેના ભાડાંની સરકાર તરફથી મલેલી રકમમાંથી ખરીદેલી જામીનગીરી સમાય છે. રૂ૪૬૫૫૦ મુંબઇ શેહેરને લગતાં બીજાં ખાતાંઓ માટે, રૂ૧૩૫૦૦૦ સુરતની અંજુમનને માટે અને રૂ૧૧૬૭૩૮ બાહેરગામનાં બીજાં ખાતાંઓને માટે તથા રૂ૧૦૦૦૦૦ બાઇ રતનબાઇ (ટાટા) એદલજી બામજી નવસારી સેનેટરીયમ માટે તેમાં બીલ્ડીંગ બાંધવા માટે રૂ૫૦૦૦૦ તથા તેના નીભાવ માટે રૂ૫૦૦૦૦ એ મુજબ એકંદર રૂ૫૬૧૨૮૮ છે. આ સાલ ૧૩ નવાં ખાતાં પડયાં છે.

ધરમને લગતું ખાતું.

આએ સાલમાં નીચલાં બાનું અને ગ્રહસ્થોનો ધહમબાર કરવાનો વારો હતો અને તેઓએ અનજુમનનાં ધહમબારનાં ૬ જાહેર જમણો કરયાં હતાં. બાઇ હમાબાઇ જે. કે. મેહેતા, બાઇ ગુલબાઇ બમનજી પીટીટ, શેઠ અરદેશર મેહેરજીભાઇ વીકાજી, બાઇ જરબાઇ ન. વાડીયા, શેઠ રતનજી ખરશેદજી વાડીયા અને શેઠ ફરદુનજી અ. ખરશેદજી ફરદુનજી પારખ.

રવાંનોને લગતું ખાતું.

કુલ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહોંચાડવાનાં ફંડમાંથી નશેશાલાર અને ખાંધીઆઓ મલી ૫૧ જણને રોકવામાં આવ્યા હતા, જેઓના અને એ ખાતાંના મેહેતાજી, માણુસો, સમોસીઓ અને માલીઓ વીગેરેનાં પગારના એ વરસે રૂ૩૭૨૬૦—૧૫—૮ થયા હતા. એ ખાતાંમાંથી વફાદારીથી લાંબી નોકરી બજાવનાર નશેશાલાર ખાંધયાઓને પેનશન તરીકે તથા તેઓના મરણ બાદ તેઓની વીધવાઓને પગાર તરીકે મલી ૨૧ જણને દરેકને રૂ૪ થી રૂ૧૮—૮—૦ સુધીની માસીક રકમ આપવામાં આવી હતી. આ ખાતાનાં જુદા જુદા લતાના માણુસોની સારવાર નીચલા તબીબ સાહેબોએ કીધી હતી, અને દવા આપી હતી તે માટે એ સાહેબોને જે આપવામાં આવતું હતું તે તેઓએ ધરમખાતે પાછું આપ્યું છે. એ મેહેરબાની માટે એ સાહેબોનો આભાર માનવામાં આવે છે (૧) ડા૦ દાદાભાઇ નવરોજી સાહેર, (૨) ડાકટર નવરોજી બેજનજી દા૦ કાપડીઆ અને (૩) ડાકટર ફરામજી એ. માદન.

લાચારીમાં મદદને લગતાં ખાતાંઓ.

ચોપાટીની શેઠ ફરદુનજી સોરાબજી પારખની ધરમશાલામાં આ સાલની સેવરે ૪૫ મરદો અને ૪ બાઇઓ મલી ૪૯ જણ આશરો લેતા હતા. ડા૦ અરદેશર હોરમસજી ઘાસવાલાએ એઓની ચારવાર કીધી હતી. એ ધરમશાલા પાછલ આ સાલમાં રૂ૧૬૧૫૩—૪—૨ નો ખરચ થયો હતો. જરથોસ્તીઓ તરફથી આ સાલ સર અવસરે આખા દીવસના ૨૩૨ અને અરધા દીવસનાં ૨૮ ખાણા થયાં હતાં. આ સાલમાં દરેક રહીસોને નીચે પ્રમાણે કપડાં અને રોકડની ભેટ મલી હતી. દરેક મરદને સદરા ૯, લેંગા ૫, તોપી ૪, બદીઆન ૧, કુસ્તી ૧, ચારસો ૧, બલેંકેટ ૧, સલીપરની જોડી ૧, અને નેપકીન ૧ તથા દરેક સ્ત્રીને સદરા ૧૦, ઇજાર ૬, માથાંબાનાં ૬, કુસ્તી ૨, બદીઆન ૭, ચારશો ૧, બલેંકેટ ૧, સપાટની જોડ ૧ અને નેપકીન ૧; દરેક મરદને આખા વરસમાં રૂ૪૫-૧-૦ તથા દરેક સ્ત્રીને રૂ૪૮—૧૦—૦.

મુંબઇનાં આંધળાં પાંગળાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર આપવાનાં ફંડ ખાતેથી આશરો લેનારાં તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૯ ને દીને બધાં મલી ૫૫૪ હતાં તે આશામીઓને મોટે ભાગે રૂ૩ થી રૂ૫ સુધી પગાર આપવામાં આવ્યો હતો, ખાસ કેસોમાં કેટલાકોને રૂ૫ થી વધુ આપવામાં આવ્યો છે. એ ૫૫૪ જણામાં ૪૬૫ બાઇઓ અને ૮૯ મરદો હતા. આ ખાતેથી પગારની ૧૨ માસની રકમ રૂ૩૦૫૨૩ થઇ હતી. એ પગાર ઉપરાંત આ સાલની વરશની શરૂઆતમાં જાનેવારી માસ માટે મોગવારીનાં ફંડમાંથી દરેક આશામીને માસીક રૂ૨ વધુ આપવામાં આવ્યા હતા તથા લડાઇની સુલેહની ખુશાલીમાં નવેમબર ૧૯૧૯ ના પગારમાં રૂ૨ દરેકને વધારે આપ્યા હતા.

મુંબઇનાં તંગદસ્ત હાલતમાં આવેલા જરથોસ્તીઓને આશરો આપવાનાં ફંડ ખાતેથી આબરૂદાર જરથોસ્તીઓ જેઓ જમાનાની ગીરદેશીથી તંગદસ્ત હાલતમાં આવ્યાં હોય, તેઓને આશરો આપવામાં આવે છે. તા૦ ૩૧ મી ડીસેમબરે એઓની સંખ્યા મરદ ૨૧ અને સ્ત્રીઓ ૮૪ મલી ૧૦૫ ની હતી એ ખાતેથી મદદનાં રૂ૬૭૫૮ આપવામાં આવ્યાં હતા. એ પગાર ઉપરાંત આ સાલ જાનેવારી માસ માટે મોગવારીનાં ફંડમાંથી દરેકને રૂ૨ વધુ આપવામા આવ્યા હતા તથા લડાઇની સુલેહની ખુશાલીમાં નવેંબર ૧૯૧૯ ના પગારમાં દરેક જણને રૂ૨ વધારે આપ્યા હતા.

ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપવાના ફંડ ખાતેથી આશરો લેનાર વીધવાઓની તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૯ ને દીને સંખ્યા ૧૭૯ ની હતી. તેઓને મોટે ભાગે રૂ૩ થી રૂ૫ નો માસીક પગાર આપવામાં આવ્યો હતો તેની રકમ રૂ૯૩૮૬ ની થઇ હતી. એ પગાર ઉપરાંત આ સાલ જાનેવારી માસ માટે મોગવારીનાં ફંડમાંથી દરેક આસામીને માસીક રૂ૨ વધુ આપવામાં આવ્યા હતા તથા લડાઇની સુલેહની ખુશાલીમાં નવેંબર ૧૯૧૯ ના પગારમાં રૂ૨ દરેકને વધારે આપ્યા હતા. એ સાલમાં જુના પગારદારોમાંથી ગુજરી જવાથી તથા બીજા સબબોને લીધે ૧૮ જણ કમી થયાં હતાં અને ૨૭ જણના નવા પગાર કીધા હતા.

મુંબઇના ગરીબ, લાચાર જરથોસ્તીઓ ગુજરે તેઓનાં રવાંનોને અવલમંજલ પોંહોંચારવા તથા ધરમની ક્રીયા વગેરેનો દીન ૪ નો ખરચ કરવા માટે આશરો આપવાના ફંડ ખાતેથી ૭૪ રવાનો માટે રૂ૧૬૭૦ ખરચ આપવામાં આવયો હતો.

જરથોસ્તી માએ બાપોને પેટે જનમેલાં બાલકોને સુદરેહ પેહરાવવાનાં કારણસર આશરો આપવાના ફંડ ખાતેથી આ સાલ ૧૯ બચ્ચાંઓને સુદરેહ પેહરાવવા માટે તેઓનાં ગરીબ માએ

બાપોને રૂ૬૧૦ આપવામાં આવ્યા હતા. દરેક બાલકની નવજોત માટે રૂ૨૫ અને જો એકી વખતે બે બાલકની નવજોત હોય તો રૂ૪૦ આપવામાં આવેછે.

ગરીબ લાચાર જરથોસ્તી છોકરીઓને પરણાવી આપવા માટે આશરો આપવાંનાં ફંડ ખાતેથી આ સાલમાં ૩૪ છોકરીઓને પરણાવી આપવા માટે દરેક છોકરી દીઠ રૂ૭૫ પ્રમાણે રૂ૨૫૫૦ ની મદદ આપી હતી.

મુકતાદ ટાંકણે દેશાવરો ખાતેનાં આંધલાં પાંગલાં તથા લાચા જરથોસ્તીઓને વેહેંચી આપવા સારૂં રૂપીયા વાલવાનાં ફંડમાંથી એ શાલ દેશાવરોનાં ૬૮૮ ગરીબ જરથોસ્તીઓને રૂ૫૧૫૬-૨-૦ તથા મુકતાદને ટાંકણે કોઇ પણ ઠેકાણેનાં આંધલાં પાંગલાં તથા ગરીબ જરથોસ્તીઓને વહેંચી આપવા સારૂ રૂપીયા વાલવાના બીજા ફંડમાંથી ૪ જણને રૂ૨૩૧ આપ્યા હતા. એ ગામોનાં નામ નીચે પ્રમાણે છેઃ—

સુરત શેહેર તથા સુરતનાં પરાંઓ, સુરતને લગતાં ગામો (વેસુ, સુમાલી, અમરોલી વીગેરે),- ઊદવાડા, દમણ (નાની તથા મોટી), તારાપોર, વલસાડ, ગણદેવી, સાદરવેલ, બીલીમોરાં, ચીખલી, મરોલ, દેહણું, દેવીએર, નારગોલ, તડગાંમ, શરોંડા, નવશારી, નવસારીને લગતાં ગાંમડાંઓ (તવડી, બારડોલી, મહુવા, વીઆરા, શીઓડપુની, હાલા, વરોલી), ભરૂચ, ભરૂચને લગતું ગાંમ (અકલેશર), ખેરગાંમ, વદોદરા, ખંબાત, પારડી, પ્રતાપનગર, દેવગઢ, બારીઆ, શોલાપોર, પુના, બેલગાંમ. ઉપલા કારણસર ફરતી કરેલી ટીપમાં રૂ૫૫૯ ભરાયા હતા.

મુંબઇનાં લાચાર જરથોસ્તીઓને મુફત અનાજ આપવાનાં ફંડમાંથી આએ સાલ ગરીબ જરથોસ્તી ૪૩ જણને મુફત અનાજ અપાવ્યો તેનાં રૂ૬૦૭-૧૩-૦ થયા હતા.

ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવાનાં કામમાં મદદ આપવાના ફંડમાંથી આ સાલ કોઇએ મદદ માગી નથી.

ગરીબ જરથોસ્તી માટે મોગવારીનું ફંડ-પંચાએતનાં ધરમખાતાંનાં ફંડોમાંથી આપણા ટોલાના ગરીબોને આશરો આપવા પગાર આપવામાં આવે છે તેઓને અનાજની મોંઘવારી થવાથી ગુજરાન કરવું ભારી પડતું હોવાથી ત્રસ્તી સાહેબોએ એ ફંડમાં નાણું ભરવા અરજ કરી હતી. તે ખાતે આ સાલની શરૂઆતમાં બાકી રકમ રૂ૪૦૫૭-૭-૯ હતી અને બીજા વધુ રૂ૫૬૭-૧૧-૦ આ સાલ ભરાયા હતા, તેમાંથી સરવે ગરીબ પગારદારોને તેઓના પગાર ઉપરાંત આ સાલની શરૂઆતમાં જાનેવારી માસ માટે રૂ૨ દરેકને આ ફંડ ખાતેથી વધુ આપવામાં આવ્યા હતા.

તનની દુરસ્તીને લગતાં ખાતાંઓ.

દીવાનશાલા અથેના ગરીબ લાચાર જરથોસ્તીઓની પરવરશીને લગતા ખરચ માટે મદદ આપવાના ફંડ ખાતેથી શેઠ નશરવાંનજી માણેકજી પીટીટનાં ધર્મખાતાંને આ કામકાજે આ સાલમાં રૂ૨૦૬૦ આપ્યા હતા.

ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખા અથવા બીજા દરદોનો ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનાં ફંડમાંથી ૨૩ જણને રૂ૧૦૩૦ ની મદદ આએ સાલમાં આપી હતી. એ મદદ દેવલાલી, ઝાંયબોરડી, ઉદવાડા, સુરત, ખંડાલા, ભીમપોર ગામો ખાતે જવા માટે આપી હતી.

વીદ્યા અને કેલવણીને લગતાં ખાતાંઓ.

મુંબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલોના ફંડ ખાતેથી મુંબઇ અને દેશાવરો મળી ૩૩ નીશાલોમાં જંદ અવસ્તા અને જરથોસ્તી

ધરમને લગતાં મુલ તત્વોનું ગ્નાન આપવામાં આવયું હતું. ઉપરી એરવદ બમનજી નશરવાનજી ધાભર, એમ. એ. સાથે એ ખાતાંમાં ૫ શીક્ષકોને રોકયા હતા. જેઓનાં પગારો વીગેરેની વારષીક રકમ રૂ૫૩૨૦–૧–૦ ની થઇ હતી. એ રકમમાંથી રૂ૨૧૮૬ની રકમ મુંબઇમાં સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંન્ટ ઇન્સ્ટીટયુશનના છોકરાંઓને ધરમ કેલવણી આપવા કાજે અને બાકીની બાહારગાંમોની એ ખાતાની બીજી સ્કુલોનાં બાલકો માટે છે. એ નીશાલો નીચે પ્રમાણે જુદા જુદા ગાંમો ખાતે હતીઃ—૫ મુંબઇ, ૧ મહુવા, ૧ ભરૂચ, ૧ દેવીએરા ૧ રાજકોટ, ૧ વલશાડ, ૩ નવશારી, ૧ બારડોલી, ૧ નારગોલ, ૧ ભાઠા, ૧ વીઆરા, ૧ શરોંડા, ૧ ઉદવાડા, ૧ કુદીયાણા, ૧ ઇગતપુરા, ૧ સોલાપોર, ૧ ખંબાત, ૧ બદનેરા, ૧ તારાપોર, ૧ ગણદેવી, ૧ બીલીમોરા, ૧ ખેરગાંમ, ૧ ઓરપાડ, ૧ વડગાંમ, ૧ કરંજ, ૧ ભગવા, જાહાંસી.

નામદાર સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટની યાદગારીને સારૂં ઊભી કરેલી જરથોસ્તી મદરેસા ફંડ ખાતેથી એ મદરેસાના પેહેલવી અવસ્તા અને સંસ્કત ભાષાઓના શીક્ષકો વીગેરેનાં આ સાલ રૂ૫૬૩૨–૮–૯ થયા હતા અને વીધયારર્થીઓની સ્કોલરશીપના રૂ૩૦૮૪ થયા હતા. આ સાલની સેવટે મદરેસામાં ૪૮ વીધ્યારથીઓ હતા. સંસ્કૃત વરગનો લાભ એ સાલમાં ૨ જણે લીધો હતો.

નામદાર સર જમશેદજી જીજીભાઈ ત્રાનશલેસન ફંડ ખાતેથી ૧૧ પુસતકોને નાનો મોટો આશરો આપવામાં આવયો હતો. જુદાં જુદાં પુસ્તકોને આશરો આપવા વીગેરે પાછલ એ સાલ કુલે ખરચ રૂ૯૫૫–૧૫–૯ નો થયો હતો, એઓમાં નીચલાં પુસ્તકો જરથોસતી ધરમ તવારીખ, સંસાર અને સાહીત્યને લગતાં હતાંઃ—રહેબરે રોશની, આજદીયસની મોનાજાત, Rock Record of Darius the great, હીંદના દાદા, સંજાણની સરજત, સંજાણનો સપુત, If Zoroster went to Berlin Anthropological Papers Part II, પારસી શાહાનામુ તમામ ગુજરાતી બએત બાજુમાં ભાગ ૫, હેનરી ફ્રોન આઇકન ફ્લેઝ ખુદાને કેમ પીછાનતા શીખ્યો જરથોસતી ધરમ સંબંધી ભાષણો અને વાયજો ભાગ ૬.

બાપ વીનાનાં બચ્ચાં તથા વીધવાના ખાતેથી મુંબઇની મી૦ જમશેદજી નશરવાનજી પીટીટ ઓરફનેજમાં ૯ છોકરાંઓને તથા સુરતની ઓરફનેજમાં ૪ છોકરાઓને રખાવ્યા હતા. એ ઉપરાંત સર જમશેદજી ઇન્સટીટયુશનના ઓરફન છોકરાઓને ટાઇપરાઇટીંગ, બુક–કીપીંગ વીગેરે શીખાડવાનો ખરચ કીધો હતો. ઓરફન વીધ્યાર્થીઓને કોલેજની ફી વીગેરેની મદદ આપી હતી તથા વીધવાઓને અને ઓરફનોને માસીક મદદ આપી હતી. તેનો કુલે ખરચ રૂ૬૩૦૪–૧૩–૬ નો થયો હતો. વીધવાઓ તથા ઓરફનોને માસીક મદદ ઉપરાંત આ સાલની શરૂમાં જાનેવારી માટે મોગવારીનાં ફંડમાંથી દરેકને રૂ૨ વધારે આપવામાં આવ્યા હતા તથા લડાઇની સુલેહની ખુશાલીમાં નવેંબર ૧૯૧૯ ના પગારમાં રૂ૨ દરેકને વધારે આપ્યા હતા.

જરથોસ્તી વીધ્યારથીઓને વીધ્યાઅભ્યાસ માટે મદદ કરવાના ફંડ ખાતેથી ચોપડીઓ ખરીદવા માટે વીધયારથીઓ ૬ જણને મદદ આપી હતી, તેનો રૂ૩૯૪ નો ખરચ થયો હતો.

શેઠ હોરાબજી ખરશેદજી શરાફે રૂ૨૧૦૯૬૦ નાં બજાર ભાવનાં જુદી જુદી કુંપનીના શેરો ત્રસ્ટી સાહેઓને આપી ખાતું પડાવયું છે તેની આવક આપણી કોમમાં કેલવણી કાજે વાપરવાની છે તેનો આ સાલ રૂ૭૮૭૯–૧–૦ નો ખરચ થયો હતો.

સ્થાવર મીલકત.

ટ્રસ્ટી સાહેબોએ હયુઝ રોડ અને ગીબસ રોડ વચ્ચેની પોતા હસ્તકની કેટલીક જગ્યા ઉપર વસવાટનાં મકાનો ધરમ ખાતે બંધાવવા કાજે શરૂઆતમાં ૧૨) પ્લોટો કરયા હતા. ત્યાર પછી ૧૯૧૬ માં બીજા વધુ નાના ૫ પલોટો કરયા છે. કુલે ૧૭) પલોટો હાલ સુધીમાં થયા છે. મુખડા ઉપરનાં એક પલોટ નં. ૫ ઉપર અને પછવાડેનાં નવ પલોટો નં. ૬ થી ૧૪ ઉપર મકાનો બંધઇ ચુકયાં છે.

મીટીંગ અને બનાવ.

ટ્રસ્ટીઓની મીટીંગ—આ સાલમાં ટ્રસ્ટી સાહેબોની કુલે ૨૩) મીટીંગ ઓફીસ તથા ડુંગરવાડી ખાતે મલી હતી.

અંજુમનની મીટીંગો—પારસી કુમારીકાઓના પરકોમવાલા જુદદીનો સાથ થયલાં લગ્નોના સંબંધમાં પગલાં ભરવા તા૦ ૨૮ મી જુલાઇ ૧૯૧૮ ને દીને અંજુમનની સભા બોલાવી હતી. વકી રાખવા કરતાં મોટી સંખયાંમાં લોકો હાજર થવાના સબબે અને તેઓ માટે પુરતી સગવડ ન હોવાથી એ સભા મુલતવી રાખવામાં આવી હતી. એ મુલતવી રહેલી સભા ત્યાર બાદ તા૦ ૨ જી ફેબ્રુઆરી ૧૯૧૯ ને દીને મલી હતી. છેલ્લી યુરોપમાં ચાલેલી લડાઇ ખતમ થઇ સુલેહ થઇ તેની શુકરગુજારીની બંદગી તા૦ ૬ થી જુલાઇ ૧૯૧૯ ના દીને કરવામાં આવી હતી.

નીચલાં ખાતાઓ તરફ મદદ કાજે જરથોસ્તી સાહેબોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

૧—પારસી પંચાયતના વખતો વખતના ટ્રસ્ટીઓએ પોતાની નજરમા આવે એવા જરથોસ્તીઓના ફાયદાને માટે ચુંટી કાઢેલા સખાવતી કામ યા કામોમાં વાપરવા માટેનું ફંડ.

૨—ગરીબ જરથોસ્તી બાપ વીનાના બચ્ચાં તથા વીધવાઓને મદદ કરવાનું ફંડ; આ ફંડની મકસદ એ છે કે ગરીબ જરથોસ્તી બાપ વીનાનાં બચ્ચાં તથા વીધવાઓને કોઇ પણ રીતે મદદ આપવી અથવા તેઓના લાભ માટે કોઇ પણ રીતે ખરચ કરવો; જેમકે બચ્ચાંઓને ઓરફનેજમાં મોકલવાનો, અથવા મા યા વાલી સાથે રહેતાં હોય તો ભરણ પોશણ અને કેલવણીનો ખરચ આપવો, અથવા વીધવાઓને વરક કલાસમાં જવા અથવા નરશીંગ શીખવા અથવા એવો બીજો ધંધો શીખવા અથવા ધંધાના ઓજારો વીગેરે લેવા માસીક અથવા ઉચક મદદ આપવી, અથવા જે ખાતાંઓ એવાં બચ્ચાંઓ અથવા વીધવાઓને મદદ આપતાં હોય તેઓને ઉચક અથવા માસીક મદદ કરવી.

૩—પારસી સંકટ નીવારણ ફંડ; જેમાંથી પારસી ઉડતા રોગની હાસપીટલનો ખરચ પણ થાય છે,

૪—ચોપાટીની ધરમશાલા મધે લાચાર જરથોસ્તીઓને રાખીને પરવરશી કરવાનું ફંડ.

૫—મુંબઇનાં આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર આપવાનું ફંડ.

૬—મુંબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલોનું ફંડ.

૭—ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખાં અથવા બીજાં દરદોના ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનું ફંડ.

૮—કુલ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંચાડવાનું ફંડ (આ ખાતાને વધુ મદદની ખાસ જરૂર છે.)

૯—ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપવાનું ફંડ.

૧૦—ગરીબ જરથોસ્તીઓને સસ્તો અનાજ આપવાનું ફંડ.

રાજા મહારાજાઓ,

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપટનો, નામદાર લેટ વૉઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી. પોલીટીકલ એજન્ટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે—ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનાલાઇઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈ પણ જાતની પરેજીની જરૂર નથી.

૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

બાદશાહી યુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઈલાજ છે.

આઉંસ એકની ડબીના રૂપીઆ આઠ.

ડાક્ટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

જાણીતા શેહેરી અને જરનાલીસ્ટ,

શેઠ જેહાંગીર બેહેરામજી મરઝબાન,

સી. આઈ. ઈ., જે. પી.



જનમ.—રોજ ૬ ઠો, માહા ૧ લો, સને ૧૨૧૮ યઝદેજરદી કદીમ, ઇંગ્રેજી તારીખ ૨૭ સપ્ટેમ્બર સને ૧૮૪૮ ઈસ્વીને દીને મુંબઈમાં થયો હતો.

સી. આઈ. ઇ. થયા.—તારીખ ૧લી જાનેવારી સને ૧૯૨૧ ઈસ્વી

જાણીતા શેહેરી અને જરનેલીસ્ટ,

શેઠ જેહાંગીર બેહેરામજી મરઝબાન,

સી० આઇ० ઇ०, જે० પી०

—०००००—

"જામે જમશેદ" ઇલેકત્રીસ પ્રીટીંગ વર્કસ તથા 'જામે જમશેદ' પત્રના માલેક તથા માજી અધીપતી, 'ગપસપ'ના સ્થાપક, 'એડવોકેટ આવ ઈન્ડીઆ' ના આગલા પ્રોપ્રાયટર, "બોંમ્બે ગેઝટ" ના આગળા મેનેજર, 'ટાઈમ્સ આવ ઇન્ડીઆ' ના એક આગળા મેનેજર, જરનેલીસ્ટ અને નોવેલીસટ, શેઠ જેહાંગીર બેહેરામજી મરઝબાન જેવણુનો જનમ રોજ ૬ થો ખુરદાદ, માહા પેહેલો ફરવરદીન સને ૧૨૧૮ યઝદેઝરદી કદીમ, ઈંગ્રેજી તારીખ ૨ જી સપટેમ્બર સને ૧૮૪૮ ઈસ્વીને દીને થયો હતો.

હીંદના કેક્ષટનની ઉપમા પામેલા મરહુમ શેઠ ફરીદુનજી મરઝબાનજી, જેવણે સીલાછાપની પુરાણી રૂઢીને વીસરાવી મેળનાર બીબાં બનાવી "મુંબઈ સમાચાર" પત્રને સને ૧૮૨૧ મા જનમ આપ્યો હતો, તેવણુના પૌત્ર શેઠ જેહાંગીર મરઝ-બાનનો જનમ મુંબઇ મધે થયો હતો. તેવણે એલફીનસ્ટન સ્કુલમા કેળવણી લીધી, જ્યાંથી મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરવા બાદ થોડીક મુદત એલ-ફીનસટન કોલેજમા અભ્યાશ કરયો અને તે પછી 'રાસ્ત ગોફતાર'ના મદદનીસ અધીપતી દાખલ 'જરનેલીસ્ટ' તરીકેની પોતાની કારકીર્દીનુ મંડાણ કર્યું. ત્યાંથી છુટા પડતાં તેવણુ 'ટાઇમ્સ આફ ઈન્ડીઆ'ના છાપાખાનામા મદદનીશ મેનેજર તરીકે રહયા. કાબેલ ભેજું, ચગોર નજર, અને ગણત્રીબાજ પધ્ધતીથી કામ લેવાની આવડને લીધે પોતાના ધંધાની બારીકે બારીક તપસીલ સમજી જવાની શકતી સાથ દરેક બાબતમા ખણખોડ કરીને તેના બાતીનમાં ઉતરવાની કાળજીથી ટુંક મુદતમા શેઠ જેહાંગીરે પોતાના વડીલ અમલદારો મેસરસ મેથયસ મલ, જનરલ નાસુ લીસ, તથા મી० મેટન ગીયરીનો ચાહ તથા ઉંચ મત જીતી લીધાં. આ ઓધાના ભોગવતા દરમ્યાનમા શેઠ જેહાંગીર આળા દરજાના શહેરી અગેસરોના સમાગમમા આવ્યાથી બોહોળો વગવસીલો મેલવવા પામ્યા, જે અનુભવ તથા વગ પાછળથી તેવણુને બહુ ખપ લાગયો હતો. મરહુમ મી० મેટન ગીયરીએ

જ્યારે 'ટાઇમ્સ આવ ઇન્ડીઆ' સાથનો સંબંધ છોડયો ત્યારે તેવણ પોતાના આ માનીતા મદદનીસ શેઠ જેહાંગીર મરઝબાનને પોતાની સાથે લેઇ ગયા, અને તેવણે 'બોંબે ગેઝટ' ખરીદીને શેઠ જેહાંગીરને તેના વડા મેનેજર નેમી એ કારખાનાનો મોટો આરાબો તેવણને સવાધીન કરયો. શેઠ જેહાંગીરે કુનેહ કારસાજી તથા કરકસરથી કારખાનાનો વહીવત ચલાવીને ટુંક મુદતમા તેને ફતેહમંદ તથા પાયદાર બનાવ્યું. શેઠ જેહાંગીર ઉપર મી૦ ગીયરીનો એટલો વીશ્વાશ હતો કે તેવણ જ્યારે એશયા ખંડના પ્રવાસે સીધારયા ત્યારે "બોંબે ગેઝટ" નો સઘળો કારભાર શેઠ જેહાંગીરને સોંપી ગયા એટલુંજ નહીં, પણ પોતાના વશીયતના વહીવતદાર તરીકેબી તેવણનેજ નેમયા. થોડાંક વર્ષ બાદ શેઠ જેહાંગીરે 'ગેઝટ' સાથનો સંબંધ છુટો કરયો, અને ડાકટર બલેની, સર ફીરોઝશાહ મે. મેહતા અને શેઠ કાવસજી શરાફની સાથે મળીને ભાગીદારીમા 'એડવોકેટ આવ ઇન્ડીઆ' ખરીદયું. ત્યાર બાદ તેવણ મરહુમ શેઠ કાવસજી મેહરવાનજી શરાફની સાથે ભાગીદારીમા જોડાઇને "મેશરસ જેહાંગીર એન્ડ શરોફ" ની પેઢીને નામે 'જામે જમશેદ' છાપખાનાનો વહીવત ચલાવવા માંડયો. આ બંને ખંતીલા અને મેહનતુ સાહેબોની કારસાજી હેઠળ 'જામે જમશેદ' પત્રનો ફેલાવો તેમજ છાપખાનાનો વહીવત કુદકે અને ભુસકે વધ્યોજ ગયો. થોડાંક વરષો બાદ શેઠ કાવસજી શરાફે વેપારી લાઇન તરફ નજર કરી તેથી જરનેલીઝમ પડતું મેલયું અને ભાગીદારીમાંથી રીટાયર થઇને જાપાનને પ્રવાશે ગયા, જેથી 'જામે જમશેદ' પત્રના અધીપતીપણા સાથ માલેકીની કુલ મુખત્યારી શેઠ જેહાંગીર મરઝબાનના હાથમા આવી, તે આજે આગેવાન તથા ફતેહમંદ છાપાઓને મોખડે છે. 'જામે જમશેદ' નો સતાવાર જાહેર થયલો ફેલાવો ૬૫૦૦ કોપીઓનો છે; અને તેની જાહેર ખબરોનો વારશીક સરવાળો આજે રૂ ૨ લાખ ૨૦ હજારનો થવા જાય છે.

જાહેર સેવાઓની પીછાન.

ન્યુઝપેપરના માલેક અને અધીપતીના અધીકારો કાંઇ ગુલાબની સેજ જેવા નથી. પત્રદ્વારા જેમ તેઓને પ્રજાની સેવા બજાવવી પડે છે તેમ વળી કેટલાક દાખલાઓમાં મોટી જવાબદારીઓ પણ ઉઠાવવી પડે છે. શેઠ જેહાંગીર મરઝબાન બદનક્ષીના અનેક બંબગોળા હેઠળથી પસાર થઇ આવ્યા છે. તેવણની જાહેર તથા કોમી સેવાઓ, મુંબઇની પ્રજાએ, મુખ્ય કરીને પારસી કોમે, કદર બુજવા વગર પસાર થવા દીધી નથી. વલસાડમાં ધુણવાને નામે ચાલી રહેલી ગેરરીતી

'જામે જમશેદે' ઉઘાડી પાડયાથી ત્યાંની દરબારના રખેવાળે તેવણની સામે બદનક્ષીની ફરીઆદી માંડી હતી. સુરતના મેજીસ્ત્રેટ મી૦ બ્રાઉને લંબાણ તપાસ ચલાવીને ચુકાદો આપતાં અનીતી પુરવાર થયલી ઠરાવી; અને તેને ઉઘાડી પાડવામાં શેઠ જેહાંગીરે 'જાહેર સેવા' બજાવી હતી એવો અભીપ્રાય આપ્યો હતો. આ મુકદમો લડતાં તેવણને મોટો ખરચ થયો હતો. 'એ પ્રજાકીય સેવાની પીછાન થવી જોઈએ' એવી લાગણી બાહેર પડવાથી પારસી કોમના સંખ્યાબંધ અગ્રેસરોએ આગેવાની લઈને તે માટે જાહેર ફંડ ઉભું કર્યું હતું. તેમાંથી 'જામેના અધીપતી અને માલેક' શેઠ જેહાંગીર મરઝબાનને એક જાહેર ખાણું, ફ્રીમેશન હોલમાં, નામદાર સર જમશેદજી જીજીભાઈ (ચોથા) બેરોનેટ સાહેબના પ્રમુખપદ હેઠળ આપવામાં આવ્યું હતું. એ પ્રસંગે શેઠ જેહાંગીરની કીમતી સેવાઓની પીછાનમાં ચાંદીનું એક 'તાજ' ભેટ કરવામાં આવ્યું, અને આસરે રૂપ્યા સાડાચાર હજારની એક 'પર્સ' પણ તેવણને એનાયત કરવામાં આવી હતી. પણ એ નાણા તેમણે પોતાના અંગત ઉપયોગમાં નહીં લેતાં આખી રકમ ખંડાલા સેનીટેરીયમ માટે જાથુકનું એનડાઉમેંટ ફંડ સ્થાપવાને ત્રસટમાં આપ્યા હતા. ઉરણ, વલસાડ અને નારગોળની જરથોસ્તી અંજુમનોએ પણ તેવણને માનપત્રો-એનાયત કર્યાં હતા અને સર જમશેદજીને હાથે એક "સાલ" ભેટ આપી હતી. આવું અસાધારણ માન પારસી જરનેલીસ્ટને અગાઉ કદી મળેલું નોંધાયું નથી.

શેઠ જેહાંગીર મરઝબાન એક નોવેલીસ્ટ તરીકે.

શેઠ જેહાંગીર મરઝબાન છાપાના એક ચુનંદા લેખક તરીકે, પોતાની હીંદી તેમજ યુરોપની મુસાફરીના દીલચસ્પ અહેવાળ લખનાર તરીકે, અને સેવટે એક બહુ ફતેહમંદ તેમજ લોકપ્રીય નોવેલીસ્ટ નવલકથાકાર તરીકે મશહુર છે. ગુજરાતી ભાષા સેહલી, સરલ, રમુજી તાહુકા ટુચકાના ઉંચ 'હયુમર' સાથ લખવાની આ પ્રસીદ્ધ પારસી લેખકની 'સ્ટાઈલ' બીનહરીફ છે એમ કહેતાં અમો અતીશયોક્તી કરતા નથી. ગુજરાતી વારતા લખનાર તરીકે શેઠ જેહાંગીર મરઝબાને મેલવેલી લોકપ્રીયતા તેવણના પચીસથી વધુ પુસ્તકો સાબેત કરી આપે છે. એ કથાઓમા પારસી સંસારમા પોતે જોયલા ખેણુકોટક ઉમેરવાની, આજના ઇતસાત, ફેશન, તકોબરી, ઉંચ અને ગરીબ સંસારની ખુબીખાંમીઓ ખુશમીજાઝી ટકોર સાથ વરણવી, નરમગરમ ચીમકી લગાવીને નીતી છાપ મારવાની એમણી બીનહરીફ લેખણ-

શકતી બતાવવામાં આવતી હોવાથી 'જેહાંગીર મરઝબાન કૃત' નવલકથાઓ આજે ઘરેઘર માનીતી થઇ પડી છે. તેવણે પોતાની જવાનીની તેજી કલમદરાજીના જોમમા લખેલાં પહેલાં પુસ્તક "કૌટક સંગ્રહ" ગુજરાતી સાહીત્યની એક નવીજ શાખા ઉતપન્ન કરી ગુજરાતી લેખકોનું ધ્યાન રમુજી લખાણો તરફ ખેંચ્યું હતું. અમો જો ભુલતા નહીં હોઇએ તો 'જામે જમશેદ' મા ટુચકા ટાહુકા સાથ ચીમકી લગાડનારાં રમુજી લખાંણોની કોલમ પહેલવહેલી દાખલ થઈ તે પણ એમણી તેજી કલમનેજ આભારી હતી, અને ત્યાર પછી આજ સુધીમા હરેક નહાના કે મોટા, છાપામા એવી રમુજી કોલમો ખોલવામા આવતી રહી છે. એમણી નવલકથાઓની ત્રણથી ચાર આવૃતીઓ આજ સુધીમા ખપી ગઇ છે, અને તેની માંગણી હજી ચાલુજ છે. 'કૈટક સંગ્રહે' એક રમુજી લેખક તરીકેની શેઠ જેહાંગીર મરઝબાનની નામનાને અમર કરી, ગુજરાતી ગ્રંથકારોમા 'પારસી ચાર્લસ ડીકન્સ" ની પદવી અપાવી છે. તેવણની "તારાબાઈ" નામની વાર્તાએ એ લેખકની "નોવેલીસ્ટ" તરીકેની કીર્તીનો પાયો નાખ્યો હતો, અને "જીલુ ગોરાણી" ની વાર્તાએ પ્રખ્યાત ગ્રંથકાર સકોટની બીકટ નવલકથા "હાર્ટ ઓફ મીડલોથીઅન" ઉપરથી પારસી જીંદગીનુંસાર ફેરફાર કરીને પારસી સંસારી ચીત્ર ઝમકદાર, રસીલી અને એકવાર હાથમાં લીધી તો તેને છોડવાજ નહીં ગમે એવી ઢબથી રજુ કરવાની અદભુત શકતીનો વાંચક પ્રજાને ઉમદા ખ્યાલ આપ્યો હતો. એક કાબેલ બંગાલી લેખક સરજીયન-કરનલ બાસુએ ગુજરાતી સાહીત્યને લગતાં પોતાના લખાણમાં શેઠ જેહાંગીર મરઝબાનની એ અપુર્વ શક્તીના જાબજા વખાણ કર્યા છે. તેમજ જાણીતા ગુજરાતી શાક્ષર અને સમોલ કોઝીઝ કોર્ટના જજ રા૦ રા૦ કૃષ્ણાસુખરામ એમ. ઝવેરી એમ. એ., એલ. એલ. બી. એ પણ શેઠ મરઝબાનની ગુજરાતી સૈલીની તારીફ કરેલી છે. એમની નવલકથાઓમાં કૈતક સંગ્રહ, કર ને જો, મુંબઈથી કાશમીર, ખુશ દરપણ, શીયાણી શીરીન, અક્કલના સમુદ્ર, ટોચકા સંગ્રહ, તારાબાઈ, કીનાનો ભોગ, આંદાંની સુંઠ, શીરીન મડમ, ઓ મારી બેહન, ભુલ ભુલામરી, રમુજી ફકરા સંગ્રહ, તલેસમ, જીલુ ગોરાણી, નીમક હરાંમ, રણવાસ, ઘેરના ઘેલા ને બાહરના ડાહ્યા, ભલો કે ભુંડો, ધણી કે ઢોર, પંચકથા, મોદીખાનેથી મારસેલસ, ગોરૂં વીલાયત, વીલાયતી વહેજાં, માકી ચવીત્રી.

ઉપલી નવલકથાઓ ઉપરાંત એ શેઠે 'જામે જમશેદ' માં બીજી અનેક નહાની મોટી વાર્તાઓ લખી છે. એમણા હાથના લખાણ, સ્કેચો, સંસારીક

ચીત્રો, મર્મવચન, ઠઠ્ઠાબાજી અને નીરદોષ મશ્કેરીથી હુંમેશ ભરપુર જણાય છે. પારસી કોમ માહેલી ગરીબાઇના એમણી કલમથી લખાયલાં વરણન વાંચક આલમના દીલ ઉપર ગમીનો છાપ મારવા સહીત તેના તરફનો ધરખમ નગદ મદદનો રેળો નીપજાવવા પામ્યાં છે, જે 'જામે' ની કટારોમાં પ્રગત થયલી તેમજ થતી રોજીંદી નાણાંની ટીપ બતાવી આપે છે.

શેઠ જેહાંગીર મરઝબાન જાહેર શેહેરી તરીકે.

શેઠ જેહાંગીર મરઝબાન પોતાની બહોલી ધંધાદારી રોકાણ છતાં પોતાના વખતનો કેટલોક ભાગ શહેરી સેવાને અપર્ણ કરવાને ચુકયા નથી. સુલેહના અમલદાર તરીકે, આગલી અંડર ગ્રેડ્યુએટસ એસોશીએશનના સેક્રેટરી તરીકે, પારસી ચીફ મેત્રીમોન્યલ કોર્ટના ઉંમંગી ડેલીગેટ તરીકે, જરથોસ્તી નીશાળ મંડળના સેક્રેટરી તરીકે, સર જમશેદજી બીનેવલંટ ઇન્સ્ટીટયુશનના એક ત્રસ્ટી તરીકે, થોડીક મુદત સુધી મ્યુનીસીપાલ કોરપોરેશનના એક મેમ્બર તરીકે, દેવલાલીની જરથોસ્તી અંજુમનના પ્રેસીડંટ તરીકે એ શેઠીઆએ ઘણી કીમતી અને ઉપયોગી સેવા બજાવેલી છે.

એમની કોમી સેવાઓ અમુલ્ય છે. 'જામે જમશેદ' ના નૈતિક બળની મદદથી તેવણે ઘણાક જરથોસ્તી ધર્મખાતાંઓ બરપા કર્યાં છે. તે સ્થાપન કરીનેજ તેમણે સંતોષ પકડયો નથી, પણ કુનેહ કારસાજીથી કરકસરથી તેની કાર્યવાઈ કરીને તેમને પગભર તથા સધર બનાવવાનો જશ હાંશલ કર્યો છે. 'પારસી દલીદ્રતાના' દયાજનક અહેવાલો 'જામે જમશેદ' માં પ્રગટ થતાંજ પારસીઓની આંખ આગળથી બેદરકારીનો પડદો ઉંચકાવા સમેત નીરાશ્રીત પારસી સ્ત્રીઓ, મરદો તથા બાળકોને સહાય થવાની અસંખ્ય માંગણી શેઠ જેહાંગીરને મલી હતી. **ગરીબ જરથોસ્તીઓને મદદ કરવા માટેનું ફંડ** તેવણે સ્થાપ્યું છે, જેના કારોબાર ઉપર કોમને એટલો વીશ્વાસ છે કે દરરોજ તેમાં સખી નર નારીઓ ન્હાની મોટી રકમ ભર્યાંજ જાય છે. એ ફંડમાંથી દર બુધવારે શેઠ જેહાંગીરજી, પોતાના કુટુંબના મેમબરોની મદદ સાથ, ગરીબોને નાણા, અન્નવસ્ત્ર વગેરે વહેંચી આપે છે, જે આગમજ અરજદારોના લતા ઉપરના જાણીતા તબીબ સાહેબો તેમના કુટુંબની સ્થીતી નજરોનજર જોઈનેજ ઘટતી ભલામણ સાથના રીપોર્ટ શેઠ જેહાંગીર જોગ મોકલી આપે છે.

ગરીબ, નાતવાન અને કાહેલી કુટુંબોને હવા ખાવાની સગવડ કરી આપવાનું પુણ્યવંતુ માન શેઠ જેહાંગીર મરઝબાનની દુરઅંદેશી કારસાજીને આભારી છે. **ખંડાલાની** સીતળ ટેકરી ઉપર તેવણે સુખવાસી **સેનીટેરીયમ**ની અલગાર ઉભી કરી છે. જરથોસ્તી નરનારીઓએ તેવણને સ્વાધીન કરેલાં નાણામાંથી શોભીતાં, બાગ બગીચા સાથના, **૧૨ નાનકડા કોટેજીઝ** બાંધવામાં આવ્યાં છે. વળી ખઈથી પીડાતાં પારસી દરદીઓના દુખ નીવારણ માટે **દેવલાલી** ખાતે **પારસી સેનીટેરીયમ** સ્થાપવાની યોજના શેઠ જેહાંગીર મરઝબાનની સુચક બુદ્ધીને આભારી છે. મરહુમ **ડાકટર બાહાદુરજીની ભલી યાદમાં** આ કોમોપયોગી ખાતું ઉભું કરાવવામાં તેવણે સૌમાં આગેવાન ભાગ લીધો છે. એ ખાતાંની સઘળી કારોવાઈ પણ તેવણનાજ હાથમાં છે. શેઠ જેહાંગીરજી આ અમુલ્ય ખાતાંના પ્રમુખ છે.

દેવલાલીના પારસી કોલોનીની આજની હાલત શેઠ જેહાંગીર મરઝબાનની કારસાજીને આભારી છે એમ કહેવામાં સરાહગત નથી. તેવણ આ સ્થળે હવાફેર માટે ગયા કે તેવણનું ધ્યાન ત્યાં ચીટકયું અને 'જામે જમશેદ' માં આ સીતળ સ્થળની તારીફ કરીને પારસી કોલોનીસટની એક મોટી સંખ્યાને તે તરફ ખેંચી. થોડા વખતમાં ત્યાં બંગલાઓની હાર લાગી ગઈ, અનેક હોટેલો ઉભરી નીકલ્યા અને જરથોસ્તી વસતીના વધવા સાથ તેમના સુખદુખ તથા સર અવસરની હાજતો પુરી પાડવા માટે શેઠ જેહાંગીરજીએ પોતાની તેજી કલમ એવી અસરકારક રીતે ચલાવી કે ત્યાં એક સુંદર દરેહમેહેર, એક દોખમું, દેવલાલી જરથોસતી અંજુમનનું બંધારણ વગેરે હસ્તીમાં આવ્યાં. તે માટે જોઈતાં નાણા સારૂં એવણની કલમથી એક અપીલ 'જામે' માં બાહેર પડતી કે હજારો રૂપીઆ આવી જતા, અને એ રીતે એ કોમી ખાતાઓના નીભાવ ફંડોને પણ તેમણે ધરખમ સ્થીતીમાં લાવી મેળયાં છે. દેવલાલી અંજુમને સરઅવસરે શેઠ જેહાંગીરજીની સેવાઓની સ્તુતી કરી છે. એવણના ધણીયાણી બાઇ જાઈજી જેહાંગીર મરઝબાન બહુજ ભલા, માયાળુ અને ગરીબોના દાદખાંવાળાં જેવાં હતાં. દેવલાલીની અંજુમને મરહુમ બાનુની સેવાઓની પીછાનમા દોખમાં સુધીના રસ્તાને "બાઈજી જાઈજી મરઝબાન રોડ" નું નામ આપ્યું છે.

ડાકટર માસીના હોસપીટલ ફંડ સ્થાપવા અને એ કોમોપ્યોગી દુખ નીવારણ ખાતાને ખીલવવામાં ડાકટર હોરમસજી માસીનાને સંગીન મદદ કરનારાઓમાં શેઠ જેહાંગીર મરઝબાનને સૌને મોખરે ગેળી શકાશે. એ ખાતાંના ટ્રસટીઓમાં તેવણ એક છે અને વળી તેની કારોબાર કમીટીના પ્રમુખ છે. માસીના હોસપીટલ માટે ગંજાવર ફંડ ઉભું કરી આપવામાં શેઠ જેહાંગીર મરઝબાનની અફલાતુંન કલંમ તથા 'જામે જમશેદ' ના બળવાન અવાજનો એકલો હીસ્સો છે. કોઈપણ પારસી-કે પરકોમી-જરનાલીસ્ટે આટલી હદ સુધીનો કોમ વીશ્વાસ કે લોક વીશ્વાસ જીત્યો હોય; પોતાના પત્રના બળવાન અવાજ સાથ પોતાની તેજી કલમના જોરથી આટલા બધા ધર્મખાતાં સથાપી, તેનો ફતેહમંદીથી વહીવટ ચલાવી તેમને સધર નીભાવ ફંડ પુરાં પાડી, જાથુકના સારા પાયા ઉપર મેલી આપ્યાં હોય એવો એકપણ બીજો દાખલો અમારી જાણમાં નથી. જે કામ આ શેઠીયાએ હાથમાં લીધું કે તેને ફતેહ મેળવેલી સમજવી. તેમણે આરંભેલા દરેક ખાતાં આજે ધીકતી હાલતમાં છે, અને તેઓ એક અને સઘળા પારસી કોમની અતી ઉપ્યોગી તથા અમુલ્ય સેવા બજાવી રહયાં છે એટલો સંતોષ શેઠ જેહાંગીર મરઝબાન બેતકરાર લેઇ શકે એમ છે.

બુઝોરગીને લીધે શેઠ જેહાંગીરજી આજથી થોડુંક થયું આસતે આસતે એ ખાતાંઓ માંહેથી રીટાયર થાય છે. દેવલાલી અનજુમનના પ્રેસીડંટ તરીકેની ઓધાનું એવણે રાજીનામું આપયું છે. એમણી જાહેર સેવાઓ તથા લાંબી કીર્તીવંતી, અને જશવંતી કારકીર્દીની આખેરીએ નામદાર સરકારે શેઠ જેહાંગીરજી મરઝબાન ઉપર **"સી. આઈ. ઇ." ના નામીચા ખેતાબ**ની નવાજેશ કરી છે. પોતાની આખી જીંદગી પ્રજા સેવામાં ગાળનારા એક જાહેર પુરૂષની કીમતી સેવાઓને છાજતુંજ એ માન છે.

આજ કેટલાંક વરસ થયાં તેવણે "જામે જમશેદ' નું અધીપતીપદ છોડીને પોતાના ચાલાક વડા બેટા શેઠ ફીરોઝશાહ જેહાંગીર મરઝબાન એમ. એ. ને સ્વાધીન કર્યું છે, જ્યારે એ ખાતાના મેનેજરના ઓધા ઉપર એવણના બીજા દીકરા શેઠ જાલભાઈ મરઝબાન બી. એ. બાહોશીથી ચલાવે છે, અને ત્રીજા દીકરા શેઠ શાવક મરઝબાન, જેવણે ઇંગ્રેજી કવીતા જોડવાની અદભુત શક્તી માટે એક વીલાયતી ઇનામ મેળવ્યું છે તેવણ 'જામે' ના લીટરરી ખાતાને


ઇંગ્રેજી ગુજરાતી લખાણોની મદદ કરે છે. એમણા વડાં બેટી મીસીસ જરબાઇ બાપુજી લામ પણ એક અચ્છા કલમકસ છે. "જામે જમશેદ" માં "મટલાંની મેહેરાં" ના તખલ્લુસ હેઠળ જે ચટકેદાર લખાણો છપાયાં હતાં તે, લોકવાયકા પ્રમાણે એ બાઈની કલમને આભારી હતા. વળી એમણીજ કલમથી લખાયલી "જાપાનના પ્રવાસ' ને લગતા અહેવાલ તથા બે નવલકથાઓ અચ્છી લોકપ્રીય પામયાં છે. શેઠ મરઝબાનના બીજા' બેટી મીસીસ ગુલબાનું અરદેશર પી૦ મે૦ મેહેતા, મુંબઇ યુનીવરસીટીના અંડર ગ્રેડયુએટ છે.

એક લોકપ્રીય એડીટર, એક મશહુર લખનાર, એક અચ્છા વકત્તા, એક પ્રખ્યાત હયુમરીસટ, એક આગેવાન શહેરી, એક કોમહીતકારી નર, એક કુશલ મ્યુઝીશીયન–આ શેઠ જેહાંગીર મરઝબાનના ઉપયોગી જીવનચરીત્રની ઉપર ટપકેની થોડીક લીટીઓ છે.

નાગપોરના જાણીતા શેહેરી અને વેપારી

સર માણેકજી બેરામજી દાદાભાઇ, નાઈટ, સી. આઈ. ઈ.,

બૅરીસ્ટર-એટ-લૉ.



જન્મ—રોજ ૧૧ મો, માહા ૧૧ મો, શેહેનશાહી સને ૧૨૩૪ યઝદેજરદી, તારીખ ૩૦મી જુલાઈ ઈ. સને ૧૮૬૫ ને વાર રવીને દીને મુંબઈમાં થયો હતો.

સર નાઈટ થયા.—તારીખ ૧લી જાનેવારી ઈ. સને ૧૯૨૧.

નાગપોરના જાણીતા શેહેરી

સર માણેકજી બેરામજી દાદાભાઈ, નાઈટ, બેરીસ્ટર, સી. આઈ. ઈ. નું જન્મ ચરીત્ર.

મધ્ય હીંદુસ્તાનમાં આવેલા નાગપોરના જાણીતા શહેરી અને વેપારી શેઠ માણેકજી બેરામજી દાદાભાઈ બેરીસ્ટર, સી. આઈ. ઈ. એ સરકાર તેમજ પ્રજાની બજાવેલી કીમતી સેવાઓના કદરસનાસીમાં આપણી નામદાર બ્રીટીશ સરકાર તરફથી એવા સાહેબને મળેલા સર નાઈટના નામીચા ખેતાબ માટે મુબારકબાદી આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે ભવીષયમાં એવા શેઠ જાદા વધુ માન પાન મેળવવાને ભાગ્યશાળી થાય, આમીન, આમીન.

હમારા કાલેનડરનો સરેસ્તો છે કે, નામીચા પારસી નરોને સર નાઈટ, બારોનેટ જેવા ઉંચા ખેતાબની નવાજેસ થાય ત્યારે તેવા સદ ગ્રહસ્થોના જન્મ ચરીત્ર લેતાં રહેવું. એ મુજબ સર માણેકજીનું જન્મ ચરીત્ર અને એવણને લગતાં જાહેર કામો વીગેરેની નોંધો સબી સાથ હેઠળ આપવામાં આવી છે.

સર માણેકજીનું કુટુંબ.

સર માણેકજી બેરામજી દાદાભાઈ, નાઈટ, જેવણ મુંબઇના આગળા જાણીતા શેહેરી ખાન બહાદુર શેઠ બેરામજી દાદાભાઈ જે૦ પી૦ ના બીજા દીકરા થાય છે. ખાન બહાદુર બેરામજીને મુંબઈમાં પારસીઓમાં થએલા લગનોની નોંધ રાખવા માટે રેજીસ્ટાર તરીકે નેમવામાં આવ્યા હતા. આ ઓહદો એવણે વરસો સુધી ફતેહમંદીથી ચલાવી પારસી કોમ તરફથી સારૂ આદરમાન મેળવ્યું હતું. એવણની જાહેર સેવાઓની પીછાનમાં નામદાર સરકાર તરફથી ખાન બહાદુરનો ખેતાબ એનાયત કરી જસ્તીસ ઓફ ધી પીસ નેમ્યા હતા.

સર માણેકજી જેવણનો જન્મ મુંબઈમાં પારસી રોજ ૧૧ મો ખોરશેદ માહ ૧૧ મો બહમન શેહેનશાહી સને ૧૨૩૪ યઝદેજરદી, તારીખ ૩૦મી જુલાઈ

૧૮૬૫ ને રવીવાર ને હીંદુઓના સંવત ૧૯૨૧ ના શ્રાવણ સુદી ૭ ને દીવસે થયો હતો, જેથી એવો શેઠની હાલમાં ઉમર ૫૬ વરસની છે. એવ-ણુની શાહાદી બાઇ જરબાનું તે ખાન બહાદુર દાદાભાઈ પાલનજીની છોકરી સાથે ઈસ્વી સને ૧૮૮૪ માં થઇ હતી.

શેઠ માણેકજીને મળેલા ખેતાબો.

શેઠ માણેકજીને આપણી રાજકરતી બ્રીટીશ કોમના નવા સાલની ખુશા-લીમાં અપાયલા ખેતાબોમાં સર નાઈટના નામીચા ખેતાબની નવાજેશ તા૦ ૧ લી જાનેવારી ૧૯૨૧, પારસી રોજ ૨૪ મો માહ ૪ થો શેહેનશાહી સને ૧૨૯૦ યઝદેજરદીને વાર શનીને દીવસે કરવામાં આવી હતી.

નામદાર શેહેનશાહ પાંચમાં જ્યોરજની તાજપોશીની ક્રીયા હીંદમાં દીલ્હી ખાતે તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૧૧ ને દીને થઇ હતી તેની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં એવણુને સી. આઇ. ઈ. યાને કમ્પેનીઅન ઓફ ધી ઇંડીયન એમપાયરનો ખેતાબ એનાયત થયો હતો અને સને ૧૮૮૮ ના સાલમાં એવણુને જસતીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર નેમવામાં આવ્યા હતા.

સર માણેકજીની જાહેર કારકીરદીનો હેવાલ.

સર માણેકજી મુંબઈમાં સારી કેળવણી લઇ મેત્રીકયુલેશનમાં પસાર થઈ વેલાત ખાતે બેરીસ્ટરની પરીક્ષા આપવા સને ૧૮૮૪ ના સાલમાં ગયા હતા. જ્યાં એજ સાલમાં મીડલ ટેમપલમાં દાખલ થઈ ૧૮૮૭ માં બેરી-સ્ટરની પરીક્ષા ફતેહમંદીથી પસાર કરી હતી. એવો સાહેબ જે વખતે વેલાત ખાતે હતા ત્યારે ઇસ્ટ ઇન્ડીયા એસોસીએશન તરફથી જાહેર બાબદો ઉપર ભાષણો આપ્યા હતા. એવણુની સ્કુલ તેમજ કોલેજ કારકીરદી ફતેહમંદ ઉતરી હતી અને પોતાના ઉપરી ઉસતાદોનો સારો ચાહ મેળવ્યો હતો. એવણે ઘણી ચંચલાઈ તથા ફતેહમંદીથી પરીક્ષાઓ પસાર કરવાથી ભવીશયમ સારી આશા આપનારા જણાયા હતા.

સર માણેકજીએ વેલાતમાં બેરીસ્ટરની પરીક્ષા આપ્યા પછી મુંબઇ આવી બે વરસ સુધી એ ધંધો ઘણો બાહોસીથી ચલાવ્યો હતો. જે દરમ્યાન મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશનમાં મેમ્બર તરીકે જસ્તીસ ઓફ ધી પીસ તરફથી ચુંટી કાઢવામાં આવ્યા હતા અને કોરપોરેશનમાં આગે-વાની ભરયો ભાગ લઇ કીમતી મદદ આપી હતી.

સર માણેકજી પોતે મુંબઈથી ૧૮૯૦ ના સાલમાં મધ્ય હીંદુસ્થાનમાં આવેલા નાગપુર શહેરમાં જઈ વસ્યા છે અને ત્યાંજ પોતાનો મુકામ કરી પોતાના કુંટુંબ સહિત રહેલા છે. એવણુ શેઠે પોતાની બાહોશી તથા ચાલાકીથી સારી નામના મેળવી મોટા પાયા ઉપર ઘણી સરસ રીતે પોતાનું ઓહોલું બીઝનેસ હાલમાં ચલાવે છે.

નામદાર વાઈસરોયની કાઉનસીલના એક ઉદયોગી અને ઉમંગી મેમબર તરીકે સર માણેકજીની કારકીરદી કીરતીવંતી છે અને એવણુની બાહોસી તથા ચાલાકીની પીછાનમાં કલકત્તાની ઇમ્પીરીયલ લેજીસલેતીવ કાઉનસીલના મેમબર તરીકે એવણુને વારંવાર ચુંટી કાઢવામાં આવ્યા હુતા. એ જગા ઉપર સને ૧૯૦૮ થી ૧૯૧૨ સુધી પાંચ વરસ તેમજ ૧૯૧૪ થી ૧૯૧૭ સુધી બીજા ચાર વરસો વેર એવણુની નેમણુક થઈ હુતી. તે પછી ૧૯૨૧ માં કાઉનશીલ ઓફ સ્ટેટના મેમ્બર નેમી માન આપ્યું છે.

નાગપોર ખાતેની મ્યુનીસીપાલ બોરડ ઉપર લગભગ ૩૦ વરસ થયા એવણુને મેમ્બર તરીકે હુંમેશા ચુંટી કાઢવામાં આવે છે.

સને ૧૮૯૧ માં સેંટ્રલ પ્રોવીનસીસના સરકારી એડવોકેટ તરીકે એવણુની નેમણુક થઈ હુતી, જે ઓધો એવણે બાહોસીથી ચલાવી સાબાસી મેળવી હુતી.

સને ૧૯૧૧ ના સાલમાં કલકત્તા ખાતે મળેલી ઓલ ઇનડીયા ઇન્ડસ્ટ્રીયલ કોનફરનસના પ્રેસીડન્ટ અને સને ૧૯૨૦ ના સાલમાં હીંદુસ્તાનની ત્રણ મોટી બેંકો, મુંબઇ, મદરાસ ને બેંગાલ બેંકોનો જોડાઇ ઇમપીરીયલ બેંક ઓફ ઇંડીયા થઈ તેના ગવરનર નેમવામાં આવયા છે. વળી નાગપુર ઇલેકટ્રીક લાઈટ એન્ડ પાવર કંપનીના, બીરાર મેનયુફેકચરીંગ કંપનીના અને મોડલ મીલ્સ નાગપુરના લાંબા વખત થયા મેનેજીંગ ડાયરેકટર છે.

સર માણેકજીએ વારનવાર જાહેર બાબદો ઉપર ભાષણો આપયા છે તેમજ સેંટ્રલ પ્રોવીનસીસને લગતા લેન્ડ લોઝ ઉપર અને સેંત્રલ પ્રોવીનસીસ તેંનસી એકટ ઉપર પોતા તરફથી નોંધ સાથનું પુસ્તક રચી બહાર પાડયું છે.

એવો સાહેબ પોતાનો કીમતી વખત રોકી હુમેશા જાહેર સવાલોનો અભયાસ કરી હરેક બાબદમાં સારો ભાગ લે છે તેમજ એવણે પોતાની

બાહોશી અને ચાલાકીથી પ્રજાનો તથા નામદાર સરકારનો ચાહ જીતી લઇ સેંટ્રલ પ્રોવીનસીસમાં વરસો થયા સારી નામના મેળવી છે.

સર માણેકજીની માલકીની કોલસાની ખાણો વીગેરે.

સેંટ્રલ પ્રોવીનસીસમાં આવેલા જુદા જુદા શેહેરોમાં એવણ શેઠ પોતાનુ લોહાલુ બીઝનેસ વરસો થયાં ચલાવે છે અને તેને ઘણા સારા પાયા ઉપર મુકી તેની બધી મેનેજમેંટ એવણુની ખાસ દેખરેખ હેઠળ કરવામાં આવે છે. એવોની પોતાની માલેકીની કોલસાની ખાણો, મેગેનીસની માઈનસો, જીન અને પ્રેસ ફેકટરીઓ છે, જેમાં સેંકડો માણસોને રોજીએ લગાડેલા છે. એ કોલસાની ખાનો બાહાદરપુર, સાસતી, ગુગસ અને પીસગાઉન–રાજુર ખાતે છે. તેમજ સેંટ્રલ પ્રોવીનસીના અને બીરાર તથા બીહાર અને ઓરીસામાં મેગેનીસ માઇનસ છે. એ ઉપરાંત હીંદુસતાનના ઘણા શેહેરોમાં જીનીંગ અને પ્રેસ ફેકટરીઓ પોતાની માલેકીની ચલાવે છે.

સર માણેકજીના ધણીયાણી લેડી જરબાનુંને મળેલા ખેતાબો.

સર માણેકજીના ધણીયાણી લેડી જરબાનુ પણ ઘણા ચાલાક અને બાહોસ બાનુ છે. એવણે લડાઈના વખતમાં પ્રજા તેમજ સરકારની કીમતી સેવાઓ બજાવી છે તેમજ ગરીબો તરફ હંમેશાં ભલી લાગણીથી જોય છે. એવણુની જાહેર સેવાઓની પીછાનમાં ૧૯૧૭ માં નામદાર સરકાર તરફથી કયસરે હીંદના રૂપાના ચાંદની એવણુને નવાજેસ થઇ હતી. એ પછી ૧૯૧૮ માં એવણુને ઓ. બી. ઇ. યાને ઓફીસરસ ઓફ ધી ઓરડર ઓફ બ્રીટીશ એમપાયરનો ખેતાબ એનાયત કરવામાં આવયો હતો.

ધી સેનેટરી ગુડશ એન્ડ હારડવેર સ્ટોર.

દારૂવાળાએ બનાવેલા પેટન્ટના તાલાં અને કલો તેમજ સીપીગોટકોક તથા અલીગઢની જાણીતી સ્પારલીંગ પેટન્ટ લોક વર્કસના એકલા એજન્ટો.

નં. ૨૭૧–૨૭૩ નાગદેવી સ્ટ્રીટ—મુંબઈ.

હમારે ત્યાં દરેક જાતનો પીટલનો તેમજ લોખંડનો સામાન તેમજ તાલાં કલો, દરેક જાતના પાઇપસ, ફીટીંગસ, કોક ટાંકી તેમજ દરેક જાતનો સેનેટરીને લગતો સામાન વગેરે મોટા જથામાં રાખવામાં આવે છે અને મારકીટના ભાવે કીફાયતે આપવામા આવશે. હમારે ત્યાં દારૂવાલા એરાદરના શોધના ડબલ કલના તાલા, તેમજ પેટી તથા કબાટની દબલ કલની કલો જે દારા તરીકે ઓલખવામાં આવે છે અને તેના પેટન્ટો અમેરીકા, ઇંગ્લેન્ડ અને હીન્દુસ્તાનમાં મેળવવામાં આવ્યા છે. એ તાલાઓ હિન્દુસ્તાનની જાણીતી ઇંગ્લીશ ફરમ "ધી સ્પારલીંગ પેટન્ટ લોક વર્કસ" માં ઘણુજ સુંદર ફીનીસવાલા તેમજ મજબુત બનાવવામાં આવે છે. એ તાલાની અંદર ને અંદર એક બીજાને એકજ ચાવીથી બંધ કરે તેવી રીતના લીવરો ગોઠવવાની ખુબી હજુર સુધી કોઇએબી કાઢી નથી. જેને વાસ્તે ઇનડીયન તેક્ષતાઇલ જનરલના જાનેવારી ૧૯૧૭ ના અંકમાં નીચે મુજબનો રીવ્યુ લેવામાં આવ્યો છે:—

The progress of mechanical knowledge among the criminal population has acted as a great stimulus to the inventors of locks of every kind, and the result, especially in Europe and America, has been a marvellous development of much mechanical skill and ingenuity. As the most successful thieves were often trained locksmiths, the competition between the lock-maker and the lock-braker resembled, on a small scale, that between the makers of heavy guns and of armour plate. The illustration herewith represents a new type of lock recently invented by Mr. E. B. Daroowalla an enterprising young Parsi merchant of Bombay, in which the security of two locks is combined in one, although controlled by one key. Our illustration shows the application of the invention applied to a padlock and a door or drawer lock. The padlock has a novel feature in the bow that is split and hinged upon both sides as shown. When closed, the halves cross each other, and the notch in the boss of the right-hand bow comes in line with the bolt beneath, that locks it. This bolt is operated by the upper tongue of the key shown beside it. The lower tongue of the key passes through a plate that divides the lock into two parallel divisions,

Behind this plate is the second lock which acts upon the second bow when closed. The two tongues of the key, which is turned clockwise, act in succession on the two locks, beginning with the one in front. Two sets of levers aid in giving security to this lock, which is thus much more difficult to tamper with than an ordinary one. The second lock is made on the same principle with necessary modifications. The bolt is shot by one tongue of the key acting through levers and the second tongue shoots a second bolt that locks the first one.

અલીગઢની જાણીતી સ્પારલીંગ પેટન્ટ લોક વર્કસના મુંબઈના એકલા એજન્ટો તરીકે અમને નેમવામાં આવ્યા છે. એ કમ્પની મીલીટરી સામાનો, હરેક જાતની પીટલની ચીજો, તાલાં તથા કલો ઇંગ્લીશ મેકીંગની બરોબર બનાવે છે. લગભગ આખા હીન્દુસ્તાનની પોસ્ટ ઓફીસો, રેલવે વગેરેમાં આ તાલાંઓ ખપે છે. એ તાલાઓ મજબુતાઈમાં તેમજ સફાઈમાં ઘણા ચડયાતા છે. જેને સારૂ ગવરમેન્ટ ઓફ ઈન્ડીયાએ દર વરસ રોયલટીની ગ્રાંટ (બખશેશ) આપે છે અને જેને વિશે રૂકીના જાણીતા કેનાલ ફાઉનડરી અને વરકશોપના સુપ્રીનટેનડન્ટ મી. ડી. શાઉતર રોબરટસને કેનાલ ફેકટરીમાં તા૦ ૨૧ મી ડીસેમ્બર ૧૯૦૪ ને દીને એ તાલાંઓ તપાસી તે વીશે રીપોરટ કીધો છે જે નીચે મુજબ છે:—

Result of the Test and Report on Mr. Sparling's Patent Lock.

Tested in Canal Foundry, on 21st December 1924.

The padlock tested was one of 3 inch size, and was well and strongly made in every respect. It is almost impossible to pick one of these locks, the levers being specially designed to prevent this, and it would take a burglar of more than ordinary skill to accomplish it. The staple of lock, too, is very strongly made and could not easily be broken or cut; I tried for three days to pick this lock and was unable to do so.

The first test was that of a direct pull on the staple of padlock, and the strain was applied by hydraulic power. A direct pull of 500 lbs. was first applied, equivalent to 2 tons per square inch of minimum sectional area of staple. The lock stood this perfectly well and was not injured in any way, externally or internally. The strain was increased gradually until a maximum of 1200 lbs. was on the lock, equivalent to 5 tons per square inch of minimum sectional area of staple. On examination the padlock proved to be in perfect condition; it was not damaged in the slightest.

The next test was that of a powerful blow, and this was applied by means of a steam hammer. A blow of 25 cwts. was giveu, but this proved to be too much for the lock, the rivets starting and the levers and inside fitting being damaged. Even then it was impossible to withdraw the staple, and so open the padlock, *and a door would be just as safe from opening with this battered lock as with a lock in perfect condition.*

I consider this last test an excessively heavy one and expected the lock to be very badly damaged, but I still was unable to remove the staple. It speaks very highly for the lock that, although battered and damaged, it still remained locked and fast, it was not oompletely burst open.

I consider this padlock one of the best I have seen on the market.

(Sd.) D. SOUTER ROBERTSON,

Superintendent Canal Foundry & Workshop.

ROORKEE,

22nd December 1904.

LIEUTENANT-GOVERNOR'S CAMP,

UNITED PROVINCES.

28th December 1906.

DEAR MR. SPARLING,

I congratulate you very sincerely on the success that you have achieved with your Patent Padlocks. It is delightful to find a man in this Province who can take **the first rank in industrial development.** I wish you all good luck.

Yours sincerely,

(SIR) J. D. LATOUCHE,

Lieut. Governor, U. P.

BY APPOINTMENT TO H. E. SIR GEORGE LLOYD,
GOVERNOR OF BOMBAY.


P. B. PRESS & CO. (GWALIOR) LD.

THE FORT COACH FACTORY,

FRERE ROAD, FORT,

BOMBAY.

Telephone No. 391.



TELEGRAPHIC ADDRESS.
"PRESS" BOMBAY.
"PRESS" GWALIOR.

FACTORIES AT BOMBAY & GWALIOR.

Gold Medals, First Class Diplomas,

&

Certificates of Merit

Awarded at several Exhibitions in

INDIA, PARIS & LONDON.

Estimates and Designs Forwarded on Application.

THE EAGLE STAR & BRITISH DOMINIONS INSURANCE COMPANY, LIMITED.

INCORPORATED IN ENGLAND.

THE MOST PROGRESSIVE OFFICE FOR ALL CLASSES OF INSURANCE BUSINESS

ASSETS EXCEED £ 19,000,000

FIRE & MARINE BUSINESS ACCEPTED AT LOWEST CURRENT RATES

The following NEW SCHEMES are specially adapted to India

ACCIDENT & ILLNESS INSURANCE providing compensation for all Accidents and 55 DIFFERENT DISEASES.

BURGLARY & ALL RISKS INSURANCE to cover Jewellery Plate and other Valuables at lowest rates for approved insurers.

MOTOR CAR INSURANCE—The "Empire Motor Policy" provides Motor Car Owners with comprehensive protection against damage, theft, fire & third party risks.

ALL CLAIMS SETTLED WITHOUT REFERENCE HOME.

Apply for particulars of various schemes to

Telephone No: 2460

Bombay Office,
Standard Building,
Hornby Road.

ધી ઇગલ સતાર અને બ્રીટીશ દોમીનીઅનસ ઇનસ્યુરનસ કુંપની, લીમીટેડ.

વેલાતમાં સ્થાપેલી

દરેક જાતના વીમાઓ ઉતારવા માટે ઘણી આગલ વધેલી ઓફીસ.

કુલ્લે અસકયામત પૌંડ ૧૯,૦૦૦,૦૦૦.

આગ અને દરીઆ ખાતાના વીમાઓ ઘણા ઓછા દરે કબુલ કરવામાં આવે છે.

નીચે જણાવેલી **નવી યોજનાઓ** ખાસ હીંદુસ્તાનને માટે ઘડી કહાડવામાં આવી છે.

અકસમાત અને બીમારીનો વીમો—દરેક જાતના અકસમાતનો તથા ૫૫ જુદી જુદી જાતના દરદોનો બદલો ભરી આપે છે.

ચોરી અને દરેક જાતના જોખમોનો વીમો—આબરૂદાર ઘરાકોના જવેરાત, ફરનીચર અને કીમતી માલ‌તાની સલામતી માટે.

મોટર ગાડીઓનો વીમો—ધી "એમપાયર મોટર પોલીસી" મોટર ગાડીના માલેકને નુકસાન, ચોરી, આગ અને ત્રીજા માણસની જોખમદારીઓ સામે રક્ષણ આપે છે.

સઘળા દાવાઓ હેડ ઓફીસને પુછ્યા વગર તુરત ચુકવવામાં આવે છે.

જુદી જુદી જાતની યોજનાઓ માટે અને વધારે ખબરને માટે લખો.

ટેલીફોન નંબર ૨૪૬૦.

મુંબઇની ઓફીસ,
સટેનડરડ બીલડીંગસ,
હોરનબી રોડ.

M. S. Kheswala & Sons,

MILL & GIN STORE SUPPLIERS AND GENERAL MERCHANTS.

No, 2-4 Bruce Lane, Fort.

We keep in stock for ready delivery all articles of Mill stores, such as:—Townsends patent Chl. of Magnesia-Muriate of Zinc, Lion brand China-clay, Farina, French Chalk. Epsom and Glauber Salts Gloy, Reeds, Healds & all spare parts for Weaving and Spinning departments. Also best kinds of Rubber goods skins-Bandings Belting-Packings of all kinds Hair Belting-Shuttles-Pickers, Oils & all articles generally used in spinning & weaving departments.

Trial orders solicited. All goods guaranteed best quality.

Sole Agents for Messrs. Geo. Thompson & Sons, Leather Belting Peacock & safe Brand.

એમ. એસ. ખેસવાલા એન્ડ સન્સ,

સુતરની મીલોને લગતો સરવે જાતનો સામાન પુરો પાડનારા,

જનરલ મરચંટસ તથા કમીશન એજંટસ.

નંબર-૨-૪ બુરૂસ લેન, ફોટ.

અમારે ત્યાં નીચે લખેલી સગલી ચીજો હંમેશા તઈયાર રાખવામાં આવે છે, જેવો કે ટાઉનસેન્ડ પેટન્ટનો સાઈઝીંગનો સઘલો સામાન જેવો કે ચાઈનાકલે-મેગનીશીયા-મ્યુર સોલીડઝીંક-સીંહ છાપની ફરીના-એપશમ તથા ગલોબર સોલ્ટ ગ્લોય-રીડસ હીલડસ ફરેનચ ચોક તેલ-નરમ ઉંચા કવોલીટીના રબર તથા રબરની પેકીંગ-બોબીનો-રોલર સ્કીન રૂસીઅન ટેલો-રીંગ-ત્રાવેલરસ હીલ્ડ વારનીશ-અમેરીકન તથા ઈજીપશીઅન બેન્ડીંગો-રોલર કલીઅરર તથા વોશર કાલોથ-સાઈ-ઝીંગ ફલાનલ-ફીકશનલેશ મેકીંગ-ઇનવીનસીબલ તથા બ્રાઉન ઓકટેન્ડ પીકીંગ બેન્ડસ-કોટન તથા હેઅર બેલ્ટીંગ ડબલ તથા સીંગલ પટા-કેસીંગ તથા બ્લુ પેપર-લુમને લગતી દરેક જાતની સ્પીંગો-શટલ-બ્રોલીના પેટન્ટ પીકરસ દરેક જાતની શીલેટ, ટુંકમાં મીલને લગતો દરેક જાતનો સામાન ઘણાજ કીફાએત ભાવે મળશે. તેમજ શીલીન્ડર તેલ- સ્પીન્ડલ તેલ-જીન ઓઈલ વગેરે જાતનાં તેલો હંમેશા તઈયાર રહે છે.

એકવાર માલ મંગાવી ખાત્રી કરવાની મેહેરબાની કરવી. જુનું સાંચાકામ કીફાએત ભાવે ખરીદી તથા વેચી આપશુ. સરવે માલ માટે સઉથી ઉંચાની ખાત્રી આપવામાં આવશે.

ફ્યુમીંગ પ્રોસેસ

એ શું છે?

ચોકસ દવાની બાફ

ચામડીના અને ગરમીના ભયંકર દરદોના ભોગ થઈ પડેલા

દરદી અને તેના આખા કુટુંબની પાયમાલી કરનાર;

ગરમીના કરપીણ દરદના ચેપી અને ઝેરી જંતુઓને

ચામડીના છીદ્રો વાટે કાઢી નાખી ગરમીના બુરા દરદને

જડમુળથી ઉખાડી

નાબુદ કરનાર સ્પેશયલ ટ્રીટમેન્ટ

હરસ મસાના સ્પેશિયાલીસ્ટ,

ડા૦ અધ્યારૂ વૈદ.

સાંકડી શેરી	કાળબાદેવી રોડ ભાંગવાડી નજીક દવાખાનું,
અમદાવાદ.	મુંબઈ

Printed by Sorabji Muncherji Jagosh at the Bombay Vartman Press, No. 462, Mr. Rustomji D. Bilimoria's Bungalow, Proctor Rd., Grant Road, Bombay, and edited & published by Sorabji & Hormasji Muncherji Jagosh from White House, near Fire Brigade Station, Chinchpoogly & Daver House, Lamington Road, Grant Road, respectively Bombay.